# 1

# મોરે ગાંવ કોઈ આયેગા

કુદરતની ગોદમાં ઊછરેલું એક નાનકડું ગામ...

ગામડાની જિંદગી કોઈ ઓર જ હોય છે. શહેરની ગલીઓ, શેરીઓ, ફૂટપાથિયા રસ્તા અને શહેરની ઇંટેરી, ઊંચી ઊંચી ગગનચુંબી ઈમારતો કૃત્રિમ શ્વાસોચ્છ્‌વાસ લઈને જીવી રહી છે તેવું લાગ્યા કરે છે. જ્યારે ગ્રામ્ય જીવનનું વાતાવરણ ખુશનુમા અને સદાબહાર હોય છે. ગામડાના ધૂળિયા રસ્તા, ખેતરોમાં જવાની કેડીઓ અને વધારે નહિ પણ થોડાક જ ઘોંઘાટથી ભરીભાદરી રહ્યા કરતી ભાગોળને ભૂલી કેવી રીતે શકાય ?

સવારમાં ભાગોળની આજુબાજુ આવેલાં મંદિરોમાં થતી આરતી, પૂજા-પ્રાર્થનાનો ઘંટારવ અને ખેતરમાં જતા ખેડૂતોના સાથે-સંગાથે ખેડ કરવા ચાલી નીકળેલા હળલાકડે જોડાયેલા બળદોના ગળે બાંધેલા ઘૂઘરાનો ઘમ-ઘમ અવાજ વાતાવરણને વહેલી સવારથી જ સંગીતમય બનાવી દેનારો હોય છે. મનને પ્રફુલ્લિત કરનારો હોય છે. આવા ગામડાંની હેતાળ, પ્રેમાળ, હૂંફાળી ગોદને છોડીને શહેરની સોડમાં (હોડીયામાં) પેસવાનું કોને ગમે ? ‘મા કરતાં કંઈ માસી વહાલી લાગે ખરી ?...’

બપોર ટાણે ખેતરમાં ગયેલ ખેડૂતો ઘરે આવે તો ઠીક પણ





જેમનું ખેતર ગાઉ, બે ગાઉ દૂર હોય તો તે વખતે જે અધીરાઈથી ખેતરનો ખેડુ પોતાના માટે ભાતું (ભાત) લઈ આવનાર ઘરવાળી હોય તો ઘરવાળીની અથવા પછી મા-બહેન હોય તો તેમની-વાટરું જોતો જે રીતે રાહ જોતો હોય છે. તેવી રાહ તો ઓલ્યા મેઘલિયાની ધરતી પણ નહીં જોતી હોય તેવું ઘડીભર લાગ્યા કરે છે.

કુદરતની ગોદમાં ઊછરતું ગામ... તેના શ્વાસોચ્છ્‌વાસ કુદરતી હતા. આજકાલ જે ભેળસેળિયું વાતાવરણ જોવા મળે છે તેવું નથી.

ગામની પડખે નાનકડો ડુંગર જેને છેક જૂના જમાનાથી ગામલોકો ભૂતિયા ડુંગર તરીકે જાણે છે - ઓળખી રહ્યા છે - પહેચાની રહ્યા છે. ભૂતિયા ડુંગરની ગોદમાં નાનકડું એવું ૧૦થી ૧૫ કિ.મી.ની મર્યાદાવાળું ડુંગરની ચોતરફ, ભૂતિયો ડુંગર કોઈ દિશાએથી ભાગી ન જાય તેની ખબરદારી કરતું એક રમણીય જંગલ છે. ભૂતિયા ડુંગરને નાની-મોટીખીણો છે - ખાડાટેકરા છે. ડુંગર પર અને ડુંગરની ચોતરફ આવેલા વેતાળ-જંગલની વાત તો થાય તેમ જ નથી. લોકવાયકા મુજબ વિક્રમરાજાની વાતમાં આવતો વૈતાળ રાક્ષસનો વાસ આ જંગલમાં ગમે ત્યાં ક્યાંક હોવો જોઈએ. અને વિક્રમરાજા અહીંના જંગલમાંથી વૈતાળને બાંધીને ઉજ્જૈન સુધીમાં જ ક્ષણ સુધી લઈ જતો પણ રસ્તામાં ખરી-ખોટી-ચતુરાઈ કથાઓ સંભળાવીને રાજા વિક્રમને બોલતો કરીને વિક્રમનું મૌન વ્રત તૂટે એટલે વિશાળ વૈતાળ વળી પાછો આ જંગલમાં ગમે ત્યાં ક્યાંક ઝાડવા નીચે ભરાઈ જતો, લટકાઈ જતો. બાકી ખરી-વાત તો ઉપરવાળો ભગવાન જ જાણે.

‘વૈતાળિયા-જંગલ’ની આસપાસનો દશ કિ.મી.નો વિસ્તાર વટાવીને આવો એટલે ‘કનકપુર’ ગામની સીમ-સીમાડો શરૂ થઈ જાય. ભૂતિયા ડુંગરની આજુબાજુની ગોદમાં-કુદરતી વાતાવરણ વચ્ચે ઊછરેલા મા ધરતીની હૂંફાળી છાતીમાં રમી રહેલા કનકપુર ગામને કુદરતે ખોબે-ખોબા ભરીને સૌંદર્યની ભેટ આપેલ છે. અનોખું સૌંદર્ય-દેદીપ્યમાન સૌંદર્ય... મનોહર સૌંદર્ય...

કનકપુર ગામમાં વસ્તીનો ભાગ શરૂ થાય તે પહેલાં... 'વૈતાળિયા જંગલ'ની બરોબર ધારને અડીને એક જર્જરિત પણ ઊડીને આંખે વળગી પડે તેવી ખૂબ જ મોટી આલીશાન હવેલી આવેલી છે. જે લાલ રંગની છે-લાલ રંગની ઈંટો-લાલ રંગના બારી-બારણાં-લાલ રંગનાં નળિયાં અને બીજું બધું જ લાલમ્ લાલ એટલે 'લાલ હવેલી...'

કનકપુર ગામ એક રજવાડી ગામ હતું અને અગાઉ આ ગામ સાથે પાંસઠ ગામોના ઠાકોર મહોબતસિંહ આ ગામમાં રહીને પોતાના નાનકડા સ્ટેટ-રાજ્યનો દોર સંભળાતા હતા. લાલ હવેલીનો વિસ્તાર ત્રણથી ચાર કિ.મી.નો ગણી શકાય. ચારે બાજુ હવેલીની ચારેકોર તોતિંગ દીવાલો ખડી કરી દેવામાં આવી હતી જે હાલમાં સાપ ગયા લિસોટા રહ્યા તે પ્રમાણે ઘસાઈ ઘસાઈને જર્જરિત દીવાલો બની ચૂકી છે. લાલ હવેલીના રક્ષણ માટે તેની ચારે તરફ બાંધવામાં આવેલા કિલ્લાઓની દીવાલોમાં ઠેર-ઠેર-ઠામ-ઠેકાણે ગાબડાં પડ્યાં છે - જાણે કોઈ ઘવાયેલો સૈનિક રણમધ્યે પડ્યો ન હોય !

લાલ હવેલીના રક્ષણ માટે આમેય કિલ્લો બાંધવામાં આવ્યો હતો તે કિલ્લો આજે પણ અકબંધ રહ્યો છે. તેની ભવ્યતા આજે પણ શોભામાં ખૂબ ખૂબ અભિવૃદ્ધિ કરે છે તે જ કનકપુરની શાન છે. શોહરત છે, જંગલ-વૈતાળિયા જંગલમાં પણ ચાર-પાંચ ઠેકાણે નાના-મોટા કિલ્લાઓ વેરવિખેર દશામાં-ભગ્ન દશામાં-શેષ-અવશેષ સ્વરૂપે પડ્યા છે. જેના નામ 'જોહુડો-જારેખા-ચિસલ-કામરૂ અને બહાદુર કે જેઓ આ કિલ્લાઓની શાન ટકાવી રાખવા રણમાં ખપી ગયા તેની યાદમાં તે વખતના રાજાઓએ (ઠાકોરોએ) રાખ્યાં હશે... લાલ હવેલીમાં મહોબતસંગ શાન અને માનથી રહેતા હતા. હાલ ત્યાં સાપ ગયા અને લિસોટા રહ્યા તેમ મહોબતસંગના ચાલ્યા આવતા એક માત્ર વંશવારસ જગતસંગ એકલા ૬૫ થી ૭૦ વર્ષના બુઢ્ઢા તેમના ગણ્યાગાંઠ્યા ત્રણ-ચાર નોકરો, એક માળી અને એક રસોયા મહારાજ - ભોળા રાજા સાથે રહે છે. એક સાથી વનમાળી છે - બીજો છે વખતસંગ કે જેઓ ઉપરોક્ત



ત્રણ ચાર નોકરો સાથે તેઓ પણ જગતસંગના નજીકના કૌટુંબિક સંબંધો ધરાવતા હોઈ તેઓ પણ અહીંયાં જ પડ્યાપાથર્યા રહે છે અને જગતદાદાની હવેલી માલ-મિલકત, જર-જમીનનો વહીવટ સંભાળવામાં મદદ કરે છે. બૂઢા જગતસંગથી એકલા હાથે બધું થાય નહિ એટલે એમને પણ આવી મદદની જરૂર તો હતી જ જેથી તેઓને પણ આમાં કાંઈ વાંધો નથી... જગતદાદા દિલના દિલાવર છે એટલે તેઓ પણ વનમાળી અને વખતસંગને વરસે દા'ડે વીસ-પચ્ચીસ હજાર રૂપિયા રોકડેથી આપે છે. બૂઢા જગતસંગનો કોઈ વંશ-વારસ નથી એટલે તેમની સેવા કરવાના બહાને અને તમામ મિલકત પચાવી પાડવાની મેલી મુરાદ રાખીને વનમાળી અને વખતસંગ અહીંયાં જીવન જીવી રહે છે. જગતદાદા વડલાની જેમ પોતાની છાયા હેઠળ જીવી રહેલા તમામ જીવોને ખવડાવી રહ્યા છે, પિવડાવી રહ્યા છે, લૂગડાં-લત્તાં તમામ સર-સામાનનો ખર્ચો ઠાકોર ભોગવે... એમાં ઠાકોર હોય એ જ આંગણે હાથી બાંધે અને તેના ખર્ચા ભોગવે તે રીતનો ખોટો અહમ્ રાખીને સરકસના કાફલાનો જંગી ખર્ચ વેઠી રહ્યા છે.

પરમ કૃપાળુ પરમાત્માએ પણ જગતદાદાને જેવું દિલ ઉદાર આપ્યું છે તેવી જ રીતે મિલકત એટલે કે સાતસોથી આઠસો વીઘાં જમીન કે જે જમીન આ 'કનકપુર' ગામના લગભગ ૧૬૦ એકસો સાઠથી એકસો એસી ખેડુઓ ખેડી રહ્યા છે તે જમીન ઉપરાંત જગતદાદા પાસે સારો ખજાનો છે તેવું માનનારા માને છે અને કહેનારા કહે છે પણ ખરા ! પરંતુ ખરી હકીકત પૂછવાની કોઈએ આજ દિ' સુધી જગતદાદાને હિંમત કરી નથી કે જગતદાદાએ કોઈને બતાવ્યું પણ નથી.

જૂના જમાનાની તલવારો-ટોપ-ઢાલથી માંડીને આધુનિક શસ્ત્રો પિસ્તોલ-રિવોલ્વર-રાયફલો અને મશીનગનો ઉપરાંત ઘણાં જ જીવલેણ હથિયારો કે જે સરકારી પરવાના લઈને જગતદાદાએ પોતાની જમીન તેમજ પોતાની માલમિલકતના રક્ષણ માટે રાખેલ છે. વનમાળીને એક જર્મનની તેમજ વખતસંગને મેઈડ-ઈન-યુ.એસ.એ.ના માર્કાવાળી

ઓટોમેટિક ૬-ચેમ્બર કાર્ટીજ જગતદાદાએ આપી રાખી છે. જેથી તેઓના જાનની જ્યારે તેઓ પોતાના ખેતરોની દેખભાળ કરવા ગયા હોય ત્યારે વાપરવા માટે આપી રાખી છે. જગતદાદાને પૂરેપૂરી ખાતરી અને વિશ્વાસ છે કે પોતાનાં કૌટુમ્બિકો અને નજીકનાં સગાં પોતાને કોઈ દિ' દગો નહિ દે -

જંગલમાં શિકાર કરવાના શોખીન હોઈ જગતદાદાએ પોતાની ઘોડારમાં ચાર-પાંચ લશ્કરી મજબૂત ઘોડા પણ રાખ્યા છે. જેમાં 'શહેનશાહ' નામનો લાલ રંગનો અને માથે ટીલાવાળો ઘોડો કે જે જગતદાદાને ખૂબ જ પ્રિય છે. બીજા ઘોડાઓમાં બહાદુર-ચતુર-ટાઈગર-પવનપુત્ર નામના ઘોડા જગતદાદાની ઘોડારમાં હણહણી રહ્યા છે. જેમાં શહેનશાહ અને પનવપુત્રની બરાબરી કોઈ કરી શકે તેમ નથી. આ પાંચેય ઘોડાની દેખભાળ કરવા જગતદાદાએ બે અશ્વપાળ રાખ્યા છે. એકનું નામ જયસિંહ અને બીજાનું નામ સૂરજસિંહ છે. બન્ને જણા જગતદાદાની છત્રછાયામાં રહી રહ્યા છે અને નોકરી સાથે મસ્તીથી જીવી રહ્યા છે. સાથે સાથે તેમને માથે બીજું એક કામ કરવાનું નક્કી થયેલ છે. બાજુના (જગતદાદાના) ત્રણે શક્તિ, મોતી અને ભક્તિ બે નર કૂતરા અને એક કૂતરીની દેખભાળ ખૂબ જ ચીવટથી કરવાની જવાબદારી તેમની નક્કી થઈ છે.

જગતદાદાનો એક વિશ્વાસુ રસોયો ભોળારામ અને ભોળારામની વહુ પાર્વતી.

બીજો જગતદાદાનો આત્મીયજન અલકમંદ માળી (જૂના માળીનો વંશ હોઈ) બાગબગીચાની દેખભાળ કરતો.

બાકીના ત્રણ અનુક્રમે ભૈરવ, ભીમો અને રૂપો એ બધામાંથી એક ધોબીનું કામ ભીમો કરતો જ્યારે બાકીના બે ભૈરવ અને રૂપો બજારમાંથી લાવવાનું-મૂકવાનું તેમજ બાપુ (જગતદાદા)ની જીપ ચલાવવાની કામગીરી ભૈરવ પોતે એક કાબેલ વિશ્વાસુ હોશિયાર ડ્રાઈવર હોઈ જાતે જ આ કામગીરી કરતો તેના સિવાય જગતદાદા બીજા કોઈ



પર પણ વિશ્વાસ કરતા નહિ.

બધા નોકર - ચાકર - ડ્રાઈવર - રસોયા - માળી અને અશ્વપાલ બધાને રહેવા માટે (કુટુમ્બ કબીલા સહિત) જગતદાદાએ લાલ હવેલીની પડખાવાળી બે-બે રૂમની સગવડ ધરાવતી ઓરડીઓ વગર ભાડે દઈ દીધી હતી. જ્યારે હવેલીની પાછળની બબ્બે રૂમોનો ઉપયોગ વનમાળી અને વખતસંગ કરતા.

વનમાળીના તથા વખતસંગની ઘરવાળી ક્યારનીય ઉપર ભગવાનના દરબારમાં પહોંચી ગઈ હતી. જ્યારે બેઉ જણ લગભગ એક મહિનાના ગાળે ઘરભંગ થયા અને બેઉની પત્નીઓ પાછળ એક દીકરો-દીકરી મૂકીને પ્રભુના ધામ પહોંચી ગઈ ત્યારે વ્યથિત થઈને બન્ને દીકરા-દીકરીને પોતાનાં જ સંતાન ગણીને જગતદાદાએ સારી રીતે ભણીગણી શકે તે રીતે તેમની અલગ છાત્રાલય સાથેની મીડિયમ ઈંગ્લિશ સ્કૂલમાં ભરતી કરાવી દીધી હતી અને તે ભણતર પૂરું થયું એટલે જગતદાદાએ સમશેરસિંહ અને સરોજને એટલે કે વનમાળીના દીકરા સમશેર અને વખતચંદની દીકરી સરોજને ઈંગ્લેન્ડ મોકલી દીધા હતા. આ રીતે વનમાળી અને વખતચંદ પોતાના પર જગતદાદાએ જ અપરંપાર ઉપકાર કર્યા હતા તેના જન્મોજન્મના ઋણી હતા તેથી જ બંને જણા તન-મન-ધનથી જગતદાદાએ સોંપેલ તમામ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી જાણતા હતા અને બંને જણાએ પોતાની જિંદગીના આખરી શ્વાસ સુધી દાદાની સેવા કરવાનું માથે લીધું હતું.

દાદા હવેલીના મધ્યભાગમાં ૬ થી ૭ આલીશાન રૂમો વાપરતા હતા. જરૂર જણાયે અને તે પણ ભાગ્યે જ છેક નીચેની અડખા-પડખાવાળી બબ્બે ઓરડીઓ ઉઘાડતા અને જગતદાદાએ આજ દિન સુધી તે રૂમમાં પોતાના સિવાય બીજા કોઈને પ્રવેશવા દીધા ન હતા. તેથી પેલા નીચેના અડખા-પડખાની રૂમો ઓરડીનું રહસ્ય એક માત્ર દાદા જ જાણતા હતા અને બીજો ઉપરવાળો ભગવાન.

આ થઈ લાલ હવેલી - જગતદાદા અને લાલ હવેલીના કિલ્લા

કમ્પાઉન્ડમાં રહેલા તેમજ જગતદાદાની તહેનાતમાં સદાય તૈયાર રહેતા જગતદાદાના અપને-હુયે-હોતે ભી પરાયે તેવા પરિવારની વાત.

હવે આપણે લાલ હવેલીની બહાર નીકળીએ તો લાલ હવેલીની જમણે ભૂતિયો ડુંગર અને વૈતાળિયું જંગલ છે. જંગલની પડખે પડખે ખેતરોની જમીન છે જ્યારે ખેતરોની હરિયાળી લીલુડી ધરતી પર પથરાઈ જાય છે ત્યારે સાતેય સ્વર્ગ અહીંયાં ઊતરી પડ્યાં છે તેવો સામાન્યભાવ ઊપસી આવે છે. પ્રકૃતિએ પારાવાર - ખોબેખોબેથી નૈસર્ગિક સૌંદર્યની અહીંયાં લ્હાણી કરી છે.

લાલ હવેલીથી ડાબી પડખે એકાદ દોઢ કિ.મી. દૂર અને ગામથી અડધો કિ.મી. દૂર ભૂતિયા ડુંગરની તળેટીમાં બ્રોડગેજ લાઈનનું છેલ્લું રેલવે સ્ટેશન 'કનકપુર' છે. રેલવે સ્ટેશનની પડખે બસ સ્ટૅન્ડ તથા કનકપુર કસ્બો કહો અથવા ગામ કહો તો ગામનું એક બજાર છે. જ્યાં જાતજાતની ભાતભાતની ચીજવસ્તુઓ મળે છે અને હોટલથી માંડીને તમામ સુવિધા પણ છે.

કનકપુર માટે રાત્રે રોકાયેલી પેસેન્જર ટ્રેઈન સવારે ઊપડી જતી હોય છે. અને કનકપુરના રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મમાં છેક રાત્રે દસ પછી જ પેસેન્જર ટ્રેઈન આવે છે જેથી સ્ટેશન માસ્તર અને તેના સ્ટાફને શાંતિની નોકરી (બારેમાસ શાંતિ) છે.

જો કે કનકપુર છેલ્લું રેલવે સ્ટેશન છે, તેથી બાજુએ ભરતપુર શહેર કે જેની આજુબાજુએ આવેલ ડુંગરોની ખાણોમાંથી કાચો કોલસો અને જંગલોની ઉપપેદાશ અબરખ, લાકડું, (સાગ, વાંસ વિ.) મળતા હોઈ. ભરતપુરના કારણે કનકપુર રેલવે સ્ટેશને માલગાડીઓની આવન-જાવન પ્રમાણમાં વધારે રહેતી હોય છે. ડીઝલ એન્જિનોના શટીંગનો અવાજ તથા માલગાડીના ડબ્બાઓમાંથી લાવતો લઈ જવાતો માલ-સામાન વગેરે વગેરેથી કનકપુરનું રેલવે સ્ટેશન 'પેસેન્જરો'થી નહિ પણ વધારે પ્રમાણમાં માલસામાનની હેરાફેરીથી ધબકતું રહ્યા કરે છે. અને વાતાવરણમાં પણ ગરમી રહ્યા કરે છે તે એક હકીકત છે.



કનકપુર રેલવે સ્ટેશનથી જમણી બાજુએ આવેલા ધૂળિયા રસ્તાઓ તથા રસ્તાઓ આગળ જતાં કેડીઓમાં વીલાઈ જઈ ખેતરોમાં અદશ્ય થઈ જતા હોય છે. જ્યારે ડાબી બાજુ આવેલા બસ સ્ટૅન્ડની પાકી સડક ભરતપુર બાજુ જાય છે. ભરતપુર ૪૫ કિ.મી. દૂર એવો કિલોમીટર સ્ટોન પણ અડીખમ ઊભો છે.

ભરતપુરથી કનકપુર વચ્ચે રેલવે વહેવાર કરતાં બસ વ્યવહાર સીધો છે, સરળ છે અને ઝડપી છે. મુસાફરી એટલે કે બસની મુસાફરી - રેલવેની લાંબી મુસાફરી કરતાં તેમજ કસમયે રેલવેગાડી આવતી જતી હોઈ અહીંના સ્થાનિક લોકો રેલવે કરતાં બસની મુસાફરી વધારે પસંદ કરે છે.

જગતદાદા પોતાની લાલ હવેલીની વિશાળ ઓસરીમાં ચિંતામાં ડૂબી જઈને ગળાડૂબ ડૂબી જઈને, પરેશાનીમાં ચક્કરો પર ચક્કર ફરી રહ્યા છે. આજુબાજુ આંટા મારી રહ્યા છે. તેમના મનમાં થાય છે કે લખેલા કાગળ પ્રમાણે તે આજે જ આવવાના હતા અને તે પ્રમાણે અહીંયાં લાલ હવેલીમાં રહેવા-હરવા ફરવાની, જમવાની તમામ સુખ-સગવડતા તૈયાર રાખી હતી. છતાં આવનાર આગંતુક હજુ સુધી કેમ ન આવ્યો ? રખેને હવેલીના કોઈ માણસને તેના આગમનની અગાઉથી જ ખબર પડી ગઈ હશે તો રસ્તામાં ને રસ્તામાં તેને પતાવી દીધો હશે. તેથી જ બસસ્ટૅન્ડ સામે લેવા ગયેલ જીપ તથા ડ્રાઈવર ભૈરવ ખાલી હાથે સવારથી અત્યારે બપોરના દોઢ થતાં સુધીમાં ભરતપુરથી કનકપુર માટે સાત ટાઈમ હતા. તે વખતે જેટલી વખત મોકલી તેટલી વખત પાછી આવી હતી. અને જગતદાદાએ ફરીથી બીજો ટાઈમ થતાં એ જ જીપને ડ્રાઈવર જમી આવ્યો એટલે તરત જ બસ સ્ટૅન્ડ તરફ કરી હતી તે જીપ બસ સ્ટૅન્ડ તરફ ગયે લગભગ અડધો-પોણો કલાક થયો તે જીપ પણ પાછી ન આવી એટલે તેની ચિંતામાં અને પેલો કેમ આવ્યો નહિ હોય ? તેની વધારાની ચિંતામાં જગતસંગ જગતદાદા ઓસરી-કમ્પાઉન્ડમાં આંટાફેરા કરી રહ્યાં હતાં. ત્યારે -

આ બાજુ કનકપુર બસ સ્ટૅન્ડે ભરતપુરથી હમણાં જ આવેલી લકઝરી બસમાંથી ઊતરેલા એક અપટુડેટ મુસાફર હાથમાં પોતાની બેગ-બિસ્તરા સંભાળીને ડાફોળિયા મારતો હતો. કોઈને શોધતો હતો. કોઈની પાસેથી કાંઈક માહિતી મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

બપોરના બે થી ત્રણ વાગ્યાની બસમાં ઝાઝું કામ રહેતું નહીં હોઈ ઝાંઝાં પેસેન્જરો પણ હતા નહીં. એક ડ્રાઈવર અને એક કન્ડક્ટર બીજા બે ગામડી પોશાક પહેરેલ પુરુષો અને ચોથો પોતે હવે કોને શું કઈ રીતે ક્યારે પૂછવું ? તે સમજણ ન પડવાથી પેલો યુવાન સૌપ્રથમ સહેજ બઘવાઈ ગયો પછી એક હાથમાં બેગ અને બીજા હાથમાં બિસ્ત્રો સંભાળીને બે દિશામાંથી એક દિશા તે દિશાનો રસ્તો ગામ તરફ જતો હતો તે રસ્તા તરફ વળ્યો અને ચાલવા માંડ્યો.

દૂર બસ સ્ટૅન્ડના પડખાની કોઈ થર્ડ ક્લાસ હોટલના રેડીઆમાંથી...

કોઈ આયેગા આયેગા આયેગા... હમારે ગાંવ કોઈ આયેગા પ્યાર કી ડોર કોઈ લાયેગા... હમારે ગાંવ કોઈ આયેગા...

- "હિમાલયની ગોદ મેં"નું ગીત વાતાવરણમાં લહેરાતું હતું. તેના તરફ કોઈ જ પ્રકારનું લક્ષ્ય આપ્યા વગર લક્ષ્મણે કનકપુર ગામ તરફ ચાલવા માંડ્યું. આગળ જતાં ધૂળિયા રસ્તાઓ કે જે ખેતરો તરફ જતા હતા તે રસ્તાઓ ભેગા થઈ ડામરનો રસ્તો ગામ તરફ જતો હતો. આ ડામરિયા રોડ પર કોઈની આવન-જાવન હતી નહિ એટલે પૂછવું કોને ? મનમાં મૂંઝાતો લક્ષ્મણ હાથમાંની બેગ અને બિસ્તરો માઈલસ્ટોન માથે મૂકીને ઊભો રહ્યો...

'આ તે ગામ છે કે રેગિસ્તાન છે ? રિક્ષા-પગરિક્ષા, લારી-ઘોડાગાડી કાંઈ જ મળે નહિ ! તોબા આ વિચિત્ર ગામથી ! નામ છે કનકપુર અને લાગે છે સાવ બંડલ ગામ... આ તો નામ મોટાં ને દર્શન ખોટાં...' કહીને...

લક્ષ્મણે કનકપુરને માથે કેટલી કેટલી ગાળો ચોપડાવી દીધી



તેનો હિસાબ તેણે આ ટાણે રાખ્યો ન હતો.

છેક સામેથી બે બહેનો - પચ્ચીસ પચ્ચીસ વર્ષની બે કન્યાઓ આવતી ભાળી એટલે લક્ષ્મણને મનમાં થોડીક શાંતિ વળી. 'હાશ ! હવે કાંઈક રસ્તો મળશે અને આપણું ઠેકાણું પડશે.' તેવું તે મનોમન વિચારી રહ્યો.

પેલી બે જણીઓ નજીક આવી એટલે લક્ષ્મણે 'મારે જગતસંગની લાલ હવેલીએ જવું છે. કઈ તરફથી લાલ હવેલીએ જઈ શકાય !" પૂછ્યું ત્યારે નવી શહેરી ભાષામાં સમજણ ન પડવાથી ઉંમરમાં એકાદ વર્ષ મોટી જણાતી એક બાઈએ બીજી બાઈને 'અલી રુખલી હું કે' છે ? મને હમજણ નથ પડી. તું તારે પૂછી જવાબ દઈ દે'. ત્યારે રૂખીએ ઈશારાથી પૂછી જોયું - "કઈ તરફ જવું છે ?"

જવાબમાં લક્ષ્મણ (બીજી ઝાઝી લપ્પનછપ્પન કર્યા સિવાય) માત્ર "લાલ હવેલી" બોલ્યો ત્યારે રુખીએ ફરીથી રેલવે સ્ટેશન તરફ ઈશારો કર્યો અને ત્યાંથી "ભૂતિયા પહાડ"તરફ જતા ડામરિયા રોડ તરફ આંગળી ચીંધીને "લાલ હવેલી-પેલી પડખે છે સાહેબ" લહેકાથી કહી વિદાય લીધી ત્યારે બે જણીઓને દૂર દૂર જતી જોઈ રહેલા લક્ષ્મણે હાથેથી આંગળીઓના ઈશારા કરીને "અજબ તેરી દુનિયા - અજબ તેરા કમાલ" ગણગણી બેગ-બિસ્તરાના રસાલા સાથે "લાલ હવેલી"ની દિશામાં જે જગ્યાએથી પોતે આવ્યો હતો તે જ દિશામાં પરત પાછા ચાલવાનું શરૂ કર્યું.

*

# 2

# એક અજાણ્યું ગામ

ઠાકોર જગતસિંહ આંટાફેરા મારતા હતા. ઘડિયાળના લોલકની માફક આઘા-પાછા થઈ રહ્યા હતા.

દુનિયાની દુનિયાદારી એવી જ છે.

જે માણસને હૈયે ચિંતા, પરેશાની હોય તે આઘોપાછો થાય. ઘડિયાળને હૈયે સમય સાચવવાની યા સમયને જકડી પકડી રાખવાની ચિંતા છે. પરેશાની છે જેથી તેનું લોલક ટક-ટક અવાજ કરીને આંદોલન કરતું હોય છે. પછી માણસ માત્ર ચિંતાના પરેશાનીના બોજા હેઠળ દબાઈ જઈને આઘા-પાછી ના થાય તો બીજું કરે પણ શું ?

જગતદાદા જોડે બીજો કોઈ રસ્તો ના રહ્યો એટલે તેમણે પોતાના પ્રાણથી પણ અતિપ્રિય મિત્ર હિંમતસિંહનો આશરો લીધો. હિંમતસિંહ એટલે હિંમતસિંહ... તેમનો કોઈ જોટો ન મળે. એક લંબાણ ભરેલા કાગળમાં જગતસિંહે પોતાના દુઃખ, દર્દ, ચિંતાની બધી વ્યથાની કથા લખી મોકલી ત્યારે હિંમતસિંહે તે પત્ર પોતાના નાના દીકરા લક્ષ્મણને આ પત્ર મોટા દીકરા કિશોરસિંહથી ખાનગીમાં વંચાવ્યો અને લક્ષ્મણને ખાનગીમાં કાંઈ કહ્યું પછી આખી યોજના ઘડી કાઢીને ધીમે ધીમે તેનો અમલ કરવાનું બાપ-દીકરાએ નક્કી કર્યું.

હિંમતસિંહમાં અપાર હિંમત હતી, બહાદુરી હતી જ્યારે





લક્ષ્મણમાં અક્કલ હોશિયારી, ચબરાકપણું અને દાદ માગી લે તેવી સહનશક્તિ ઉપરાંત અપાર હિંમત એ બધાય ગુણો હતા જેનાથી હિંમતસિંહની છાતી ગજ ગજ ફૂલી જતી જ્યારે કિશોરસિંહ મોટો દીકરો નપાવટ, નાલાયક, વિષયી, કામાંધ, સ્વાર્થી અને લુચ્ચા શિયાળ જેવો હતો. કિશોરસિંહની દાનત ખરાબ ટોપરા (ખોરા ટોપરા) જેવી હતી. બાપ-દીકરા બન્નેનો ખાત્મો બોલાવી દઈ પોતે એકલો જ કિશનગઢ સ્ટેટની લાખો રૂપિયાની મિલકત અને શાહી ખજાનાનો એકલો માલિક બની જવાની કિશોરસિંહની દાનત હતી. જેની જાણ, ખબર હિંમતસિંહને ઘણા સમય પહેલાંથી થઈ ગઈ હતી પરંતુ હિંમતસિંહ આ બધાનો રસ્તો કાંઈક જુદી જ રીતે કરવા માગતો હતો.

અધૂરામાં પૂરું ભાવના લાગણીભીના હૃદયે મોટા દીકરા કિશોરને આગળ એન્જિ. લાઈનનું ભણવા યુ.એસ.એ. મોકલ્યો તો ત્યાંથી વર્ષે બે વર્ષે કિશોર સાવ બગડીને પાછો આવ્યો. પરદેશી સ્ત્રી મિત્ર લ્યુસી અને જોસેફ તથા ફિલીપને સાથે લઈ આવ્યો અને ભારતમાં આવી પોતાના બાપના 'કિશનગઢ' સ્ટેટમાં જ્યારે તે મનમાની કરવા લાગ્યો ત્યારે તે વખતે લક્ષ્મણ પણ કૉલેજકાળના છેલ્લા વર્ષના એન્જિનિયરિંગ લાઈનની છેલ્લી પરીક્ષા આપી રહ્યો હતો. મોટા ભાઈની ઘણી બધી ફરિયાદો વધતી રહી અને કિશોરનાં કૃત્યો - અપકૃત્યોથી જ્યારે તે લગભગ કંટાળી ગયો ત્યારે તેણે હિંમતસિંહની સામે બધી હકીકતની રજૂઆત કરી.

તે ટાણે હિંમતસિંહ કાંઈ પણ બોલ્યા નહિ, પણ લક્ષ્મણને ખમી જવાનું કહ્યું. બીજી બાજુ કનકપુરથી જગતદાદાનો વ્યથાથી ભરપૂર, તરબોળ કાગળ આવ્યો જે કાગળ હિંમતસિંહે કિશોરથી ખાનગીમાં લક્ષ્મણને વાંચી સંભળાવ્યો અને 'એક કાંકરે બે પક્ષી મારી શકાય' તેવી યોજના બાપ (હિંમતસિંહ) અને દીકરા લક્ષ્મણે ઘડી કાઢી અને આ યોજના ક્યારથી કેવી રીતે અમલમાં મૂકવી તેનો પૂરતો વિચાર કર્યા પછી બાપ-દીકરો આવા યોગ્ય અવસરની રાહ જોઈ રહ્યા.

કમ્પાઉન્ડમાં આંટાફેરા કરી રહેલા જગતદાદા... ત્રણ-સાડાત્રણ થયા છતાં કોઈ સમાચાર ન મળ્યા એટલે ચિંતાથી ચાર ગણા હેરાનપરેશાન થઈ ગયા હતા. બે હાથ પાછળ રાખીને પોતાની હવેલીની વિશાળ ઓસરીમાં જગતસિંહ રાઉન્ડ લઈ રહ્યા હતા.

ખુલ્લું સોનાના બટનથી શોભતું પહેરણ નીચે સલવાર (સૂરવાર) પગમાં ચમચમ મોજડી અને મોટી-મોટી ધોળી લીંબુનાં ફાડિયાં પણ વળગી રહે તે મૂછો તથા ભરાવદાર ચહેરો અને તોતિંગ પહાડ-ખડક જેવો ઊંચો દેહનો બાંધો વગેરે જગતસિંહની તંદુરસ્ત કાયાની ભવ્યતાના દર્પણ સમાન હતાં.

તે ખૂબ જ સ્ફૂર્તિથી પોતાની ઓફિસમાં ગયા અને ડીંગ-ડોંગ ડીંગ-ડોંગ કરીને કોલબેલનો અવાજ થયો. 'જી સાહેબ' કહી એક નોકર ઓફિસના મુખદ્વારે જઈને જ્યારે ઊભો ત્યારે બાપુએ...

"અલ્યા ભેમા, આ ભૈરવિયો કલાકેકથી ગયો છે પણ તેના કશાય સમાચાર નથી કે પેલા આવનારના પણ કોઈ પણ જાતના સમાચાર નથી - જાવ બસ સ્ટૅન્ડ કે રેલવે સ્ટેશન ભણી અને તપાસ કરી સમાચાર લઈને મને જણાવજે." જગતસિંહે સૂચના કરી.

"જી બાપુ" કહીને જેવો ભીમો જ્યાં જાય છે ત્યાં લાલ હવેલીના મોટા મોટા લોખંડી દરવાજાની નાનકડી ડોકાબારી મધ્યે (નાનકડું બારણું) લક્ષ્મણ પોતાના સર-સામાન-બિસ્તરા પોટલાં બૅગ વગેરે સાથે ડોકાયો અને તરત જ બાપુએ 'અલ્યા ભીમા જા બહાર જોઈ લે તો આવનાર આપણા મહેમાન તો નથીને ? ખાતરી કર..." જગતસિંહે કહ્યું...

તરત જ ભીમો લક્ષ્મણ તરફ દોડી ગયો અને લક્ષ્મણે પોતાની ઓળખાણ આપી તે પણ તેની સાથે જગતદાદાની સમીપ જવા લાગ્યો...

ઓળખાણ પડી કે તરત જ "આવ બેટા આવ લખા આવ... તને જોયે આજે ત્રીસ-બત્રીસ વર્ષ થઈ ગયાં તે વખતે તું બે ત્રણ વર્ષનો



હોઈશ..." કહી ગદ્ગદ થઈ જગતદાદા લક્ષ્મણને ભેટી પડ્યા. લક્ષ્મણ પણ જગતસિંહને ભેટી પડ્યો પછી ચરણમાં નીચા નમીને ચરણસ્પર્શ કર્યા ત્યારે "કેમ બેટા પગે ચાલીને આવ્યો ? તને લેવા સારુ સામે મેં મારી જીપગાડી-ડ્રાઈવર સાથે મોકલી છે એ તને ન મળી ?"

"ના દાદા, વાત એમ બની કે પહેલી વસ્તુસ્થિતિમાં અમારી બસ લેટ આવી. પછી હું દિશા ભૂલીને કનકપુર ગામ તરફ હાલવા માંડ્યો ત્યાં રસ્તામાં ખરો માર્ગ જાણવા મળ્યો એટલે ત્યાંથી પાછો વળ્યો અને તે વખતે રસ્તામાં એક જીપ-બગડી હતી તેવું મેં ભાળ્યું પણ ઝાઝી લપ્પન-છપ્પન કર્યા વગર હું કંટાળી ગયેલો એટલે લાલ હવેલીએ જ આવી ગયો...' કહી લક્ષ્મણે ખુલાસો કર્યો.

"ભલે-ભલે તું કંટાળી ગયો હોઈશ અને મુસાફરીથી થાકી પણ ગયો હોઈશ એટલે પહેલાં તારા ઊતરવારહેવા કરવાની સગવડ કરીએ પછી બધી વાતો" કહીને જગતસિંહે "એઈ ભીમા આ સાહેબનો બધો સર-સામાન લાલ હવેલીના નીચેના ભાગે વનમાળી અને વખતચંદ જે બે બે ઓરડી (રૂમોમાં) રહે છે તેની જ પડખેની બે રૂમો આ સાહેબ માટે ખાલી કરી છે બધી વ્યવસ્થા ગોઠવી દો-" કહી જગતસિંહે ઓર્ડર કર્યો. "જી ઠાકોર સાહેબ" ભીમો ઉવાચ-

સર-સામાન-બૅગ અને બિસ્તરા વગેરે ભીમાને સુપ્રત કરીને લક્ષ્મણ જગતદાદા જોડે તેમની ઉપરના માળની મોટા મોટા વિશાળ ઓરડામાં દાખલ થયો ત્યારે કોઈ રાજાના રાજમહેલમાં યા દરબારમાં પોતે ભૂલથી પહોંચી ન ગયો હોય તેવું તેને લાગ્યું...

દરબાર જગતસિંહ સાથે ચા-નાસ્તો વગેરે ફ્રેશ તરો તાજો થયા બાદ પોતાને સુપ્રત કરેલી રૂમમાં લક્ષ્મણ ઘૂસી ગયો.

જૂની-જર્જરિત લાલ હવેલી હતી. જૂનું પણ ભવ્ય બાંધકામવાળી લાલ હવેલી વિશાળ ઓરડામાં નકશીદાર ડિઝાઈનનું બાંધકામ હતું. કાચની બારીઓ હતી, પડખામાં એક બાજુ (એક ઓરડાની) વનમાળીના બે રૂમો (ઓરડા) હતા જ્યારે બીજા ઓરડાને અડીને

વખતચંદના બે ઓરડા હતા એટલે કે દાદા જગતસિંહે વનમાળી અને વખતસંગની વચ્ચે ગણતરીપૂર્વક જ લક્ષ્મણની ગોઠવણી કરી હતી. આ કોઈ શતરંજની ચાલ હતી કે પછી કોઈ રાજરમત ? તે તો ભગવાન જાણે વખત આવ્યે બધું સમજાઈ જશે.

ઓરડાનો એક ભાગ લાલ હવેલી સાથે સંલગ્ન હતો જ્યારે ઓરડાના એક બાજુના પડખે આવેલી બારીઓ પાછળ આવેલા ભૂતિયા પહાડનું દર્શન કરાવતી હતી. ભૂતિયા પહાડની ભવ્યતા તેમાં લીલોતરી વનરાજી અને ખોબેખોબા ભરીને પ્રકૃતિને નૈસર્ગિક વાતાવરણ ભરી દીધું હતું.

પોતાના ઓરડામાં અલગ-અલગ જાજરૂ, બાથરૂમ, એક બેઠક રૂમ અને બીજા રૂમમાં બે-સાગના પલંગ હતા જે મચ્છરદાનીથી ઢંકાયેલા હતા તથા લીલા રંગના કાપડના પડદાવાળી બારીઓ અને આ ઓરડામાં તમામે તમામ પ્રકારની સુખસગવડતા મળી શકે તેમ હતી.

જમવાના ટાણે બધાયને દિવાનખંડ ઘણો જ મોટો ઓરડો લાલ હવેલીમાં બરાબર મધ્યમાં આવેલો. ૫૭ ફૂટિયો કેન્દ્રીય હોલ ઓરડો જેમાં એકીસાથે વીસબાવીસ માણસો આરામથી બેસી ડીનર લઈ શકે તેવું ડાયનિંગ ટેબલ હતું. આ દીવાનખંડ રૂમ ડાઈનિંગ રૂમમાં દેશ-વિદેશની આકર્ષક સુંદર ચીજવસ્તુઓ ખાસ કરીને ખૂણે ખૂણે મોટી-મોટી માણસના કદના જેવા રૂપની મોટી કાંસાની મૂર્તિઓ સહુ કોઈનું ધ્યાન ખેંચી રહી હતી.

ગણતરીની મિનિટોમાં આ બધાથી વાકેફગાર થઈને લક્ષ્મણ તૈયાર થઈ ગયો, સુસજ્જ બની ગયો. પછી "દાદા, મારે તમારું ગામ જોવું છે. આજે થોડીક વાર તમારું ગામ જોઈ લઉં. પછી જંગલની મોજ આવતી કાલે કરીશું."

"ભલે પણ તારી સાથે કોઈ" દાદાજગત આ વાક્ય પૂરું કરે તે પહેલાં જ -

"ના, દાદા હું એકલો જ જાતે ફરી આવીશ." લક્ષ્મણે કહ્યું.



"ભલે, ભીમા આ મહેમાનને આપણા ઘોડારમાં લઈ જા અને ત્યાંથી મનગમતો ઘોડો લઈ જઈને એ પોતાની જાતે જ ભલે ફરી આવતા. જો જે લખા દૂર દૂર જાતો નહિ." જગતસિંહ પોતે જાણતા હતા કે લક્ષ્મણ ઘોડેસવારી જાણે છે તેથી જ તેમણે કહ્યું અને વહેલા આવવાની ભલામણ કરી.

"ભલે દાદા" કહી લક્ષ્મણ ભીમાને અનુસર્યો.

જગતદાદાના ઘોડારમાં (ઘોડા રાખવાના તબેલામાં) જઈને ભીમાની મદદથી ઘોડાની દેખભાળ કરનાર જયસિંહ અને સૂરજસિંહ (બન્ને અશ્વપાલો)ની લક્ષ્મણે ઓળખ કરી લીધી અને જગતદાદાના પાંચેય ઘોડાને વારાફરતી જોઈ લીધા. પાંચેય જાતવાન ઘોડા હતા અને તેમાંથી ઘોડેસવારી માટે પવનપુત્રની પસંદગી કરી તેના પલાણ પર છલાંગ મારી કૂદીને લક્ષ્મણ બેસી ગયો ત્યારે તેની ચપળતા હોશિયારી જોઈને બન્ને અશ્વપાલો મોંમાં આંગળાં નાખી ગયા. ગણવાની જ મિનિટોમાં લક્ષ્મણ પવનપુત્રને લઈને 'કનકપુર' ગામ તરફ જવા લાલ હવેલીમાંથી નીકળી ગયો.

"તબડક... તબડક... તબડક" ઘોડાના દાબડાનો અવાજ દૂર દૂર સુધી સંભળાતો રહ્યો.

આ ધ્વનિનો પ્રતિધ્વનિ ભૂતિયા પહાડમાંથી પડઘાના સ્વરૂપે પાછો ફરતો હતો.

તબડક... તબડક... તબડક... તબડક... તબડક ઘોડો દોડાવતો ઠેકાવતો, દબદબાટી બોલાવતો લક્ષ્મણ થોડી જ વારમાં કસ્બા 'કનકપુર' ને તીરની જેમ વીંધી નાખીને પાર નીકળીને પેલી બાજુના સીમ-સીમાડામાં પહોંચી ગયો. પવનપુત્ર પવનવેગે દોડ્યે જતો હતો. તબડક... તબડક... તબડક.

પાછલના ભાગે થઈને ભૂતિયા પહાડની તદ્દન નજીકમાં પહોંચી જવાતું હતું. "ભૂતિયા પહાડ"નો એકબાજુનો ભાગ લાલ હવેલીનો વિસ્તાર હતો જ્યારે તેની ચારે તરફ "વૈતાળિયા જંગલ"નો ભાગ

હતો. ભૂતિયા પહાડની ગોદમાંથી ઊછળતું કૂદતું અને છલાંગો લગાવતું એક નાનકડું ઝરણું અહીંયાં આવીને ઠરીઠામ થયું હતું. શાંત બની ગયું હતું. લાવને ઘડીભર આરામ કરી લઉં અને ઘોડો પણ જરા શ્વાસ લઈ લે. એ વિચારથી લક્ષ્મણે પવનપુત્રની ઝડપ ધીમી કરીને તેને ઝરણાના કિનારે ઊભો કરી દીધો.

એક બાજુ ભૂતિયા પહાડની સુંવાળી ગોદ બીજી બાજુ ઝરણાનું વહી જતા ઝરણાનું ઝર ઝર ઝર ઝર સંગીત અને તે વખતે ટોળે વળીને ઘરે આવતાં પક્ષીઓનો - ચકલાંનો - કલરવ બધું જ ભેગું થઈને સંગીત-સૂરનો ધ્વનિ સાત-સ્વરનો સરગમ અને સંગીતમય વાતાવરણ એક આહ્લાદકતા ઉત્પન્ન કરતું હતું. જેનાથી વાતાવરણમાં ભીનાશ અને ઉમંગ, તરવરાટ, જુસ્સો ઉત્પન્ન થતાં હતાં.

લક્ષ્મણે ઘોડા પરથી નીચે ઊતરીને ખોબે-ખોબે ઠંડું, મીઠું મધુર-ઝરણાનું પાણી પીધું. પવનપુત્ર ઘોડાને પણ બુચકારીને પાણી માટેની સૂચના કરી. ઝરણાના કિનારે ઊભોઊભો લક્ષ્મણ ઘોડાને પાણી પિવડાવતાં પિવડાવતાં આજુબાજુના વાતાવરણને નિહાળી રહ્યો.

ખુશનુમા શાંત સંગીતમય વાતાવરણ તન-મનમાં તરોતાજગી, તરવરાટ-જુસ્સો ભરી દેતાં હતાં. ઝરણાનાં કિનારે આવેલાં વૃક્ષો-વૃક્ષોની વનરાજી-ઝાડીઓ અને તેમાંથી પસાર થતા પારરક્ત સૂરજનાં કિરણોનો લાલલાલ પ્રકાશ ઝરણામાં પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. પશ્ચિમ દિશા તરફ હસતીરમતી સંધ્યાદેવી કોઈ રાજાની હઠીલી રાજકુમારી જેવી શોભતી હતી અને મંદમંદ રીતે વહેતો પવન. અનિલ જાણે હસી ન રહ્યો હોય તેવું લાગતું હતું ! ''ભૂતિયા પહાડ''ના પડખામાં આડે-અવળે પથરાયેલાં કાચાં-પાકાં ઈંટેરી મકાન-ઝૂંપડાંઓ મધ્યેથી પણ સળગાવેલા ચૂલાઓનો કાળો ધુમાડો લાલ રંગના આકાશને જાણે કાળા રંગનું કલંક લગાડવા મથામણ કરી ન રહ્યો હોય તેમ જણાતું હતું.

લક્ષ્મણને આ અનોખા વાતાવરણમાં મજા આવી ગઈ. તેને આવું આહ્લાદક, ખુશનુમા વાતાવરણ ખૂબખૂબ ગમ્યું.



પોતે અને પોતાના ઘોડાએ ધરાઈ-ધરાઈને પાણી પી લીધું એટલે અખીના ઓડકાર સાથે પોતાના રહેઠાણ પર પહોંચવા માટે લક્ષ્મણે તૈયારી કરી અને જગતદાદાને આપેલ કોલ ''દાદા હું વહેલો પાછો આવી જઈશ''નું પાલન કરવા લક્ષ્મણ કટિબદ્ધ બન્યો... ત્યાં તો...

એઈ... હી... હી... હી... હી... ઝરણાના કિનારે જે જગ્યાએ લક્ષ્મણ ઊભો હતો અને જ્યાં લક્ષ્મણે ઘોડાને પલાણ્યો હતો (ઊભો રાખ્યો હતો) ત્યાંથી ૧૦૦ - સો-દોઢસો પગલાં છેટે કેટલીક યુવતીઓ યૌવનાઓ કે જે સાંજને ટાણે પાણી ભરીને અથવા વાસણ-કપડાં કે બીજું બધું કામ પરવારીને ઘર તરફ પાછી ફરી હતી તેમના હસવાનો ખડખડાટ હસવાનો - મંદિરમાં થતી આરતી સમાન મંજુલ-કોમળ દિલને ગમી જાય તેવો કિલ્લોલ સંભળાયો અને અજાણે લક્ષ્મણની નજર એ તરફ વળી.

આ તો પેલી-રસ્તામાં મળી ગયેલી બે યુવતીઓ (યૌવના) પણ તેમાં સામેલ હતી. શું નામ કહ્યું હતું પેલીએ ? રૂક્ષ્મણી ! ના રુખી-રુખલી-'' લક્ષ્મણને યાદ આવ્યું.

પેલી બે, ટોળામાંથી દશથી બાર પૈકીની પેલી બે ઘડીભર લક્ષ્મણને તાકી રહી અને ઘડી-બે ઘડી બે આંખો મળી. બે આંખો ચાર થઈ. જાણે લક્ષ્મણ અને રુખીના હૈયે વજ્રઘાત થયો ! બન્ને જણાએ સિફતથી નજર ફેરવી લીધી. કોઈનેયે ખબર ના પડી... પેલી કિલ્લોલ કરતી પનિહારીઓ હસી-મજાક કરતી કરતી પોતપોતાના ઘર તરફ વળી.

આ બાજુ લક્ષ્મણ કાંઈક વિચારતો ઊભો રહ્યો ત્યાં તો ''ધાંય-ધાંય-'' વાતાવરણને ચીરી નાખતો અવાજ સંભળાયો. લક્ષ્મણે તરત જ અનુમાન કરી લીધું કે નજીકમાંથી, બાજુમાંથી જ એણે ચારસો, પાંચસો મીટરની દૂરીએથી આ ગોળીબાર થયો છે. અને આ અવાજ 'ભૂતિયા પહાડ'ની પડખે આવેલ ખીણ જેવા પ્રદેશમાંથી થયો હતો જ્યાં આગળથી બે કિલ્લાઓ અહીંથી જ એટલે કે ઝરણાએથી જ દેખાતા હતા.

ઘોડા પર બેઠક લઈને તરત જ લક્ષ્મણે ઘોડાને જે દિશાએથી ગોળીબાર થયો હતો તે દિશાએ એટલે કે દૂર ખીણમાં આવેલા બે કિલ્લાની દિશામાં જવા માંડ્યું.

રસ્તે આવતા વટેમાર્ગુને તેણે પૂછ્યું ત્યારે "બાપલીયા ઈ કો'ર ના જશો. જાહુડો અને જારેખો એ બેઉમાંયે રાત્રે ભૂતાવળીમાં ભૂતો ભૂસકાં લે છે અને ત્યાં ઘણી વખત કડાકા-ભડાકા થયા કરે છે." બીકે બબડતો, ફફડતો, આદિવાસી જેવો લાગતો એક ખેડુ ભાગી ગયો. જાણે જાન છોડાવીને ન ભાગ્યો હોય અને તે પણ મહાપરાણે !

હળવેકથી ઘોડાને આહિસ્તા આહિસ્તા ખીણની અંદર ઉતારીને લક્ષ્મણ જાહુડો અને જારેખા એ બે કિલ્લાની પડખે આવીને ઊભો ત્યારે ઘરડા, ખખડધજ્જ બિલકુલ જીર્ણશીર્ણ, ભંગારમાં પડેલા બે કિલ્લાઓ "ભૂતિયા પહાડ"ની તળેટીમાં પડ્યા પડ્યા અટ્ટહાસ્ય કરી રહ્યા હતા, ખડખડાટ હસતા હતા. લક્ષ્મણને આવકારી રહ્યા હતા કે જાકારો આપી રહ્યા હતા તે ભગવાન જાણે !

આ જાહુડા કિલ્લાના ભીતર થઈ ગયેલા લોખંડના અને લાકડાના ભંગાર દરવાજા વચ્ચે એક લોહી નીકળતી લથપથ લાશ - અંતિમ શ્વાસ લઈ રહી હતી. તે લાશ હાલતી-ચાલતી હતી. મતલબ કે તેનામાં જીવ હતો, તેનામાં થોડી ચેતના હતી.

લક્ષ્મણ સ્ફૂર્તિથી એની પાસે પહોંચી ગયો. ખાખી ડ્રેસ પહેરેલ એક ચાળીસથી પચાસ વર્ષના પુરુષનો દેહ. દેહ પર થયેલા બે ગોળીબારને કારણે અને બે ગોળીઓ પૈકી એક ગોળી જમણી છાતી અને બીજી ગોળી ડાબા પગની જાંઘના પ્રદેશને ચીરીને બહાર નીકળી ગઈ હતી. લોહી પુષ્કળ વહી ગયું હતું. પુરુષનો દેહ લગભગ મરવાની-પ્રાણ છોડવાની તૈયારીમાં હતો અને તેના મોઢામાંથી...

'કૂતરા... ભૈ...ર...વ... ભૈ...ર...વ... છેવટે... તેં દ...ગો... દીધો... પા...પી... તને ભ...ગવાન નહીં... છો...ડે...' બે-ભાન અવસ્થામાં પેલા પુરુષદેહે ડચકાં લેવા માંડ્યાં



અને તે ઘણીવાર સુધી ઉપર પ્રમાણે બબડતો રહ્યો... ફફડતો રહ્યો... પછી ફફડતો-તરફડતો પુરુષ દેહ-લોહિયાળ લાશ શાંત થઈ ગઈ કાયમ માટે...

સંધ્યારાણી પશ્ચિમ દિશા તરફ ક્યારનીય સરકી ગઈ હતી. કોઈ ચબરાક-ચકોર બિલાડીની માફક... તેનું સ્થાન કાળું ડીબાંગ અંધારું લઈ રહ્યું હતું. કાળનો રંગ કાળમીંઢ કાળો હોય છે. એક ઈન્સાનનો કાળ કોળિયો કરી ગયો હતો. આ વળી ભૈરવ કોણ ? તેણે શા માટે આવી હત્યા કરી ! નજીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવી કે કેમ ?

લક્ષ્મણના માથે પરસેવાનાં બિન્દુ ટપકી રહ્યાં. તેણે સિગાર-માચીસ બહાર કાઢ્યાં. સિગાર મુખેથી દબાવી માચીસ સળગાવીને સિગાર સાથે દીવાસળીનો સ્પર્શ કર્યો. સિગારેટ સળગી ઊઠી ધીમેધીમે.

બધીય લપ મૂકીને હું પાછો લાલ હવેલીમાં વહ્યો જાઉં અને ત્યાં આગળ જગતદાદાને આ બધી વાત્યો માંડીને કરીશ એવું નક્કી કરીને લક્ષ્મણ ઘોડાપર (પવનપુત્રની પીઠ પર) સવાર થયો અને પવનપુત્રને પણ આ ઘટનાની કોઈપણ અસર ન થઈ હોય તેમ લાગ્યું અને માલિકની આજ્ઞા પ્રમાણે જામવંત ઘોડો "તબડક... તબડક..." લાલ હવેલીની દિશામાં પૂરપાટ જવા માંડ્યો, ઘોડાને પણ હવે ઘર સાંભર્યું હતું. 'કનકપુર' નજીકમાં જ આવ્યું હોઈ તેના ટાવરે આઠના ડંકાનો અવાજ કર્યો. તેમાં ડંકાના અવાજના તથા ઘોડાના ડાબલાના તબડક-તબડક-તબડક અવાજના પડઘા આજુબાજુના વાતાવરણમાં પથરાઈ રહ્યા, તબડક-તબડક-તબડક.

આ એક અજાણ્યું ગામ અને એક અજાણ્યા ગામમાં પહેલા પહેલા દિવસે બની ગયેલી અજાણી પણ અભેદ્ય અને અકલ્પ્ય કરુણ ઘટના. લક્ષ્મણ 'લાલ હવેલી' તરફ જઈ રહ્યો હતો. પવનપુત્ર ઘોડાના ડાબલા તબડક-તબડક-તબડક શૂન્યતાને ચીરી રહ્યા હતા.

*

# 3

## લક્ષ્મણનો વનવાસ

આ બધી મુસીબતો, વિટંબણાનો અંત ક્યારે ?

સહનશક્તિની પણ અમુક ચોક્કસ મર્યાદા હોય છે ખરી... !

કિશોરસિંહના એટલે કે પોતાના મોટા દીકરાના અપકૃત્યથી હિંમતસિંહની હામ તૂટી ગઈ હતી, તેઓ અંદરખાનેથી ભાંગી પડ્યા હતા. તૂટી ચૂક્યા હતા. તેમાંય વળી કિશોર સાથે આવેલાં લ્યુસી, જૉસેફ અને ફિલીપની ખરાબ કંપનીથી કિશોરસિંહ સાવ બગડી ગયો હતો.

અમન-ચમન, ભોગ-વિલાસ, રખડપટ્ટીમાં દિવસ-રાત વિતાવી દેવાં અને પૈસાનુંય કામ કરવું નહિ જે, હિંમતસિંહને બિલકુલ ગમતું નહિ તેથી જ, જ્યારે લક્ષ્મણે એક દિવસ કહ્યું -

"જુઓ મોટા ભાઈ, આમને આમ રખડપટ્ટી, રઝળપાટ કર્યા કરશો તો જિંદગી વેડફાઈ જશે અને પછી કાંઈ જ વળશે નહિ. મારે એકલાએ જ કામ કામ ને કામ કર્યા કરવાનું નથી, સમજ્યા ને ?"

ત્યારે કિશોરસિંહનો મિજાજ સાતમા આસમાને પહોંચી ગયો.

કિશોરે આંખોનાં ભવાં ઊંચાં ચડાવીને કહ્યું :

"એટલે તું શું કહેવા માગે છે ? લક્ષ્મણ..."

"મતલબ સાફ છે મોટા ભાઈ, કાં'તો તમે ધંધા-રોજગાર-





ખેતીવાડીમાં દિલ લગાવીને તન-મન-ધનથી મને મદદ કરો યા પછી બાપુજીને પૂછીને અમારાથી અલગ રહેવા જતા રહો..."

લક્ષ્મણે ચોખ્ખી સ્પષ્ટતા કરી ત્યારે તે વખતે મોટા ભાઈ કિશોર અને લક્ષ્મણ વચ્ચે ખૂબખૂબ ચર્ચા (ગરમાગરમ) થઈ અને બંને ભાઈ ઝઘડી પડ્યા.

તે વખતે હિંમતસિંહ અને સગાસંબંધીઓ વચ્ચે પડ્યા. બંને ભાઈઓને સમજાવ્યા અને ઠંડા પાડ્યા ત્યારે...

"બાપુજી, આ લક્ષ્મણનાં લક્ષણો સારાં નથી. જ્યારથી હું યુ.એસ.એ.થી પાછો આવ્યો છું ત્યારથી મારી સાથે કોઈને કોઈ બહાના હેઠળ લડ્યા-ઝઘડ્યા કરે છે અને મારા મિત્રો, સ્નેહીઓ, ઓળખીતા સમક્ષ મારું અપમાન થાય એ મને હરગિજ પસંદ નથી." કિશોરે ગુસ્સાપૂર્વક કહ્યું ત્યારે હિંમતસિંહે ગુસ્સામાં લક્ષ્મણને ધમકાવતાં કહ્યું -

"જો લક્ષ્મણ, તારે આ રીતે જ ઝઘડવું હોય, તો આજ ઘડીએ અહીંથી દૂર ચાલ્યો જા. ભાઈઓમાં વેરઝઘડા મને પસંદ નથી."

"પણ પિતાજી મારો કોઈ જ વાંક-ગુનો નથી, મેં ફક્ત નગ્ન સત્ય જ કહી સંભળાવ્યું છે. આવરણ ચીરી નાખ્યું છે." લક્ષ્મણ ઉવાચ -

"જો ભાઈ, આપણને ઝાઝી લપ્પન-છપ્પન ગમતી નથી. તને અહીંયાં અનુકૂળ હોય તો રહે, નહિ તો હાલતો થા..."

અચાનક પિતાજીનું વલણ એકદમ આવી રીતે બદલાઈ જશે તેનો લક્ષ્મણને સ્વપ્નેય ક્યાંથી ખ્યાલ હોય !

પાણીનાં વહેણ અને મનના ભાવના અલટા-પલટાને કોણ પામી શક્યું છે ? પિતાજીના વિરોધાભાસી વલણથી લક્ષ્મણ દુઃખી દુઃખી થઈ ગયો.

દુઃખ એટલે દુઃખ. દુઃખ એ પણ મનની એક પરિસ્થિતિ છે. દુઃખી મન હંમેશાં નિરાશા, ઉદ્વેગ અને સંસાર તરફના વૈરાગ્યભાવથી ભરપૂર રહ્યા કરતું હોય છે. માનવીએ ક્યારેય દુઃખમાં નિરાશ અને સુખની પરિસ્થિતિમાં ગર્વથી મગરૂર રહેવું ન જોઈએ. વહેતો જતો

વખત (સમય) એક મલમ છે. જેમ ઘા પર મલમ લાગે અને ઘા રુઝાવા લાગે છે તે રીતે દુઃખના ઓસડ દા'ડા... દુઃખી લક્ષ્મણને એટલો બધો આઘાત લાગ્યો, કે તે લાગલગાટ બે દિવસ સુધી પોતાના ઓરડામાંથી બહાર નીકળ્યો નહિ.

"હિંમતભુવન" એક મોટા રાજમહેલ જેવી ઈમારત છે. તેમાં ઘણાબધા ઓરડા છે. બે મજલાની આ ઈમારતનું બાંધકામ પુરાતન સમયનું છે, છતાં મનને ગમી જાય તેવું મનોરમ્ય છે. છેક નીચેના ચાર ઓરડા હિંમતસિંહ અને તેમનાં પત્ની પુષ્પાદેવી વાપરે છે. આજુબાજુના બે-ચાર ઓરડા કોઈ વાપરતું નથી, ખાલી પડ્યા રહે છે. છેક ઉપરના બે ઓરડા લક્ષ્મણ પોતાના ઉપયોગમાં લે છે, જ્યારે બાકીના ઓરડાને અડીને આવેલા બે ઓરડામાં હાલ નવાં આવેલાં પરદેશી મહેમાન લ્યુસી-જોસેફ-ફિલીપ રહે છે અને તેને અડીને આવેલા બે ઓરડામાં કિશોરસિંહ પોતે રહે છે. આ રીતની "હિંમતભુવન"ની રચના છે. સામેની ઓરડીઓમાં ઘરના નોકરચાકર, માળી, ડ્રાઈવર વગેરેને રહેવાની વ્યવસ્થા છે. આ હિંમતભુવન એ અહીંના નાનકડા 'બાદલપુર'ની એક અજાયબી છે. 'હિંમતભુવન'ની બરાબર સામે 'રેસ્ટહાઉસ' કે જે હિંમતભુવનના કમ્પાઉન્ડમાં જ આવેલ છે અને તે પણ હિંમતસિંહની માલિકીનું છે. ત્યાં પરદેશથી આવેલા પરદેશીઓ લ્યુસી, જોસેફ, ફિલીપ વગેરે હાલમાં રહે છે. એ બધા કિશોરસિંહ સાથે 'ભારતદર્શન' કરવા આવ્યા છે. કિશોરસિંહે, પિતાશ્રી હિંમતસિંહ પાસે પરદેશીઓને ભારતમાં હરવાફરવા માટે રૂપિયા એંસી હજાર માગ્યા અને લક્ષ્મણ કિશોરની બધી લીલાઓ જાણતો હોઈ લક્ષ્મણે આ વાતનો વિરોધ કર્યો અને કિશોર-લક્ષ્મણ વચ્ચે ઝઘડો થઈ ગયો. બોલાબોલી થઈ ગઈ.

કિશોરનો પક્ષ લઈ લક્ષ્મણને ઘર છોડી ચાલ્યા જવાનું પિતાશ્રીએ કહ્યું ત્યારે લક્ષ્મણને ખોટું લાગ્યું અને તે ત્યારથી પિતાજી પર નારાજ થઈને બેઠો હતો, પોતાના ઓરડામાં ખાધા-પીધા વગર ભરાઈને બેઠો



હતો. જો કે હિંમતસિંહ એક નેક દિલ ઈન્સાન હતા અને કિશોર હમણાં યુ.એસ.એ.થી પોતાના પરદેશી મિત્રો સાથે ફરવા આવ્યો હતો. પોતાના મોટા દીકરાનાં દુષ્કર્મ ઠાકોર સારી રીતે જાણતા હતા. સમજતા હતા, ઓળખતા હતા. પરંતુ સાપને (ઝેરીલા) હાલ છંછેડવો યોગ્ય ન લાગતાં, જેથી કરીને યોગ્ય ન લાગતું હોવા છતાં તેમણે કિશોરનો પક્ષ લીધો અને તેમણે લક્ષ્મણને ધમકાવ્યો, ખખડાવ્યો, બરાબર રીતે તેનો ઊધડો લઈ નાખ્યો.

પિતાજીનું એક તરફી સરમુખત્યારશાહી જેવું વલણ જોઈ લક્ષ્મણને આઘાત લાગ્યો જ્યારે કિશોર તો ખૂબ ખૂબ ખુશ થઈ ગયો. એને તો ખૂબ ખૂબ ગમ્યું. અધૂરામાં પૂરું પિતાજીએ જ્યારે કહ્યું કે,

"જો કિશોર, તું તારા પરદેશીમિત્રો સાથે સહેલગાહે આવ્યો છે ત્યારે... મન ભરીને એ લોકોને ભારતદર્શન કરાવી લે, હમણાં તને રૂ. પચાસ હજારનો બેરર ચેક લખી આપું છું. પાછળથી જ્યારે જરૂર પડે ત્યારે વિના સંકોચે માગી લેજે હોં." ત્યારે કિશોરને પોતાના પિતા ગોખના ડુંગર સમાન મીઠડા લાગ્યા હતા.

એકબાજુ કિશોર પોતાના પિતાનો ચરણસ્પર્શ લઈ 'ભારતદર્શન'નો પ્રોગ્રામ તૈયાર કરવા પોતાના પરદેશી મિત્રો સાથે 'રેસ્ટ હાઉસ' જતો રહ્યો, જ્યારે બીજી બાજુ લક્ષ્મણે રૂસણાં લીધાં.

ન્યાય તો નિષ્પક્ષ અને સમાન (દરેક માટે) સરખો હોવો જોઈએ. જ્યારે લક્ષ્મણને અન્યાય થઈ રહ્યો હતો તેથી જ તો તે પોતાના ઓરડામાં ખાધા-પીધા વગર ભરાઈ ને રૂસણાં લઈને બેઠો હતો.

પુષ્પાદેવી આનાથી વાકેફ તો હતાં જ. તેમણે પોતે લક્ષ્મણને મનાવવા પ્રયત્નો કર્યા ત્યારે જવાબમાં લક્ષ્મણે કહ્યું :

"જો મમ્મી, ડેડ, ખોટો ખોટો પક્ષ લઈને મોટા ભાઈને બગાડી નાખશે અને મને વિના કારણે ધમકાવી નાખ્યો જેથી હવે મારે અહીંયાં રહેવું જ નથી... સમજી..."

"પણ બેટા એ તારા મોટા ભાઈ છે અને મહિનો દા'ડો

યુ.એસ.એ.થી પરદેશી મિત્રો સાથે હરવા-ફરવા આવ્યા છે. જેથી આપણે ઉદાર બનીને...' મમ્મી ઉવાચ... ત્યારે લક્ષ્મણે કહ્યું...

"મોટા ભાઈની વાત તો ઠીક પણ આ જૉસેફ, ફિલીપ તથા લ્યુસીનાં લક્ષણો સારાં નથી લાગતાં. તેઓ પરદેશી મિત્રો બનીને આપણા દેશની જાસૂસી કરવા આવ્યાં છે અને જોજે હાં તેઓ બધાં પાછાં જશે જ નહિ, પણ અહીંયાં ધામા નાખીને પડ્યા રહેવાનાં છે, સમજી..."

"ભલે ગમે તે હોય, એ લોકો આપણા મહેમાન કહેવાય અને જોજે એ લોકો માટે પરદેશી જાસૂસ છે એવી વાત કરતો નહિ, નહિ તો પોલીસ લફરામાં આપણે બધાં નાહકનાં ભરાઈ પડશું..."

"એટલા માટે તમને બધાંને હું ચેતવણી આપી રહ્યો છું. મારું માની જાવ નહિ તો નાહકના તમો બધાં દુઃખી થાશો..." લક્ષ્મણ !

"ભલે, એ બધી વાત પછી પણ તારા ડેડી પૂછતા હતા, કે હમણાં ફાર્મ (ખેતરો) તરફ કેમ જતો નથી અને બે દિવસથી કેમ ઘરમાં ભરાઈને રહ્યો છે ?' મમ્મીએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું : "ડેડીને કહી દેજે, કે મારી તબિયત સારી નથી."

એટલામાં વફાદાર નોકર મંગલ કેસર દૂધ લઈને આવ્યો ત્યારે "લે બેટા, દૂધ પી લે પછી તારા ડેડીને મળી આવ." માએ કહ્યું.

"મારે દૂધ-બૂધ કાંઈ પીવું નથી અને કોઈને પણ મળવું નથી. તમે લોકો જાવ અહીંથી..." લક્ષ્મણ ઉત્તેજિત થઈ ગયો.

પોતાના છોટા માલિક લક્ષ્મણને આજે પહેલી જ વખત આટલા બધા તપેલા, ગુસ્સે થયેલા જોઈને ખુદ મંગલને પણ ખૂબ આશ્ચર્ય થયું. પુષ્પાદેવીએ હાથનો ઈશારો કરી મંગલને પાછા વળી જવા કહ્યું. અને પોતે પણ ઓરડાનો દરવાજો બહારથી બંધ કરી જતાં રહ્યાં.

લક્ષ્મણ મનમાં ને મનમાં મૂંઝાતો હતો, અકળાતો હતો.

મોટો ભાઈ કિશોર જીપ લઈને પોતાના પરદેશી મિત્રો સાથે 'બાદલપુર' શહેરમાં હરવા-ફરવા નીકળી પડ્યો હતો.



જ્યારે પોતાને સરાસર બેઈન્સાફી થઈ રહી છે તેવું લક્ષ્મણને મનમાં લાગ્યા કર્યું અને તે ખૂબ ખૂબ દુઃખી થઈ ગયો.

પોતાના ઓરડામાં તે કલાક - બે કલાક - ત્રણ કલાક સુધી સુસ્ત અવસ્થામાં પડી રહ્યો. તેના મનની લાગણીઓ ખૂબ ખૂબ ઘવાઈ ચૂકી હતી. તે નીરસ, નિરાશ અને ઉમંગરહિત બની ગયો હતો.

સંધ્યાસમય થયો. આકાશમાં લાલ-રક્ત મિશ્રિત કાળા રંગના સાથિયા પુરાવા લાગ્યા. પક્ષીઓ પોતાના ઘરે, માળા તરફ કલરવ કરીને પાછાં ફરી રહ્યાં. કિસાનો ઢોરઢાંખર સાથે ખેતરમાંથી ઘર તરફ પાછા આવી રહ્યા ત્યારે લક્ષ્મણ પોતાના ઓરડામાં કોઈ રિસાયેલી રાણીની માફક રૂસણાં લઈને બેઠો હતો. ત્યારે 'ઠક... ઠક... ઠક...' કોઈએ બારણે ટકોરા દીધા. 'કોણ છે અટાણે ?' અંદરથી લક્ષ્મણ ઉવાચ. 'બેટા બારણું ખોલ. તારા ડેડી બોલાવે છે', બહારથી મમ્મી (પુષ્પાદેવીએ) એ કહ્યું. ત્યારે...

'મમ્મી હું આજે બહાર નીકળવાનો નથી અને અત્યારે ભૂખ નથી એટલે જમવાનો પણ નથી.' લક્ષ્મણે માંહ્યે રહ્યા રહ્યા, ઓરડાનું બારણું ખોલ્યા વગર જ જવાબ દીધો.

'બેટા, લક્ષ્મણ જો તું બારણું નહિ ખોલે અને મારી સાથે ડાઈનિંગ રૂમમાં સાંજનું ખાણું (વાળુ) નહિ લે તો હું મારી જાતને ભડાકે દઈ દઈશ, સમજી ગયોને...' ગુસ્સાના આવેગ તથા શોકથી ભરપૂર ગદ્‌ગદિત ઠાકોર હિંમતસિંહનો કરડાઈભર્યો અવાજ સંભળાયો. 'હું તારી ડાઈનિંગ રૂમમાં દશ મિનિટ રાહ જોઉં છું. તારે નક્કી કરવું હોય તે નક્કી કરી લે. સારા-ખોટા પરિણામની બધી જવાબદારી તારી રહેશે. તું સમજી ગયોને બેટા...' કહી ઠાકોર હિંમતસિંહ જેવા આવ્યા હતા તેવા પુષ્પાદેવી સાથે પાછા ચાલ્યા અને રાજમહેલમાં તેમના આવવાથી થતો અવાજ-પગ મોજડીનો અવાજ ખટ-ખટ-ખટ સંભળાતો રહ્યો જાણે લક્ષ્મણને અગમચેતી આપી ન રહ્યો હોય !

આખરે બાપની જિદ આગળ દીકરાને ઝૂક્વું પડ્યું. બાપ-દીકરા

વચ્ચે સમાધાન થઈ ગયું. બન્નેએ એકી સાથે સાંજનું ભોજન લીધું. સાથે ડાઈનિંગ ટેબલ પર તે વખતે ઠાકોર હિંમતસિંહે ‘કનકપુર’થી આવેલા જગતસિંહ (જગતદાદા)ના પત્રની વ્યથાની કથા કહી સંભળાવી અને ત્યારબાદ અહીં પણ વસ્તુ પરિસ્થિતિ વિષે આગળ સમજણપૂર્વક કેવી જાતનાં પગલાં લેવાં કે જેથી ‘‘સાપ મરે નહિ અને લાઠી ભાંગે પણ નહિ’’ એવો ઘાટ થાય. છેવટે બન્ને જણાએ એક યોજના નક્કી કરી લીધી તથા તેનો અમલ આવતી કાલથી જ કરવો તેવું નક્કી કર્યું.

બીજે દિવસે સવારે બેગ-બિસ્તરા-પોટલાં સાથે લક્ષ્મણ પોતાની મમ્મી (મા) પુષ્પાદેવીને પણ કહ્યા વિના ઠાકોર હિંમતસિંહના આશીર્વાદ લઈ ચાલી નીકળ્યો ત્યારે, ‘‘હિંમત નિવાસ’’માં રહેતા બધાય જીવોના દિલે થપકાટ અનુભવ્યો અને બધાંયનાં દિલ ભાંગી પડ્યાં. કોને શું કહેવું ? ઠાકોર એટલે ઠાકોર હિંમતસિંહ. એ રીઝે તો ગામ દઈ દે અને ખીજે તો માથું વાઢી લે. વાઘને કોણ કહેવા જાય કે તારું મોઢું ગંધાય છે ? જ્યારે લક્ષ્મણ કોઈનું માને તેમ હતો જ નહિ. એ હકીકત તો બધા પહેલેથી જ જાણતા હતા. તેથી જ બધા મૂંગા મોઢે, શૂન્યમનસ્ક ચહેરે વહી જતા લક્ષ્મણને જોઈ રહ્યા.

એકલા ઠાકોર હિંમતસિંહ જ ખરી હકીકત જાણતા હતા તેથી જ તો તે કઠોર-વજ્રદિલ ઈન્સાન બની શક્યા હતા. જ્યારે પુષ્પાદેવી તો પોતાના ઓરડામાં પેસી ધ્રુસકે ને ધ્રુસકે રડી રહ્યા. ઘર છોડી કોઈ અજાણ્યા ઠેકાણે ભટકવા-રખડવા જતા પોતાના પુત્રને જતો જોઈ કઈ માનું દિલ ન દુભાય ! કોઈ એવી મા નહિ હોય કે જેનું હૈયું શોકથી ભરપૂર-ગળાડૂબ ના બની ગયું હોય !

બાપે દીકરાને ઘરમાંથી તગેડી મૂકી, ઘેર ઘેર રખડતો-ભટકતો કરી દીધો. આમ લક્ષ્મણનો વનવાસ શરૂ થયો, લક્ષ્મણે ‘કનકપુર’ તરફ પ્રયાણ શરૂ કર્યું.

*

# 4

# એક હવેલી ભેદભરેલી

લખ્યા લેખ લલાટે ભૂસ્યા ભૂંસાય નહિ... !

લક્ષ્મણના લલાટમાં કયા અને કેટલા, કેવા ચિત્ર-વિચિત્ર લેખ લખાયા હશે ? તેની લક્ષ્મણને પણ ખુદને ખબર પડતી ન હતી અને આ ‘કનકપુર’માં આવ્યા પછી પહેલા દિવસે પવનપુત્ર (ઘોડા)ની સાથે તે ‘ભૂતિયા પહાડ’ની ખીણમાં ફરવા ગયો ત્યારે ‘‘જારેખા તથા જાહુડા’’ કિલ્લાના સાંનિધ્યમાં લોહીથી તરબોળ, તરફડતી લાશ જોઈ ત્યારથી જ લક્ષ્મણના દિલમાં આનાથી કાંઈક વધુ અમંગળ બનવાની એંધાણી વરતાઈ રહી હતી.

મોડી રાત સુધી લક્ષ્મણને ઊંઘ ના આવી. નિંદરડી ક્યાંથી ક્યાં ભાગી ગઈ ? ક્યારે મોકો મેળવીને છટકી ગઈ તે તો નિંદરડી જ જાણે. લોહીથી તરબોળ લાશ, ગોળીઓના... ધાંય... ધાંય... અવાજ સાથે લોહીથી તરબોળ લાશ... પુરુષનો તરફડિયાં મારતો દેહ અને તેના મુખમાંથી... ‘...દ...ગા...બા...જ... ભૈ...ર...વ... તને ભ...ગ...વા...ન... ન...હીં... છો...ડે...’ મહાપરાણે નીકળતા શબ્દોની યાદ મોડી રાત સુધી સતાવતી રહી, ઓરડામાં નાઈટ-લૅમ્પ દૂધિયો પ્રકાશ વેરીને મરક મરક હસી રહ્યો હતો. જાણે લક્ષ્મણના નસીબ પર હસી ના ઉડાવી રહ્યો હોય. રાત વીતતી જતી હતી. મોડી

રાત સુધી અડધાં-પડખાં બદલવા છતાં, મલમલી રૂનાં ગાદલાં અને તકિયાની સુંદર પથારી હોવા છતાં લક્ષ્મણને ઊંઘ આવતી ન હતી. વાતાવરણમાં બીક લાગે તેવી ગંભીરતા હતી. કાળી રાત્રિએ કાળી કાળપછોડી ઓઢી હતી અને સમ સમ સમ રાત્રિ પસાર થતી હતી. કોઈ બીજો પ્રહર બદલાયો હશે, જેથી બાજુના જંગલમાંથી પેલા "વૈતાળિયા જંગલ"માંથી શિયાળવાના ઉ...કા... ઉ...કા... ઉ...કા... જેવા ચિત્ર-વિચિત્ર અવાજોથી વાતાવરણ વધારે ભેંકાર બનતું જતું હતું, એ સિગ્નલથી ચોર-ઉડાવગીર-લૂંટારા અને રાતના ગુંડાગીરીના આલમો-બેતાજ બાદશાહોની ચેતવણી મળી રહી હતી કે પછી ? ભગવાન જાણે...

લાલ હવેલી આજે વધુ પડતી શાંત જણાતી હતી.

શાંત પાણી ઊંડાં હોય તેમ મૃત્યુવત્ શાંતિ લક્ષ્મણને ખૂબ જ સતાવતી હતી... 'કિચૂડ... કડ..." લાલ હવેલીની પાછળથી લોખંડી મહાકાય તોતિંગ દરવાજાની એક એવી નાનકડી ડોકાબારી ખૂલવાનો અવાજ આવ્યો અને એ અવાજ સાથે સફાળો લક્ષ્મણ પોતાની પથારીમાંથી કોઈ ચિત્તાની ઝડપથી ઊભો થઈ ગયો અને ખુલ્લી રાખેલી બારીના પડદાને ખસેડીને જોયું તો બે પડછંદ, કદાવર પુરુષદેહો કે જેઓએ માથે બુકાની બાંધી હતી. મોટા મોટા પહેરણ જેવા ડગલા અને પગનું તળિયું ઢંકાય તેવા લેંઘા પહેરી લીધા હતા અને ઉપર સફેદ પછેડી ઓઢી લીધી હતી. બન્નેના હાથમાં કોદાળા-પાવડા-ત્રિકમ જેવાં ખોદવાનાં અને માટી પૂરવા માટે કામ લાગે તેવાં ઓજારો હતાં...

લક્ષ્મણની ચબરાક આંખોએ એ વાતની નોંધ કરી લીધી કે બન્ને પુરુષ આકૃતિઓમાંથી એક પુરુષદેહને મોટી મોટી સફેદ મૂછો હતી. જ્યારે બીજા પુરુષ ચહેરાના ડાબા ગાલ પર કાંઈક વાગેલા ઘાનું લાંબુંલસ નિશાન હતું. આ બધું શું છે ? શાની વિચિત્રતા છે ? કાંઈ જ સમજાય તેવું ન હતું. બન્ને પુરુષ આકૃતિઓ સિફતથી અનુક્રમે વનમાળી અને વખતચંદના રૂમમાં વારાફરતી ઘૂસી ગઈ અને લક્ષ્મણે



વનમાળી અને વખતચંદના ઓરડામાં રાતના અંધારામાં કાંઈક ગડમથલ થઈ રહી હોય અને કોઈ ગૂપચૂપ ચર્ચા કરી રહ્યું હોય તેવો વિચિત્ર અનુભવ કર્યો. વનમાળી અને વખતચંદના ઓરડાનાં બારણાં (દ્વારો) અટાણે ખુલ્લાં શાથી ? કે પછી તેઓ બન્ને કોઈના આવવાની રાહ જોતા હશે કે પછી બન્ને જણા, કોઈક ખરાબ ઈરાદો રાખી દુષ્કૃત્ય કરવા લાલ હવેલીમાંથી પાછલા દરવાજે બહાર ગયા હશે ! એ બધી વાતો ઉપરવાળો જાણે... !

'કનકપુર'ના દૂરના ટાવરે એક ડંકો વગાડ્યો. કદાચ રાતનો દોઢ-અઢી વાગ્યો હશે.

વળી પાછું લાલ હવેલીના આગળના ભાગમાં કોઈ માણસ કે જાનવર આઘુંપાછું થઈ રહ્યું હોય તેવો અણસાર આવ્યો. લક્ષ્મણને વળી ઊંઘ જ ક્યાંથી આવે ? કોઈનાં ભારે પગલાં કોઈ નિશ્ચિત દિશા તરફ જઈ રહ્યાં હતાં. અવાજ ના થાય તે રીતે સિફતથી દાબી દાબીને પગલાં મુકાતાં જતાં હતાં અને તે રીતની જ સાવચેતી રાખીને જ આ પગલાં ઉપાડવામાં આવતાં હતાં. લક્ષ્મણ ફરીથી પથારીમાંથી બેઠો થયો અને ત્વરિત ગતિએ બહાર (ઓરડો ખોલી) આવ્યો. છેક પાછળના ભાગમાં લોખંડી દરવાજો હતો ત્યાંથી અંદરની તરફ આવતાં વચ્ચોવચ્ચ જ્યાં વનમાળી અને વખતચંદના બે ઓરડાની ક્ષેત્રમર્યાદા પૂરી થતી હતી ત્યાં જ અડીને જ ચોકમાં ગોળ-ગોળ ફરતી રાઉન્ડ ગોળાકાર - લોખંડની સીડી (લોખંડી દાદરો) આવેલ હતી. લગભગ ૧૨૫ - એકસો પચ્ચીસથી દોઢસો પગથિયાં પૂરાં કરીને છેક 'લાલ હવેલી'ના બે મજલા ઉપર આવેલી વિશાળ અગાસીમાં જવાતું હતું. અગાસીની પાળીઓ વચ્ચે જૂના ઈતિહાસની શિલ્પકળાનાં દર્શન કરાવતી કેટલીક જાળીઓ હતી અને અગાસીની બારીઓ વચ્ચે છથી આઠ ઈંચની જગા પણ હતી. અગાસીની ચારે તરફ આવેલ પાળીઓ પછી પણ એકએક ફૂટથી દોઢ ફૂટની ફૂટપાથ જેવી જગા હતી. જે ફૂટપાથ જેવી રચના 'લાલ હવેલી'ની ચારે તરફ વીંટળાયેલ હતી.

એકીશ્વાસે ગોળાકાર લોખંડી દાદરાનાં પગથિયાં ઝડપથી વટાવી દીધા પછી ઉપર આવીને લક્ષ્મણે ખાતરી કરી લીધી કે કોઈ અગાસીમાં ભરાઈને બેઠું તો નથી ને ! કોઈ જ ન હોવાની ખાતરી થતાં લક્ષ્મણ આગળ વધ્યો અને લાલ હવેલીની પાછળની બાજુ ડાબી-જમણી બાજુએ તેણે તીરનજર નાંખીને કોઈ અજાણ્યો કે જાણભેદુ શું પ્રવૃત્તિ કરી રહ્યો છે કે કેમ ? તેની ખાતરી કરી લીધી. હકીકતમાં કોઈ જ ન હતું એટલે લક્ષ્મણ પોતાનો શ્વાસ દબાયેલો રાખીને 'લાલ હવેલી'ની આગળની બાજુ (FRONT SIDE) તરફ આવ્યો.

ભારે પગલાંનો અવાજ આ બાજુએથી ચોખ્ખો અને ચોક્કસ સંભળાતો હતો. લક્ષ્મણ અગાસીની પાળી ઠેકીને ફૂટપાથ પર ગયો ત્યાં બેસી જઈને તેણે નીચા નમીને-અધુકડા પડીને નીચે જોયું તો-

આશ્ચર્ય વચ્ચે જગતદાદા (જગતસિંહ) પેલા ડાબી અને જમણી પડખાની બે અવાવરું ઓરડી પૈકી એક ઓરડીના મજબૂત દ્વારને બંધ કરી રહ્યા હતા. તેમના હાથમાં તીક્ષ્ણ હથિયાર ગુપ્તી ચમકતી હતી. આ બધું ના સમજાતાં વિચિત્ર લાલ હવેલી અને ભેદભરમ ના સમજાતાં લક્ષ્મણ ત્વરાથી દાદરો ઊતરી પોતાની રૂમમાં પાછો ગયો. સવારે જગતદાદાને બધી જ વાત કરીશ વિચાર કરીને તે નિંદરે ઢળ્યો.

❊

# 5

## આ વળી કોણ ?

જેના આવવાની કોઈ તિથિ નક્કી નથી હોતી તે અતિથિ. આધુનિક જમાનામાં 'કમ્પ્યૂટરાઈઝેશન'થી તમામ ક્રિયા વિધિઓની સમય-સૂચિ (ટાઈમ ટેબલ) પહેલેથી નક્કી કરી લેવાનું માનવી શીખી ગયો છે અને તેનો ચુસ્તપણે અમલ થાય તેવું ઇચ્છે છે પણ ખરો... ! પણ તે વખતે પુરાતનયુગમાં રહેનાર આદમ અને ઈવ અને હાલના મોડર્ન-મેન-વીમેન બધાં પોતે દુનિયાના સનાતન સત્યને ભૂલી ગયાં છે કે - જ્યારે આપણો ક્યારે દુનિયા પર આવવાનો એટલે કે બર્થ ટાઈમ (જનમ સમય) અને દુનિયા પરથી જવાનો સમય (મરણ સમય) ડેથ ટાઈમ જ નક્કી હોતો નથી, પછી આ બધી ખોટી-ખરી ભાંજગડ શાની ?

ક્યારેક - "તમે એપોઇન્ટમેન્ટ લઈને આવ્યા છો ?" 'સોરી ! હમણાં જ બહાર ગયા. અગાઉથી એપોઇન્ટમેન્ટ લઈને આવ્યા હોત તો કદાચ ફેરો ના પડત.'

"સોરી, એપોઇન્ટમેન્ટ તો લીધી હતી પરંતુ ગાડી લેઈટ પડી એટલે અડધો કલાક મોડું થયું...'

"પણ એમને પણ અડધા કલાક પછી એક ભાઈને ખાસ કામે મળવાનું હતું. જેથી તમારા માટે રોકાયા નહિ અને ફરીથી આવતા

રવિવારે તેમને ટાઈમ છે. બરાબર દશ વાગે - તે વખતે મળવાનું કહીને ગયા છે.' વગેરે ઔપચારિક સંવાદો આધુનિક જમાનામાં જ્યારે હરઘડી, વારંવાર, જાણ્યે-અજાણ્યે સાંભળવા મળે છે ત્યારે આ ક્ષણભંગુર દુનિયાની મૂર્ખતા પર તથા ક્ષણભંગુર દેહધારી માનવીના ખોટેખોટા ગુમાન બદલ ખડખડાટ હસવું આવે છે.

અલ્યા ભાઈ ! કાળ તો અનંત છે. કાળો કાળ ક્યારે મારો, તમારો, આ દુનિયાના તમામ જીવો સહિત સમગ્ર દુનિયાનો કોળિયો કરી જશે ? તે પળ, ઘડી-મિનિટ-ક્ષણોની જ્યારે કોઈ ચોક્સાઈ નથી તો પછી આ બધી જંજાળ શાને ? તમારા Arrival time (i.e. birth time) અને Departure time (i.e. death time) જન્મ-મરણ સમય વિશે કોઈ જ નિશ્ચિતતા નથી તો પછી સમયપત્રકની સાચવણી શા કામની ?

એક ફેરો પડે, બીજો ફેરો પડે, અનેક વખત આંટાફેરા કરવા પડે તેથી શું ? કારણ કે આત્માએ જન્મ-મરણના આંટાફેરા કરવાના છે એ કેટલા છે ? તે કોણ જાણે ! અને આ ફેરા ક્યારે ખતમ થશે એ કોણ જાણે ! ઉપરવાળો જાણે...!!

લગભગ આખી રાતનો ઉજાગરો થયેલો અને પરાણે-પરાણે-મહાપરાણે લગભગ ચાર-સાડા ચાર પછી લક્ષ્મણને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ તેથી ક્યારે દિવસના સાડાનવ-પોણાદશ વાગી ગયા અને ક્યારે કયે સમયે પથારીમાં પડેલા પેલા લક્ષ્મણના પેટ-પીઠ પર તડકો બારી મારફતે સોનેરી સૂર્યકિરણ છવાઈ ગયા તેની ખબર પડી નહિ.

એ કલાકોના કલાક સુધી પાડાની જેમ ઘોર્યા જ કરત પણ જગતદાદાના મહારાજ ભોળારામે, જ્યારે લક્ષ્મણને ઢંઢોળીને જગાડ્યો અને કહ્યું, "એ સાહેબ, કોઈ બહેન આપને મળવા માટે આવ્યાં છે."

"શું...ઉ...ઉ... કોણ ? કોઈ બહેન મળવા માટે આવ્યાં છે ?"

"હા, સાહેબ અંદર મોકલું ?" ભોળારામ ઉવાચ.

"ના, ભાઈ ના, તમે જોતા નથી હું હમણાં જ ઊંઘમાંથી ઊઠી રહ્યો છું અને તમે પેલાં બહેનને અંદર ધકેલી રહ્યા છો. કંઈ ભાન-બાન પડે છે કે નહિ ? જાવ બહાર જગતદાદાની ઑફિસમાં બેસાડો અને બેનજીને કહો કે સાહેબ પાંચ-દશ મિનિટમાં આવે છે... સમજી ગયા." લક્ષ્મણે જરાક ખીજથી કહ્યું.

"પણ સાહેબ જગતદાદા તો ક્યારનાય 'ભૂતિયા પહાડ' તરફ જતા ભૈરવની સાથે જીપ લઈને ઊપડી ગયા છે." ફરીથી ભોળારામે કહ્યું ત્યારે -

લક્ષ્મણને આ લપ્પી ભોળારામ મહારાજ તરફ કંટાળો આવ્યો અને તે મનમાં બબડ્યો પણ ખરો, "જહન્નમમાં જાય તારા જગતદાદા અને સાથે સાથે તું પણ... અને સવારના પોરમાં જ આ વળી નવી લપ ક્યાંથી વળગી ? કોણ હશે એ આવનારી ? હશે કે કોઈ ચુડેલ."

ભોળારામ બબુચક બની મનમાં બબડતા લક્ષ્મણને જોઈ રહ્યા ત્યારે લક્ષ્મણે ઘાંટો પાડી કહ્યું :

"અલ્યા મૂરખ, બબુચકની જેમ એટલીય ખબર પડતી નથી કે જગતદાદા બહાર ગયા છે પણ ઑફિસ તો સાથે લઈને બહાર નથી ગયાને...? મૂરખ ખાલી ઑફિસમાં બેનજીને બેસાડો..."

ધગધગતા જ્વાળામુખી જેવા 'સાહેબ'નો (લક્ષ્મણનો) ક્રોધ જોઈ પેલા ભોળારામ મહારાજે 'ભલે સાહેબ' કહી તરત જ ત્યાંથી હાલતી પકડી.

આજે થયેલ ધડાકાબંધ સવાર અને ગરમાગરમ ગુસ્સાવાળો લક્ષ્મણ 'ઠંડો' પડવા ફ્રેશ થવા, તરોતાજા બનવા માટે સંડાસ-કમ-બાથરૂમમાં ઘૂસી ગયો.

પ્રાતઃવિધિ પૂર્ણ કર્યા બાદ લક્ષ્મણે બાપુ જગતદાદાના દીવાનખંડમાં જેવો પ્રવેશ કર્યો કે તરત જ તેની આંખો એક વ્યક્તિને જોઈને આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

"અરે ! સુનીતા તું અહીંયાં ક્યાંથી ?" લક્ષ્મણ ઉવાચ.

"અને તમે પણ અહીંયાં ક્યાંથી ?" સામે છેડેથી પ્રશ્ન પુછાયો.

જ્યારે કોઈ જાણ્યું-ઓળખીતું-પારખીતું-આત્મીય સ્વજન એકાએક આપણને મળી જાય છે ત્યારે આપણા મનની કેવી ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિ હોય છે તે તો અનુભવ થયો હોય તે જ જાણે...!!

સુનીતા જયસ્વાલ અને લક્ષ્મણની પણ આવી જ કાંઈક મુલાકાત હતી.

બન્ને જણાં કૉલેજકાળમાં બધા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વચ્ચે જે તે વખતે હીરો-હીરોઇન જેવાં હતાં. રમતગમત, ચર્ચાસભા, નિબંધસ્પર્ધા, વક્તૃત્વસ્પર્ધા, બધામાં ચેમ્પિયન. છેવટે એન.સી.સી. અને માઉન્ટ ક્લાઇમ્બિંગ કૉર્સમાં પણ બન્ને જણાએ જોડે જ ટ્રેઇનિંગ (તાલીમ) લીધી હતી.

અગત્યની વાત તો એ હતી કે સી.બી.આઈ.ના એજન્ટ તરીકેની બંને જણા સરખી અને પર્યાપ્ત લાયકાત ધરાવતા સર્વશ્રેષ્ઠ ઉમેદવાર હોઈ બંને જણાને કેન્દ્ર સરકારના ગુપ્તચર ખાતા (સી.બી.આઈ.) તરફથી આમંત્રણ મળેલા અને તેને લગતો અભ્યાસક્રમ બંનેએ સાથે જ પૂરો કર્યો હતો.

હા, કેન્દ્ર સરકારના ગુપ્તચર ખાતા તરફથી પહેલી એપોઇન્ટમેન્ટ સુનીતા જયસ્વાલને મળી ગઈ હતી ત્યારે, આજે કેન્દ્ર સરકારના ગુપ્તચર ખાતા વતીથી માહિતી ગુપ્ત રીતે રાખવાનો ઇરાદો રાખીને સુનીતા જયસ્વાલ લક્ષ્મણનો એપોઇન્ટમેન્ટ લેટર સાથે જ લઈને આવી હતી.

ભોળારામ મહારાજ અંદર તરફ ગયા એટલે, અને આજુબાજુ કોઈ જ નથી તેની સંપૂર્ણ ખાતરી કર્યા બાદ જ 'કૉન્ગ્રેચ્યુલેશન મી. લક્ષ્મણ ઠાકોર, સી.બી.આઈ. હેઝ એપોઇન્ટેડ યુ એઝ ધેર એજન્ટ. આઈ એમ ઓલ્સો વન ઑફ ધ એજન્ટ. ધીઝ આર ઓલ ધી ડોક્યુમેન્ટ્સ ઍન્ડ યોર એપોઇન્ટમેન્ટ લેટર.'' કહી પહેલાં શેક હેન્ડ કરી વધાઈસંદેશ આપ્યા પછી સુનીતાએ લક્ષ્મણને કેન્દ્ર સરકારના માર્કાવાળું એક ખાખી કવર લક્ષ્મણના હાથમાં પધરાવ્યું.



"થેંક યુ વેરી મચ સુની, થેંક યુ વેરી મચ. આઇ એમ ટુ મચ હેપ્પી અને આઈ વીલ સર્વ ફોર માય મધરલૅન્ડ એટ ધી કોસ્ટ ઑફ માય લાઇફ.'' લક્ષ્મણ આજે ખૂબ ખૂબ ખુશ હતો.

થોડી વારમાં ભોળારામ કૉફી-નાસ્તો વગેરે લઈને આવ્યા. બંનેએ ન્યાય આપ્યો. ભોળારામ ગયો એટલે સુનીતા જયસ્વાલે જ્યારે કહ્યું કે,

"મિ. લક્ષ્મણ, આઇ એમ યોર ઇમીઝીયેટ સુપીરિયલ બૉસ અને વી આર ફોર ધીસ 'વૈતાળિયા જંગલ' ઑપરેશન.'' કહી જ્યારે સુનીતા જયસ્વાલે બધી જ હકીકત લક્ષ્મણને કહી સંભળાવી ત્યારે લક્ષ્મણની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. તમામ કાર્યવાહી કેવી રીતે કરવાની છે ? કોણ કોણ દેશની સાથે કેટલા પ્રમાણમાં દેશવિરોધી પ્રવૃત્તિ કરી, ગદ્દારી કરી રહ્યું છે ? લક્ષ્મણની જવાબદારી કેટલી ? તેણે શું શું કરવાનું છે ? કેટલી કેટલી અગમચેતી રાખવી જોઈએ ? વગેરે બાબતોથી લક્ષ્મણને સુનીતાએ બરાબર વાકેફ કરી દીધો અને પોતાનો કોડનંબર તથા ઑફિસ, ઘરનું એડ્રેસ તથા લક્ષ્મણનો કોડનંબર તથા વાયરલેસ સેટ સહિત ઓટોમેટિક રિવોલ્વર, કેટલાંક આધુનિક ઢબવાળાં યંત્રો અને ટેપરેકોર્ડર, બેટરી સહિતની એક ડબલ બેગ (સૂટકેસ) લક્ષ્મણને હવાલે સુનીતાએ કરી. આ બધી ચર્ચામાં ને ચર્ચામાં બેથી ત્રણ કલાક ક્યારે વીતી ગયા તેની કોઈને ખબર ના પડી.

બપોરના ટાણે જગતદાદા તેમના કાફલા સાથે 'વૈતાળિયા જંગલ'માંથી 'લાલ હવેલી' ખાતે પરત આવ્યા ત્યારે પોતાના એક અંગત મિત્ર તરીકે 'સુનીતા'ની ઓળખાણ આપી. કોઈનેય ખબર ના પડે તે પ્રમાણે પરિચય કરાવી સુનીતાએ જ્યારે લક્ષ્મણની વિદાય લીધી ત્યારે બસમથકે ગુડ બાય કહેવા આવેલા લક્ષ્મણને 'બી કેરફુલ, લક્ષ્મણ.' કહી સુનીતાએ કેટલીક સૂચનાઓ આપી અને કેટલાક મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરી લીધી.

કનકપુરથી ભરતપુર જવા બસ જ્યારે (લક્ઝરી બસ) સ્ટાર્ટ

થઈ કે તરત જ સુનીતાએ "ઓ.કે. લક્ષ્મણ, સી યુ અગેઇન ઍન્ડ કેરીઓન યોર ઑપરેશન." કહી લક્ષ્મણ સાથે શેકહેન્ડ કરી સફળતા ઈચ્છી ત્યારે લક્ષ્મણ અને સુનીતાને આ વાતની ખબર પણ ક્યાંથી હોય કે તેઓ બન્ને શી શી કાર્યવાહી કરી રહ્યા છે, તેની રજેરજની નોંધ લેવા પડછાયો બનીને કેટલીક વ્યક્તિઓ તેમની આસપાસ ઘૂમી રહી છે એ હકીકત તો માત્ર ઉપરવાળો જ જાણે.

લક્ઝરી બસની વિદાય પછી પશ્ચિમ દિશાએ છવાયેલી ગુલાબડી, રતુંમડી સંધ્યાના નશાયુક્ત વાતાવરણમાં નશો ભરી દઈને લક્ષ્મણે પોતાની જીપ 'ભૂતિયા ડુંગર' તરફ મારી મૂકી અને તેનાથી લગભગ ૨૦૦થી ૩૦૦ મીટરનું અંતર રાખીને એક કાળી એમ્બેસેડર દોડતી હતી, તેની લક્ષ્મણને ખબર હતી કે નહિ ? તે તો રામ જાણે.

❊

# 6

## આ બધું શાથી ?

પાંપણના પલકારામાં ઘણી બધી ઘટનાઓ આકાર લઈ લેતી હોય છે. ભવિષ્યના પેટાળમાં શું લખ્યું છે તેને કોઈ જાણી શક્યું નથી, પારખી શક્યું નથી.

બેપરવા લક્ષ્મણ પોતાની જીપ સાથે 'વેતાળિયા જંગલ' બાજુ જઈ રહ્યો હતો. સડસડાટ કરતી જીપ જંગલ તરફ પૂરઝડપે આગળ વધી રહી હતી. 'ભૂતિયા ડુંગર'ની એક મોટી ટેકરી સાથે નાની-નાની ચાર-પાંચ ટેકરીઓ અવની પર ઊતરી આવતાં અંધારાના પડખામાં કોઈ કાળી-કાળી હાથણીની ચોપાસ નાનાં-નાનાં બચ્ચાં (મદનિયાં) જાણે રમત રમી ન રહ્યાં હોય તેમ લાગતું હતું.

અંધકારના આગમન સાથે રસ્તા પર જીવજંતુઓ તથા તમરાઓનું સૂરસંગીત શરૂ થઈ ગયું હતું અને અંધકારને પોતાની હેડલાઇટથી ચીરી નાખતી 'લક્ષ્મણ'ની જીપ હવે સડક પરથી કૂદકો મારીને જંગલમાં પ્રવેશતી હતી. જંગલનો રસ્તો કાચો હતો, ઊબડ-ખાબડ હતો. આગળ જીપ ચાલતી હતી ત્યારે પાછળ ધૂળ ઊડતી હતી. રાત્રે તે વાતાવરણમાં વીખરાઈ જતી હતી.

લક્ષ્મણ પોતે 'વૈતાળિયા જંગલ'થી સાવ અજાણ્યો હતો એટલે હવે સાવધાનીપૂર્વક જોઈ-વિચારીને તેને આગળ વધવાનું હતું અને

હવે તો લક્ષ્મણે પૂરેપૂરી ચોક્સાઈ રાખવાની હતી.

જીપને ડાબી બાજુએ ટર્ન આપી થોડુંક અંતર કાપ્યા બાદ લક્ષ્મણે 'વૈતાળિયા જંગલ'માં રેસ્ટહાઉસ જેવા લાગતા એક જીર્ણ-શીર્ણ, જૂના-પુરાણા, રાજાના નાનકડા રાજમહેલ જેવા બંગલાના કમ્પાઉન્ડમાં પોતાની જીપ ઘુસાડી દીધી અને મુખ્ય દ્વાર પાસે જીપ ઊભી કરી, બરાબર સુરક્ષિત સ્થાને. થોડી વાર પછી જીપને રિવર્સ કરી. ગોઠવાઈ હોવાની ખાતરી થતાં લક્ષ્મણ પોતે જીપમાંથી એક નાનકડી લાલ એટેચી સાથે ઊતર્યો અને નાનકડા રાજમહેલ તરફ જવા લાગ્યો.

લક્ષ્મણ હવે કાંઈક વધુ સતર્ક બન્યો હતો. તેણે જોયું કે રેસ્ટહાઉસમાં ઝાઝી-વધારે ચહલપહલ હતી જ નહિ. રેસ્ટહાઉસના અડધા ડઝનથી ઉપરાંત રૂમમાંથી, એકાદ ઓરડામાંથી, પેટ્રોમેક્ષનું આછુંપાતળું અજવાળું આવી રહ્યું હતું. પોતાને કોઈ ને કોઈ મળી જશે એ અપેક્ષાએ લક્ષ્મણ જે રૂમમાંથી પેટ્રોમેક્ષનું આછુંપાતળું અજવાળું આવી રહ્યું હતું તે રૂમ તરફ આગળ વધ્યો અને થોડી વારે તે પેલી રૂમના દરવાજે ઊભો હતો.

"કોણ છે ભાઈ ?" એક ૭૦થી ૮૦ વર્ષના બુઢ્ઢા જેવા દેખાવે સશક્ત અને મજબૂત લાગતાં ડોસાએ પૂછ્યું ત્યારે -

"એક પરદેશી છું ભાઈ. જંગલોમાં ઊગતી વનસ્પતિના સંશોધન માટે નીકળ્યો છું. રાત્રિ થઈ ગઈ છે એટલે રાત્રિ ગુજારવા માટે અહીંયાં આવી ચડ્યો છું." લક્ષ્મણ ઉવાચ.

જવાબમાં મોટી મોટી લીંબુની ફાડ જેવી આંખો, લાંબી સફેદ-સફેદ મૂછો તથા ખાખી સોલ્જરી, કોઈ ગૃહરક્ષક દળના ડ્રેસમાં શોભતા પેલા ચોકીદાર જેવા ભાઈએ કહ્યું :

"જુઓ ભાઈ ! આ જંગલખાતાનું રેસ્ટહાઉસ છે. જંગલમાં મંગળ ક્યાંથી હોય ! અહીંયાં તમને સુખ-સગવડ-આવાસ અને બધી જાતની વ્યવસ્થા મળશે નહિ. નાહકના દુઃખી થશો. માટે જ તમને મારી સલાહ છે કે તમે બાજુના 'કનકપુર' શહેરમાં જતાં રહો. ત્યાં



તમને બધી જ જાતની સગવડતા..."

"ના...રે... દાદા... હું સગવડતા ભોગવવા આ જંગલમાં આવ્યો નથી. હું તો કામ કરવા અને પછી હરવા-ફરવા માટે જ આવ્યો છું. દુઃખ અને મુસીબતોથી ટેવાઈ ગયો છું. દાળ-રોટી મળે અને ક્યાંક સૂવા માટે ઓટલો મળી જાય એટલે આપણે બધું જ આવી ગયું." કહી લક્ષ્મણે વૉચમેનની વાત જાણે ઉડાડી દીધી અને સૂવાની સગવડ સાથે જમવાનીય સગવડની વાત કરી લીધી. વૉચમેનને 'દાદા' કહી તેની સાથે આત્મીયતા બાંધી એટલે પેલાએ પણ,

"ભલે ભલે ઠીક, પણ અહીંયાં તમને શહેરની માફક બધી સગવડ નહિ મળે હોં..." કહી ઊભા થતાં થતાં વાત શરૂ કરી દીધી.

"ના...રે... દાદા...એવું નથી.' લક્ષ્મણ ઉવાચ.

"તમારું નસીબ એટલું સારું છે કે આજે આ રેસ્ટહાઉસમાં અમારા મોટા સાહેબના બે-ત્રણ ખાસ મહેમાન આવવાના છે અને તેમના માટે સાંજના ખાણાનો ઑર્ડર અગાઉથી મળ્યો છે નહિ તો તમારે આજની રાત ભૂખે કાઢવી પડત." કહી પેલા સોલ્જરીકાકા વહાલભર્યું હસ્યા.

"દાદા, દાને દાને પે લીખા હૈ ખાનેવાલે કા નામ..." કહી લક્ષ્મણ પણ હસ્યો અને દાદા (વૉચમેન)ને અનુસર્યો.

બે-ત્રણ રૂમો વટાવી ગયા પછી એક નાનકડી ખોલી જેવી ઓરડી ખોલી દઈને પેલા વૉચમેને લક્ષ્મણને કહ્યું :

"જુઓ ભાઈ, આજે તો બીજી રૂમો લગભગ ઍન્ગેજ છે. આ એક વધારાની ખોલી જેવી ઓરડી છે. જેમાં પણ વધારાની વ્યવસ્થા કરી રાખી છે, જે ક્યારેક તમારા જેવા વેળા વગરના આવેલા વટેમાર્ગુ માટે કામ લાગે છે." કહી વૉચમેનદાદાએ લક્ષ્મણને ખોલી (ઓરડી) ખોલી આપી અને અંદરની તમામ વ્યવસ્થાથી વાકેફ કર્યા. પછી વૉચમેનકાકાએ પૂછ્યું :

"સાહેબ, થાકી ગયા હશો. તમારી ઇચ્છા હોય તો ગરમાગરમ

લશ્કરી ચા બનાવી લાવું ?" જવાબમાં લક્ષ્મણે "ભલે દાદા" કહી પોતાની સંમતિ આપી દીધી.

જ્યારે વૉચમેનના રૂમ આગળ વાતચીત કરતી વખતે ઊભા ઊભા લક્ષ્મણે પોતાની દૃષ્ટિ ફેરવી વૉચમેનની ઓરડી તરફ સંપૂર્ણ રીતે નિહાળી લીધી હતી.

વૉચમેનદાદાની પડખે એક સાઇઠથી સિત્તેર વર્ષની ઉંમર વચ્ચેની એક બાઈ બેઠી હતી અને તેના પડખે એક આઠ-નવ વર્ષનો છોકરો પોતાની માની ગોદમાં લપાઈને બેઠો હતો. લક્ષ્મણની બાજનજરે આ પણ જોઈ લીધું અને તેણે એક વાતની નોંધ લીધી કે દાદા (વૉચમેન) લક્ષ્મણ વચ્ચેના સંવાદો તેઓ બન્નેએ સાંભળ્યા ન સાંભળ્યા હોય તેમ લાગ્યું. તેમની લખોટીઓ જેવી આંખો જાણે સાવ ઠરી ગઈ હોય તેમ તેમના ચહેરાના ભાવ પરથી વંચાતું હતું. બન્નેના ચહેરા પર કોઈ જાતના હાવભાવ, હરફ, અક્ષર કે બીજું કાંઈ જ નહિ. બસ કોઈ રેતીના રણ જેવા બન્નેના ચહેરા રુક્ષ હતા, ભાવહીન હતા અને ઉદાસીની એક ઝલક પણ વરતાતી હતી.

વૉચમેનદાદા ગયા એટલે લક્ષ્મણ આ બધું વિચારતો હતો. એક લાલટેન (ફાનસ)ની મદદથી ઓરડીમાં અજવાળું આછુંઆછું પથરાતું હતું. ઓરડીના પાછળના ભાગની બારી ખુલ્લી હતી જેમાંથી જંગલનો ભાગ જોઈ શકાતો હતો. રાતના સમયે જંગલની ભયંકરતા વધુ હોય છે. બારી ખુલ્લી હતી પણ બારીના લાકડામાં લોખંડની જાળી જડેલી હતી, જેથી બારી ખુલ્લી રાખીએ તો પણ જંગલી પશુ-હિંસક પ્રાણી બારી મારફતે રૂમમાં પેસીને નુકસાન કરી જાય તેવી કોઈ જ શક્યતા ન હતી. આજે સાતમ-આઠમ (સુદ) થઈ હશે જેથી અડધો ચંદ્ર પણ ઊંચે આકાશમાં બીતાં બીતાં ડોકિયાં કરી રહ્યો હતો.

થોડી વાર પછી પેલો છોકરો 'ચા', ગરમાગરમ લશ્કરી ચા લઈને આવ્યો ત્યારે લક્ષ્મણ આંટાફેરા મારી રહ્યો હતો.

"સાહેબ..., ચા..." છોકરો બોલ્યો.



"સરસ...! અલ્યા છોકરા, તારું નામ શું છે ?" કહેતાં લક્ષ્મણે પેલાં આઠ-નવ વર્ષીય છોકરાનું નામ પૂછ્યું ત્યારે "સાહેબ, મારું નામ સુખદેવ. મારા દાદાનું નામ છે ગુલાબસિંગ અને મારાં દાદી બે-ત્રણ વર્ષથી બોબડાં થઈ ગયાં છે, કોઈ રોગ થયો છે એટલે.... તેમનું નામ છે કાશીબા..." જવાબમાં છોકરાએ ટૂંકમાં પોતાનો તથા પોતાના કુટુંબના તમામ સભ્યોનો પરિચય આપી દીધો.

ચા-પાણી પતાવી દીધાં એટલે લક્ષ્મણ પોતાની ગડમથલમાં પરોવાયો. ઢગલાબંધ કામ હતું જેનો કરનાર તે પોતે એકલો હતો. સામે આભલું હતું, જેને હવે બાથમાં ભીડવાનું હતું.

વિચારવંટોળમાં અટવાતાં લક્ષ્મણે 'ચાર મિનાર' કાઢી પાકીટમાંથી એક સિગાર કાઢી, ગૅસ લાઇટરની મદદથી સિગાર સળગાવ્યા બાદ લક્ષ્મણ ઊંડા ઊંડા કશ ખેંચવા લાગ્યો અને વિચારોના વમળમાં ખોવાઈ જતો હતો.

"સાહેબ, જમવાનું તૈયાર છે. પેલા મહેમાન હજી સુધી આવ્યા નથી. તે આવે તે પહેલાં તમે પતાવી લો તો સારું." કહી લગભગ અડધા કલાક પછી ગુલાબદાદાએ (વૉચમેને) ખોવાયેલા લક્ષ્મણને જ્યારે વિચારતંદ્રામાંથી જગાડ્યો ત્યારે લક્ષ્મણને પોતાની ખરી હકીકત (વાસ્તવિકતા)નું ભાન થયું.

"ચાલો... જમવાનું પતાવી લઈએ." કહી લક્ષ્મણ પેલા બુઢ્ઢા વૉચમેનને અનુસર્યો.

લગભગ અડધા કલાક પછી જમી-પરવારીને જ્યારે લક્ષ્મણ પોતાની ઓરડી પર પરત આવ્યો ત્યારે પોતાની ઓરડીનો સરસામાન તાજો જ વીંખાયેલ હોય તેમ તેને લાગ્યું. કોઈકે તપાસ કરી લીધી હશે. લક્ષ્મણે દૂર નજર ફેરવી બધે જોઈ લીધું. દૂર પેશાબ કરવાને બહાને ઊભો રહેલો 'સુખદેવ' તેની નજરે ચઢ્યો. પોતાની તપાસ કરી લીધી અને કાંઈક પણ ગુમ થયાની હકીકત ન જણાતાં, લક્ષ્મણે 'ફૉરેસ્ટ રેસ્ટહાઉસ'ની ખોલીના એક લોખંડી બેડ (પથારી)ના ગાદલા પર

જ્યારે આરામ કરવા લંબાવ્યું ત્યારે તે વખતે રાત્રિના દસ વાગ્યા હતા. ખોલીનું બારણું બંધ કરતી વખતે લક્ષ્મણે સિફતથી જોઈ લીધું કે પેલા રેસ્ટહાઉસના કમ્પાઉન્ડમાં એકલા પોતાના વાહન (વ્હીકલ) જીપ સિવાય બીજા કોઈનું વાહન આવ્યું ન હતું. જેથી લક્ષ્મણે કલ્પના કરી લીધી કે આવનારા મહેમાન હજુ સુધી આવ્યા ન હતા જેનો લક્ષ્મણ બેતાબીથી ઇન્તજાર કરી રહ્યો હતો.

ખોલીનાં બારણાં બંધ કર્યા બાદ લક્ષ્મણ પથારીમાં પડ્યા પડ્યા 'ચાર મિનાર'ના લહેજતભર્યા કશ ખેંચી રહ્યો હતો. બારીમાંથી સાતમ-આઠમના ચંદ્રનું આછું-આછું અજવાળું ઓરડીમાં સળગી રહેલા ફાનસના અજવાળામાં વધારો કરતું હતું. લક્ષ્મણને કાંઈક ચેતવણી મળી રહી હોય તે પ્રમાણે અજવાળું પણ ઈશારા કરતું હતું.

લઘુશંકા કરવાના બહાને લક્ષ્મણની ખોલીની આસપાસ ઘૂમી રહેલો, આઠ-નવ વર્ષનો છોકરો સુખદેવ.

મોત ઈશારો કરીને કોઈને બોલાવી રહ્યું હતું. કોને સુખદેવને ? કે પછી ગુલાબદાદા કે તેની ઘરવાળી કાશીબાને ? તે તો ઉપરવાળો જાણે...

બીજું ગમે તે હોય પણ લક્ષ્મણને આજે ઊંઘ આવતી ન હતી.

તે અડખાં-પડખાં બદલીને ખોલીમાં પલંગ પર પોઢ્યો-પોઢ્યો નિંદરડીને બોલાવી રહ્યો હતો.

'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'ના કમ્પાઉન્ડમાં રાતના અગિયાર-સાડા અગિયાર વાગ્યે બે-ત્રણ વાહનોના આવન-જાવનના અવાજ સંભળાતા હતા. કદાચ ! ગુલાબદાદા (વૉચમેન)ની વાતચીત પ્રમાણે આ જંગલનો ફોરેસ્ટ ઑફિસર તેના માનવંતા મહેમાનોને લઈને મોજમઝા કરાવતો ન હોય ! મોજમઝા કરવા પણ આવી પહોંચ્યો ન હોય ! ગમે તે હોય પણ આ બધી ચહલપહલ અને ધમાલ લગભગ બે કલાક સુધી ચાલી અને ખાણી-પીણીની મહેફિલ રાતના એક વાગ્યે શાંત પડી ત્યારે - કનકપુરનું ફોરેસ્ટ રેસ્ટહાઉસ આખા દિવસના પરિશ્રમથી લગભગ



થાકી ગયું હતું, હાંફી ગયું હતું.

બધું જ વાતાવરણ શાંત પડી ગયા પછી સિફતથી લક્ષ્મણ ઊઠ્યો. હાથમાં નાનકડી પેન્સિલિયા બેટરી સળગાવી અને તે કમ્પાઉન્ડ તરફ આગળ વધ્યો.

કમ્પાઉન્ડમાં એકને બદલે બે વીલીઝ જીપ અને બે સફેદ ફિયાટ કાર લગભગ આરામ અવસ્થામાં પડી હતી અને તેનાથી થોડે દૂર જાણે રિસાઈને અલગ થઈ હોય તે રીતે એક કાળી એમ્બેસેડર ગાડી પણ અંધકારમાં પોતાની જાતને છુપાવતી ઊભી હતી.

લક્ષ્મણે સાવધાનીપૂર્વક ખાતરી કરી લીધી કે કમ્પાઉન્ડમાં ઊભેલ અને પાર્ક થયેલ તમામ ગાડીઓ સાથે તેનો ચાલક (ડ્રાઈવર) તો નથી ને ? ના, કોઈ જ ન હતું. સાવધાનીપૂર્વક લક્ષ્મણ આગળ વધ્યો. પહેલાં બે જીપોમાંની એક જીપગાડી પોતાની જ હતી. તેની સુરક્ષા અને સલામતી વિશે લક્ષ્મણે તપાસ કરી લીધી. તે સલામત હતી. હવે લક્ષ્મણે આગળ વધીને બધી ગાડીના નંબર એક નાનકડી ડાયરી કાઢી નોંધી લીધા. આ કામ ઝડપથી પતાવીને બધી ગાડીઓ ચેક કરી, લક્ષ્મણ આગળ વધ્યો. અહીંયાં લક્ષ્મણને એક વાતનું ગજબનાક આશ્ચર્ય એ થયું કે પોતાના પિતાશ્રી હિંમતસિંહની જીપ અહીંયાં ક્યાંથી હોય ? ક્યાં બાદલપુર ને ક્યાં આ કનકપુરનું ફોરેસ્ટ રેસ્ટહાઉસ ? માન ના માન આ જીપ તો બાપુજીની જ હતી. એ જ નંબર અને એ જ રૂપરંગ, કદાચ મોટા ભાઈ કિશોરસિંહ તેના પરદેશી મિત્રો... લ્યુસી, જૉસેફ, ફિલીપ વગેરે સાથે ભારતદર્શન કરવાના બહાના હેઠળ આ બાજુ ફરવા ન નીકળી પડ્યા હોય ?

ગમે તે હોય...! મારે આ વાતની ખાતરી કરી લેવી જોઈએ, વિચારી વૉચમેન ગુલાબદાદા સાથે થયેલ ચર્ચા મુજબ માનવંતા મહેમાનો માટે રેસ્ટહાઉસની વીંગ (રૂમ) નંબર ૧ થી ૪ અનામત હતી. લક્ષ્મણ પૂરી ખાતરી કરીને રૂમ નં. ૧ થી ૪ તરફ સરક્યો.

રૂમ નં. ૧ (એક)નું દ્વાર તેમજ બારી-બારણાં તમામ

આગળપાછળ બંધ હતાં. કદાચ ફોરેસ્ટ ઑફિસર સાહેબ આખા દિવસના રઝળપાટથી થાકી જઈને ઘસઘસાટ ઊંઘ લઈ રહ્યા હશે...!

નસીબના જોગે રૂમ નં. ૨ (બે)ની બારી ખુલ્લી હતી અને લક્ષ્મણે ખૂબ જ નજીકથી સરકીને બારીના પોપટિયા પડદાને ખસેડીને અંદર નજર કરી તો અંદરના વાતાવરણમાંથી માદક ખુશ્બૂ આવી રહી હતી અને નાઇટલૅમ્પની ગરજ સારતા ફાનસના આછા અજવાળામાં લક્ષ્મણે જોયું કે -

લ્યુસી અને કિશોર... બન્ને જણા એકબીજાના સાંનિધ્યમાં લપેટાઈ જઈને પ્રેમક્રીડા કરવામાં મશગૂલ હતાં.

યૌવનાનું યૌવન ચકરાવે ચઢ્યું હતું. કિશોર લ્યુસીના લપકારા લેતા હોઠ પર, ગાલપ્રદેશ, સ્તનપ્રદેશ, જાંઘ અને તમામ અંગેઅંગ પર ચુંબનોની ઝડી વરસાવીને લ્યુસીને ઉત્તેજિત કરતો હતો... લ્યુસીનું યૌવન હાંફતું હતું.

લ્યુસી બોલતી હતી :

"માય ડાર્લિંગ કિશોર વેન વીલ વી હેવ ધી રીચેસ્ટ ટ્રેઝરર ઑફ ધી જગતસિંહ ?"

"લ્યુસી, વીધીન એ કપલ ઑફ ધી ડે એન્ડ વી વીલ કિલ ફર્સ્ટ જગતસિંહ એન્ડ ધેન લક્ષ્મણ. ધેટ ઝિ રેખા..." કિશોર વ્હીસ્કી બોટલના નશામાં બકતો હતો.

"આર યુ શ્યોર કિશોર...?"

"યસ, ડેફીનેટ શ્યોર."

"ધેન... આઇ એમ... યોર્સ... લેટ અસ... એન્જૉય..." કહી લ્યુસી પાગલની જેમ કિશોરને વળગી પડી.

બારી નં. ૨ (બે)ના રૂમનું દૃશ્ય લક્ષ્મણ વધુ ન જોઈ શક્યો. તે રૂમ નં. ૩ તરફ આગળ વધ્યો, જ્યાં જૉસેફ આરામ કરતો હતો.

તેના રૂમની બારી બંધ હતી પણ રૂમની અંદર એકદમ ધીમેથી કાંઈક વસ્તુ પછડાવાનો અવાજ સંભળાતો હતો.



તરત જ હોશિયાર... ! લક્ષ્મણ સમજી ગયો કે 'સોનાની લગડીઓ'ની ગેરકાયદેસર દાણચોરી કરીને ભારતમાંથી નાણા કમાવા માટેની મેલી મુરાદ લઈને જૉસેફ અહીં ઇન્ડિયા આવ્યો હતો.

ત્યાંથી આગળ જવા માટે જેવો લક્ષ્મણ આગળ વધ્યો કે તરત જ લક્ષ્મણના પગ થંભી ગયા, કારણ કે ક્યાંકથી બહારથી હાવરો-બાવરો બનીને પેલો ફિલીપ પોતાના જ રૂમ (વીંગ)ની બારી (ખુલ્લી રાખેલી) મારફતે પાછળથી કોઈ ચોર ઘૂસે તેમ ઘૂસી રહ્યો હતો. લક્ષ્મણનું એ સારું નસીબ હતું કે ઉતાવળમાં અને ગભરામણમાં પેલા ફિલીપે લક્ષ્મણને જોયો ન હતો, નહીં તો ફિલીપના હાથમાં સ્ટેનલેસ સ્ટીલિયા રિવોલ્વરથી કદાચ તરત જ લક્ષ્મણ પર ભડાકો કરી દેત અને રેસ્ટહાઉસ કદાચ ગાજી ઊઠત. પણ સારા નસીબે આવું કાંઈ પણ થયું નહિ. ફિલીપના બીજા હાથમાં પાતળી પ્લાસ્ટિકની દોરી લક્ષ્મણે જોઈ લીધી હતી.

તરત જ ત્યાંથી જાણે કાંઈ જ બન્યું નથી તે પ્રમાણે ધારીને દેખાવ કરીને ઝાઝી લપ્પનછપ્પન કર્યા વગર તરત જ પોતાની ખોલી પર આવીને પલંગ પર આડો પડ્યો ત્યારે રાતના અઢી-ત્રણ વાગ્યા હશે.

આખા દિ'ના રઝળપાટથી થાકેલા લક્ષ્મણને ક્યારે નિંદરડી આવી ગઈ અને તે ઘસઘસાટ સૂઈ ગયો તેની લક્ષ્મણને કાંઈ ખબર પડી નહિ.

જ્યારે સવારના છની આસપાસ ફોરેસ્ટ રેસ્ટહાઉસના વૉચમેન ગુલાબદાદાએ બૂમો પાડવા માંડી અને તે તથા તેની ઘરવાળી રોકકળ કરવા માંડ્યા ત્યારે આંખો ચોળતાં લક્ષ્મણ ખોલીની બહાર આવ્યો.

"અલ્યા ભાઈ શું છે ? શું છે ? શાનો કકળાટ છે ?" લક્ષ્મણના પ્રશ્નોના જવાબમાં બુઢ્ઢો વૉચમેન પોતે રડતો-કકળતો હૈયાફાટ કલ્પાંત કરતો કરતો લક્ષ્મણને એક જગ્યાએ લઈ ગયો.

લક્ષ્મણની નજર ફાટી ગઈ. તે આશ્ચર્યમાં ડૂબી ગયો.

જે જગાએ લઘુશંકા કરવાનું બહાનું કાઢીને નાનકડો આઠ-દસ વર્ષીય સુખદેવ આંટાફેરા મારતો હતો તે જ જગા તેના માટે કાયમ

માટે કબર બની ગઈ હતી. સુખદેવની આંખો ફાટી ગઈ હતી... ગમે તે કારણે કોઈ ભયાનક દૃશ્ય જોવાથી અથવા અન્ય રીતે સુખદેવનું આઘાતથી મોત થયું હતું. ગૂંગળામણથી પણ કદાચ મોત થયું હોય ! એ બધું ભગવાન જાણે...!

લક્ષ્મણે ગણતરીની મિનિટોમાં જ રેસ્ટહાઉસના કમ્પાઉન્ડમાં નજર ફેરવી તો રાત્રે એક જીપ, એક-બે સફેદ ફિયાટ કાર અને કાળી એમ્બેસેડર કાર રેસ્ટહાઉસના કમ્પાઉન્ડમાં જે થોભી હતી તે અત્યારે અદૃશ્ય બની ચૂકી હતી. ક્યાં ગઈ હશે ? એ એ બધું... રામ જાણે.

મૃત્યુ નાચી રહ્યું હતું.

બુઢ્ઢો વૉચમેન અને તેની વહુ ડૂસકે ને ડૂસકે રડી રહ્યાં હતાં. ખુશનુમા સવાર પણ હવે ગમગીન લાગી રહી હતી.

આ બાબતની જાણ પોલીસ સ્ટેશનને કરવી જરૂર છે તેવું વિચારી લક્ષ્મણે બુઢ્ઢા વૉચમેન (ગુલાબસિંહ)ને ઈશારાથી પાસે બોલાવ્યો ત્યારે બુઢ્ઢાએ ઈશારાથી પોતે આવા લફરામાં પડવા નથી માગતો તેવું જ્યારે લક્ષ્મણને સમજાવ્યું ત્યારે તરત જ લક્ષ્મણને લાગ્યું કે બુઢ્ઢા ગુલાબસિંહ અને તેની પત્નીના મનમાં ખૂબ ખૂબ ભય બેસી ગયો છે. બન્ને જણાં કોઈ અજ્ઞાત ભયથી જેમ બરફ થીજી જાય તે રીતે થીજી ગયાં હતાં. બન્ને જણાં વારંવાર નિશ્ચેત, નિષ્પ્રાણ થઈ પડેલા પોતાના લાડકવાયા પ્રપૌત્ર સુખદેવની લાશને જોઈ રહ્યાં હતાં.

આ બધું શાથી ? એ હકીકત ન સમજાતાં અને મારે આ હકીકતની જાણ પોલીસ સ્ટેશનને અવશ્ય કરવી જ જોઈએ તેવું વિચારી 'વૈતાળિયા જંગલ'ની મુલાકાતનો કાર્યક્રમ અધૂરો રાખી લક્ષ્મણે તરત જ ખોલીમાંથી પોતાની ખાસ બૅગ તથા બીજી જોડે લઈ આવેલ ચીજવસ્તુઓ લઈ આવી જીપમાં નાખી પોતાની જીપ 'કનકપુર'ના પોલીસ સ્ટેશન તરફ જવા મારી મૂકી.

*

# 7

## વિચિત્ર ષડયંત્ર

લક્ષ્મણ મારતી જીપે પોલીસ સ્ટેશન બાજુ જઈ રહ્યો હતો.

રસ્તામાં જગતસિંહ પોતાના કાફલા સાથે 'લાલ હવેલી'થી 'વૈતાળિયા જંગલ' તરફ જતાં મળ્યા. જાણે કીડી-માંકડ, મચ્છર મરી ગયું હોય તેમ લક્ષ્મણે કહેલી 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'ની ખૂનની વાત તેમજ મહુડા કિલ્લા આગળ થયેલ ખૂનની બન્નેય વાતોને જગતદાદાએ નજીવી ગણી ઊડાડી દીધી.

"બેટા લક્ષ્મણ, તારે આ રીતે આમ ઝાઝી દોડાદોડી કરવાની જરૂર નથી. મારા માણસો ટેલિફોન કરીને ગણતરીની મિનિટોમાં જ પોલીસ સ્ટેશને ખબર કરી દેશે." કહી જે રીતે બેપરવાઈથી અને મોઢું બગાડીને દાદા જગતસિંહે વાત કરી તેનાથી બસ લક્ષ્મણ સાવ ડઘાઈ ગયો. દાદાને પોલીસ કેસ તથા પોલીસ લફરાની ભારે સૂગ હશે તેવું દાદાનાં વાણી-વર્તન અને વ્યવહાર પરથી તરત જ સ્પષ્ટ થતું હતું.

કોણ માણસ ? કયા સ્ટેજે ? કઈ રીતે વાત કરે છે ? અને કેવો હાવભાવ વ્યક્ત કરી રહ્યું છે ? તે ઘણી વખત સમજાતું નથી. લક્ષ્મણને પણ આ વાત ન સમજાઈ.

દાદાએ કહ્યું, "બેટા લક્ષ્મણ, ખૂબ ખૂબ દોડાદોડી કરી લીધી. હવે 'લાલ હવેલી'એ જઈને આરામ કરો. અમે બધા 'વૈતાળિયા

જંગલ'માં જઈએ છીએ.'' ત્યારે લાંબો જવાબ આપવાના બદલે 'ભલે' કહી ટૂંકો જવાબ આપીને લક્ષ્મણે જીપ 'લાલ હવેલી' તરફ મારી મૂકી.

લાલ હવેલી !

લાલ લોહીનો રંગ અને લાલ હવેલી...

અહીંનું વાતાવરણ જાણીતું હતું છતાં જાણે સાવ અજાણ્યું હતું. અહીંનાં લોકો ઘણું જાણતાં હોવા છતાં જાણે સાવ અજાણ્યા હોવાનો કૃત્રિમ ડોળ ઊભો કરીને હરતાફરતા હતા, જીવતાજાગતા હતા. વાતાવરણમાં કાંઈ ભેદ-ભરમ લાગતો હતો. કોઈ કોઈને પૂછવાની કે કાંઈ કહેવાની હિંમત રાખતું ન હતું. બધાને પોતાના પડછાયાની પણ જાણે બીક ન લાગતી હોય તેવું લાગતું હતું.

આખો દિવસ લક્ષ્મણે બેચેનીમાં પસાર કર્યો. લાલ હવેલીના ચિત્ર-વિચિત્ર માણસો, માણસોનાં ચિત્ર-વિચિત્ર વાણી-વર્તન અને વ્યવહારથી લક્ષ્મણને વિદ્યુત-આંચકો લાગ્યો હતો.

પોતાના રૂમમાંથી 'કૉલ બેલ' મારીને લક્ષ્મણ કોઈ કામ પ્રસંગે નોકર-ચાકરને બોલાવતો ત્યારે તે સમયે આવનાર નોકરોના ચહેરા સફેદ રૂની પૂણી જેવા ફિક્કાશવાળા, નૂર વગરના બની જતા અને ફફડતા-ભયથી ભરપૂર એવા સસલાંની છાતીની જેમ, ધમણની જેમ હાલે-ચાલે તે રીતે ઊંચા શ્વાસે તેઓ લક્ષ્મણના રૂમમાં દાખલ થતાં અને 'જી...સાહેબ' કહી કોઈ ગુનેગારને રિમાન્ડ પર પોલીસ સ્ટેશને ઘસડી લાવવામાં ન આવ્યો હોય તે અદાથી ગભરાતાં ગભરાતાં બોલતાં ત્યારે લક્ષ્મણને ખૂબ આશ્ચર્ય થતું.

''બે કેવેન્ડર્સના પેકેટ લાવી આપોને... કેમ કાકા આજે તબિયત સારી નથી કે શું ?'' બેફિકરાઈથી હસીને પૈસા આપતાં જ્યારે લક્ષ્મણ પૂછતો ત્યારે...

''નારે...ના... સાહેબ... એવું નથી હોં.'' કહી જેમ વાઘની બોડમાંથી કોઈ બકરું જીવ છોડાવીને મહાપરાણે ભાગી જાય તેમ પેલો ભાગી જતો અને માગ્યા મુજબની ચીજવસ્તુઓ કોઈ પણ લાંબી ઝાઝી



લપ્પનછપ્પન કર્યા વિના, આપીને પાછાં તરત જ રવાના થઈ જતાં... માનો ન માનો કોઈ તેમના પર ખૂબ ખૂબ કડક જાપ્તો જાણે રાખી ન રહ્યું હોય, તેમના પર બાજનજર રાખી ન રહ્યું હોય... તેવું તમામ લાલ હવેલીના રહેવાસીઓ પરથી ફલિત થતું હતું.

જે હોય તે રામ જાણે...! લક્ષ્મણને શું ખબર ?

પાંચ સાડા-પાંચ થયા. જગતસિંહ પોતાના કાફલા સાથે જંગલની તથા પોતાના ફાર્મહાઉસની મુલાકાત લઈ પાછા આવ્યા ત્યારે 'લાલ હવેલી' ફરી જીવંત બની...!

થોડી વાર પછી લક્ષ્મણે જોયું કે 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'નો બુઢ્ઢો ચોકીદાર 'ગુલાબસિંહ' કોઈથી ખૂબ ખૂબ ડરી ગયો ન હોય તે રીતે, જાણે જમદૂત તેની પાછળ ન પડ્યા હોય તેમ બીકથી બબડતો-ફફડતો જગતદાદાના ખાનગી રૂમ તરફ જતો હતો. લક્ષ્મણને કુતૂહલ વધી ગયું. ચોકીદાર ખૂબ ખૂબ ઝડપથી દાદા જગતસિંહના રૂમમાં ઘૂસી ગયો. 'ફટાક' દઈને તે રૂમનું દ્વાર બંધ થઈ ગયું. લક્ષ્મણ પોતાની રૂમમાં અંધારું રાખીને અંધારામાં રહીને બહારની સંધ્યાકાળના ઝાંખા ઉજાસવાળી દુનિયાને વેધક નજરે જોઈ રહ્યો હતો. તેના રૂમમાં બારીના પડદાની પાછળ રહીને 'લાલ હવેલી' બધી દુનિયા જોઈ શકાતી હતી. બહારની દુનિયાના લોકોને મનમાં એમ હતું કે રખડીને થાકેલો લક્ષ્મણ આરામ કરી રહ્યો છે પણ હકીકતમાં લક્ષ્મણ બાજનજરે નિરીક્ષણ કરતો હતો.

ગણતરીની દસ મિનિટોમાં જગતદાદાવાળા રૂમનું બારણું ખોલીને 'ભૈરવ, વનમાળી, વખતચંદ' એમ બે વારાફરતી ત્રણેય જણા અંદર દાખલ થયા. 'જગતદાદા'ના રૂમમાં લગભગ ત્રીસથી પાંત્રીસ મિનિટ સુધી ચર્ચા ચાલી. શું વાતચીત થઈ હશે એમ રામ જાણે ? લક્ષ્મણને ક્યાંથી ખબર ?

થોડી વાર બાદ જેવા ભૈરવ, વનમાળી, વખતચંદ અને સૌથી છેલ્લે ગુલાબસંગ પેલા જગતદાદાના પર્સનલ રૂમમાંથી બહાર નીકળ્યા

ત્યારે લક્ષ્મણને એવું લાગ્યું કે કોઈ લાશને સફેદ કફન ઓઢાડીને તેને અવ્વલ મંઝિલે પહોંચાડવા ડાઘુઓ લઈ ના જતા હોય ! ગુલાબસંગ એક જીવતી લાશના રૂપમાં પેલા લોકોને અનુસરી રહ્યો હતો.

ગુલાબસંગની નજર પોતાની રૂમનો દરવાજો ખોલીને બહાર આવેલા લક્ષ્મણ પર પડી, બુઢ્ઢા ચોકિયાતની આંખો ચમકી ઊઠી. ફરી પાછી એ જ આંખોમાં આંસુઓની વીજળી ચમકી ઊઠી અને ત્યારે લક્ષ્મણે કહ્યું :

“દાદા... આવોને...”

“ના સાહેબ, ખૂબ ખૂબ મોડું થઈ ગયું છે. દિ' આથમી ગયો છે અને ઘરે કોઈ જ રહ્યું નથી.” લક્ષ્મણની સામે પણ જોયા વગર ગુલાબસંગ જવાબ આપીને સોંસરો આગળ વધી ગયો અને પાછળ પાછળ પેલા ત્રણેય ડાઘુઓ જેવા લાગતા ભૈરવ, વનમાળી, વખતચંદ આગળ વધ્યા. તે પૈકી ભૈરવે “ચાલો સાહેબ ભૂતિયા ડુંગર તરફ ફરવા... એ ડુંગરમાં તમને એવા-એવા ફેરવું કે તેમાં ફરી ફરીને થાકો અને પાછા ફરવાનુંય મન નહિ થાયે...” કહી ભૈરવ બાકીના પેલા બે વનમાળી અને વખતચંદ તરફ સૂચક રીતે જોઈને મૂછમાં હસ્યો.

જવાબમાં લક્ષ્મણે, “ના ભાઈ, આજે તો દિ' આથમવા આવ્યો છે પણ ફરીથી કોક વખત આપણે બે યોગ્ય સમયે પેલા ‘ભૂતિયા ડુંગર’માં એટલા બધા ઘૂમીશું કે તમે પણ યાદ કરી લેશો...” જડબાતોડ જવાબ આપ્યો.

પેલા ત્રણ તથા બુઢ્ઢો ગુલાબસંગ ‘લાલ હવેલી’ના કમ્પાઉન્ડ તરફ ગયા. જીપનો સ્ટાર્ટ થવાનો અવાજ આવ્યો. ઘર...ર...ઘરરર... કરી જીપ ઊપડી ગઈ, જાણે કોઈની જીવતી લાશ સાથેની નનામી (સ્મશાનયાત્રા) કાઢી ન હોય તેવું લક્ષ્મણને લાગ્યું.

ઘડીભર તો લક્ષ્મણને લાગ્યું કે ભૈરવની સાથે ફરવા જવામાં કોઈ જાતનો વાંધો હતો નહિ છતાં ના પાડીને તેણે પોતાની કાયરતા, ભીરુતાનાં સ્વયં રીતે દર્શન કરાવ્યાં છે. એ લોકો વિચારતા હશે કે ‘એ



છે જ સાવ બિકણ બિલાડા જેવો.’ પણ પાછળથી ઝાઝો વિચાર કરતાં લક્ષ્મણને લાગ્યું કે જે થયું તે બરાબર થયું છે. રામજીને ગમ્યું તે ખરું !

ચાલાક, ચબરાક લક્ષ્મણને એ વાતની ચોક્કસ ગંધ આવી ગઈ હતી કે કોઈ વિચિત્ર ષડયંત્ર રચાઈ ચૂક્યું છે. હવે બેદરકાર કે બેફિકર રહેવામાં મઝા નથી. દુશ્મનો ખૂબ ખૂબ ચાલાક છે, હોશિયાર છે. ક્યારે પાછળથી ઘા કરીને જાન લઈ લે તેની ખબર નહિ. જેથી હવે હર મંઝિલે - હર ડગલે-પગલે જાનનો ખતરો હોઈ સાવધાનીથી જ કોઈનો પણ વિશ્વાસ રાખ્યા વગર આગળ વધવામાં શાણપણ હતું - કારણ કે લક્ષ્મણની વિરુદ્ધ વિચિત્ર ષડયંત્ર રચાઈ ચૂક્યું હતું.

❊

# 8

# રામ રાખે તેને કોણ...?

'ભૂતિયો ડુંગર' ભેંકાર લાગતો હતો. રાતના અગિયાર - સાડા અગિયાર થયા હોવા છતાં લક્ષ્મણને આજે નિંદરડી આવતી ન હતી. નિંદરડી સતાવતી હતી, પજવતી હતી. હજી સુધી પેલા બે વનમાળી અને વખતચંદ કે જેઓ પેલા ભૈરવ અને ગુલાબસંગ (ચોકીદાર) સાથે 'ભૂતિયા ડુંગર' તરફ લગભગ સાત-સાડા સાત વાગ્યે ગયા હોવા છતાં હજી સુધી કોઈ પાછા આવ્યા ન હતા. બંનેના રૂમ લક્ષ્મણના રૂમની ડાબા તથા જમણા પડખે આવેલા હતા, જેમાં હજી સુધી ટ્યૂબલાઇટ સળગી રહી હતી કે જે સૂચના કરતી હતી કે તેઓ બંને પાછા આવ્યા ન હતા. રાત્રે આઠ વાગ્યે જમવાના ટાણે 'ડાઈનિંગ ટેબલ'માં ઠાકુર જગતસિંહ ખૂબ જ ગંભીર અને ઊંડી ચિંતામાં ગરકાવ થઈ ગયેલ હોય તેમ લાગ્યું. તેઓએ લક્ષ્મણ સાથે કોઈ ચર્ચા કરી નહિ એટલે મૂંગેમોઢે જમી લઈ, હાથ-મોઢું વગેરે ધોઈ લક્ષ્મણ પોતાની રૂમ મધ્યે આવ્યો ત્યારે લગભગ સવા નવ-સાડા નવ વાગ્યા હતા. તે સમયથી અત્યારે એટલે કે રાતના સાડા અગિયાર સુધી લક્ષ્મણ પથારીમાં અડખાંપડખાં બદલતો રહ્યો.

થોડી વાર પછી તેણે ઊભા થઈને કેવેન્ડર્સ સળગાવી અને પોતાની રૂમની બહાર આવી ઓસરીમાં ચક્કર લગાવવાં શરૂ કર્યાં.





દસ મિનિટ પસાર થઈ હશે ત્યાં લાલ હવેલીના ક્ષેત્રવિસ્તારમાં દાખલ થઈ રહેલ જીપનો અવાજ, જીપની ઘરઘરાટી સંભળાઈ એટલે લક્ષ્મણ તરત જ પોતાની રૂમમાં ભરાઈ જઈ જાણે સૂઈ રહ્યો હોય છે તેવો ઢોંગ કરીને બારીના પારદર્શક પડદા પાછળથી જોવા માંડ્યો.

શિકારીઓ શિકાર કરીને સુખરૂપ પાછા આવી ગયા હતા. સૌથી આગળ વખતચંદ હતો. પાછળ પાછળ જીપમાંથી બહાર નીકળ્યા બાદ કોઈ ભારે વસ્તુને સાવચેતીથી પેકિંગ કર્યું હોય તેવી લાશ રાખવાની કોઈ પેટી કે સંદૂક આકારના ખોખાને ઊંચકીને ભૈરવ તથા વનમાળી ચાલતા હતા. પેલી સંદૂકને (લાકડાની લાંબી પેટીને) જગતદાદાના ખાનગી રૂમમાં બારણું ખોલીને દાખલ થઈને પેલા ત્રણેય જણાએ જગતદાદાને કીમતી વસ્તુ સુપ્રત કરીને હાશ અનુભવી. ડ્રાઇવર ભૈરવ તથા વનમાળી, વખતચંદ બધાંય જેમ રાત પડે એટલે પક્ષીઓ માળામાં ટપોટપ ઘૂસી જાય તે રીતે પોતપાતના ઓરડામાં ત્રણેય જણા ઘૂસી ગયા.

આ બધી ચિત્ર-વિચિત્ર લીલાઓ નિહાળતો લક્ષ્મણ હૈયાનો ધડકાર પણ ન સંભળાય તેટલી સાવચેતી રાખીને પડદા પાછળ ઊભો હતો. વળી પાછી એક સિગારેટ-કેવેન્ડર્સ સળગાવી લેતા કશ પર કશ ખેંચી ખૂબ ખૂબ વિચાર કર્યા પછી લક્ષ્મણે તરત જ એક નિર્ણય કરી લીધો, મહત્ત્વનો નિર્ણય. તે ફટાફટ તૈયાર થઈ રહ્યો હતો. પોતાની જાતને સજ્જ કરી રહ્યો હતો. તે બહાર જઈ રહ્યો હતો. રાત-મધરાતે લક્ષ્મણ ક્યાં ? કઈ દિશાએ ? કઈ તરફ જતો હતો એ તો રામ જાણે, લક્ષ્મણને ક્યાંથી ખબર હોય ?

ગમે તેમ કરીને ગુલાબસંગને શોધવો રહ્યો. તેની જિંદગીની ખૂબ ખૂબ કિંમત લક્ષ્મણને જણાતી હતી. આ બધા ભેદભરમો ભેદીને રહસ્ય છતું કરવું હોય તો ગુલાબસંગ ફોરેસ્ટ રેસ્ટહાઉસવાળા પગી-વૉચમેનનો સીધો સંપર્ક સાધવો જરૂરી લાગતાં ચબરાક લક્ષ્મણ ફટાફટ તૈયાર થઈ ગયો અને કોઈ પણ જાતનું સાધન (વાહન) લીધા વગર, કોઈને ખબર ન પડે તેમ 'ભૂતિયા ડુંગર' ભણી ભાગ્યો. ત્યાંથી

'વૈતાળિયું જંગલ' જવાનો તેનો પાકો ઈરાદો હતો.

'દુનિયા ઝૂકતી હૈ, ઝુકાના હમારા કામ હૈ, ઝુકાનેવાલા ચાહિએ.' જ્યારે જ્યારે ઈરાદા પાકા બનતા હોય છે ત્યારે સિદ્ધિઓને પણ ઝૂકવું પડતું હોય છે.

કોઈપણ વખતે આપણે શું કરવું છે ? કયા પ્રકારની સિદ્ધિઓ-ધ્યેય હાંસલ કરવાના છે ? તેના ઈરાદા, પાકા સંકલ્પો આપણી જાતે જ નક્કી કરી લેવાના હોય છે. મંઝિલ બુલાતી હૈ ઉસકો, જો મુસાફિર જાનબાઝ હો...!! લક્ષ્મણ પોતાની મંઝિલ તરફ વધી રહ્યો. રાત... અંધારી રાત... ઘોર અંધારી રાત.

'વૈતાળિયું જંગલ' ઘનઘોર જંગલ. કાળમીંઢ અંધકાર અને આ અંધકારને ચીરી નાખતો એવરેડી બેટરીનો ધારદાર પ્રકાશ વહી રહ્યો છે.

રાતના નવથી સાડા નવ વાગ્યાનો સમય અને એમાંય જંગલની વસમી વાટ... લક્ષ્મણે પોતાની ચાલવાની ઝડપ વધારી દીધી. તે ચિત્તાની ઝડપે આગળ વધી રહ્યો હતો.

અંધકારના આગમન સાથે જ જંગલનાં નાનાં-મોટાં જીવજંતુઓ, નાના-મોટા હિંસક જીવો, પશુપક્ષીઓ, પ્રાણીઓ - બધાંય ખોરાકની શોધમાં નીકળી પડ્યાં હોય. તેની સાથે અચાનક ઓચિંતો ક્યારે ભેટો થઈ જાય તેની કોઈ કલ્પના કરી શકાય નહિ. આ કારણે જ લક્ષ્મણ બધી તૈયારીઓ સાથે નીકળ્યો હતો અને જરૂર કરતાં આજે તે વધુ સતર્ક હતો, હોશિયાર હતો. જંગલમાંનાં તમરાં, નાનાં-મોટાં જીવજંતુઓનો ગણગણાટ અને સૂર-બેસૂરા અવાજ દૂર-નજીક શિયાળવાના રુદનના અવાજ, ચીંબરીઓ-ઘુવડ જેવા નિશાચર પક્ષીઓનો કર્કશ, કોઈ ડાકણ-શાકણના શાપ જેવા કર્કશ અવાજો વાતાવરણની ભયંકરતા ખૂબ ખૂબ વધારી રહ્યા હતા...!

ખરરર... ખરરર.... ખર...ખર...ખર... ! પાછળથી કોઈ



ભારે પ્રાણીઓના પગલાના અવાજથી પાંદડાં દબાઈ રહ્યાં હોય અને સૂકાં પાંદડાંઓ વજન ખમી ન શકે એટલે પાંદડાના હાડકાં પાંસળાં અંગેઅંગ ભાંગી જવાથી પાંદડાંનો ચિત્કાર... ખરરર..ખર... અવાજ સંભળાતાં લક્ષ્મણ વધુ સતર્ક હોશિયાર બન્યો. કોઈ જંગલી પ્રાણી, રાની પશુ લક્ષ્મણનો પીછો કરતું કરતું આવી રહ્યું હતું.

લક્ષ્મણ ઊભો રહ્યો, મોતની રાહ જોઈને તેણે સિગારેટ સળગાવી અને ઊંડા ઊંડા કશ લેતો થોડી વાર શ્વાસ લેવા ઊભો રહ્યો. 'વૈતાળિયા જંગલ' રેસ્ટહાઉસ હવે ઝાઝું દૂર ન હતું.

પોતાના શિકારનો પીછો થઈ રહ્યો હોવાની જાણ થઈ ગઈ છે તેની ખાતરી થતાં પીછો કરી રહેલા જંગલી પશુએ ઘૂઘવાટો કર્યો, ગર્જના કરી, ગુસ્સાથી ભરપૂર ગર્જના, હાડકાં હચમચી જાય તેવી ગર્જના હતી.

પોતાની પીઠ પાછળની ઝાડીઓમાં થઈ રહેલ હલનચલનના કારણે તરત જ લક્ષ્મણ પાછો ફર્યો અને તેણે ઝાડીઓ તરફ પ્રકાશથી ભરપૂર એવરેડી બેટરીનો પ્રકાશનો ધોધ છોડ્યો.

એકાએક પ્રકાશનો ફુવારો વહી નીકળ્યો એટલે પેલું જંગલી પશુ (વાઘ) અંજાઈ ગયું અને ઉશ્કેરાઈ ગયું. હાથમાં આવેલો શિકાર હાથતાળી આપીને જતો રહે એ કોણ સહન કરે ? વાઘમામાનો ગુસ્સો, પારાવાર ગુસ્સો, ઊકળી ઊઠ્યો. ઈલેક્ટ્રિકના બલ્બ જેવી તગ..તગ...તગ થઈ રહેલી બે આંખોમાંથી ગુસ્સાની આગ ભડકી ઊઠી.

હ...ઉ...હ...હ...હા...ર... કરીને તેણે પોતાની હેવાનિયત બતાવી દીધી ને લક્ષ્મણ પર એક છલાંગ મારી. લક્ષ્મણ પહેલેથી જ સતર્ક-હોશિયાર હતો. સિફતપૂર્વક તે બાજુએ ખસી ગયો એટલે વાઘમામાનો પહેલો હુમલો નિષ્ફળ ગયો. શિકાર બચી ગયો એટલે વાઘે ફરીથી મરણિયા બનીને હુમલો કર્યો. લક્ષ્મણ પોતાના ઉપર થઈ રહેલા ઓચિંતા હુમલાથી બહાવરો-બેબાકળો બની ગયો.

વાઘમામા અને લક્ષ્મણ મેદાનમાં ઊતર્યા.

જીવસટોસટ યુદ્ધ જામ્યું. એક જીવ લેવા આતુર હતો જ્યારે બીજો જીવ બચાવવા મથામણ કરતો હતો, પોતાનો જીવ બચાવવા ફાંફાં મારતો હતો.

જંગલનો વાઘ ઝનૂની બન્યો હતો. ઝપાઝપી ને બાથમબાથમાં લક્ષ્મણે પહેરેલાં પેન્ટ-શર્ટ અને જર્સી વગેરે તમામના ચૂરેચૂરા થઈ ગયા હતા અને પંજાના મારથી હાથપગે, છાતીના ભાગે તથા વાંસા પર (બરડે) માંસના લોચા નીકળી પડ્યા હતા. ઠેકઠેકાણે ઉઝરડા થયા હતા. મ્યુનિસિપાલિટી પાણીના સ્ટૅન્ડે કોઈ નળ ઉઘાડો રહી જતાં પાણીની દદુડીઓ જેમ વહી નીકળે તે રીતે લોહી પણ વહ્યે જતું હતું. બીજા સરસામાન સાથે બેટરી, રિવોલ્વર વગેરે શસ્ત્રસરંજામ રાતના અંધકારમાં ક્યાં અને ક્યારે, કેવી રીતે ફંગોળાઈ ગયા તે વિશે વિચારવાનો કોઈ જ અવકાશ રહ્યો નહીં અને હવે તો જીવ કેમ બચાવવો તે વાત જ અગત્યની હતી.

લક્ષ્મણની આંખે અંધારાં આવવા માંડ્યાં.

હવે મોતની સામે ઝઝૂમવાની કે લડવાની બધી જ તાકાત વપરાઈ ગઈ એટલે લક્ષ્મણે મનોમન રામને યાદ કરવા માંડ્યા. “ભગવાન હવે તારે આશરે છું, તું માર કે બચાવ... !”

વાઘે જોરદાર હુમલો કર્યો અને લક્ષ્મણ નીચે પછડાયો.

વાઘ ઉપર અને લક્ષ્મણ નીચે...!

શિકાર હવે નિયંત્રણમાં આવી ગયો હતો એટલે જંગલી પશુ પોતાની પૂરેપૂરી તાકાત વાપરીને હુમલાખોર બનીને લક્ષ્મણને ભક્ષ કરી જવા માગતું હતું.

ત્યાં તો... ધાંય...ધાંય... જંગલના અંધારાએ બે અંગારા ઓક્યા. કોઈની રિવોલ્વરમાંથી બે ભડાકા થયા, ધડાકા થયા અને લક્ષ્મણની ઉપર સવાર થઈ રહેલ, મોતના દૂતના જેવા જંગલી વાઘની ખોપરીને આરપાર ચીરી નાખતી બે ગોળીઓએ વાઘને લક્ષ્મણની



છાતી પરથી ભફડાંગ દઈને નીચે ગબડાવી દીધો.

ભાન, જ્ઞાન ગુમાવી રહેલા અને આંખોની પાંપણ લપક-ઝપક લપક-ઝપક થઈ રહી હતી તે ટાણે લક્ષ્મણે જોયું કે કોઈ જોગણી કે પછી વનદેવી જેવી શ્વેત વસ્ત્રધારી ઓરત બાજુની ઝાડીમાંથી બહાર નીકળી આવી હતી અને એણે લક્ષ્મણનું માથું પોતાની ગોદમાં સંભાળી લીધું હતું.

એ રેખા હતી, જીવનરેખા હતી, ભાગ્યરેખા હતી. લક્ષ્મણના જીવનની ટૂંકી થતી દોરને લંબાવવા માટે, અણીના સમયે, સંકટના સમયે લક્ષ્મણની સહાય કરવા માટે આવેલી એ દેવીના કારણે લક્ષ્મણનો જીવ બચી ગયો.

સાક્ષાત યમરાજા, પાડાના વાહન પર સવાર થઈને આવેલા મૃત્યુના દેવ. યમદેવ પાસેથી જેમ સાવિત્રીએ સત્યવાનનો જીવ બચાવ્યો હતો તે જ રીતે લક્ષ્મણનો જીવ બચાવ્યો પેલી વનદેવીએ...!

લક્ષ્મણ બેભાન અવસ્થામાં મોતની નિદ્રામાં પોઢી રહ્યો હતો. પેલી વનદેવી જે જીવનું જતન કરનાર દેવી હતી, ભક્ષક નહીં પણ રક્ષક બનીને મોતની સામે ઝઝૂમી રહેલા લક્ષ્મણને મોતના મુખમાંથી બચાવવા મેદાને પડી હતી.

વેરવિખેર થઈ ગયેલ (એવરેડી બેટરીની મદદથી) તમામ સરસામાન પુનઃ એકત્રિત કરી, પેલી વનદેવી હવે કશુંક વિચારતી હતી. બેહોશ માનવીને સુરક્ષિત જગાએ કેવી રીતે પહોંચાડવો એ એક સમસ્યા હતી.

એ બુદ્ધિશાળી બાનુએ ચારે બાજુથી સુકાયેલાં પાંદડાં ભેગાં કરીને, નાનકડું તાપણું બનાવી દીધું. પછી લક્ષ્મણના પેન્ટ પોકેટમાંથી ગૅસ લાઇટર કાઢીને આગ જલાવી.

તાપણું સળગી ઊઠ્યું. અગ્નિ પ્રજ્વલિત બન્યો. તેની બાજુમાં લક્ષ્મણના પુરુષદેહને વનદેવીએ પોતાના બાવડાનો સહારો આપી વ્યવસ્થિત સુવડાવી દીધો.

એક યૌવનાએ જાણે-અજાણે પુરુષદેહનો સ્પર્શ કર્યો.

કોઈ સિતારના તાર ઝણઝણી ઊઠ્યા.

વાતાવરણમાં માદકતા ફેલાઈ ગઈ. પહેલવહેલો પુરુષદેહનો સ્પર્શ કર્યો એટલે વનદેવી સંકોચાઈ. તેના દિલની ધડકન વધી ગઈ.

એ વાત જ એવી છે, નિરાળી છે.

યૌવના કોઈ પુરુષનો સ્પર્શ, સ્નેહસ્પર્શ કરે ત્યારે તેનો દિલનો દરિયો લહેરાઈ ઊઠે છે. સંવેદનોના સૂર જાગી ઊઠે છે. યૌવના ગીત ગાવા માંડે છે. માદકતા વધી જાય છે અને તન-બદનમાં કોઈક અજીબોગરીબ એવી લાગણી ઉભરાઈ આવે છે.

એ વનદેવીએ સ્નેહથી લક્ષ્મણની વીખરાયેલી ઝુલ્ફો પર હાથ ફેરવ્યો અને લક્ષ્મણના ભાલપ્રદેશ પર કોઈ એક અનોખું, નિરાળું, અપ્રાપ્ય એવું સ્નેહચુંબન કરી પછી લક્ષ્મણના દેહની ગરમી સચવાઈ રહે તે માટે પોતાની સાથે લઈ આવેલ કંબલ પોતે તથા બેહોશ એવા લક્ષ્મણને ઓઢાડી લક્ષ્મણના પુરુષદેહને આલિંગન આપી સ્ત્રીદેહની રહીસહી ગરમી આપીને તે વનદેવી રૂક્ષ્મણી (હમારે ગાંવ કોઈ આયેગા...) પોતાના બીજા સાથીદારોને બોલાવી લાવવા માટે જંગલની જાણીતી કેડીઓમાં અદશ્ય બની.

રામ રાખે તેને કોણ ચાખે...!

જંગલમાં સળગાવેલી તાપણીની આગ ભડભડ સળગતી હતી. બાજુમાં બેહોશ લક્ષ્મણ પડ્યો હતો. તેની પડખે જ વનદેવી (રેખા-રૂક્ષ્મણી)ની રિવોલ્વરમાંથી છૂટેલ બે મોતની ગોળીઓથી વીંધાઈને પ્રભુ દરબારે પહોંચી ગયેલ વિકરાળ, દસથી બાર ફૂટિયો વાઘ પડ્યો હતો.

ખરી વાત છે કે 'રામ રાખે તેને કોણ ચાખે ?'

*

# 9

# રાતે મધરાતે...

"જો બેટા, વાત બહાર જાય નહિ હોં..." વૃદ્ધ ગુલાબસંગે ભેદભરમથી ભરપૂર વાતોનો ખજાનો ખોલવાનો શરૂ કર્યો.

"પહેલાં પૂરેપૂરી ખાતરી કરી લે કે પેલો ઘવાયેલ પરદેશીબાબુ ભાનમાં આવી ગયો છે કે હજી બેભાન જ છે..." વૃદ્ધે બાજુમાં બેઠેલી રુખી (રૂક્ષ્મણી) રેખાને ઇશારો કરી તપાસ કરી આવવા કહ્યું. રેખા ઊભી થઈ. એક ઓરડામાંથી બહાર નીકળીને બાજુના જ ઓરડામાં ઢાળેલા ઢોલિયા (પલંગ) પર સૂઈ રહેલા લગભગ અર્ધમરણ અવસ્થામાં બેભાન એવા લક્ષ્મણને જોઈ રહી... પરદેશી પ્રીતમ તારી વાટ્યું જોઈને થાકી...

પરદેશી સાહ્યબો મળ્યો ત્યારે તે પણ આ સ્થિતિમાં... કોણ જાણે ક્યારે ઊઠશે ? ક્યારે તેના હોઠ, અધરો હસી ઊઠશે ? ક્યારે તેની આંખો, બે મતવાલી કામણગારી, નિર્દોષ ભોળી આંખો, બાળસહજ ભાવે પૂછી લેશે કે હું ક્યાં છું ? અહીંયાં કેવી રીતે આવ્યો ? મને અહીંયાં કોણ લઈ આવ્યું ? આ બધી માયાજાળ શાની છે ? જવાબમાં રેખા બીજું કાંઈ કહેવાને બદલે પરદેશીના ભીનાભીના રસમધુર, ગુલાબી એવા અધરો પર મીઠું મઘમઘતું એક ચુંબન ચોડી દેશે... પરદેશીને રેખા તરત જ જવાબ આપશે...

વાલમજી, તમે મારા દિલમાં રહો છો. ઓખાહરણની વાર્તા તમે કદાચ નહિ સાંભળી હોય. ઓખાહરણની ઓખા જેમ અનિરુદ્ધને કોઈ દૈવીશક્તિની મદદથી પોતાના સ્વગૃહે લઈ આવી હતી તેમ હું તમને જંગલમાંથી જંગલના રેસ્ટહાઉસમાં મારા દાદા (બાપના મોટાભાઈ)ના ઘરે લઈ આવી છું. આ બધી મારી અને મારા બાપા (જગતદાદા) તથા (ગુલાબદાદા) તથા ઘણા બધાની સોનાની પાથરેલી માયાજાળ છે, તેમાંથી તું જીવતો કે મરેલો ક્યારેય છટકી શકવાનો નથી... રુખી (રેખા) લક્ષ્મણના પુરુષદેહને તાકી રહી હતી. પોતાના મનમાં ઘણું બધું વિચારતી હતી. એકાએક તેના મનમાં શું થઈ આવ્યું કે તરત જ તે લક્ષ્મણના ઢોલિયા તરફ ધસી ગઈ.

તેણે લક્ષ્મણના માથા પરના વાળ-ઝુલ્ફો સંવારવા માંડ્યાં. ધીમે ધીમે ગાલે, કપાળપ્રદેશ પર તથા અધરો પર પછી છાતીએ વગેરે જગ્યાએ પ્રેમથી હાથ ફેરવવા માંડ્યો. પાકી ખાતરી કરી લીધી કે પરદેશીબાબુ પ્રભુધામ પહોંચી ગયો નથી. અંતઃકરણમાં ઉભરાયેલ પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચ્યો...

રેખાએ વારંવાર પરદેશી લક્ષ્મણના રસમધુર અધરો પર ચુંબનોની વર્ષા કરી દીધી, કપાળે પર મીઠામધુરાં બે ચુંબનો લીધાં ત્યાં તો દાદાનો અવાજ સંભળાયો :

"રેખા શું થયું ?"

"દાદા, એ ભાઈ હજુ તો બેભાન જ છે. મને લાગે છે કે સવારે પણ ભાનમાં નહિ આવે અને સવારે હૉસ્પિટલમાં લઈ જવા પડશે...!"

"ભલે, તું તારે આ બાજુ અહીં આવ." દાદાએ કહ્યું.

રેખા ફરીથી લક્ષ્મણને માથે હાથ ફેરવીને પાછી ફરી.

ક્યારે કઈ વખતે ? કોઈ ભામિની (નારી) પૂરેપૂરી સ્વતંત્રતા મળતાં મુક્ત રીતે પોતાના પિયુ (પ્રેમી) પર પ્રેમવર્ષા કરે તે કાંઈ નક્કી હોતું નથી. લક્ષ્મણ નસીબદાર હતો કે પહેલી નજરમાં જ રુખી (રેખા)ની નજરમાં વસી ગયો હતો...



વારંવાર ચુમીઓ લેતી, ચુંબનો લેતી રેખા, લક્ષ્મણ જાગતો જ હતો, તેને ભાન આવ્યે, આંખો ખૂલે અને કાંઈક વિચારવા માટે માંડ માંડ ચાર-પાંચ મિનિટ થઈ હશે ત્યાં રેખા (રુખી) કોઈ અજાણી યૌવનાના રૂપે તેના રૂમમાં દાખલ થઈ હતી અને પોતે ખરીદી કરીને લઈ આવેલ હોય, તેમ પોતાનો જ માલ હોય તે અદાથી લક્ષ્મણને ચુંબનો કરવા માંડી હતી. લક્ષ્મણના પુરુષદેહની જોડે છૂટ લેવા માંડી હતી. લક્ષ્મણને આ બધું ગમ્યું ના ગમ્યું તે ખરેખર અકળાયો હતો, મૂંઝાયો હતો, બેચેન બન્યો હતો. લક્ષ્મણનું પુરુષત્વ પણ હુંકાર કરી ઊઠ્યું હતું, લલકાર કરી રહ્યું હતું કે કોઈ મસ્તીએ ચઢેલી ગજગામિનીને બરાબર જિંદગીનો પાઠ શીખવાડી દે, પરંતુ લક્ષ્મણ કાંઈ જ કરી શક્યો નહીં. પોતે ઊઠવા, બેસવા માટે સમર્થ જ ક્યાં હતો ? પોતે મજબૂર હતો, લાચાર હતો. મજબૂરીનું નામ... એટલે મજબૂરી પોતે પોતાની ચિત્ર-વિચિત્ર દશા (અનપેક્ડ ગુડ્સ) પર હસતો લક્ષ્મણ મહાપરાણે પોતાની જાતને કન્ટ્રોલમાં-નિયંત્રણમાં રાખીને પથારીમાં પોતે બેભાન છે તેવો ડોળ કરીને પડ્યો રહ્યો.

વીજળી શોક આપીને જતી રહી. રેખાએ જાહેર કરી દીધું કે પરદેશીબાબુ બેભાન છે. એક બલા ગઈ. મનમાં હાશકારો અનુભવીને લક્ષ્મણ જીવતો-જાગતો આંખો ખુલ્લી રાખીને પડી રહ્યો.

અને આ બાજુએ ગુલાબસંગે, રેખા પડખે આવીને બેઠી એટલે પોતાનું પુરાણ (જૂની વાતો) શરૂ કર્યું. રાતના બાર - સાડા બાર થયા હોવા છતાં આ બુઢ્ઢો અને અક્કલ વગરની છોકરીને ઊંઘ નથી આવતી. મારા બેટા, વાતો કરી કરીને ઊંઘશેય નહિ ને આખી રાત ઊંઘવાય નહિ દે ! પુરાયેલા લક્ષ્મણે બન્નેય જણાંને ઢગલાબંધ ગાળો ચોપડાવી દીધી. જથ્થાબંધ ગાળો...

ગુલાબદાદો કહેતો હતો. રેખા સાંભળતી હતી અને બાજુના રૂમમાં સૂઈ રહેલો લક્ષ્મણ પણ...!!

"બેટા, વિધાતાના ખેલ પણ અપરંપાર હોય છે.

ન જાણ્યું જાનકીનાથે, કાલે શું થવાનું છે ?

આપણા બાપ-દાદાઓ મોટામોટા રાજવીઓ હતા. મોટામોટા રજવાડાં તેમની ચોતરફ હાકો વરતાતી, ભલભલા દુશ્મનોની છાતીનાં પાટિયાં બેસી જાય એવી એમની બહાદુરી હતી. આપણી પોતાની અલગ શાન હતી. સમૃદ્ધિ હતી. સુખસાહ્યબી હતાં. આપણા બધા જૂના કુટુંબીઓ સ્વર્ગ જેવી સુખસાહ્યબીમાં ઊછર્યા હતાં. રાજ્યની તિજોરી તો હંમેશાં છલકાયેલી રહેતી. ધનદોલત, સોના-ચાંદી, હીરા-માણેક, ઝર-ઝવેરાત વગેરે આપણા વડવાઓ પાસે બેસુમાર પાર વગરનાં હતાં. આપણા બહાદુર વડવાઓએ જે તે વખતે રાજ્યો, પરગણા, પ્રાન્ત અને માલેતુજાર એવા પ્રદેશો જીતીજીતીને પોતાના રાજ્યની સીમા વધારવા ઉપરાંત, રાજ્યની તિજોરીને લક્ષ્મીથી તરબતર કરી દીધી હતી.

મહોબતસંગે પોતાના જીવતાં-જાગતાં બધી જ સુખસગવડો અને સ્વર્ગીય આનંદ ભોગવ્યો હોય તેવું કહેવાય છે. તેમના વખતે આપણા ડંકા વાગતા હતા. રાજ્યની હાક અને રાજ્યનો સીમા-વિસ્તાર વધી ગયો હતો. ભારતીય પ્રદેશમાં આપણા કનકપુરની આણ વરતાતી હતી અને પછી તો બાજુના ભારત બહાર આવેલા નેપાળ પ્રદેશમાં પણ હવે આપણો સંબંધ વિકસ્યો હતો. નેપાળનરેશ અને પહેલાં મહોબતસંગના બહાદુરદાદા દિલાવરસંગ જિગરજાન દોસ્ત હતા. નેપાળનરેશ વીરભદ્રસિંહે આપણને જે તે વખતે ભેટ આપેલ રત્નજડિત સિંહાસન પણ હાલ આપણા ‘કનકપુર’ના ‘વૈતાળિયા જંગલ’ વચ્ચે આવેલા ભેદી ખજાનાની મધ્યે મોજૂદ છે...

પણ હાય, આપણાં કમનસીબ... સમય જતાં આપણાં રાજ-રજવાડાં નાબૂદ થઈ ગયાં. આપણી શાન ગઈ, શૌકત ગઈ. દોલત પણ આઝાદી મળ્યાની સાથે જપ્ત કરી લીધી. ત્યારથી તારા દાદાના દાદા મહોબતસંગ, તારા બાપા અને હું તથા ઘણા બધાય ભારતના અંદરખાનેથી વિરોધી બન્યા.

લૂંટારુ સરકારને કોઈ જાતની સલાહ-સહકાર નહીં આપવાનું તથા દેશવિરોધી પ્રવૃત્તિઓ ચાલુ રાખવાનું અમો બધાયે નક્કી કરી લીધું.



જે આપણને લૂંટી જાય, આપણને બરબાદ કરી નાખે તેની સાથે મનના મેળ કેવા ? તેથી કરીને અમોએ પરદેશી મિત્રોની સહાયથી ભારતમાં કેટલીક ગુનાહિત પ્રવૃત્તિઓ શરૂ કરી. હિંમતસિંહને તું તો ઓળખતી હશે કદાચ ? હિંમતસિંહ આપણા દૂરના સગાસંબંધી થાય. હિંમતસિંહને આપણી આ બધી પ્રવૃત્તિઓ ક્યાંથી ગમે ? તેઓ પોતે પણ પોતાના બાપદાદાઓ અને વડવાઓએ ભેગી કરેલી તમામ માલમિલકત ‘હિંમતપુર’નો ખજાનો અને રાજ્યની નાબૂદી ભારત સરકારે કરી દીધી હોવા છતાં તેમને ગરીબ-રાંક બનાવી દીધાં હોવા છતાં તેમના મનમાં આજે પણ ભારત તરફ મોટો આદર છે, માન છે. તેમના મનમાં અખૂટ દેશદાઝ છે. મા ભારત માટે મરી ફીટવાની તમન્ના છે, આરઝૂ છે. જે હકીકત તારા દાદા જગતસિંહને, મને, કિશોરસિંહ તથા કિશોરસિંહના પરદેશી મિત્રોને ગમતી નથી. પણ શું થાય ? માણસનો સ્વભાવ ચિત્ર-વિચિત્ર છે. હવે એ જ રીતે આ ભાઈ, કે જેને તું પરદેશી કહે છે તે કિશોરસિંહનો સગો જ ભાઈ છે અને આ લક્ષ્મણને હું બધીય રીતે ઓળખું છું, જાણું છું, પહેચાનું છું.

આપણી એક અણમોલ ફૅક્ટરી ભૂતિયા પહાડની વચ્ચે ચાલી રહી છે, તે ભારતભરમાંથી પૈસો અને સઘળી દોલત ખેંચી લાવશે ત્યારે આપણે બધા ભારતના સૌથી વધુમાં વધુ શ્રીમંત હોઈશું. જેની વાત હવે પછીથી કહીશ. તારે એક વાત યાદ રાખવી જરૂરી છે. તારે આ બધી પ્રવૃત્તિઓનો ઘટસ્ફોટ કોઈ કાળે મરણાન્તે પણ કરવાનો નથી. સમજી ગઈ છોકરી...'' દાદા ઉવાચ.

‘‘દાદા, એ બધી વાત તો સાચી પણ આપણે ભારત સરકારની નજરમાંથી નજર બચાવીને, સરકારને છેતરીને સંતાડી રાખેલ આપણો શાહી ખજાનો ક્યાં છે ?'' ચૂપ રહેલી રેખા બોલી ઊઠી.

દાદા (ગુલાબસંગ)એ ચૂપ કરવાની નિશાની કરી અને કહ્યું :

‘‘જો બેટા, તારા દાદા મહોબતસંગ એક વખત જંગલમાં શિકાર

કરવા ગયા હતા ત્યારે એક સૈનિક તેમના 'શાહી ખજાના'ની દિશાનું સૂચન કરતો નક્શો ચોરી લઈ ભાગી ગયો હતો. હા, જંગલમાં 'વૈતાળિયા જંગલ'માં. વિકરાળ વાઘે પેલા સૈનિકને પૂરો કરી દીધો હતો. દાદા મહોબતસંગના માણસોએ કપડાં પરથી પેલા ચોર સૈનિકની ભાળ કાઢી. ચોર સૈનિકનું ચૂંથાયેલું હાડપિંજર મળી આવ્યું પણ 'શાહી ખજાના'ની સાચી દિશા બતાવતા નક્શા સાથેનો કીમતી દસ્તાવેજ મળી આવ્યો નહીં. કાં તો ઝપાઝપીમાં તેના ચૂરેચૂરા થઈ ગયા હશે અથવા વા, વાયરા, ટાઢ, તાપ, વરસાદ, તડકાથી દસ્તાવેજી કાગળનો નાશ થઈ ગયો હશે. સાતસોથી નવસો કરોડની કિંમતના શાહી ખજાનાની જગા મેળવવા તથા દસ્તાવેજી કાગળો મેળવવા દાદા મહોબતસંગે આકાશ-પાતાળ એક કર્યા પણ કાંઈ વળ્યું નહિ. સરકારે જ્યારે સ્વરાજ મળતાં રાજ્ય ખાલસા કર્યું ત્યારે મને-તમને સરકારને તાબે થઈને ખજાનો મળશે તેવી આશામાં 'ભૂતિયો ડુંગર', 'વૈતાળિયું જંગલ' તથા પોતાનાથી રખાય તેટલી (૧૦૦૦ વીઘાંથી પણ વધુ) જમીન પોતાની પાસે રાખી પોતાના એકના એક વારસ એવા જગતસંગને ઉપરોક્ત બધી મિલકત તથા શાહી ખજાનાની ભેદની કામગીરી - અધૂરી કામગીરી સુપ્રત કરી મહોબતસંગે દુનિયાને, જગતને અલવિદા કરી. હું તો તારો કુટુંબી છું તે વાત તો તું જાણે છે અને જગતદાદાની એકની એક વારસ એવી તું રુખી (રેખા) છે. તેની સારસંભાળ રાખવાની કામગીરી મને તારા બાપે એટલા માટે સુપ્રત કરી દીધી છે કે તારી સગી માના સ્વર્ગવાસ પછી એકલા જગતસંગ પોતે તને ઉછેરી શકે તેમ ન હતા અને દાદા (જગતદાદા)ના કહેવાતા સ્વાર્થી સગાસંબંધીઓ પૈસા, સ્વાર્થ, માલમિલકત ખાતર તારી સાથે તારા બાપ (જગતસંગનું) પણ કાંસળ કાઢી નાખે. પોતાની વહાલસોઈ દીકરીને કાંઈ ન થાય, તેનો વાળેય વાંકો ન થાય તે માટે મને તારા ઉછેરની જવાબદારી સુપ્રત કરી છે.

દીકરી, હું અને તારી કહેવાતી મા (રૂપાબા) સગા માવતર



નથી. મને માફ કરજે બેટા, આજ દિ' સુધી આ બધી વાતથી તને વેગળી રાખી. આ બધી વાત તારાથી છુપાવી રાખવા તારા બાપુએ જ મને સોગંદ આપીને કહેલું. પણ મારા મનમાં ને મનમાં ખૂબ જ ભાર વધી ગયો અને આ દેહનો ભરોસો ચ્યમ કરીને રાખી શકાય ? જેથી કરીને આ બધી વાતો કહેવા જ આજે તને અડધી રાત ગયે બોલાવી હતી. દીકરી મને માફ કર, મારા ભગવાન પણ મને માફ કરે. દીકરી, હું તારે પગે લાગું છું.'' કહી દાદા ગુલાબસંગ રડી પડ્યો. ડૂસકે ને ડૂસકે રડી પડ્યો અને જમીન પર આળોટવા લાગ્યો ત્યારે રેખા (રુખીએ) દાદા ગુલાબસંગને તેમ કરતાં વારી લીધા; રોકી લીધા.

''બાપા, તમે જ મારા ખરા બાપુ અને મારી મા એ રૂપાલીબા છે. મારા ખરા માવતર તમે જ છો, હું એ રીતે તન-મનથી માનું છું, સમજી રહું છું. બહુ બહુ હવે મને દુઃખી કરો મા...'' કહી રુખી (રેખા) પણ બાપની છાતીમાં સમાઈને ડૂસકે ને ડૂસકે રડતી હતી... ક્યાંય સુધી...

રાત-મધરાત સુધીની આ બધી સિલસિલાબંધ વાતો લક્ષ્મણ સાંભળતો જ રહ્યો અને બાપ-દીકરીએ કરેલ વાર્તાલાપ તથા હૈયાધરી વાતો, એકરાર તથા બાપ-દીકરીના મિલનને - ભાવપૂર્ણ દશ્યને ઓરડીના બારણાની એક બાજુએ છુપાઈને જોતો રહ્યો, જોતો રહ્યો, જોતો રહ્યો...

રાત વીતતી જતી હતી. જેમ વરસાદ વરસી ગયા પછીની શાંતિ મધુર હોય છે અને વાતાવરણ આહ્લાદક હોય છે તે રીતે હૈયા પરથી બોજો હઠી જતાં ગુલાબસંગ હવે કાંઈક હળવાંફૂલ જેવો બની ગયો અને રેખા પણ... એ બન્નેને ઘસઘસાટ ઊંઘતા ભાળીને લક્ષ્મણે પોતે પણ ધીમે પગલે, ખૂબ જ દુઃખ થતું હોઈ, વેદનાના ભારને મહાપરાણે દબાવી રાખીને પથારીમાં જઈને પડ્યો. પડતાં જ પાંચ-દસ મિનિટમાં લક્ષ્મણ ક્યારે ઘસઘસાટ ઊંઘી ગયો તેનું લક્ષ્મણનેય ભાન રહ્યું નહિ.

⁕

# 10

# લક્ષ્મણ લૂંટાયો

સવાર... ખુશનુમા સવાર... તાજગી ભરી દેતું પુણ્ય પ્રભાત... જંગલમાં આવેલું 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'.

પંખીઓનો કલરવ-કલબલાટ-સંગીતમય વાતાવરણ.

લગભગ નવ-આઠ નવના ટકોરે ઘવાયેલા લક્ષ્મણે આળસ મરડી. તે ઝબકીને જાગ્યો. પોતે કયા કામ માટે આવ્યો હતો ? ક્યાં, કેવી રીતે રાત, અધરાતે જંગલમાં વાઘ જોડે બાથડી પડ્યો અને પછી બૂરી દયાજનક હાલતમાં ઘવાઈ જતાં, કોણ, ક્યારે, કઈ રીતે લક્ષ્મણને આ 'જંગલિયા રેસ્ટહાઉસ'માં લઈ આવ્યું ? તે બધી વીતી ગયેલી વાતો, કોઈ ચલચિત્રની પટ્ટીની જેમ લક્ષ્મણના કૉમ્પ્યુટરાઇઝ મગજમાં લબકઝબક કરતી, ચમકી ગઈ, દમકી ગઈ.

'ગુલાબદાદા' આ રેસ્ટહાઉસનો બુઢ્ઢો વૉચમેન, પહેરેગીર જાણે લક્ષ્મણના જાગવાની રાહ જોતો બેઠો ન હોય તે રીતે - જ્યારે જેવો લક્ષ્મણ જાગ્યો કે તરત જ - રૂમમાં દાખલ થઈને,

"સાહેબ, સવારની ચા લેશો કે પછી દાતણ-પાણી કર્યા પછી ?" મનમાં ને મનમાં ખૂબ ગભરાટ હોવા છતાં મોઢા પર મીઠું સ્મિત પાથરીને ગુલાબદાદાએ લક્ષ્મણને પૂછ્યું.

જવાબમાં લક્ષ્મણે પોતે ખૂબ જ ઘવાયેલો છે તે પ્રમાણે ઢોંગ





કરીને હાથના ઈશારાથી 'હમણાં નહીં, થોડી વાર પછી' ગુલાબદાદાને સમજાવી દીધું.

ગુલાબસંગને વિદાય કર્યા પછી લક્ષ્મણની અનુભવી આંખોએ અવલોકન કરી લીધું કે પેલી રાતવાળી છોકરી આ રેસ્ટહાઉસમાં આ વખતે હાજર ન હતી. કદાચ વહેલી સવારે લક્ષ્મણને ઊંઘતો પડતો મેલીને જતી રહી. કોણ જાણે ક્યાં, ક્યારે, કઈ તરફ પેલી એક અજાણી છોકરી જતી રહી હશે ? તેનો લક્ષ્મણે ઝાઝો વિચાર કર્યો નહિ પણ એક વાત તો નક્કી કરી લીધી કે ગમે તેમ કરીને આ ગુલાબદાદો અને રેખા જે બંને જણાં આ બધી રહસ્યજાળ જાણે છે તે બધું જ રહસ્ય તે બંનેનો વિશ્વાસ સંપાદન કરીને જાણી લેવું જરૂરી છે. લક્ષ્મણે કેવેન્ડર્સ કાઢીને વિલાયતી લાઇટરથી સળગાવી પછી લક્ષ્મણ વિચારવા માંડ્યો. હવે શું કરવું ? ક્યાં કેવી રીતે આગળ વધવું ? વ્યવસ્થિત રીતે આયોજન કરીને જ આગળ વધીએ તો જ સલામતીપૂર્વક પાર પાડી શકાય... લક્ષ્મણ વિચારતો હતો.

ફરીથી પેલો ગુલાબસંગ કાંઈક સંકોચાતો-સંકોચાતો અંદર આવ્યો ત્યારે -

"આવો દાદા, મને તમારા દીકરા જેવો જ ગણી લેવો. હું જંગલમાં રાત્રે રેસ્ટહાઉસ તરફ આવવા નીકળ્યો ત્યારે વાઘમામો મારી પાછળ પડી ગયો. મને ખૂબ ઘાયલ કર્યો. મારે મોત હાથવેંત જ છેટું હતું ત્યાંથી અહીં કને કઈ રીતે આવ્યો ? એ વાતની મને કાંઈ જ ખબર નથી." પલંગ પર સૂઈ રહીને જ લક્ષ્મણે કહ્યું.

જવાબમાં વૃદ્ધ અને ચતુર એવા ગુલાબસંગે પોતે રાત્રે જંગલમાં કોઈ કામ લઈને નીકળ્યો હતો. રસ્તામાં તમારી અને વાઘની ધમાલ નજરે પડી ગઈ એટલે વાઘને ઠાર કરીને હું તમને ખભે નાખીને સુરક્ષિત જગાએ લઈ આવ્યો, સાહેબ.. ગુલાબદાદાએ સિફતથી રેખા (રૂક્ષ્મણી)ના બદલે પોતાની જાતને ગોઠવી દીધી અને રેખાએ જે રોલ (ભાગ) કર્યો હતો તે કામગીરી પોતે કરી હતી તેવું નાના બાળકને

ચોકલેટ આપીને કોઈ સમજાવી દે તે પ્રમાણે વૃદ્ધ ગુલાબસંગે લક્ષ્મણને કહ્યું ત્યારે લક્ષ્મણ ઘરડા ગુલાબદાદાની ચાલબાજી જોઈ મનમાં ને મનમાં હસ્યો અને જવાબમાં તેણે કહ્યું :

"દાદા, હું તમારો ઉપકાર જિંદગીભર નહીં ભૂલું અને અત્યારે તો મારી તબિયત સારી નથી એટલે આખો દિ' આરામ કરવો પડશે. દાદા, હું અડધા કલાકમાં પરવારી લઉં છું એટલે ત્યાં સુધી ચા-પાણી-નાસ્તાની ગોઠવણી કરી રાખજો, ભૂખ પણ ખૂબ જ લાગી છે."

"ભાઈ, આ રેસ્ટહાઉસને તમારું પોતાનું ઘર જ સમજી લેજો. અમે બધાં તમારાં પોતાનાં જ છીએ, ક્યાં પારકાં છીએ ? ચા-નાસ્તા-પાણીની વ્યવસ્થા કરી લાવું." કહી દાદા ગુલાબસંગ પણ પોતાની બાડચાતુરી પર વિશ્વાસ કરીને લક્ષ્મણ હવે કોઈ જાતની શંકા-કુશંકા નહીં કરે તેની ખાતરી થતાં જ પૂરેપૂરા સંતોષ સાથે લક્ષ્મણના રૂમની બહાર નીકળી રહ્યો હતો. લક્ષ્મણ-રેખા-દાદા ગુલાબસંગ એકબીજાને જાણે-અજાણે છેતરવાનો પ્રયત્ન કરતાં હતાં. છેવટે કોણ ક્યારે છેતરશે ? એ ઈશ્વર જાણે. એક અનુભવી, વયોવૃદ્ધ વૉચમેન ગુલાબસંગ...! અને વિચિત્ર તેવું ફોરેસ્ટ રેસ્ટહાઉસ, કુર્તા, પાયજામા (સલવાર-ઝભ્ભો) પહેરેલ વૃદ્ધ પણ અડીખમ ચોકીદાર, લીંબુની ફાડ જેવી પહોળી-પહોળી કાળી આંખો.

નાક અને હોઠ વચ્ચે સફેદ જાડી-જાડી રૂની પૂણી જેવી મૂછો અને લાંબા લાંબા હાથ તથા ભરાવદાર ચહેરો, સામાવાળાની છાતીનાં પાટિયાં બેસી જાય તેવો ગુલાબદાદાનો હાકોટો જાણે કોઈ જંગલમાં સાવજ ગરજી રહ્યો ન હોય !

લક્ષ્મણના ઘા રુઝાતાં એકાદ-બે દિવસ થઈ ગયા. તે હવે હરી-ફરી શકતો હતો, પણ પોતે મીઠી મૂંઝવણમાં મુકાઈ ગયો હતો. લક્ષ્મણને ડોહા (ગુલાબસંગ) જરાક પણ આઘોપાછો થવા દેતા ન હતા જ્યારે લક્ષ્મણ પોતે જાતતપાસ કરીને પૂરી ખાતરી કરી લેવા માગતો હતો. લક્ષ્મણ પોતે જાસૂસી (સી.બી.આઈ.) ખાતાનો એજન્ટ છે તે વાતની



જરા પણ કોઈને ગંધ આવી જાય તે લક્ષ્મણને પોતાને પરવડે તેમ ન હતું. છતાં પણ આ બધી માયાજાળ રહસ્યજાળ ભેદીને લક્ષ્મણ તમામ ભેદ ખોલી નાખવા માગતો હતો. દેશાના જાસૂસી ખાતાએ જે વિશ્વાસ મૂક્યો હતો તે વિશ્વાસ - અડગ વિશ્વાસ તૂટે નહીં તે રીતે લક્ષ્મણ પોતાના ખાતાએ તમામ જવાબદારી જે માથે બાંધી હતી તે તમામેતમામ પરિપૂર્ણ કરવા માટે દાદા, જગતદાદા, ગુલાબસંગ અને તેમના તમામ સભ્યોનો વિશ્વાસ સંપાદન કરવાની કામગીરી ખૂબ જ મહત્ત્વની હતી...!

લક્ષ્મણ પોતે જાણતો હતો, સમજતો હતો કે ગુલાબદાદો તેને જાળાં પાછળ ફેરવી રહ્યો છે. ખોટી ભેદભરમની દીવાલોને ચણીને જાણે-અજાણે લક્ષ્મણને સત્યથી વેગળી દિશા તરફ દોરી રહ્યો છે. આ બધું કોણ જાણે શાથી ? કયા અગમ કારણોસર... પેલો વૃદ્ધ વૉચમેન વ્યૂહરચના ગોઠવી રહ્યો છે ! લક્ષ્મણને કાંઈ જ સમજાતું ન હતું...!

ઘણી વખત રાતના અગિયાર-અગિયાર વાગ્યા પછી પેલા બે-ત્રણ દેશી-પરદેશીઓની ટોળકીવાળી બે-બે ઓપન જીપો આવતી. ઘણી વખત બંધ બૉડીના મેટાડોર્સ પણ રાતના સમયે જ ખાસ કરીને જતાં-આવતાં રહેતાં. જીપો અને મેટાડોર્સ સાથે આવેલા નોકર, વેઠિયા, પાંચદસ મિનિટોમાં મેટાડોર્સ-જીપોમાં લઈ આવેલી ચીજવસ્તુઓ કાં તો 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'માં સુરક્ષિત જગાએ ગોઠવી દેતાં અથવા 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'માંની સુરક્ષિત જગાએથી ભારેખમ ચીજવસ્તુઓ ઉઠાવીને બંધ મેટાડોર્સમાં અથવા ખુલ્લી જીપોમાં મૂકી દેતા. હળવો શોરબકોર થતો રહેતો. આ બધી જ કાર્યવાહી રાત્રિના જ ટાઈમે શાથી થતી રહેતી હશે ? તે કોઈ જ સમજી શકતું નહીં. આ બધા સમયે ગુલાબસંગ શાથી એક સસલાની અદાથી બબડતો-ફફડતો, અજ્ઞાત ભયથી ડર્યા કરતો તેની લક્ષ્મણને ખબર પડતી નહિ.

ફોરેસ્ટ રેસ્ટહાઉસ ભેદભરમોથી ભરપૂર હાઉસ હતું, તે ચોક્કસ વાત હતી. રાતના સમયે થતી બધી જ કાર્યવાહી સમગ્ર દેશના માટે,

દેશના અસ્તિત્વ માટે જોખમી હતી તે પણ એક સત્ય હકીકત હતી.

બિચારા લક્ષ્મણના બૂરા હાલ હતા. જંગલમાં વાઘના જીવલેણ હુમલાથી અને વાઘના દાંત, નહોરના ઘા પણ હજી તરોતાજા હતા. આ જીવલેણ ઘા હજીય રુઝાયા ન હતા. માંડ માંડ લક્ષ્મણ હરી-ફરી શકતો હતો. હજુ પૂરતા આરામની જરૂર હતી તેમ છતાં લક્ષ્મણને એ વાતની જ ચિંતા ન હતી પણ લક્ષ્મણને એક જ વાતની મોટામાં મોટી ચિંતા સતાવી રહી હતી કે સી.બી.આઈ.ના કન્ટ્રોલ રૂમ હેડક્વાટર્સથી કોઈ જાતની હવે કેવી કાર્યવાહી કરવી ? આગળ કયા કયા સાવધાનીપૂર્વકનાં પગલાં ભરવાં અને કેવી રીતે ગોઠવી કાઢેલ પ્લાન પ્રમાણે આગળ વધવું તે અંગેની કોઈ જ સૂચના મળી ન હતી. વાયરલેસ યંત્ર મારફતે મહાપરાણે લક્ષ્મણે બે-ત્રણ વખત હેડકન્ટ્રોલ પોઇન્ટનો કોન્ટેક્ટ સાધવા પ્રયત્ન કર્યો પણ બધું જ પાણીમાં.

લક્ષ્મણ સુનીતા જયસ્વાલની રાહ જોતો હતો. જેમ ચાતક પક્ષી જે આતુરતાથી મેઘરાજાની રાહ જુએ તેવી જ દશા લક્ષ્મણની હતી.

એકાદ દિવસની સ્મશાનવત્ શાંતિ વખતે ગુલાબદાદા પોતાના કુદરતી રંગમાં આવી જતો અને ખુલ્લંખુલ્લા દિલે કુદરતી ભાવથી ગુલાબસંગ વાતચીત કરતો રહેતો. બધી દિલની વાતો ખોલી નાંખતો. મોકળા મને વાતો કર્યા કરતાં પણ જ્યારે ભેદભરમવાળી દેશી-પરદેશીઓની ગાડીઓ આવવા-જવાની હોય ત્યારે જવા-આવવાની આગલી રાતે ગુલાબસંદ અદશ્ય થઈ જતો અથવા હાજર રહે તો તેના ચહેરા પર સફેદ ભાવહીન શૂન્યતા પથરાયેલી રહેતી. કોઈ પારાવાર ગહન, શોક, દુઃખ, ગ્લાનિથી ગળાડૂબ બનેલા ગુલાબસંગ જાણે પોતે મોતનો યમદૂત હોય તેવું લાગતું હતું.

આ રીતે વળી પાછા દસ-દસ દિવસો વીતી ગયા.

બીમારીના બહાના હેઠળ - સારવાર મેળવતાં મેળવતાં લક્ષ્મણે 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'માં રહેતા બધા જ માનવપ્રાણીઓનો પ્રેમ સંપાદન કરી લીધો હતો. રેસ્ટહાઉસમાં હરતા-ફરતા લક્ષ્મણે 'ફોરેસ્ટ



રેસ્ટહાઉસ'ની ઝીણામાં ઝીણી હકીકતથી વાકેફ કરતી માહિતી ભેગી કરી લીધી હતી.

આજે અમાવસ્યાની રાત ઊગવાની હતી... ભયંકર વાતાવરણ સર્જાશે અને પહેલેથી વધુ સાવધ રહેવું પડશે અને પોતે તૈયાર કરેલ ઑપરેશનને સફળતાપૂર્વક પાર પાડવા માટે આજે જાનની બાજી લગાવવી પડશે જેની ગંભીરતા લક્ષ્મણ પોતે પણ સમજતો હતો - જેની અગાઉથી જ લક્ષ્મણે ઘણી બધી પૂર્વતૈયારી કરી લીધી હતી.

દુશ્મનોથી છુપાવી રાખેલ નાનકડું બેટરીના બલ્બ જેવું વાયરલેસ મશીન ફરીથી જાંઘના ભાગમાંથી બહાર કાઢીને લક્ષ્મણ વાયરલેસ યંત્રને સેટ કરવા મથી રહ્યો. અવનવા ભાગને ફરીથી યથાવત્ રીતે સાંધીને ફરીથી હેડ કન્ટ્રોલરૂમનો સીધો સંપર્ક સાધવા ખૂબ મથામણ કરી. લક્ષ્મણે લગભગ અડધો-પોણો કલાક મથામણ કરી પણ બધુંય પાણીમાં...

તે વાયરલેસ યંત્રને સેટ કરી રહ્યો હતો તે વખતે તેના વાયરલેસ યંત્રે કોઈ ચિત્ર-વિચિત્ર મેસેજ રિસીવ કર્યો. વાયરલેસ યંત્ર કહેતું હતું : (અંગ્રેજીમાં મેસેજ હતો) "હલ્લો... હલ્લો... ધીસ ઇઝ... કોડ નં. w (ડબલ્યુ) સ્ટેશન... ઓન... લાઇન... યુ... આર... હીઅર બાય... ડાયરેક્ટેડ.... બાય ધી ઓથોરિટી... ટુ... વિઝિટ ધેટ ફોરેસ્ટ રેસ્ટહાઉસ ઈમીડીએટલી... રેખા એન્ડ યુ... મસ્ટ શી ગુલાબદાદા.... પોઝીટીવલી એન્ડ ઇન્ફોર્મ હીમ ધેટ... z (ઝેડ) ઑપરેશન મસ્ટ... બી... કમ્પ્લીટેડ ટુ નાઇટ વીધાઉટ ફેઇલ... O.K." કહી ટક..ટક..ટક... કરતું વિચિત્ર મેસેજ રિસીવ કરીને લક્ષ્મણનું વાયરલેસ યંત્ર શાંત થઈ ગયું. આ વિચિત્ર પણ અગત્યનો સંદેશો લક્ષ્મણે પોતાની ડાયરીમાં નોંધી લીધો. લક્ષ્મણ કાંઈક વિચારતો હતો. રેખા કોણ ? આ નવી બલા ક્યાંથી ટપકી પડી ? ચોક્કસ કોઈ વિદ્રોહીઓની એજન્ટ, જાસૂસ જ હોવી જોઈએ. જે હોય તે દેખા જાયેગા. આગે આગે દેખા જાયેગા. વળી પાછો લક્ષ્મણ વાયરલેસ

યંત્રને સેટ કરવામાં પરોવાયો. તે ગણતરીની મિનિટોમાં જ સફળ થયો. હેડ કન્ટ્રોલના બદલે નજીકના જ અંતરેથી સુનીતા જયસ્વાલ વાયરલેસ યંત્રથી મેસેજ મૂકતી હતી : "હલ્લો... હલ્લો... ધીસ... ઇઝ... એસ... સ્પીકીંગ... આઇ એમ... ફીસીંગ ધેટ રેસ્ટહાઉસ... ટુ... નાઇટ... કીપ... એવરીથિંગ... રે...ડી... ઓ...કે..." લક્ષ્મણે વાયરલેસ યંત્રથી સામે છેડે સંદેશો વહેતો મૂક્યો કે : "ઓ...કે... ઑલ... ઇઝ.. રેડી... કમ સુન..." કહી કોઈ જાણી કે જોઈ તો નથી ગયું ને તેની ખાતરી કર્યા બાદ જ લક્ષ્મણે નાનકડું વાયરલેસ યંત્ર ફરીથી સુરક્ષિત જગાએ ગોઠવી દીધું અને તેણે સુનીતા જયસ્વાલના સ્વાગતની તૈયારી કરવા માંડી.

લક્ષ્મણને આજની રાતે બે કામ કરવાં પડે તેવાં હતાં. તે કામગીરી સફળતાપૂર્વક પૂરી પાડી શકે તો જ ઉપલી કચેરી (ગુપ્તચર સંસ્થાની ઉચ્ચ કચેરી) લક્ષ્મણની પીઠ થાબડે, નહિ તો પછી લક્ષ્મણના માથે માછલાં ધોવાય તેવી પરિસ્થિતિ સર્જાવાની હતી, જે હકીકત લક્ષ્મણ સારી રીતે જાણતો હતો.

નાનકડા વાયરલેસિયા યંત્ર પર આવેલા સંદેશા પ્રમાણે આજે રેખાએ ફોરેસ્ટ રેસ્ટહાઉસની અચૂક મુલાકાત લેવી જરૂરી હતી અને 'Z' ઑપરેશન પૂરું કરવું તેટલું જ અનિવાર્ય હતું. દુશ્મન પક્ષે આજની રાત કતલની રાત હોઈ કોઈપણ રીતે દુશ્મનની ચાલમાં ન ફસાઈ જવાય અને પોતાની કામગીરી સલામત રીતે પાર પાડવા આજે લક્ષ્મણ કટિબદ્ધ બન્યો હતો. લક્ષ્મણે આજે પૂરેપૂરી કમર કસી હતી.

'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'નો પીઢ વૉચમેન ગુલાબસંગ પણ આજે અચાનક ભેદી રીતે અદશ્ય બની ગયો હતો. તેની ભાળ મેળવીને દુશ્મન પક્ષે પહોંચવું એ લોઢાના ચણા ચાવવા સમાન હતું. બીજું રેખાની પણ પૂરેપૂરી તપાસ કરી તેનો પડછાયાની જેમ પીછો પકડવાનું કામ પણ એટલું જ ફરજિયાત હતું. જ્યારે બીજી બાજુ સુનીતા જયસ્વાલ (સી.બી.આઈ. ચીફ રિપોર્ટર) પણ આજે મુલાકાતે આવવાની હોઈ



તેના માટે પણ કોઈનું ધ્યાન ન આવે તે રીતે તેને રિસીવ કરી પછી બધી જ માહિતીથી વાકેફ કરવાની કામગીરી પણ આજે જ પૂરી કરવાની એટલી જ જરૂરી હતી.

લક્ષ્મણને આજે ત્રિપાંખીયો જંગ ખેલવાનો હતો.

એક મર્દ અને બે હસીનાની સામે જંગ જીતવાનો હતો. જોકે લક્ષ્મણે શરૂઆતથી જ બધી પૂરેપૂરી તૈયારીઓ કરી દીધી હતી. વાઘની સાથેના લડાઈના બધા જ ઘા રુઝાઈ ગયા હતા છતાં પણ પોતાને વધારે ઈજાઓ થઈ છે તેવો ઢોંગ કરીને વધારાના દસ દિવસ સુધી તેણે પૂરેપૂરો આરામ અને તમામ બાતમી મેળવી લીધી હતી. અને તેમાંય રેખાના દિલમાં લક્ષ્મણ માટે 'સૉફ્ટ કૉર્નર' આઇ મીન કે રેખાના દિલમાં લક્ષ્મણ માટે લાગણીની ભીનાશ હતી. રેખા લક્ષ્મણને ચાહતી હતી, આવકારતી હતી તે બાબત લક્ષ્મણ માટે આશીર્વાદ સમાન હતી.

વાઘની સાથે અથડામણ પછી ઘવાયેલા લક્ષ્મણને બચાવીને લઈ આવેલી રેખા, લક્ષ્મણના ઘાની મલમપટ્ટી કરનાર રેખા અને ગુલાબસંગની વાતચીત દરમિયાન મોકો મળતાં લક્ષ્મણે પોતાના સ્નેહ ચુંબનોથી નવડાવી દેનાર રેખા - એક હુશ્નપરી, એક ચબરાક વાઘણ જેવી વીર અને બાહોશ રેખાનો આજે લક્ષ્મણને મુકાબલો કરવાનો છે, તે હકીકતથી આજે લક્ષ્મણ પુલકિત હતો, આનંદિત હતો. તે વખતે અર્ધબેભાન અવસ્થા હતી, તે વખતે લક્ષ્મણ હોશમાં ન હતો. જ્યારે આજે તો પૂરેપૂરી રીતે તૈયાર અને હોશિયાર બનીને રેખાની મુલાકાતે જનાર હતો. રેખાની સાથે નજરો મેળવીને ભલે હોશ ન રહે, ભલે લક્ષ્મણ મદહોશ થઈ જાય પણ ત્યાં સુધીની તો લક્ષ્મણે પૂરેપૂરી તૈયારી કરી દીધી હતી.

લક્ષ્મણે સહુ પ્રથમ ગુલાબદાદાની ભાળ મેળવી લીધી. આ દાદો વિચિત્ર હતો. દાદાની હકીકતો પહેલેથી જ સમજાય તેવી હતી નહિ એટલે તેની ઉપર ઝાઝો વિશ્વાસ રાખી શકાય તેમ ન હતો; પણ

તે આજે રાત્રિના સાડાબાર વાગ્યે એક હોશિયાર એન્જિનિયરની મદદથી ચાલીસથી પચાસ મજૂરોના ટોળા પાસેથી જંગલના મધ્યભાગવાળી જગા આગળ ઝાડી-ઝાંખરાં સાફ કરાવીને કોદાળી-ત્રિકમ-પાવડા તથા બીજાં બધાં સાધનોનો તાકીદે ઉપયોગ કરવાના સલાહ-સૂચનો આપતો ગુલાબદાદો અડધી રાતે રોકેલા પચાસ મજૂરો પાસે ૧૦થી ૧૨ પેટ્રોમેક્ષો કે જે અડધી રાતે સખત દૂધિયું ચકચકિત અજવાળું પાથરતા હતા તેના અજવાળા થકી મજૂરો જોડે ઝાડી-ઝાંખરાં સાફ કરાવીને કોઈ બોગદું કે ભોંયરું ખોદાવી રહ્યો હતો. તેના અવાજમાં હુકમનો ભાર હતો. તેનાં સલાહ-સૂચનોમાં કોઈપણ ભોગે આ કામગીરી પૂરી થવી જ જોઈએ તેવી ગણતરી અને આયોજનનો પડઘો સંભળાતો હતો. આ બાજુ ગુલાબદાદો પોતાની કાર્યવાહીમાં ગળાડૂબ હતો, પરોવાયેલો હતો જેથી તેને પોતાની પીઠ પાછળ જ કોઈ પચીસ એક વાર દૂર ઊભું રહીને આ 'Z' ઑપરેશન અંગેની કાર્યવાહીનો એક ભાગ કોઈ જાણે-અજાણ્યે જોઈ રહ્યું છે, તેનો અભ્યાસ કરી રહ્યું છે, તે ગંભીર બાબતનો ખ્યાલ જ ક્યાંથી આવે ? તે તો બિચારો પોતાને સુપ્રત કરેલ કામગીરી પૂરી કરવામાં તન-મન-ધન લગાવીને બસ વળગી જ પડ્યો હતો.

લક્ષ્મણે લગભગ વીસેક મિનિટ સુધી ગુલાબસંગ અને તેના પચાસ મજૂરોની પ્રવૃત્તિનો અભ્યાસ કરી લીધો અને અંદાજ લગાવ્યો કે હજુ આ લોકોનું ખોદકામ પૂરું કરવામાં લગભગ દોઢથી બે કલાક લાગે તેમ છે જેથી અહીંના અહીં રોકાઈ રહેવામાં એક જોખમ છે, વળી ફોરેસ્ટ રેસ્ટહાઉસ રેખા અને સુનીતા બે હસીનાઓનો સંગમ થઈ જાય તો તેઓ બન્ને કોઈ ઓર નવી મુસીબતો ઊભી કરે. જેથી તે પ્રમાણે ગણતરી કરીને ફરીથી આ જ સ્થળે કલાક પછી આવવું તેમ નક્કી કરીને લક્ષ્મણે રેસ્ટહાઉસ તરફની દિશાએ દમ માંડ્યાં.

'સીસ... સીસ... શુ... શુ... સી...સ...' રેસ્ટહાઉસ તરફ સરકતા સાપની ઝડપથી આગળ વધી રહેલા પેલા લક્ષ્મણને કોઈ બોલાવતું હતું, છાનોછપનો ઈશારો કરતું હતું. લક્ષ્મણે પોતાના કાન



સસલાની જેમ ઊંચા કરી સરવા કર્યા અને જે દિશામાંથી અવાજ આવતો હતો તે દિશા તરફ જેવી દૃષ્ટિ સ્થિર કરી કે મોટી જીપ, ચોરબેટરીનો પ્રકાશપુંજ તેના ચહેરા પર ઠલવાયો. બેટરી (હાથબેટરી)માંથી વહી નીકળેલો, અચાનક ઠલવાયેલો પ્રકાશનો ધોધ કોઈ ભારે વાહનના બબ્બે હેડલાઈટના પ્રકાશના ધોધ જેટલો શક્તિશાળી હોઈ લક્ષ્મણ અકળાયો, અંજાઈ ગયો, બહાવરો બની ગયો. તે કાંઈ જ વિચારે તે પહેલાં લક્ષ્મણની આગળ વીજળીવેગે કોઈ ધસી આવ્યું અને લક્ષ્મણના જડબા પર 'ધાડ-ધડામ-ધુમ-ધડામ' એમ જાપાનીઝ પદ્ધતિના-કરાટેવાળી બેચાર ફેંટો લક્ષ્મણને રસીદ થઈ ગઈ. લોખંડી ફેંટોના મારથી લક્ષ્મણ નીચે પડી ગયો અને તેના મુખપ્રદેશથી લોહી પણ નીકળવા માંડ્યું. તે ચત્તોપાટ નીચે પડ્યો. તે 'ઓહ... નો ઓહ ગોડ...' અને દર્દ સાથે કણસી રહ્યો. વેદના સાથે કણસતો હતો. તેની આ બધી જ બહાવરી પરિસ્થિતિનો લાભ ઉઠાવીને હુમલો કરનાર લક્ષ્મણની છાતી પર ચઢી બેઠું હોય તેવું લક્ષ્મણને લાગ્યું ત્યારે પોતાની જાતને બચાવ્યા સિવાય કોઈ જ ઉપાય નથી તે વાતની ખાતરી થતાં લક્ષ્મણે પોતાના લાંબા પગ ઝડપથી સંકોચી દઈને, ઘૂંટણ સુધી વાળી દઈને એક જોરદાર લાત (બન્ને પગમાં જેટલું જોર હતું તે બંને પગ જે લક્ષ્મણની છાતી પર ચઢી બેઠું હતું તેના ચહેરા આગળ લાવીને) પેલા ઉપર ચઢી બેસનાર હુમલાવરના સીનામાં ઠોકી દીધી. સામાવાળાના હાથમાંથી ચોરબેટરી ફંગોળાઈ અને સામેવાળો ઊછળીને સામે છેડે 'ભફડાંગ' અવાજ સાથે અંધારામાં ફંગોળાયો. તરત જ લક્ષ્મણે ચિત્તા જેવી સતર્કતા વાપરીને પેલી વ્યક્તિ પાસે પહોંચી જઈને પેલી વ્યક્તિનું બાવડું પકડી બંને હાથ પકડી લીધા અને અવળી દિશામાં પીઠ પાછળ લઈને એક હાથની મદદથી વાળી દીધા અને 'ડૉન્ટ મુવ, ડૉન્ટ બી સ્માર્ટ ઈનફ અધર વાઈઝ આઈ વીલ કીલ યુ-' લક્ષ્મણે સખ્તાઈથી હુકમ કર્યો અને બીજા હાથમાં પકડી રાખેલી ઓટોમેટિક (પિસ્તોલ) જ્યારે સામાવાળી વ્યક્તિની ખોપરીએ અડકાડી દીધી ત્યારે

સામાવાળી વ્યક્તિ સહેજ ઠંડી પડી ગઈ અને તેણે પણ તરત જ સમયસૂચકતા વાપરીને પોતાની ઓળખ આપી દીધી કે -

"ઓ.કે., ઓ.કે. લક્ષ્મણ ધીસ ઇઝ સુનીતા જયસ્વાલ હીયર."

"સોરી મેડમ, તમારો મેસેજ મને મળ્યો ખરો પણ આ રીતે અંધારામાં આપણી મુલાકાત થશે અને વિચિત્ર ચિત્ર-વિચિત્ર સંજોગો ઊભા થશે તેવી મને કલ્પના જ ન હતી." લક્ષ્મણે જવાબમાં કહ્યું ત્યારે -

"તમને અંધારામાં જંગલની લટાર મારવાની ટેવ હશે અને તમે જ મુક્ત મને કોઈ સાવજ જંગલ મધ્યે ફરવા નીકળી પડ્યા હશો તેની મને શું ખબર ? એટલે જ અંધારામાં ખબર ના પડી એટલે જાપાની કરાટેથી બેચાર ફેંટ લગાવી દેવી પડી. આઇ એમ સોરી. સોરી લક્ષ્મણ." જવાબમાં સુનીતાએ કહ્યું અને તે ખડખડાટ હસી પડી પણ "એઈ બુદ્ધુ, હવે તો મારા બાંધેલા હાથ છોડ કે પછી આખી જિંદગી હાથ બાંધેલા જ રાખવા છે..." સુનીતાએ ફરીથી મજાક કરી. જવાબમાં -

"ઓહ, હું તો એ ભૂલી જ ગયો હતો. આઇ એમ અગેઇન સોરી મેડમ." કહીને લક્ષ્મણે ટૂંકમાં અત્યારે ચાલી રહેલી ગુલાબદાદાની પ્રવૃત્તિ વિશે સુનીતા જયસ્વાલને આછો ખ્યાલ આપી દીધો. પછી બન્ને જણાં તરત જ ઊલટાપાય તે જ દિશામાં જ્યાં ગુલાબદાદા અને તેનું મજૂરમંડળ ખોદકામ પ્રવૃત્તિમાં મશગૂલ હતું તે જગાએ ગયાં અને તે સ્થળેથી થોડે દૂર પહોંચી, તે સ્થળ દૂરથી બતાવીને પેટ્રોમેક્ષનો પ્રકાશપુંજ રેલાતો હતો તે દિશાએ આંગળી ચીંધીને લક્ષ્મણે સુનીતાને કહ્યું : "મેડમ, યુ કીપ એ શાર્પ વૉચ એન્ડ આઇ વીલ શી યુ આફ્ટર એન અવર ટુ ધીસ પ્લેસ - હું તમને અહીંયાં આ જ સ્થળે ફરીથી એક કલાક પછી મળું છું." કહી હવાલો સુનીતાને સુપ્રત કરી, લક્ષ્મણ 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ' તરફ ઉતાવળે ભાગ્યો, ઊંચો શ્વાસ રાખીને... 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'ના જંગલમાં આજુબાજુ કાળમીંઢ ઘોર અંધારું પથરાયું હતું. અંધકાર જાણે આખી સૃષ્ટિને ઓગાળીને પી જવા મથી ના રહ્યો



હોય તેવું ઘોર કાળમીંઢ વાતાવરણ હતું.

પ્રકાશ-અંધકારની આંખમિચોલીવાળી રમત.

પ્રકાશને ઘોળીને, ઓગાળીને અંધકાર પી જવા મથતો હતો. જંગલમાં તમરાં બોલતાં હતાં. શિયાળવાં ક્યારેક ક્યારેક રડી-કકળી ઊઠતા, ઉકા-ઉકા-ઉકા કરીને કાળો કકળાટ કરીને વાતાવરણ ભયંકર-મહાભયંકર બનાવી દેતાં હતાં. ભલભલા કઠણ કાળજાવાળા પથ્થરદિલ-હિંમતવાન મર્દ માણસના હાંજા ગગડી જાય તેવું ભેંકાર-ભયંકર શાંત-સ્મશાનવત્ શાંત વાતાવરણ ભાસી રહ્યું હતું. કાળે જાણે કોઈનો કોળિયો કરી જવાનું નક્કી કર્યું હોય તેવી અશુભ ઘડી જાણે હવે નિશ્ચિત થઈ ગઈ હોય તેવું ભયંકર ભવિષ્ય ભાખી શકાય તેવું બિહામણું વાતાવરણ સર્જાયું હતું.

હૈયે અખૂટ હામ રાખીને લક્ષ્મણ ફોરેસ્ટિયા રેસ્ટહાઉસ તરફ ઝડપથી અતિઝડપથી આગળ વધી રહ્યો હતો.

જંગલની ઝાડીમાં ક્યારેક ક્યારેક ઘુવડ જેવાં નિશાચર પક્ષીઓની પાંખોનો ફફડાટ અને તેમનો 'મુ...ઓ...એ...મુ....ઓ...' જેવો જ સંભળાઈ રહેલ, કોઈક ચિત્ર-વિચિત્ર ધ્વનિ, દૂર દૂર શાંત વાતાવરણમાં કોઈ ચિત્તા-દીપડાએ વાંદરા કે તેના બચ્ચાંને તેના સુરક્ષિત સ્થાનેથી ઝડપી લીધું હોય ત્યારે તે વખતના વાંદરાનાં બચ્ચાં, વાંદરાના બચ્ચાંની મા તથા વાનર કુટુંબે મચાવેલ ભયંકર, મરણતોલ, દારુણ ચિચિયારીઓ વાતાવરણની ભયંકરતામાં વધારો કરી રહ્યાં હતાં.

એક શક્તિશાળી જીવ બીજા પામર કે ઓછા શક્તિવાળા જીવ પર કાતિલ હુમલો કરીને પોતાને ભક્ષ બનાવી જાય ત્યારે પામર જીવની દારુણ વ્યથા ભલભલા કઠણ કાળજાને ચીરી નાખે તેવી હોય છે, પણ જંગલમાં હોય કે પછી દુનિયામાં હોય હવે કોઈને કોઈની પડી નથી હોતી કે કોઈ કોઈની પરવાહ કે ચિંતા નથી કરતું ? શા માટે કરે ? પોતે પોતાના કુટુંબની, પોતાની પળોજણમાંથી ક્યાં ઊંચાં આવતાં

હોય છે ? તે દુનિયાની ચિંતા માથે લઈને ફર્યા કરે.

એવા લાખોમાં એક સાધુ-સંતજન, ફકીરો હોય છે કે જે જીવનને જીવી જાણે છે, જીવનનો ખરા અર્થમાં ઉપયોગ કરી જાણે છે ! ખેર ! લક્ષ્મણના લલાટે દેશવિરોધી તત્ત્વો કે જે ગુપ્ત અવસ્થામાં દેશ સાથે ગદ્દારી કરી, સમગ્ર દેશને, દેશની પ્રજાને આડાઅવળા રસ્તે ચઢાવી દઈ, અરાજકતાનું વાતાવરણ, રાજ્યનીતિ ભારત દેશની અખંડિતતાના ટુકડેટુકડા કરી નાખવા મથનાર એવી ટોળીને નાબૂદ કરવાની, જેર કરવાની ચિંતા લખાણી હતી જેનાથી આજે તે બેહદ ચિંતિત, બેહદ પરેશાન હતો.

વાતાવરણનો અંધકાર પણ ગાઢ હોઈ સાથ આપતો ન હતો, ને ખૂબ ઝડપથી રેસ્ટહાઉસે પહોંચી જવા માગતો હતો. પણ આજે જંગલની ઝાડી-ઝાંખરા લક્ષ્મણને ભુલભુલામણીમાં નાંખી દેવા મથતાં હતાં.

સરરર...સર... એક કાળો નાગ જંગલની ઝાડીમાં ઘૂમી રહ્યો હતો. હાથબેટરી, ચોરબેટરીનો પ્રકાશ સહન ન થવાથી તે ઝાડીમાં સરકી ગયો હતો. પાંચફૂટિયો લાંબોલસ નાગ, ત્યાંથી દસ મિનિટના અંતરે ઝાડીના સહારે એક લટકતા અજગરની જીભ લબકારા મારતી હતી. હળવે રહીને માર્ગ કાઢીને લક્ષ્મણે હવે જાણે રેસ્ટહાઉસ નજીક આવી ગયું તેમ ધારીને સીધી દોટ જ મૂકી -

'ફોરેસ્ટિયું રેસ્ટહાઉસ' ગાઢ શાંતિમાં સોડ તાણીને સૂતું હતું. રેસ્ટહાઉસમાં તે વખતે લાઇટની ગેરહાજરી જણાતી હતી. તેથી તે પણ અંધકારમાં ગરકાવ થઈ ગયું હતું, ડૂબી ગયું હતું. તેણે એટલે કે લક્ષ્મણે રેસ્ટહાઉસના આગળના દરવાજાના બદલે પાછળના ફેન્સિંગ તાર વચ્ચે થઈને જવું પસંદ કરી લીધું. જો કે તેમ કરવામાં ૧૦૦ ટકા જોખમ હતું પરંતુ તે વખતે વિચારવાનો સમય ન હતો કે કદાચ ફેન્સિંગમાં કે લોખંડના કાંટાવાળા તારમાં વિદ્યુતપ્રવાહ જીવતો હશે તો લક્ષ્મણને ભરખી જશે. જય બજરંગબલીનું નામ લઈને લક્ષ્મણે તાર, કાંટાળો તાર એક હાથથી પકડી લઈને નીચો નમી પોતાની જાત



સંકેલી લીધી. પછી તે તારની વાડની અંદર ધસી ગયો (પેસી ગયો) અને રેસ્ટહાઉસમાંના કમ્પાઉન્ડમાં આવી ગયો.

કોઈ જાગતું તો નથી ને ! કોઈ જોતું તો નથી ! તેની ખાતરી કર્યા પછી જ લક્ષ્મણ પોતાના માટે રાખેલા રૂમ તરફ જતો હતો ત્યારે રાતનો, મધરાતનો એક વાગ્યો હતો.

પોતાના રૂમની ચાવી ખોલ્યા પછી લક્ષ્મણ જેવો રૂમમાં - રેસ્ટહાઉસના રૂમમાં પ્રવેશ કર્યો કે આખી રૂમ ચોખ્ખીચટ્ટ સાફ થઈ ગઈ હતી. અંદરનું દૃશ્ય જોઈને લક્ષ્મણની આંખો જ પહોળી થઈ ગઈ. રેસ્ટહાઉસના આ રૂમમાંની લક્ષ્મણની બધી જ ચીજવસ્તુઓ ગાદલા, પલંગ, પીવાના પાણીનો લોટો, લક્ષ્મણની મુસાફરીની બૅગ, બિસ્તરાનો સામાન તથા સુરક્ષાનો તમામ સામાનને આટલી આસાનીથી કોણ ઉઠાવી લઈ જશે અને ઘડીના છઠ્ઠા ભાગમાં લક્ષ્મણની રૂમ માસ્ટર કીથી ખોલીને થોડી વારમાં આખી રૂમ ચોખ્ખીચટ્ટ કરી દેશે તે હકીકત સાચી હકીકત છે કે સ્વપ્ન છે તેની પોતાની જાતને પૂરી ખાતરી થતાં લક્ષ્મણ રેસ્ટહાઉસના વૉચમેન તથા બીજા બધા માણસોને ચોરી અંગે વાકેફ કરવા, માહિતગાર કરવા બીજા બધા જે જગ્યાએ રહેતાં હતાં તે ક્વાટર્સ તરફ ભાગ્યો.

લક્ષ્મણ જાણે-અજાણે આબાદ રીતે લૂંટાયો હતો.

*

# 11

# રાવણની નગરી

લક્ષ્મણ લૂંટાયો અને લક્ષ્મણ સીધો ફોરેસ્ટ રેસ્ટહાઉસના સ્ટાફ ક્વાટર્સ તરફ પોતે લૂંટાઈ ગયો છે, પોતાના શરીર પર પહેરેલાં કપડાં સિવાય લૂંટારાઓએ - ચોરલોકોએ કાંઈ જ બાકી રાખ્યું નથી તે વાતની વધામણી ખાવા તે દોડ્યો.

ધમણની જેમ શ્વાસ ચાલતો હતો. લક્ષ્મણે એક એક ક્વાટર્સના લાકડાના ખપાટિયાવાળા ઝાંપા-દરવાજા ખટખટાવી જોયા પણ પરિણામ શૂન્ય આવ્યું. કોઈ જાણે અહીંયાં રહેતું જ ન હતું કે શું ? આ રેસ્ટહાઉસમાં ચિત-પરિચિત માણસો હવામાં પીગળી ગયા કે પછી કાળમીંઢ અંધકારમાં ઓગળી ગયા કે શું ?

ફોરેસ્ટ રેસ્ટહાઉસની વસતિ નિર્જીવ થઈ ગઈ હતી ! રેસ્ટહાઉસમાં શૂન્યાવકાશ સર્જાયેલ હોવાની ખાતરી થતી હતી. રેસ્ટહાઉસમાં અમાવાસ્યાની આગલી રાતે Z (ઝેડ) ઑપરેશન શરૂ થવાનું હતું કે ઑપરેશન શરૂ થઈ ચૂક્યું હતું ? હકીકત તો રામ જાણે !!

કોઈ વિચિત્ર ષડયંત્ર રચાઈ ચૂક્યું હતું.

રામની ભૂમિ પર રાવણની વસ્તી અને રાવણની નગરી આકાર લેતી હતી. થોડી વાર પછી સ્મશાનવત્ શાંતિનો ભંગ થયો. રેસ્ટહાઉસમાં સળવળાટ થયો. રેસ્ટહાઉસના મુખ્ય દ્વારે-મેઇન ગેટ પર





એકથી પાંચ જેટલી મોટી મોટરવાન જેવી બંધ બૉડીની પોલીસવાન જેવી ટ્રકો લાઈનબંધ ઊભી રહી અને તેની હેડલાઇટના પ્રકાશથી બધું વાતાવરણ તેજમય રોશનીથી ભરપૂર બની ગયું.

એક ટ્રકમાંથી સફેદ વસ્ત્રધારી પોલીસમેન જેવા ત્રીસ-ચાલીસની સંખ્યામાં સ્વયંસેવકો ઊતર્યા. એક સુપરવાઇઝર જેવા જણાતા સફેદ વસ્ત્રધારી પણ માથે પી.એસ.આઈ. જેવી (કેપ) ટોપી હોવાને કારણે તે અલગ તરી આવતો હતો... તેણે બધાની આગેવાની લીધી હતી... તે માત્ર એટલું જ બોલ્યો... 'ફોલો... મી...'

લક્ષ્મણ પોતાના રૂમથી દસ ફૂટ છેટે ઊભો રહીને આ સફેદ વસ્ત્રધારી ગુલામોની રાતલીલા નિહાળતો હતો. પેલા સફેદ વસ્ત્રધારી આગેવાનના હાથમાં ઓટોમેટિક સ્ટેનગન હોઈ હાલમાં કોઈપણ જાતનું બિનજરૂરી જોખમ લેવા લક્ષ્મણ ઇચ્છતો ન હતો. જેથી શાંત ચિત્ત રાખીને મૂકપ્રેક્ષક બનીને તે નિહાળી રહ્યો.

ત્રીસ-ચાલીસ સૈનિકોની ટુકડી સાથે પેલો કમાન્ડર જેવો માણસ રેસ્ટહાઉસની પાછળના ભાગ તરફ ગયો. રેસ્ટહાઉસની પાછળના ભાગ તરફ મોટું મોટર ગેરેજ અને તેને અડીને સરકારી ગોડાઉન જેવું મોટું ગોડાઉન આવેલું હતું. પેલી ટુકડી જેવી તેની નજીક પહોંચી ગઈ કે તરત જ ગોડાઉનનાં ચાર શટર્સ ખૂલી ગયાં.

બધા સ્વયંસેવકો ચાવીવાળા રમકડાની અદાથી ચાર-ચારની એક એવી દસ-દસ ટુકડીઓમાં વહેંચાઈ ગયા અને બધાય ગણતરીની સંખ્યામાં ચાર દરવાજા (શટર્સ) આગળ ઊભા રહ્યા. એક શટર્સના દરવાજે રેખા-રૂક્ષ્મણી દેખાણી. તેણે સૈનિક સુપરવાઇઝરને સંકેત કરીને કહ્યું કે, 'યસ કીસ-સ્ટાર્ટ-ગો-એ એહેડ-''

તરત જ બધી ટુકડીઓ કાર્યરત થઈ ગઈ... ગોડાઉનના ચારે ચાર દરવાજેથી (શટર્સ) ચાર-ચારની ટુકડીઓ મળીને મોટી મોટી મસ મણ વજનની એક-એક એવી ચાની જેવી વજનદાર પેટીઓને લઈ જઈ બધી ટુકડીઓ પેલી પહેલેથી જ તૈયાર એવી પોલીસવાન છાપ -

બંધ બૉડીની ટ્રકમાં ગોઠવવા મંડી પડ્યા.

દરેક ટ્રકના બૉડીગાર્ડ તરીકે ત્રણત્રણ સ્ટેનગનધારી સૈનિકો હતા. તેઓ ભરેલા હથિયારે ટ્રકની સુરક્ષા કરી રહ્યા હતા. રાતનો દોઢ થવા આવ્યો હતો. દરેક બંધ બૉડીવાળી ટ્રકની સાથે પેલી ચાની વજનદાર પેટીઓ જેવી પેટીઓ ચઢાવવા, ઉતારવા અને ગાડીમાં બરાબર યથાસ્થાને ગોઠવવા બીજા પાંચ-પાંચ સફેદ વસ્ત્રધારી હેલ્પર્સ હતા !

લક્ષ્મણે સિફતથી, કાબેલ, ચબરાક આંખોએ બરાબર બધું જ જોઈ લીધું. હવે ભગવાનનું નામ લઈને તે પાંચ-પાંચ બંધ બૉડીવાળી ટ્રકોની દિશામાં સરકતો હતો. લક્ષ્મણે પોતાની સુરક્ષાના સામાનની ખાતરી કરી લીધી. તે પહેલેથી જ તૈયાર હતો. તે ૩ x ૫ = ૧૫ સ્ટેનગનધારીઓ તથા ૫ x ૫ = 25 બંધ બૉડીવાળી ટ્રક પર કામ કરતા મજૂરોને છેતરીને પોતાનું ધારેલ કામ પૂરું કરવા માગતો હતો... કોઈ પણ જાતની રુકાવટ વગર.

લક્ષ્મણ છેક પછવાડે થઈને છેલ્લા પાંચ નંબરવાળા ટ્રકની નજીક ગયો. હજી તેની કામગીરી શરૂ થઈ ન હતી એટલે બધા એક-બે નંબરવાળી ટ્રકો પર થઈ રહેલી કાર્યવાહી એકીનજરે જોઈ રહ્યા હતા... અપલક નયને... લક્ષ્મણે આ પરિસ્થિતિનો લાભ લીધો. થોડે દૂર જઈને થોડોક તાપણીનો સામાન ભેગો કર્યો. વિલાયતી લાઈટર કાઢીને સળગાવા માંડ્યું પણ હાય ! કમનસીબ લાઈટર-વિલાયતિયું લાઈટર દાદ દેતું ન હતું.

લક્ષ્મણ હવે શું કરે ? આનો નિકાલ શું કરી શકાય ? ફરીથી તે પાછો સંતાઈને પાંચ નંબર તથા ચાર નંબરની ગાડીવાળી ટુકડી એક તથા બે નંબરવાળી ગાડી તરફ ગઈ હતી. એક તથા બે નંબરવાળી ગાડીઓ લોડેડ (ભરાઈ ગઈ) હતી પણ એક નંબરવાળી ગાડી ચાલુ થતી ન હતી. સ્ટાર્ટર બરાબર કામ કરતું ન હતું એટલે પેલી ચાર-પાંચ નંબરની ગાડીઓની ટુકડીના માણસો સૂચના મુજબ એક નંબરની



ગાડીને 'ચલો યારો ધક્કા મારો' ધક્કા મારવાની પ્રવૃત્તિમાં પરોવાયેલાં હતાં.

આ હકીકત જોઈને હવે લક્ષ્મણ બિન્દાસ થઈને પેલું તાપણું સળગાવી આવ્યો. તાપણું એક સંકેત હતો. તેની સાંકેતિક ભાષા તો સમજનાર જ સમજી શકે. પછી તે કાર્યક્રમ પૂરો થયા પછી લક્ષ્મણ પોતે પોતાના શસ્ત્રસરંજામ સાથે પેલી પાંચ નંબરની બંધ બૉડી પોલીસવાનના ઉપરના ભાગ ઉપર ગોઠવાઈ ગયો સલામત રીતે... અને પહેલી ટ્રક સ્ટાર્ટ થઈ.

લાવવા-લઈ જવાની અને ટ્રકમાં માલની ગોઠવણી કરવાની કામગીરી લગભગ અડધો-પોણો કલાક ચાલી. તે કામગીરી પતી ગઈ એટલે બધા જ ગુલામો પેલા સફેદ વસ્ત્રધારી સૈનિકો એક-એક ગાડીમાં પાંચ-પાંચ પોતાના હથિયારો સાથે ગોઠવાઈ ગયા. બાકીનાને ચીફ સુપરવાઇઝરે પોતાની સાંકેતિક ભાષામાં કાંઈક હુકમ કર્યો એટલે આ ફોરેસ્ટ રેસ્ટાહઉસની નિગેહબાની કરવા સારુ ભિન્ન-ભિન્ન એવી ચારેય દિશામાં વેરાઈ ગયા, વહેંચાઈ ગયા.

આ કાર્યવાહી પતી એટલે એક પછી એક ગોડાઉનના શટર્સ બંધ થવા માંડ્યાં. છેલ્લા ચોથા નંબરવાળા શટર્સમાંથી ચાર નવેનવી મોટર સાઈકલ્સ લઈને ચાર જણ બહાર આવ્યા, જેમાંથી પ્રથમ ટ્રકની આગળ પેલા ત્રણ મોટરસાઈકલધારીઓ ચાલવા લાગ્યા અને ચોથી મોટરસાઈકલવાળીને લક્ષ્મણ ક્યારનોય ઓળખી ગયો હતો. ચોથી હીરોહોન્ડા પાંચમી લોડેડ બંધ બૉડીવાળી ટ્રકને લગભગ અડીને જ ચાલી રહી હતી. તે બાઈક રેખા ચલાવતી હતી. લક્ષ્મણે પાંચ નંબરની ટ્રક પરથી પોતાનું ડોકું કાચબાની જેમ બહાર કાઢી, રેખાને બરાબર જોઈ લીધી, ઓળખી લીધી. તે સાચે જ રેખા હતી.

કાળમીંઢ અંધારાને ચીરી નાખીને લગભગ પચીસ મિનિટ પછી એક-બે-ત્રણ-ચાર પછી પાંચ ટ્રકો પેલી જગાએ જ્યાં આગળ લક્ષ્મણે પહેલી મુલાકાત લીધી ત્યારે ખોદકામ ચાલી રહ્યું હતું, પણ

આશ્ચર્ય વચ્ચે આ જગાએ ન હતું કોઈ મજૂર કે ન હતો પેલો ગુલાબદાદો કે પછી ન હતી સુનીતા જયસ્વાલ...! ત્યાં સ્મશાનવત્ શાંતિ હતી.

એક આગળના મોટરસાઇકલવાળાએ સાંકેતિક ભાષામાં સંગીતના સ્વર કાઢ્યા ત્યારે થોડે દૂરની ઝાડી-ઝાંખરીઓમાં જીવ આવ્યો અને હાથમાં પેટ્રોમેક્ષ જલતી રાખીને ગુલાબસંગ આગળ આવ્યો...

તે વખતે હવે રેખાએ 'અંકલ - Z. operation completed - અને, અમારો કાફલો રેલવેસ્ટેશન જઈને તરત જ પાછો આવી રહ્યો છે, તે પ્રમાણે હેડક્વાટર્સ કન્ટ્રોલ રૂમને કહી જણાવો-સંદેશો કહો-" ત્યારે પેલા વોચમેનનો રોલ અદા કરતા ગુલાબદાદાએ "ધેટ ઇઝ ફાઇન એ ગુડ ગર્લ", કહીને પોતાનો પ્રતિભાવ જણાવ્યો-વધુમાં... "એક જાસૂસ લડકી ઝડપાઈ છે, જેની દવા તમે લોકો સ્ટેશને જઈને હેમખેમ પાછા આવો ત્યાર પછી કરીશું..." કહીને પેલા બાકીના ત્રણ મોટરસાઈકલોવાળા તરફ, ખંધી, લાલચું નજર નાંખીને, ઈશારાથી હાથના તથા આંગળીઓના ઈશારાથી, માલ આપ્યો છે. માલ તમો જઈને પાછા આવો એટલે-મદિરા-માલ અને પછી ખાણી-પીણીની મઝા કરીએ કહીને તમામ હકીકતનો સાંકેતિક ભાષામાં ખ્યાલ આપ્યો ત્યારે કાફલો (૧+૨+૩+૪+૫) ટ્રકો સાથેનો ખુશખુશ થઈ રહ્યો.

લક્ષ્મણ સમજી ગયો કે હવે શું થઈ રહ્યું છે ? કારણ કે તે જાણતો હતો કે એક ! પછી બે ! પછી ત્રણ, ચાર અને છેક છેલ્લા પાંચ નંબર. એકથી પાંચ લાઈનમાં ચાલતો બંધ બોડી ટ્રકોનો વરઘોડો, આ ટ્રકોમાં નશીલી ચીજો જેવી કે કોકીન, મોર્ફીન, અફીણ, ગાંજો, ચરસ, તથા વિલાયતી હેરોઈન, બ્રાઉનસુગર, દવાઓ-ડ્રગ્સ-ઈન્જેક્શન-LSD. ઠાંસી ઠાંસીને ભરી હતી. આ બધો જ સામાન અહીંથી પેક થઈને - આ બધો ગુનાહિત સામાન કનકપુરના રેલવે સ્ટેશનથી - રેલવે ગોડાઉનેથી વ્યવસ્થિત રીતે - રેલવે ગુડઝ ટ્રેનમાં પેક થઈને ઉપર છલ્લી દેખાય તે રીતે ઈમારતી લાકડા, તથા મોટામોટા પથ્થર ગોઠવીને



આ બધો સામાન ગણતરીના દિવસોમાં આ દેશના અગત્યનાં શહેરોમાં પહોંચી જઈને - નશો સેવન કરનાર યુવાન પેઢીના હાથમાં પહોંચી જવાનો હતો.

કનકપુરના રેલવેસ્ટેશને-સતપાલસિંઘ-ઈનચાર્જ ઑફ ધી રેલવે-ગુડઝ-મેન પહેલેથી અગાઉની સૂચના મુજબ તૈયાર હતો. તે શું કામ તૈયાર ન હોય ? તેના માણસો પણ તૈયાર જ હતા... કારણ કે આવી દરેક કામગીરી વખતે સતપાલને રૂા. ૧ લાખ તથા મજૂરોને મજૂર કામગીરીના રાતની કામગીરી પ્રમાણે પાંચ-પાંચ ગણા દામ ચૂકવવામાં આવતા હતાં.

તે લોકોએ રાબેતા મુજબની જ કાર્યવાહી કરવાની હતી. તેમને રોકડાં નાણાં ચૂકવતા હતાં તેથી કોઈ જ કાંઈ પણ જાતની લપ્પન-છપ્પન કરતું ન હતું. બધું જ કામ કોઈ પણ જાતની રોકટોક વગર પતી જતું અને છેક વહેલી સવારે માલગાડી-સવારે ચાર વાગે ઊપડે છે તેવું લોકો જાણતાં હતાં. કનકપુરના લોકો માલગાડીનો ટાઇમ સવારના ચાર વાગ્યાનો છે તે હકીકત જાણતાં હતાં... પણ દર પંદર દિવસે અને ખાસને આ અમાવશ્યાની પાછળની રાતે કરવામાં આવતાં એક અવનવા ઑપરેશનની કે જે ઑપરેશનની શરૂઆત A 'એ'થી થઈ હતી તે સીરીઝ હવે 'Z' ઝેડ સુધી પહોંચી હતી તે હકીકત તો માત્ર ગણ્યાંગાંઠ્યા લોકો જ જાણતાં હશે !

ઉપરોક્ત તમામ કાર્યવાહી (માત્ર એકાદ કલાકમાં જ) પતી ગઈ એટલે કે બધી ટ્રકો ખાલી થઈ ગઈ એટલે રાબેતા મુજબનું ચૂકવણું કરીને બધી ટ્રકો પાછી વળી, પાંચ નંબરની ટ્રક ઉપર બોડી પર સૂતાં સૂતાં જ લક્ષ્મણે જોઈ લીધી હતી. નિહાળી લીધી હતી.

ટ્રકો હવે 'લાલ હવેલી'ના કમ્પાઉન્ડમાં પ્રવેશી ચૂકી હતી. પેલા ચાર મોટર સાયકલીસ્ટો પણ હતા. 'લાલ હવેલી'ના માલિક 'જગતદાદા' તથા બીજા બધા સાથીઓ બહાર આવ્યા અને થોડીક વાતચીત કરીને સલાહસૂચનો મેળવીને બધી ટ્રકોનો કાફલો તથા પેલા

ત્રણ પુરુષ મોટરસાઈકલિસ્ટો વત્તા રેખા સાથે આખો કાફલો જે જગ્યાએથી 'વૈતાળિયા જંગલ' તથા ફોરેસ્ટ રેસ્ટહાઉસ તરફ જવા માંડ્યો ત્યારે સવારના લગભગ સાડાચાર - પોણાપાંચ વાગ્યા હતાં.

લક્ષ્મણે પોતાની સગી આંખે લગભગ અડધી રાવણની નગરી જોઈ લીધી હતી. અડધી નગરી એટલે કે ફેક્ટરીનું ગોડાઉન તથા ફેક્ટરીના ગોડાઉનમાંથી માલ ક્યારે અને કેવી રીતે 'ડીસ્પેચ' થાય છે તે હકીકતની લક્ષ્મણે પોતાની આંખે જોઈ ખાતરી કરી હતી.

અડધી રાવણની નગરી જોવાની બાકી હતી. જે હવે જલદી જોવા મળશે એ અપેક્ષાએ હોશિયાર લક્ષ્મણ પાંચમી ગાડીના પાટિયા ઉપર (બોડી ઉપર જ) બેસી રહ્યો.

સવારના પાંચ-સાડા-પાંચના આછા અંધારાના અજવાળે એક પછી એક,

બે,

ત્રણ,

ચાર,

અને પાંચ ગાડીઓ - બંધ બોડીવાળી ગાડીઓ હવે છાપરા પર પાછી આવતી હતી. ફોરેસ્ટ રેસ્ટ હાઉસ મારફતે થઈને વૈતાળિયા જંગલમાં રાવણની નગરીમાં જ્યાં હજુ ઘણી જ લીલાઓ જોવાની બાકી હોઈ લક્ષ્મણ હૈયે ધરપત રાખીને પાંચમી બંધ બોડીવાળી ગાડીના છાપરા પર સવાર થઈને કોઈ દેખી ન જાય તે રીતે ઊંધો સૂઈને પોતાની મંઝિલ તરફ આગળ ધપી રહ્યો હતો... ધીમે-ધીમે...

✳

# 12

## લક્ષ્મણ-રેખાનું બંધન

ખાલી થયેલી બંધ બોડીવાળી હેવી અશોક લેલન્ડ ટ્રકોની વણઝાર વૈતાળિયા જંગલમાં નક્કી કરેલી જગ્યાએ, નિયત સમયે જ થોભી... પાંચમી ટ્રકના માથા પર સૂઈ રહેલ લક્ષ્મણ આ બધા કારસ્તાન જોઈ રહ્યો હતો...

આ બધી ટ્રકોનો કાફલો બરાબર એ જ જગ્યાએ આવીને થોભ્યો કે જે જગ્યાએ રાતે મજૂરોના કાફલા સાથે સાથે પેલો વોચમેન ગુલાબસંગ ખોદકામ કરાવી રહ્યો હતો !

થોડીવાર પછી પહેલી ટ્રકમાંથી એક ડ્રાઈવર નીચે ઊતર્યો અને પગે ચાલીને બાજુમાંની ઝાડીમાં તે અદૃશ્ય થઈ ગયો...!!

તે ગણતરીની મિનિટોમાં જ તરત જ ૧૫થી ૨૦ મજૂરોના ટોળા સાથે પાછો આવ્યો...! આ વખતે સાથે ગુલાબદાદો ન હતો. પેલા ૧૫થી ૨૦ મજૂરોએ આવીને તરત જ ઝાડી-ઝાંખરા તથા પથરાયેલા પાન-વેલા લાકડા દૂર કરવા માંડ્યા. તેની નીચે ગોઠવી રાખેલા મોટાં મોટાં પાટિયાં પણ ખસેડી લીધાં. આદિવાસી ગુલામો જેવા મજૂરો હતાં, એટલે ઝાઝી ગતાગમ પડે નહિ એમને તો, જે કહેવામાં આવે તે કરવાનું હોય ! તેમાં પોતાની બુદ્ધિશક્તિનો ઉપયોગ શો દરવાનો હોય ?

લગભગ બધાં પાટિયાં દૂર કર્યાં એટલે ૯૦ થી ૧૦૦ ફૂટ જેટલું પહોળું અને તેનાથી ડબલ ઊંચું એવું એક રેલવેના બોગદા જેવો રસ્તો દેખાયો. લક્ષ્મણની આંખો આ જોઈને આશ્ચર્યથી પહોળી થઈ ગઈ...! અંધારા ઘોર કાળમીંઢ બોગદામાં પોતાની આગળની હેડલાઈટસથી બોગદાને, બોગદાના અંધકારને ચીરી નાખવા મથતી પેલી પાંચે-પાંચ ટ્રકોની વણઝાર આગળ વધી રહી હતી. પાંચમી છેલ્લી ટ્રકના માથા પરની બોડી પર ચત્તોપાટ સૂઈ રહેલો લક્ષ્મણ 'રામ-નામ'ના જાપ જપી રહ્યો હતો...

લાગલગાટ અડધા પોણા કલાકની ભાગદોડ બોગદાનો કાળો અંધકાર ચીરી નાખ્યા પછી પેલી બધી પાંચેય ટ્રકોએ પાણીમાં જળવિહાર કરતો કાચબો ડૂબકી દઈને અડધો કલાક પછી બીજી જગાએ પોતાનું મોં બહાર કાઢે તે રીતે ધરતીનો સીનો ચીરીને પછી પાંચે-પાંચ ટ્રકો એક અજાણ્યા પ્રદેશમાં આવી પહોંચી. આ ભારતનો પ્રદેશ હતો કે ભારતની સોડમાં આવેલ બીજો કોઈ દેશ, રાષ્ટ્રની સત્તાવાળો પ્રદેશ હતો તે હકીકત તો હોંશિયાર લક્ષ્મણ સમજી ગયો. સમજતાં વાર જ ન લાગી...! લક્ષ્મણે બધી વસ્તુ-પરિસ્થિતિ જોઈ લીધી...!

કોઈ વિશાળ-ઈન્ડસ્ટ્રિયલ-એસ્ટેટ જેવું લાગ્યું...

એક-બે-દશ-પંદર-પચ્ચીસથી ત્રીસ... નાની મોટી ફેક્ટરીઓ બિલકુલ નવે-નવી જ - પેટીપેટ ઊભી કરી દેવામાં આવી હતી. આ બધી ફેક્ટરીઓ શું ઉત્પાદન કરતી હશે... તે હકીકત જરા સમજવી મુશ્કેલ હતી પણ કમ્પાઉન્ડમાં પથરાયેલો કાચો માલના જથ્થા પરથી તરત જ જણાઈ આવે કે આ બધી જ ફેક્ટરીઓ-જીવલેણ-શસ્ત્રસરંજામ જણતા પ્રસૂતિગૃહો હતાં... સ્ટેનગન-રાયફલ્સ-હાથબૉમ્બ-વિગેરે વિગેરેની આ જન્મભૂમિ જણાતી ફેક્ટરીઓ સાક્ષાત્-યમનગર જેવી લાગતી હતી...

ટ્રકો ઊભી રહી કે તરત જ બધા ટ્રકચાલકો નીચે ઊતરી ગયા - તેમની જગાએ નવા ટ્રકચાલકો યંત્રવત્ ગોઠવાઈ ગયા અને આ બધી



ટ્રકો - માલ ભરવા ગોડાઉન તરફ વિવિધ દિશાઓમાં વહેંચાઈ ગઈ.

પાંચમા નંબરની ટ્રક પર - ટ્રકના માથે સવાર બનેલો લક્ષ્મણ હવે બરાબર સાવધ બની ગયો... પોતાની સાથે લઈ આવેલ શસ્ત્રસરંજામની તેણે બરાબર ચકાસણી કરી લીધી...

લક્ષ્મણને સુનીતા જયસ્વાલની ચિંતા થઈ આવી... તેને તે ગુલાબસંગ-જંગલના-ફોરેસ્ટ રેસ્ટ હાઉસના-વોચમેન કે જે મજૂરોના કાફલાની મદદથી ખોદકામ કરાવી રહ્યો હતો તેની પાસે ચાંપતી નજર રાખવા માટે છોડી આવ્યો હતો...

"સુનીતા વીલ માઈન્ડ હર ઓન બીઝનેશ ઍન્ડ સી ઈઝ પાવરફુલ ઈનફ ટુ ફેઈસ એવરી ટાઈપ ઑફ ઈચ ડીફિકલ્ટી - ગોડ બ્લેશ હર" મનોમન વિચારી તે પોતાની ચિંતામાં પરોવાયો...

પાંચમી ટ્રક એક મોટા ગોડાઉન પાસે આવી અને લક્ષ્મણે શ્રી હરિનું નામસ્મરણ કરવા માંડ્યું. મુસીબતો વખતે તારનાર અને મારનાર જગતના તારણહાર પરમકૃપાળુ પરમાત્માને લક્ષ્મણે મનોમન સંભારી લીધા...

બે મહાકાય-મજબૂત-મોટીમોટી મૂછોવાળા લીંબુની ફાડ જેવી આંખોવાળા કાળા કોલસાના કાળા કાળા રંગથી રંગાયેલા રાક્ષસ જેવા લાગતા ઓટોમેટિક સ્ટેનગનધારી વિદેશી સૈનિકોએ આખી ટ્રકની બરાબર તલાશી કરી લીધી. તેમણે ખૂણેખૂણો માપી લીધો, ચકાસી લીધો ત્યાર પછી જ ઈશારો કરીને 'કમ ઈન-પ્લીઝ-ફોલો' એવું કાંઈક વિદેશી ઉટાંગપાંગિયું, ભાંગ્યુંતૂટ્યું ઈંગ્લિશ બરછટ કર્કશ ભાષામાં પેલા બે પૈકી એક સૈનિકે સૂચવ્યું અને પેલી પાંચમી ટ્રકને પેલા ગોડાઉનના કમ્પાઉન્ડમાં પ્રવેશ મળ્યો.

જ્યારે બે પેલા ખડકાય સૈનિકો તલાશી કરી રહ્યા હતા. હાથમાં ભરેલી ગન હતી - બબ્બે ગન સાથે તલાશી કરી રહેલા રાક્ષસી સૈનિકો અગનખેલ સમા લાગતા હતા. તેઓએ કદાચ ટ્રકના માથે તલાશી કરી હોત તો લક્ષ્મણના રામ રમી જાત, એ લોકો

એને નિર્દયતાથી ફૂંકી મારત-

ગમે તેમ લક્ષ્મણની પરમકૃપાળુ ભગવાને પ્રાર્થના સાંભળી અને પેલા બે યમદૂતોની નજરમાંથી છટકીને લક્ષ્મણ પેલા ગોડાઉનમાં પહોંચી ગયો... ટ્રકની સાથે સાથે...

પાંચમું ગોડાઉન જીવલેણ શસ્ત્રોથી ભરેલું હતું. તેના મહાકાય, રાક્ષસી-શટર્સ પાંચ-છ આદીવાસી જંગલી જેવા-સૈનિકો મારફતે એક વિદેશી-બિનભારતીય-સાહેબ જેવા સૈનિક કે જે ખાખી ડ્રેસમાં સજ્જ થયેલ હતો, તેણે શટર્સ ખોલાવ્યા પછી ટ્રકના ડ્રાઈવર સાથે કાંઈક વાતચીત કરી એટલે ટ્રકના ડ્રાઈવરે સિફતથી 'નંબર પ્લેટ' ચેઈન્જ કરી દીધી અને પછી ટ્રકમાં લોડ માટે બંધ-બોડી ખુલ્લી કરીને કદાચ ટ્રક ભરાઈ જાય ત્યાં સુધી ચા-નાસ્તો પાણી કરવા ભાગી ગયો હશે...

પાંચમા ગોડાઉનવાળી ટ્રકમાં ભાડે રાખેલા પેલા દશ-પંદર આદિવાસીઓ લાકડાના ખોખામાં પેક કરી રાખેલા જીવલેણ શસ્ત્રો મૂકતા હતા. ધીરે ધીરે ગોઠવી રહ્યા હતા. જેમાં કદાચ ટેલિસ્કોપ, રાયફલ, હેન્ડ બોંબ-ટાઈમ બોંબ-મશીનગન-ઓટોમેટિક-પિસ્તોલ-રીવોલ્વર જેવાં નાનાં-મોટાં ઘાતક સાધનો હતાં... જે ત્વરાથી આ બધી ચીજ-વસ્તુઓ ભરાતી હતી તે ઝડપ પરથી એવું લાગતું હતું કે હજુ આ ટ્રકોને આજે ઓછામાં ઓછા ચાર-પાંચ રાઉન્ડ મારવાના હશે જ ! જો હોગા દેખા જાયેગા...! 'આગે આગે ગોરખ જાગે' વિચારીને લક્ષ્મણે આ બધી લીલા જોયા કરી અને પાંચમી ટ્રકની માથે ચુપચાપ કલાક સુધી તપશ્ચર્યા કરી.

કલાક બે કલાક પૂરા થયા, ગાડી ભરાઈ ગઈ એટલે તે ટ્રકનો ડ્રાઈવર અગાઉ નક્કી કર્યા પ્રમાણે 'ચા-નાસ્તો-પાણી' આરામ કરી, તરોતાજો થઈને પાછો આવી ગયો હતો. જ્યારે લક્ષ્મણ ચાર-પાંચ કલાકના એકધારા-કઠણ તપથી ખૂબ ખૂબ થાક્યો હતો, કંટાળ્યો હતો.

ટ્રક ચાલુ થઈ - ફરી પાછી પોતાની મંજિલે પહોંચવા માટે પૂરપાટ દોડવા લાગી.



ફરી પાછી એક-બે-ત્રણ-ચાર-પાંચ બધી જ ટ્રકોની - વોહી રફતાર એ રીતે લાઈનો લાગી ગઈ. લક્ષ્મણની ટ્રકનો નંબર પાંચમો હતો તે પાંચમો જ રહ્યો. અગાઉ જેમ, જેમ રસ્તા મળતા ગયા તેમ તેમ બધી ટ્રકો તેની આગળ એક-પછી-એક ગોઠવાતી રહી.-

લક્ષ્મણ હવે થાક્યો હતો-કંટાળ્યો હતો. તેને ખરેખર ઊંઘ આવી રહી હતી. એકલો માણસ ક્યાં સુધી ઝઝૂમે ? કેટલે સુધી પહોંચી વળે ?

ભૂખનું દુઃખ વેઠી શકાય. ટાઢ-તડકો-તરસ અને બીજી બધી યાતનાઓ ખમી શકાય ! પણ જ્યારે નિંદ્રાદેવી ઊંઘની મહેરબાની થાય ત્યારે તેની સામે કોઈનું કાંઈ પણ ચાલતું નથી.

ફરફર ફર... ચાલતી હવા - રાત પડી જવા આવી હતી. આભલામાં ટમ ટમ ટમ ટમ તારાઓ ચમકતા હતા. ચન્દ્રમામાની ગેરહાજરી હતી. રોડ પરના અંધકારને ચીરી નાંખતી હેડલાઈટસ સાથેની પાંચેય ટ્રકો આ ઊબડ-ખાબડ જંગલના પહાડી રસ્તાને પૂરો કર્યા પછી પેલા રેલવેના બોગદા જેવા ભોંયરામાં ઊતરતી હતી, ગરકાવ થતી હતી. તે વખતે લક્ષ્મણ પણ ખૂબ ખૂબ થાકી જતાં નિંદ્રાદેવીની સીધી અસર હેઠળ આવી જઈ ઝોકાં ખાતો હતો. ઊંઘના ઘેરા ઘેનમાં આવી ગયો હતો... હવામેં ઉડતા જાયે મેરા લાલ દુપટ્ટા મલમલકા હોજી મલમલકા હોજી હોજી. સ્વપ્નામાં ખોવાયેલો, ટ્રકના માથે આકાશની ચાદર ઓઢીને ઊંઘી ગયેલો નિંદ્રાધીન લક્ષ્મણ જાણે (ભોંયરામાં પાંચ-પાંચ ટ્રકો શસ્ત્રસરંજામ સાથે ભોંયરામાં થઈને જતી હતી તે વખતે તેઓએ તો કોઈ જાદુ નહીં કર્યું હોય !) કોઈ અલૌકિક દુનિયાની મુસાફરી કરી રહ્યો હતો. તેનો લક્ષ્મણનેય ખ્યાલ ન હતો...!

અચાનક પાંચમા નંબરની ટ્રકે બ્રેક મારીને જોરદાર ટર્ન લીધો એ આંચકાની અસર સાથે જ લક્ષ્મણ પોતાના શસ્ત્રસરંજામ (જે બાંધી રાખ્યા હતાં. પીઠે) સાથે ટ્રકના માથેથી સીધો જ નીચે 'ધબડાંગ' દઈને પછડાયો અને ટીપાયો એટલે લક્ષ્મણની ઊંઘ તરત જ ઊડી ગઈ, તેના

હાડકાં ખોખરા થઈ ગયા. તે તરત જ સતર્ક બન્યો પણ શું ? કાંઈ નહીં ! પેલી પાંચેય ટ્રકોની વણઝાર જાણે કાંઈ જ બન્યું નથી તે રીતે જતી હતી તે રસ્તે સડસડાટ વહી ગઈ.

લક્ષ્મણને ખૂબ ખૂબ કળતર થઈ રહી હતી. પીડા વધતી જતી હતી. ભોંયરું-બોગદું અને કાળમીંઢ અંધારું, પોતાના શસ્ત્રસરંજામમાંથી બેટરી પણ કાઢવાની લક્ષ્મણની શક્તિ રહી ન હતી. જાણે તે બિલકુલ પ્રાણ વગરનો જીવતી લાશ સમાન બની ગયો ન હોય.

લક્ષ્મણ ઘણીવાર સુધી પડી રહ્યો. તેને અશક્તિના કારણે ફરજિયાત ભૂમિશયન કરવું પડ્યું. અડધો કલાક તે બસ આ રીતે પડી રહ્યો. પછી દૃઢ નિશ્ચય કરી હોય એટલી શક્તિ ખર્ચી નાખીને મહાપરાણે ઊભો થયો અને ચાલવા ડગલાં માંડવા પ્રયત્ન કર્યો પણ આ કાળમીંઢ ઘોર અંધકારમાં જાણે કોઈ જ દિશા સૂઝતી જ નહીં અને પોતે મોતના કૂવામાં ધકેલાઈ રહ્યો છે અને ધીમે ધીમે ડૂબી રહ્યો છે. વગર પાણીએ ડૂબતો જ જાય છે એવું લાગ્યું...! એ મહા-મહાપરાણે દશ-પંદર ડગલાં ચાલીને કઈ દિશામાં જઈ રહ્યો છે તેની ખબર જ ન રહી, એ રીતે ભાન-શાન ગુમાવીને ફરી પાછો બેહોશ બનીને પછડાયો. કુદરતના ખોળે જાણે માથું મૂકીને સૂઈ ન ગયો હોય એમ તે ફરીથી ઊભો થયો જ નહિ ? ક્યાંથી તે ઊભો થાય ? કોઈ શક્તિ કે તાકાત બાકી રહ્યાં જ હતાં ક્યાં ? તે ફરી પાછો સંભાળીને ઊભો થાય. બેબસ બેહોશ લક્ષ્મણે કુદરતની છાતી પર ભાન-શાન ગુમાવીને નિંદરના ખોળામાં જમાવી દીધી હતી.

રસ્તો ભટક્યો રાહગીર...! પંથ ભૂલ્યો પથિક...!

નિંદરડીના ઘેરા ઘેનમાં, ભૂખ-તરસ-થાકથી બેહોશ બનેલો લક્ષ્મણ બોગદાવાળી કાળમીંઢ સડકની કઠણ કઠણ છાતી પર નિરાંતે ઓશીકું મૂકીને સૂઈ રહેલો ભડવીર, યોદ્ધો લક્ષ્મણ...

એક, બે,ત્રણ, ચાર... પાંચ ટ્રકોની વણઝાર ચાલી જતી હતી આગળ આગળ... પોતાની મંજિલ તરફ આગળ વધી રહી હતી...



બંદૂકો... પિસ્તોલો... રાઈફલો... શોટગનો... મશીગનો... એક બેરલીયા, ડબલબેરલીયા, મશીનગનો, સ્ટેનગનો વગેરે વગેરે ઘાતક, પ્રાણનાશક હથિયારોથી ખીચોખીચ ભરપૂર ભરેલી ટ્રકો ભારતપ્રદેશના અજાણ્યા ખૂણેથી ગેરકાયદેસર પ્રવેશ મેળવીને - ભારતમાં આતંકવાદનું જે ઝેર પ્રસરી રહ્યું છે તેમાં ઉત્તરોત્તર વધારો કરી રહી હતી. ખેલ ખતરનાક ખેલાઈ રહ્યો હતો. આગે ક્યા હોગા વો તો રામ જાણે ?

અત્યારે તો આપણો લડવૈયો લક્ષ્મણ પોતે જાતે જ કોણ જાણે ક્યાં ? કેવી રીતે ? ખોવાઈ ગયો હતો ? તેની તેને ખબર ન હતી. હા, ઘેનમાં પણ ઉપર પ્રમાણે બંદૂકો, રાઈફલો, પિસ્તોલો, શોટગનો, મશીનગનો ગેરકાયદેસર રીતે હથિયારો ઘુસાડી રહ્યા છે તેને લઈને એક-બે-ત્રણ-ચાર-પાંચ-ટ્રકોની વણઝાર કોઈ છાના, છપના રસ્તેથી ભારતમાં ઘૂસ મારી જાય છે તેવું દૃશ્ય લક્ષ્મણની સ્વપ્નસૃષ્ટિ પર ચિત્રિત થઈ રહ્યું હતું. તે કાંઈક કરવા મથતો હતો, પણ તેનામાં શક્તિ જ ક્યાં રહી હતી ? વેદના-દુઃખ-દરદથી તે કણસી રહ્યો-હાંફી રહ્યો. કાંઈક બબડી રહ્યો હતો કોઈ લબાડી-શરાબીની અદાથી ખોવાઈ ગયેલા કોઈ મુસાફરની અદાથી-ભાન-શાન ભૂલી ગયેલ લક્ષ્મણ કાળમીંઢ-પથ્થર જેવી કઠણ સડકની છાતી પર સૂતો હતો. 'ચ્યુ...યુ...યુ....ઉ...ઉ...' કોઈ ઇમ્પાલા ઇમ્પોર્ટેડ ગાડીએ ઓચિંતી બ્રેક મારી. ગાડી આંચકાથી ઊભી રહી... બ્લેક કલર્ડ-ઇમ્પાલા નંબર વગરની (નંબરલેસ) ઇમ્પાલા...! શ્વાસ ખાવા થોભી...

ગાડી ચલાવનારે... કદાચ...! ગાડીની હેડલાઇટ્સના અજવાળામાં લક્ષ્મણને - બેભાન અવસ્થામાં સૂઈ રહેલ એક પુરુષદેહને જોયો હશે... વધારે ધ્યાન ન રાખ્યું હોત તો તેની ઇમ્પાલા ગાડી કદાચ લક્ષ્મણના દેહને કચડીને ભુક્કા કરી નાખીને ક્યારનીય વહી ગઈ હોત ! પણ ગાડી ચલાવનાર ચાલક કોઈ પુરુષ નહીં. પણ કોઈ સ્ત્રી હતી... એ લેડી-ડ્રાઇવર પુરુષ ડ્રાઇવરો

કરતાં સ્ત્રી ડ્રાઈવરો વધુ સતર્ક-ચાલાક-હોશિયાર અને પાવરધા હોય છે. ગાડી હંકારવાની કળામાં અને ગાડીની (વાહનોની) સારસંભાળ રાખવાની પ્રવૃત્તિમાં...!

ઈમ્પાલાને જોરદાર બ્રેક વાગી જાણે પૂરપાટ દોડ્યા જતા કોઈ ઘોડાની લગામ તેના સવારે ખેંચી હોય અને તે રીતે અચાનક ગતિમાં અવરોધ ઊભો થતાં તે ઘોડો આગળના બે-પગે ઊભો થઈ જાય તે રીતે ચીસ પાડીને ઈમ્પાલા ઈમ્પોર્ટેડ કાર લક્ષ્મણની તદ્દન નજીક આવીને થોભી...!

ડ્રાઈવિંગ કરી રહેલ મહિલા ચાલકે પોતાની ડ્રાઈવર સાઈડની વિરુદ્ધનું બારણું ખોલી નાખ્યું. ગાડીની હેડલાઈટ્સ ચાલુ રાખીને પોતાની પર્સમાંથી ઓટોમેટિક પિસ્તોલને લોડ કર્યા પછી તે ધીમેથી નીચે ઊતરી. તે મહિલા જવામર્દ હતી, નીડર હતી. ઈમ્પાલા ગાડી તો ગતિ બંધ હોવા છતાં તેનું એંજીન ચાલુ હોઈ, ઘરઘરઘર-ઘર...ઘર...ઘર...ઘર... અવાજ કરીને કોઈ વાઘણની અદાથી ઘૂરકી રહી હતી...!!!

સ્માર્ટ મહિલા - બોલ્ડ-બ્રેવો-એ-વુમેન-હ્યુમન હાર્ટેડ વુમેન-ત્વરિત ગતીથી આગળ વધી... લક્ષ્મણના દેહને તેણે તપાસવા માંડ્યો, શસ્ત્રસરંજામથી સજ્જ એવા સૈનિક (સોલ્જર) સમાન લક્ષ્મણનું ચેકિંગ કરી રહી હતી. તેને કોઈ વિદેશી જાસૂસ જેવું લાગ્યું - પૂરેપૂરી ચકાસણી કરી રહ્યા પછી મહિલાને કાંઈક યાદ આવતાં - તે ચિત્રવિચિત્ર રીતે હસી - ખડખડાટ રીતે હસી.

તે યૌવનાએ જાણે આળસ મરડી અને કોઈ ઊંઘમાંથી ઊઠેલી વાઘણ બગાસું ખાય તે રીતે નશાયુક્ત ઘેનથી ભરપૂર એક બગાસું ખાધું... આ બાજુ લક્ષ્મણનું શરીર ઠંડું પડી રહ્યું હતું. લક્ષ્મણને મૃત્યુ, કોઈ અજગર જેમ પોતાના શિકારને સ્વાહા કરી જાય તે રીતે ધીમે ધીમે પોતાનું રાક્ષસી મુખ પહોળું કરીને ભસ્મ કરી જવા તલપાપડ બની ગયું હતું... ઘડીઓ ગણાતી હતી.



લક્ષ્મણને તપાસી રહેલી પેલી ભડવીર ભામિનીને એકાએક યાદ આવી ગયું કે...

"જંગલમાં વાઘની સાથે બાથંબાથ, ઝપાઝપી કરી રહેલો, એક મર્દ યુવાન કે જે વાઘની સાથે ઝપાઝપીમાં ખૂબ જ ભયંકર રીતે ઘવાઈ ગયેલો હતો. જો કે વાઘને જે તે વખતે તેણે જ (વનદેવીએ) અણીના સમયે-ગોળીઓ-ચલાવીને-વાઘની ખોપરીમાં કારતૂસ ઘૂસાડી દઈને વાઘને રામશરણ પહોંચાડી દઈને પછી પેલા બહાદુર યુવક (લક્ષ્મણ)ને ફોરેસ્ટિયા રેસ્ટ હાઉસમાં પહોંચતો કરી દીધો હતો. દવા-દારૂ કર્યા પછી તે પેલી વનદેવીના દિલમાં, અજનબી ગેરમર્દ કે જેને પોતે ઓળખતી નહીં હોવા છતાં તેના માટે પ્રેમનાં અંકુરો ફૂટી નીકળ્યાં હતાં અને સારવાર કરતાં કરતાં તે વનદેવીએ લક્ષ્મણની બેભાન-અવસ્થામાં જ લક્ષ્મણ સાથે પ્રેમના રંગ-રાગ ખેલી લીધા હતા. તેણે લક્ષ્મણને તે વખતે ચુંબનોથી સ્નેહચુંબનો પ્રેમથી ભરપૂર-રસઝરતાં-ચુંબનોથી લક્ષ્મણના અંગ-ઉપાંગોને ચૂમ્યાં હતાં. સ્નેહચુંબનોથી નવડાવી દીધો હતો.. તે વખતે જખમી, ઘવાયેલા લક્ષ્મણને નવજુવાન, તરોતાજા, થનગનતો યુવાન બનાવી દીધો હતો. પોતાની હિંમતથી તથા સમયસરની સારવારથી-"

હા, એ જ વનદેવી હતી, એ જ રૂક્ષ્મણી હતી. એ જ રેખા હતી કે જે આજે પણ અણીના સમયે જ્યારે લક્ષ્મણ મોત સામે ઝઝૂમી રહ્યો હતો, ત્યારે તેવા સમયે કટોકટીના સમયે 'ભાગ્યવિધાત્રી' બનીને - લક્ષ્મણની મદદે આવી હતી.

લક્ષ્મણનું શરીર ઠંડું પડતું જતું... વનદેવીએ, રેખાએ, રૂક્ષ્મણીએ આવેગમાં ને આવેગમાં લક્ષ્મણના કપાળપ્રદેશને ચૂમી લીધો પછી તરત જ વસ્તુ પરિસ્થિતિની ગંભીરતા સમજી જઈ લક્ષ્મણ-બેભાન લક્ષ્મણને અળગો કરી પછી પોતાની ગાડી તરફ વળી, ગાડીનો પાછળનો દરવાજો ખોલી નાંખ્યા પછી મર્દાના

લક્ષ્મણના પુરુષ દેહને, મહાપરાણે બાથમાં લઈ, મહાપરાણે ગાડીની પાછલી બેઠકમાં બરાબર રીતે ગોઠવ્યા પછી-પેલી-વનદેવી બરાબર હાંફતી હતી. તેનો સીનપ્રદેશ કોઈ લુહારની ધમણો ચાલતી હોય તે અદાથી સતત ઊંચો-નીચો થઈ રહ્યો હતો. કાળમીંઢ રાત્રિ અને વનદેવીનું આગમન, હાંફતી યૌવના, ઊંચો-નીચો થઈ રહેલો છાતીનો ગોળ-ગોળ પ્રદેશ-ગોરીને માથે-કપાળે પ્રસ્વેદબિંદુઓ જામ્યાં હતાં. તેણે ગાડી ગતિમાં મૂકી દીધી. પૂરપાટ ગતિમાં સીધા રેસ્ટહાઉસની દિશા તરફ.

પાછળની બેઠકમાં પધરાવેલો પુરુષદેહ લક્ષ્મણ જાણે પોતાની પ્રિયતમાએ પાથરેલાં વાળની (જુલ્ફોની છાવમાં) છાયામાં સૂઈ રહ્યો ન હોય તે નિશ્ચિંતતાથી બેભાન અવસ્થામાં સૂઈ રહ્યો હતો.

ઈમ્પાલા કાર ચલાવતી યૌવનાને લક્ષ્મણના સ્વાસ્થ્યની-લક્ષ્મણના અસ્તિત્વની વિશેષ ચિંતા હતી, પરેશાની હતી.

લક્ષ્મણના અંગેઅંગને હાથ અડકાડીને લગભગ તપાસી લીધાં પછી તેના બેભાન હોવાની ખાતરી કરતી વખતે અને લક્ષ્મણના ભાલ પ્રદેશને સ્નેહચુંબનથી ચૂમતી વખતે રેખાનું લોહી ગરમા-ગરમ લાવારસ બનીને આખા શરીરમાં ઘૂમરીઓ મારીને ઘૂમતું રહ્યું હતું.

પોતાનો પ્રિયતમ ! જો કે આ દેવી-વનદેવીને તો પ્રિયતમના નામની કે સરનામાની પણ કાંઈ જ ખબર ન હતી. આ રીતે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો. પરદેશી પ્રિયતમ જિંદગી-મોત વચ્ચે ઝંઝાવાતી ખેલ ખેલી રહ્યો હતો.

એ મરવાની અણી પર હતો. એને મરવા શે દેવાય ? એ તો સાવજનો દીકરો હતો. વનદેવીનું 'સાવજડું' હતો. તે વનદેવીને પોતાના પ્રાણથીયે પ્યારો હતો-લાડલો હતો-દુલારો હતો-પ્યારો હતો.

લક્ષ્મણનું ઠંડું પડતું શરીર તે હવે શ્વાસ મહાપરાણે લઈ શકતો હતો-કદાચ ! ટ્રક સડસડાટ ગતિએ દોડતી ટ્રક (Insulated Van) બંધબોડીવાળી ટ્રકના માથે કાળમીંઢ પથ્થર જેવા કઠણ રોડ-રસ્તા પરની



પછડાટથી જ લક્ષ્મણ અધમૂઓ બની ગયો હતો. તેથી હવે શું થાશે ? તેની ચિંતામાં વનદેવીનાના માથે પ્રસ્વેદના બિંદુઓ, કોઈ ગુલાબી ગુલાબની પાંદડીઓ પર વરસાદનાં ટીપાં બાઝી જાય એ રીતે જામી ગયાં હતાં.

જે થવું હોય તે થાય ? જે થનાર હોય તે થાય ! એમ વિચારીને પેલી યૌવનાએ ફરીથી ઈમ્પાલા કારને બ્રેક મારી ચીસ પાડીને કારે પોતાની ગતિ થંભાવી દીધી. માઈલોમીટરની સાથે રાખેલા કારના ઘડિયાળમાં ૨-૫૦ (રાતના પોણા ત્રણને પાંચ)નો સમય રેડિયમની મદદથી ચમકતો હતો, દમકતો હતો.

કાળું-કાળું બોગદું તો ક્યારનુંય ખતમ થઈ ચૂક્યું હતું. હવે જંગલ પ્રદેશમાં ઈમ્પાલા કાર પ્રવેશી ચૂકી હતી. તેણે ઉબડ-ખાબડ ધૂળિયો રસ્તો પાર કરીને પછી જંગલના બિહામણાં કાળાં કાળાં કાળમીંઢ વૃક્ષોથી ઘેરાયેલા સ્થાનને પસંદ કર્યું. તેના સારા નસીબે...!

ખળ ખળ ખળ ખળ... એક ઝરણું વહેતું હતું. જંગલમાં ઝરણું... ખળખળ પાણીનો અવાજ...!

ઝરણા આગળ કોઈ જંગલી જનાવર પોતાની પ્યાસ, તરસ છીપાવવા આવ્યું હોય અને હુમલો કરે તો ? તેની સાવધાની રાખીને, તૈયાર થઈને એ યૌવના ઊતરી...

એવરેડી બેટરીના કિરણોથી સલામતીની ખાતરી કરી લીધી.

પછી વનદેવી ગાડીનો ડીકી પ્રદેશ ખોલતી હતી.

ગાડીના પાછળના ભંડકિયામાંથી તેણે ગાડીને ઓઢાડી રાખવાનું ગાડીના રક્ષણ માટેનું કવર ખેંચી કાઢ્યું અને તે કવર લઈ ઝડપથી બે-ચાર વૃક્ષોની વચ્ચે પાથરી દીધું.

વનદેવી જંગલમાં સહશયનની તૈયારી કરી રહી હતી કે શું ?

વનદેવીની 'સેક્સ ભૂખ' લબકારા લેતી હતી કે શું ?

વનદેવી બેહોશ લક્ષ્મણને પોતાની 'વાસના'નો શિકાર આ ભેંકાર જંગલમાં બનાવી દેવાની હતી કે શું ?

એ હકીકત ગમે તે હોય ! ફરીથી રેખા પેલી વનદેવી લક્ષ્મણના પુરુષ દેહને કારની પાછલી બેઠક પરથી મહાપરાણે બળાત્કારે ઢસડી લાવીને કારના રક્ષણ એટલે કે ઇમ્પાલા ગાડીના વસ્ત્ર પર (કવર) પછાડ્યો. હવે તે જોરશોરથી હાંફતી હતી.

વળી તે પાછી ફરી પોતાની ગાડીમાંથી વોટરબેગ લઈ આવી ઝર...ઝર...ઝર...નિર્ઝર વહી રહેલા ઝરાના વહેણમાંથી વોટરબેગ ભરીને તે પાણી તેણે પોતાની કાયા પર છાંટવા માંડ્યું. તે વનદેવી નાહી રહી હતી. એ સેક્સી બાથથી તેણે બેભાન એવા લક્ષ્મણને પણ પલાળી નાખ્યો.

બાય ધી વે સ્નાનવિધિ પતાવીને વનદેવીએ પોતાના કપડાં ઉતારવા માંડ્યા. એક પછી એક-પહેલાં પોતાની સાડી, પછી બ્લાઉઝ - પછી પોતાની બ્રા તથા પછી પોતાનો પેટીકોટ વગેરે ઉતારીને વનદેવી હવે સંપૂર્ણ નિર્વસ્ત્ર બની ગઈ હતી.

જંગલના કાળમીંઢ અંધારામાં જોનારું કે કાંઈ કહેનારું અહીંયાં કોણ હતું ?

વનદેવી બેભાન લક્ષ્મણ પર ફીદા થઈ ગઈ હતી, કે લક્ષ્મણને મોતના મુખમાંથી બચાવી લેવા માગતી હતી ? એ તો રામ જાણે !

બધાં વસ્ત્રો ભેગાં કરી લઈને પછી માત્ર એક સાડી રાખી બાકીની તમામ આઇટમ ગાડીમાં મૂકીને પછી બેહોશ અવસ્થામાં સૂઈ રહેલાં પેલા બેશુદ્ધ લક્ષ્મણ સાથે પોતે નગ્નાવસ્થામાં જે માત્ર સાડી ઓઢીને જે સાડીનું આવરણ રેખાએ અને લક્ષ્મણ કે જે બેભાન હતો તે ઓઢીને આ યૌવના લક્ષ્મણને ચીપકીને, ગરોળીની જેમ ચોંટીને તેને બાઝી પડીને સૂઈ ગઈ.

ગરમા-ગરમ છાતીનો પ્રદેશ, સ્તન પ્રદેશની ગરમી-સ્ત્રીના-એક યૌવનાના પ્રત્યેક અંગો-પાંગની ગરમી લક્ષ્મણના દેહને દઝાડી રહી હતી. રેખા પોતાના તમામેતમામ અંગથી લક્ષ્મણના પ્રત્યેક અંગને



ઘસી રહી હતી. એ યૌવનામાં, કામિનીમાં-સેક્સ ભડકતો હોવા છતાં તે સેવાનું કામ કરી રહી હતી. તેણે લક્ષ્મણના પીઠપ્રદેશે, આગળ છાતીએ નીચે સાથળના પ્રદેશે-પોતાના અવયવની ગરમી આપવા માંડી. અધૂરામાં પૂરું પલળેલા લક્ષ્મણના તમામેતમામ વસ્ત્ર એક માત્ર લંગોટ જ બાકી રાખીને એ વનદેવીએ લક્ષ્મણના પુરુષ દેહને ગરમી આપવા માંડી.

ઉઘાડા શરીરવાળા, લક્ષ્મણના પુરુષદેહ પર મદોન્મત એક યૌવના શરીરની ગરમી લાગી રહી હતી. પોતાના સ્નેહાળ હાથ, પગ, છાતીનો પ્રદેશ, તમામેતમામ અંગથી ઘસી નાખીને, એક પુરુષદેહને પીગાળી દઈને ફરીથી એકવાર આ વનદેવી બેહોશ પુરુષદેહને સજીવન બનાવવા માગતી હતી. આ 'સેક્સોલોજી' ભલભલાને ન સમજાય તેવી હતી.

લગભગ ચાલીસથી પિસ્તાળીશ મિનિટની માથાકૂટ પછી પૂરતી ગરમીનું આવરણ મળ્યા બાદ લક્ષ્મણનો પુરુષદેહ સળવળ્યો, જીવંત બન્યો એણે પડખું ફેરવવા પ્રયત્ન કર્યો એટલે સબાક ! વીજળીની જેમ એ વનદેવી ઊભી થઈ તેણે ફરીથી લક્ષ્મણના લલાટે ચુંબન ચોઢી દીધું અને પછી પૂર્વવત વસ્ત્રો ધારણ કરીને પેલા ઝરામાં પાણીથી હાથ-મોં ધોઈ ફ્રેશ બનીને પેલી વનદેવીએ ફરીથી લક્ષ્મણના દેહને (કે જે હજી પણ અર્ધ બેભાનઅવસ્થામાં જ પણ કંઈક જીવંત હતો). ઉપાડ્યો અને ગાડીની પાછળની બેઠક પર ગોઠવીને ડીકીમાં બધુ બરાબર ગોઠવી દીધા પછી પેલી વનદેવીએ પોતાની ગાડી જંગલના રેસ્ટ હાઉસની દિશામાં 'ફોરેસ્ટિયા રેસ્ટ હાઉસ' ની દિશામાં મારી મૂકી.

જાણે ખોવાઈ ગયેલ મુસાફરને પોતાની મંજિલ મળી ગઈ હોય તે પ્રમાણે જાણીતો રસ્તો મળી જતાં દોડતી ઇમ્પાલા 'ફોરેસ્ટીઆ રેસ્ટ હાઉસ' આગળ થોભી અને તેના દરવાજા આગળ સહી-સલામત રીતે લક્ષ્મણને ઉતારીને સુવાડી દીધાં પછી 'ઇમ્પાલા-ઇમ્પોર્ટેડ' ગાડી ફરીથી

પાછી જંગલની અગોચર દિશામાં અદશ્ય બની ગઈ. રાત્રિનો છેલ્લો પ્રહર (પહોર) વીતવાનો કદાચ બાકી હશે ! કદાચ ચાર-સાડા ચાર વાગી ચૂક્યા હશે અથવા વાગવાની તૈયારી હશે.

તે વખતે જંગલના 'ફોરેસ્ટ હાઉસ'નાં માણસો, તમામ જીવજંતુઓ વહેલી ખુશનુમા સવારની મીઠી નિંદરની મજા માણી રહ્યાં હતાં.

✳

# 13

# રેખાની ભાગ્યરેખા

લક્ષ્મણને 'ગુડબાય' કહ્યા પછી રેખા પોતાના ઘર તરફ ભાગી... પોતાની જિંદગીનો પહેલ-વહેલો અનુપમ તથા અનોખો અનુભવ થયા બાદ રેખાનું આખુંય બદન રોમાંચિત થઈ ઊઠ્યું. નાચી ઊઠ્યું - ઝૂમી ઊઠ્યું. તેના અંગેઅંગમાંથી સ્ફૂર્તિની તરોતાજગીની લહેરખી ઊભરી આવી અને તે મસ્તીનો આનંદ લૂંટતા ક્યારે પોતાના નિવાસસ્થાને પહોંચી તેનો રેખાને જરાપણ ખ્યાલ રહ્યો નહિ...!

આ જિંદગી જ એવી છે... જિંદગીનાં રૂપ ઝાઝાં છે. એક તરફ જિંદગી ડૂસકે ડૂસકા ભરી ગરીબાઈમાં રડી હોય જ્યારે બીજી તરફ શ્રીમંતાઈના સુખમાં જિંદગી એશો-આરામમાં સુખની નિદ્રા માણી રહી હોય તે પણ ઉપરવાળાની કરામત છે. રડતી જિંદગી. હસતી જિંદગી-બાળકોની જિંદગી-યૌવના-વસંતઃઋતુના રાગ-રોગાનના આલાપ કરતી-ભોગવિલાસમય-જિંદગી-વૃદ્ધ-જીર્ણ-શીર્ણ દેહવાળી જિંદગી-રોગિષ્ઠ (રોગથી પીડાતી જિંદગી) જિંદગી... સમય કાળ બળવાન છે નહિ કે અન્ય કોઈ ચીજ...! રેખા પણ આ બધું વિચારી રહી હતી... ગંભીરતાથી વાગોળી રહી હતી...

એક વખત હિમાલય પહાડ ઉપરથી ઊતરી આવેલા કોઈ-અઘોરી લાંબી-લાંબી-દાઢી-જટાવાળા કોઈ ખાખી બાવા અઘોરી

ફક્કડ ગિરધારીએ રેખાના ઘરનું આંગણું શોભાવ્યું ત્યારે રેખાના પાલકપિતા... ગુલાબદાદા અને તેની ઘરવાળી ખુશ-ખુશ થઈ ઊઠ્યાં - આનંદથી ઝૂમી ઊઠ્યાં... અતિથિ દેવો ભવ...! ગુરુદેવોભવ...! પ્રણાલીમાં નિષ્ઠાથી માનનાર વૃદ્ધ દંપતીએ આ ખાખીબાવા ફક્કડગિરધારી-સાધુનું-સંત મહાત્માનું દૂધ-ફળ-ફૂલ-પાન તથા ભાવથી ભરપૂર સ્વાગત કર્યું ત્યારે પેલા સાધુ-સંત મહાત્મા સંતુષ્ટ થઈ ગયા. ખુશ-ખુશ થઈ રહ્યા. વૃદ્ધ દંપતીની સેવાવૃત્તિ પર આફરીન થઈ ગયા...

સાધુ મહાત્મા અઘોરી બાવાએ જ્યારે વાતવાતમાં પૂછ્યું ત્યારે ‘બાવા, અમે તો પાકી ગયેલા પાન બરાબર-બધું ખાઈ, પીને ઊતરી ચૂક્યા છીએ. અમારા દેહ તણો કોઈ ભરોંસો રહ્યો નથી. અમોને કોઈ જાતની ઇચ્છા-એષણા કે કોઈ મનોરથ રહ્યા નથી પણ અમારે અમારી દીકરી રેખાની ભવિષ્યરેખામાં ભાગ્યવિધાતાએ શું શું લખ્યું છે ? તે જાણવાની અમારી ખૂબ ખૂબ ઇચ્છા છે-ભાવના છે. જે ભાવનાને કૃપા કરીને પૂર્ણ કરો ભગવંત્...’ પોતાની આંતરિક ઇચ્છા સાધુબાવા સમક્ષ ગુલાબદાદાએ રજૂ કરતાં કહ્યું.

અઘોરીબાવાની ભ્રૂકુટિઓ ખેંચાઈ. તેમણે આરપાર દૃષ્ટિથી ક્ષિતિજને પેલે પાર જોવા માંડ્યું.

રેખાને બોલાવી ત્યારે રેખા સાતથી આઠ વર્ષની હશે.

‘આકૃતિ ગુણાન કથયતિ તથા આકૃતિ ભાગ્ય વૃતાંત કથયતિ...’ રેખાને બરાબર જોઈ લીધા પછી અઘોરી ધ્યાનમાં ડૂબી ગયા.

ધ્યાનમાં ખોવાયેલા સાધુબાવા... જાણે ક્યાંક ખોવાઈ ચૂક્યા હતા. જાણે કોઈ શ્વેત બગપક્ષી એક પગે ઊભાંઊભાં શ્વેત, સુંદર, રમણીય સરોવર મધ્યે મત્સ્યભોગની શોધમાં એકાગ્ર તપશ્ચર્યા કરી રહ્યો ન હોય !

મિનિટો-ઘડીઓ ક્ષણક્ષણ વીતતી જતી હતી.



ઘોર-અઘોરી ખાખીબાવાનું મૌન-અકળ મૌન ગુલાબદાદા અને તેની પત્નીની મૂંઝવણમાં ક્ષણપ્રતિક્ષણ વધારો કર્યે જતું હતું...

છેવટે અઘોરી બાવાએ પોતાની વિશાળ આંખો ખોલી. તેની બંને આંખો લાખો લાખો મણ ભાર-બોજાથી દબાયેલી લાગતી હતી...

પોતાની હથેળીના બંને હાથ મસળીને ગળું સાફ કરીને પેલા બાવાએ કહેવા માંડ્યું કે -

“ચિંતા કી કોઈ બાત નહીં હૈ, પુતર. કન્યા બડી ભાગ્યશાલી હૈ... લક્ષ્મી ઉસકા પેર ચુમેગી. વહ જહાં જાયેગી એશ-આરામ કરેગી. ઉસકા હી અપના અનુશાસન હોગા... સુખ-સંપત્તિ ભોગવિલાસ કી સારી સુવિધા ઉસકે નસીબમેં હૈ મગર...’ કહીને સાધુ-બાવા અટકી ગયાં.

‘મગર ક્યા ? બોલો ભગવંત’ કહી ગુલાબદાદાએ સાધુબાવાને વિનંતી કરી...

“યે જાનનેકી કોશિશ મત કર નાદાન મનુષ્ય, ઉસમેં હી તેરા ભલા હૈ. યે ભાગ્યરેખા કી બાત જાનકર તું આપ હી આપ દુઃખી હોગા, પરેશાન હોગા, વ્યર્થ જાનબૂઝકર તું કુએ મેં દુઃખ કે કુએ મેં અપને આપકો ક્યોં ધકેલ રહા હૈ મૂરખ...

“નહીં ભગવંત જબ જાનુંગા તબ હી ચૈન કી નીંદ આયેગી” જ્યારે ગુલાબદાદાએ ખૂબ ખૂબ આગ્રહભરી વિનંતીઓ કરી ત્યારે,

‘અચ્છા તો લે સુન, તેરી યે કન્યા કે ભાગ મેં સ્વામી કા સુખ નહીં હૈ. વહ કુઆરી સુહાગિન રહે તો અચ્છા હૈ, નહીં તો ઉસકી પહલી સુહાગરાત કો યા જબ તેરી યે કન્યા અપને આપકો કિસી પુરુષ કો (પતિ કો) જાતીય સુખ કે લીયે, અપના દેહ સોંપ દેગી ઉસી સમય ઉસકા ઔર વહ કમનસીબ પુરુષ કા દેહાંત હોગા. તેરી યે કન્યા એક સમાં કી તરહ હૈ જો ખુદ જલકર ખુદમેં પતંગે કો ભી જલાકર રાખ કર દેતી હૈ, મગર યે બાત ધ્યાન સે સુન મિત્ર...! તેરી યે કન્યા ઔર

કન્યા કે હોનેવાલે પતિ કે બલિદાન સે સારા ભારત દેશ એક મહાન વિપત્તિ સે બચ જાયેગા. ઈસલિયે અપની કન્યા પર કિસી પુરુષ કી પરછાઈ તક નહીં પડને દેના, ઈસી મેં તેરી ઔર તેરી કન્યા કી તથા ઉશ કમનસીબ પુરુષ કી ભલાઈ હૈ, સમજ ગયા બચ્ચા.'

કહીને ખાખી ફક્કડ ગિરધારી બાવા કન્યારેખાનું અમંગલ ભવિષ્ય ભાખીને ચાલ્યા ગયા, વહેતા થઈ ગયા.

ત્યારથી જ ગુલાબદાદા અને તેની ઘરવાળી રેખાને પોતાના જીવની જેમ જાળવીને રાખતાં હતાં. એકલીઅટૂલી ક્યાંય જવા દેતાં નહીં.

રેખાના ભવિષ્યની વાત જ્યારે ગુલાબદાદાએ (તેના પાલક પિતાએ જગતસિંહને (રેખાના ખરા પિતા) કહી સંભળાવી ત્યારે જગતસિંહ ખૂબખૂબ ચિંતામાં પડી ગયા. જગતસિંહ પોતાની તમામ માલ-મિલકત રેખાને મળી રહે અને કોઈ ખૂન કરી નાંખે નહીં તે હેતુથી તથા એકની એક વારસ રેખાનો વાળ પણ વાંકો થાય નહિ તે માટે જ પોતાના ખૂબખૂબ વિશ્વાસુ, પરમ મિત્ર એવા ગુલાબસંગ તથા તેની પત્નીને પોતાની લાડકવાઈ દીકરી રેખાને જ્યારે સોંપી ત્યારે જગતસિંહની આંખો આંસુથી ભરાઈ આવી, છલકાઈ ગઈ. તેમને રેખાની માની ખૂબખૂબ યાદ આવી પણ એ બીજું કરે પણ શું ? એક બાજુ તમામ મિલકતો, જમીનો, વાડી, રાજ્ય જેમાં બચી ગયેલ બધી મિલકતોનો વહીવટ કરવાનો હતો. જ્યારે બીજી બાજુ રેખાની જિંદગી સવારવાની હતી.

સાધુબાવાનું અમંગળ કથન રેખાએ પણ સાંભળ્યું હતું. તે વખતે સાત-આઠ વરસની હતી. તેનામાં બાળકબુદ્ધિ હતી એટલે વાતની ગંભીરતા તે વખતે તે સમજી ન હતી એ સમજે પણ ક્યાંથી ?

જ્યારે આજે એ જ રેખા...

સમય-કાળ બળવાન છે નહીં કે કોઈ ચીજ ! રેખા પણ આ બધું વિચારી રહી હતી. ગંભીરતાથી વાગોળી રહી હતી. અઘોરી બાવાએ



જે તે વખતે ઉચ્ચારેલા સત્યને ભવિષ્યવાણી પુનઃ યાદ કરી રહી હતી.

'અચ્છા તો લે યે સૂન તેરી યે કન્યા કે ભાગ્યમેં સ્વામી કા સુખ નહીં હૈ. વહ કુંઆરી સુહાગિન રહે તો અચ્છા હૈ, નહીં તો ઉસકી પહલી સુહાગરાત કો અન્યથા જબ તેરી યે કન્યા જબ અપને આપકો કિસી પરાયે પુરુષકી બાહોમેં ભર દેગી, તબ ઉસી સમય ઉસકા ઔર કમનસીબ પુરુષ કા દેહાંત હોગા... યાને દોનો કા પહલા મિલન... દોનોકી મોત હોગી...'

રેખાનું કપાળ પ્રસ્વેદબિંદુએથી છલકાઈ ઊઠ્યું તેના શ્વાસની રફતાર પણ વધી ગઈ.

જ્યારે ગુલાબદાદાએ પૂછ્યું કે -

'બેટા ! કેમ મોડું થયું ? રસ્તામાં કોઈ તકલીફ થઈ હતી કે શું ?'

ત્યારે રેખાએ 'ના...રે...દાદા... આ તો ગાડી બગડી હતી. સ્ટાર્ટર બગડી ગયું એટલે ગાડી વરસાદમાં બંધ પડી ગઈ અને કલાકની મથામણ પછી પાછી ગાડી ચાલુ થઈ એટલે હું ભાગીભાગી ઘરે આવી ગઈ...!' કહી રેખાએ વાત ફેરવી દીધી.

'સારું થયું તું ઘરે આવી ગઈ નહીં તો ચિંતાથી અડધા થઈ જવાત. હવે આપણે જોડે જ આવવા-જવાનું રાખીશું.' કહી ગુલાબદાદા પોતાને કામે વળગ્યા.

જ્યારે થાકી ગયેલી કંટાળી ગયેલી રેખા પ્રાતઃકાળની કામગીરીમાં પરોવાઈ ગઈ.

*

# 14

# લક્ષ્મણ તું ભાગકે જાયેગા કહાં ?

લક્ષ્મણે લોચન ખોલ્યાં...

અગણિત ભાર-બોજા હેઠળ દબાઈ જતાં લોચનને લક્ષ્મણ મહાપરાણે બળજબરીપૂર્વક ખુલ્લાં રાખી શકતો હતો.

દશ-દશ મણ વજનનો ભાર બન્ને આંખો પર કોઈ જાનવર (ગધાડા) પર મહાપરાણે બોજો નાખી દે અને ઉપરથી તેનો ચાલક 'ફટાફટ' લાકડીઓ મારે તે પ્રમાણે લક્ષ્મણ મહાપરાણે પોતાની આંખો ખોલી શકતો હતો અને તે જ પ્રમાણે માનસિક સમતુલા જાળવી શકતો હતો.

આખા શરીરમાં આગ લાગી હતી. જાણે રોમરોમ બળુંબળું થઈ રહ્યું હતું અને લક્ષ્મણને શું કરવું ? શું ન કરવું ? તે વાત જ નક્કી થઈ શકતી ન હતી.

મહાપરાણે બેલેન્સ જાળવીને કોઈ દોરી પર સમતુલા જાળવવા મથતાં નટની અદાથી ચાલતો લક્ષ્મણ 'ફોરેસ્ટ રેસ્ટ હાઉસ' તરફના ઝાંપે આગળ વધ્યો. પાછળની પીઠ પરનો બોજો-સુરક્ષા સામાન બધું સલામત હતું. (રેખાએ લક્ષ્મણના પુરુષત્વની ખાતરી કરીને બધું જ પૂર્વવત્ યથાવત ગોઠવી દીધું હતું.)

આ રેસ્ટ હાઉસ હતું કે મોતની કબર હતી ?





બે-ત્રણ દિવસ પહેલાં જ્યાં ચહલ-પહલ હતી, દોડધામ રહ્યા કરતી હતી. તે રેસ્ટ હાઉસના બધા માણસો કોણ જાણે ક્યારે ? કેવી રીતે ? કઈ દિશામાં અદશ્ય બની ગયાં ? અને રેસ્ટ હાઉસ' મોતની કબર સમું બની ગયું, સુનસાન બની ગયું...

રેસ્ટ હાઉસની શૂન્યવત્ શાંતિ તથા સુનીતા જયસ્વાલની ચિંતા ફિકર એ બધા તરફ હવે ઝાઝું લક્ષ આપી શકાય તેમ હતું જ નહિ જેથી પોતાની જાતનો જ વિચાર કરીને હવે જે જે કરવું હતું. તે તમામ વિગતનો પૂરેપૂરો વિચાર કરીને તેનાં ભવિષ્યમાં ઉપસ્થિત થનારાં પરિણામોનો વિચાર કરીને 'લક્ષ્મણે' જંગલના રેસ્ટહાઉસ મધ્યે પ્રવેશ મેળવીને પોતાની રૂમ તરફ ઝડપથી જવા માંડ્યું.

'ન જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું છે ?'

પછી બિચારા લક્ષ્મણને ક્યાંથી ખબર હોય કે હવે તેને કેવી-કેવી મુસીબતોનો સામનો કરવાનો છે ?

તેના જાનની પ્યાસી આંતરરાષ્ટ્રિય ટોળકી ક્યારે તેનો ભક્ષ્ય કરી જશે ? તે હકીકત તો રામ જાણે !

પોતાની રૂમ...!

ઓળખી શકાય તેવી પરિસ્થિતિમાં રહી ન હતી...

બધી વસ્તુ ગમે ત્યાં, ગમેતેમ વેરવિખેર વેરાયેલ પડી હતી. કોઈએ જાણે ખૂબ ખૂબ ઉતાવળમાં ને ઉતાવળમાં બધી જ ચીજવસ્તુઓને ઊલટ-સૂલટ, આડી-અવળી કરી દીધી હતી. મારી રૂમમાં ભૂતની ભૂતાવળ ક્યાંથી પહોંચી ગઈ ?

આ બધું કોણ જાણે ક્યારે શું થઈ ગયું ?

લક્ષ્મણે જોયું કે પોતાની લગભગ બધી જ વસ્તુઓ વેરવિખેર થઈ ગઈ હતી... તોડફોડ થઈ ગઈ હતી-લૂંટાઈ ગઈ હતી...

લક્ષ્મણની વેધક આંખે જોઈ લીધું કે...

એક નાનકડી કાગળની ચબરખી બારીની પેલી બાજુ લગભગ પડું પડું જેવી પરિસ્થિતિમાં લબડી રહી હતી.

અધમુઆ થઈ ગયેલા લક્ષ્મણે પેલી ચિઠ્ઠી ઉઠાવી લીધી... અને જાણે લક્ષ્મણને જીવવા માટે નવો પ્રાણવાયુ મળી ગયો.

એ ચિઠ્ઠી સુનીતા જયસ્વાલની હતી. તેના સાથીની ચિઠ્ઠી હતી.

હલ્લો એજન્ટ... XXX-07-કન્ટ્રોલ રૂમ પરથી આવેલ મેસેજ પ્રમાણે આપણને લાલ હવેલી એટેન્ડ કરવાની સૂચના મળી છે. હું પણ ત્યાં જઈ રહી છું. આ મેસેજ મળી જાય કે તરત જ તમો સીધા ચાલ્યા આવો, ફોલો મી.

લક્ષ્મણ તો તૈયાર જ હતો...

વેરવિખેર થઈ ગયેલ પોતાની રૂમમાંથી જે કાંઈ મળે તે બધી અગત્યની ચીજવસ્તુઓ ભેગી કરીને એક એટેચી ભરી દીધી. પછી લક્ષ્મણે અહીંથી ભાગી જવાની તૈયારી કરી દીધી.

જિંદગીની દોડ જીવન જીવવા માટે ક્યારેક ક્યારેક દોડ લગાવવી જરૂરી બની જતી હોય છે. જેને જીવનસટોસટની દોડ કહીએ છીએ. કહેવત છે કે 'જીવતો નર ભદ્રા પામે...'

લક્ષ્મણે થોડી વાર રાહતનો દમ લઈ લીધો. અડધા કલાકના આરામ બાદ લક્ષ્મણ પૂરેપૂરો તૈયાર (શસ્ત્રસરંજામથી સજ્જ થઈને) બહાર નીકળ્યો અને તેણે જેવું બહાર ડોકું કાઢ્યું કે... 'ધડમ... ધાંય... ધાંય...' ક્યાંથી કોણ જાણે કેવી રીતે ક્યાંકથી બે ગોળીઓની લક્ષ્મણની છાતીને આરપાર વીંધી નાંખવા માટે જ ન હોય તે રીતે લક્ષ્મણના માથા પરથી વહી ગઈ. જાણે બે અગનસોલા વરસીને જતાં રહ્યા. લક્ષ્મણના કાનમાં હજીપણ બે ગોળીઓના ધડાકાનું ગુંજન સંભળાયા કરતું હતું...

સારું થયું કે લક્ષ્મણે 'પ્રતિક્ષિપ્ત'ની ક્રિયા દ્વારા જાણે-અજાણે પોતાની કાયાને સાચવી લીધી હતી. લક્ષ્મણે પોતાની ઓટોમેટિક પિસ્તોલ તરત જ બહાર કાઢીને તરત જ વળતાં બે ફાયર કર્યાં. વળતો જવાબ આપ્યો. લક્ષ્મણ સમજી ગયો કે હવે અહીંયા રહેવામાં જાનનું જોખમ છે. જીવની સલામતી નથી... પણ બહાર કેવી રીતે નીકળવું ?



હવે ચાલાક દુશ્મન ચેતી ગયા હતા અને આક્રમણ કરી દુશ્મનને ખતમ કરી નાંખવો એવો 'વ્યૂહ' ઘડી લીધો હતો એટલે હવે પૂરેપૂરી તકેદારી રાખવાની હતી અને હવે ડગલે-પગલે મોત પોતાનું મુખ પહોળું કરીને ગળી જવા, ભક્ષ્ય કરી જવા તલપાપડ બનીને તૈયાર બની બેઠું હતું.

જોઈએ 'કૌન કૌન હૈ કિતને પાનીમેં...'

પોતાની રૂમ બધી જગાએથી બરાબર રીતે બંધ કરી દઈને જ્યારે છેવટની છેલ્લી બારી બંધ કરતી વખતે જોઈ લીધું કે 'ફોરેસ્ટ-હાઉસ'ના મોટા લોખંડી દરવાજાની બહાર એક સફેદ બંધ બોડીની જીપ મોતનો યમદૂત બની તેની રાહ જોતી ઊભી હતી અને તેના બહાર નીકળવાની રાહ જોતી હતી...

'કદાચ તેમાંથી જ મોતની બે ગોળીઓ વરસી હશે. જે હોય તે દેખા જાયેગા...'

હવે તો... 'યા હોમ કરીને બઢો ફતેહ છે આગે' એમ વિચારીને પૂરેપૂરા શસ્ત્રસરંજામ સાથે પોતાની ભરેલી એટેચી લઈને ભાગ્યો... 'ફોરેસ્ટ રેસ્ટહાઉસ'ના પાછળના દરવાજા તરફ એ પોતાની રૂમનો દરવાજોય બંધ કરવા રોકાયો નહિ..

લક્ષ્મણ જેવો ભાગ્યો કે પેલી જીપમાંથી ગોળીઓની રમઝટ વરસવી શરૂ થઈ ગઈ. લક્ષ્મણને આ હકીકત આમ જ બનશે તેનો પૂરેપૂરો ખ્યાલ હતો તેથી જ ખાસ અગમચેતી, સમયસૂચકતા વાપરીને તે કોઈ લીસો સર્પ જે ઝડપથી સરસરાટ દોડી જાય તે ત્વરાથી વાંકીચૂકી ગતિએ પાછળના દરવાજા તરફ ઝડપથી પહોંચી ગયો હતો. એક બાજુ ધાંય... ધાંય... ધાંય... બહારની જીપમાંથી' 'જીવલેણ' ગોળીઓનો વરસાદ વરસતો હતો. જીપમાં બેઠેલ દરેક હુમલાવર બનીને લક્ષ્મણને જાનથી મારી નાખવા માટે પોતાનાથી શક્ય હોય તેટલો પ્રયત્ન કરી રહ્યા હતાં.

લક્ષ્મણ પાછલા દરવાજેથી સરકીને દોટ લગાવીને હવે જંગલની ઝાડીમાં ભરાઈ ગયો... જીપ હવે... જીપમાં બેઠેલા બધાં જ યમદૂતો

સહિત 'ફોરેસ્ટ રેસ્ટ હાઉસ'ના પાછલા દરવાજા તરફ વળી અને જીપમાં બેઠેલા બધાં જ જાણે શિકારી કૂતરાઓ હોય તેમ જંગલની ઝાડી-ઝાડીઓ ફરી-ફરીને શોધા-શોધ કરીને લક્ષ્મણના અસ્તિત્વને મિટાવી દેવા ઉગ્ર બની ગયા હતાં...

આગળ જીવસટોસટની દોડ લગાવીને લક્ષ્મણ ભાગી રહ્યો હતો. પાછળ નર-રાક્ષસો લક્ષ્મણનો મોતનો સામાન તૈયાર કરીને લક્ષ્મણની મૃત્યુશય્યા સાથે શિકારી કૂતરાની જેમ 'સફેદ જીપ' સાથે દોડતાં આવી રહ્યાં હતાં...

લક્ષ્મણનું એ સારું નસીબ હતું કે જીપ જંગલની બધી જ જગ્યાએ ઝાડીઓ, ગીચ ઝાડીઓ વચ્ચેથી આવી શકે તેમ ન હતી. તેથી જીપમાં બેઠેલાં પેલા શિકારી કૂતરાઓના હાથની બંદૂક, રાયફલ રિવોલ્વર અને બધા ઘાતક હથિયારોની રેન્જમાં લક્ષ્મણ આવી શકતો ન હતો. પરિણામે હવામાં ગોળીબાર થતા રહેતા. જેના અડધાપડધા જંગલમાં સંભળાતા રહેતાં... તેમ છતાં લક્ષ્મણનું લોહી પી જવાના હોય તે રીતે જીપ લઈને જંગલની ઝાડીમાં જીપ જે રસ્તે જઈ શકે તે રીતે આગળ વધતાં હતાં.

આગળ લક્ષ્મણ ભાગતો હતો.

પાછળ પાછળ તેમના યમદૂતોથી ભરેલી જીપ તેનો પીછો કરતી નજીક આવતી જતી હતી. એ સાથે લક્ષ્મણનું મોત ધીમેધીમે નજીક આવતું હતું.

એક વખત લાગ જોઈને, બરાબર નિશાન તાકીને લક્ષ્મણે જીપના આગળના બે વ્હીલ પર 'ધાંય... ધાંય...' બે ફાયર કરી દીધા. પેલા શિકારી નરરાક્ષસોને ખ્યાલ પણ નહીં હોય કે લક્ષ્મણ ૧૦ મીટરથી પણ ઓછા અંતરે હશે અને આવો 'ઘાતક' જીવલેણ હુમલો કરશે. તે લોકો બીજું કાંઈ વિચારી રહે તે પહેલાં ફરીથી 'ધાંય... ધાંય...' કરીને પોતાની રિવોલ્વરમાંથી ફરીથી બે ફાયર કર્યા. એક ગોળીથી જીપનો આગળનો ગ્લાસ ભાંગીને ભુક્કો થઈ ગયો હતો.



જ્યારે બીજી ગોળી જે જીપ ચલાવતો હતો તેની છાતીમાં પેસી ગઈ હતી. તે ગોળી જીપ-ચાલકના સીનાને ઓગાળી દેવાં માગતી હશે કદાચ... ! અને તે જીપમાં ઢળી પડ્યો.

આ રીતે થયેલ ધારદાર હુમલાથી નરરાક્ષસો-કૂતરા જરાક પાછા પડ્યા અને જેનો લાભ લઈ, લાગ જોઈને લક્ષ્મણ પોતાના સરંજામ સાથે ભાગ્યો, પણ એના પર ડ્રાઈવરની જોડે જ બેઠેલા એક હુમલાવરની નજર પડી ગઈ અને પેલાએ તરત જ લક્ષ્મણ પર 'ધડા...ધડ...ધાંય...ધાંય' ગોળીઓ વરસાવવી શરૂ કરી દીધી.

આ બધી મુસીબતોમાંથી પાર પડવાની પૂરેપૂરી તૈયારી કરી હોવા છતાં અને ગમે તેટલી ઝડપથી, વાંકીચૂકી ગલીએ દોડ લગાવ્યા છતાં પેલાએ જે ગોળીઓની વણઝાર છોડેલી તેમાંની ગોળીઓ પૈકીની એક ખતરનાક ગોળી લક્ષ્મણની ડાબી બાજુના પાછળના ખભાની ઉપરની બાજુએ 'ખરરર...ખચ...' ઊંડો ઘસરકો કરીને સુસવાટો બોલાવીને આગળ વધી ગઈ.

'ઓ... રામ ! હે ભગવાન !' કહી લક્ષ્મણ તરત જ લથડિયું ખાઈને જમીન પર ઢળી ગયો. લોહીની ધાર વહેવા લાગી. લક્ષ્મણને આંખે હવે અંધારા આવી રહ્યાં હતાં, તેમ છતાં ફરીથી ઊભા થઈને ભગવાન રામને મનોમન યાદ કરીને લક્ષ્મણે આંખો મીંચીને, લાલ હવેલી તરફ ભાગવા માંડ્યું.

જીવનનો ઝંઝાવાત, જીવસરેરાટની દોડ. જીવન અને મોતનું તુમુલ યુદ્ધ, જિંદગીની ઘોડાદોડ, એ પ્રમાણે ક્યારેક ક્યારેક માનવીએ મોતને મુઠ્ઠીમાં લઈને જીવને જોખમે દોડ લગાવવી પડતી હોય છે.

એ પ્રમાણે લક્ષ્મણ લાલ હવેલી તરફ ભાગતો હતો.

પાછળ-પાછળ આવતી પેલી સફેદ જીપે પીછો કરવાનો કાર્યક્રમ હાલ પૂરતો બંધ રાખ્યો હશે. પેલો ડ્રાઈવર ભગવાનને દરબાર પહોંચી ગયો અને જીપના આગળના પગ (બંને ટાયર-વ્હીલને) ભાગી ગયા એટલે એ લોકો કદાચ બીજો રસ્તો વિચારતા હશે અથવા દોડતાં પગલે

પીછો કરી રહ્યા હશે !

એ ગમે તે હોય આપણે શું ?

લક્ષ્મણ હવે જાનની બાજી લગાવીને 'લાલ હવેલી' તરફ દોડતો જતો હતો.

લક્ષ્મણ તું ભાગી-ભાગીને જશે ક્યાં ! રેખા તને ઓછો છટકીને જવા દેશે...? એની માયાજાળમાંથી છૂટી કેવી રીતે છટકી શકાશે ? એ તો રામ જાણે !

લક્ષ્મણ લાલ હવેલી તરફ મુઠ્ઠીઓ વાળીને દોડતો હતો, ભાગતો જઈ રહ્યો હતો.

❊

# 15

## લક્ષ્મણ ભાગ્યો

'લાલ-હવેલીના' મુખ્ય પ્રવેશદ્વારના મુખ આગળ-લગભગ બેહોશ જેવો બની ગયેલો લક્ષ્મણ પોતાના સંપૂર્ણ 'હોશ-હવાશ' ખોઈને 'ભફડાંગ' દઈને ડામરીયા રોડ પર ફસડાઈ પડ્યો...!

તરત જ જાણે આ ઘટનાની રાહ ન જોઈ રહી હોય તે રીતે એક સફેદ ફિયાટ ગાડી ચુપચાપ સરી આવી...! જેમ કોઈ બાજ પક્ષી પોતાના શિકારને ઉપાડી જાય તેમ લગભગ મૃતપ્રાયઃ થઈ ગયેલા લક્ષ્મણને ઉપાડીને સફેદ ફિયાટ ગાડી (નંબર વગરની હતી) ડામરિયા રોડ પર સરસરાટ કરતી સરી ગઈ...!!!

કોઈ જાણી-અજાણી દિશાને ચીરી નાંખતી, સફેદ ફિયાટ ગાડી આગળ વધતી જતી હતી. લક્ષ્મણની લાશને અંતિમ મંઝિલે પહોંચાડવા એ આતુર હતી. તલપાપડ બની ગઈ હતી...

એ ગાડી, સફેદ ફિયાટમાં મરવા પડેલ લક્ષ્મણ...!

કોઈ 'ઇમરજન્સી' કેસ લઈને સડસડાટ વહી જતી એમ્બ્યુલન્સ હૉસ્પિટલિયા કારની જેમ એ સફેદ ફિયાટ ગાડી પવનવેગે આગળ વધી રહી હતી. કોણ જાણે ક્યાં ? કઈ દિશા તરફ ?

જ્યારે લક્ષ્મણની આંખો ખૂલી ત્યારે સામેનું દશ્ય જોઈને તેની આંખો આશ્ચર્યથી વિસ્ફારિત થઈ ગઈ...! તે આંખો ફાડીને, ધારી

ધારીને જોવા લાગ્યો... ઘડીભર તો પોતે કોઈ દિવાસ્વપ્નનની અસર હેઠળ નથી ને ? તેની પાકી ખાતરી લક્ષ્મણે કરી લીધી... હા ! હવે લક્ષ્મણ સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં હતો. સભાન અવસ્થામાં હતો. અને સામે જે જીવતી જાગતી વ્યક્તિઓ આસપાસ ઘેરાઈને, ચોતરફ વીંટળાઈ વળી જઈને ઊભી હતી તે તમામ વ્યક્તિઓ એક વાસ્તવિક હકીકત હતી...

લક્ષ્મણ પોતે વનવાસમાં એકલોઅટુલો ભમી રહ્યો હતો. ત્યાંથી તે કોણ જાણે ? કેવી રીતે ? ક્યાંથી ? સગાંવહાલાના ઝૂંડ વચ્ચે આવી ગયો હતો ? એ તો રામ જાણે...!

લક્ષ્મણની સામે, લક્ષ્મણના પૂજ્ય પિતા (પપ્પા) હિંમતસિંહ તથા માતા પુષ્પાદેવી તથા ભાઈ-ભાંડુ મિત્રો કિશોર, લ્યુસી, જૉસેફ, ફિલીપ વગેરે હાજરાહજૂર-મોજૂદ હતાં. પોતે "લાલ હવેલી"માંથી "હિંમતભુવન"માં એ કેવી રીતે આવી ગયો ? તેનો લક્ષ્મણને ખ્યાલ આવી શક્યો નહિ. ક્યાં કનકપુર હતું ? ક્યાં આવી ગયું ભરતપુર ?

જ્યારે લક્ષ્મણે ડાબી બાજુએ પડખું ફેરવ્યું ત્યારે તે બાજુએ પણ જગતસિંહ (જગતદાદા) ગુલાબસંગ (ગુલાબદાદા) એક અજાણી છોકરી તથા કેટલાક જાણ્યા-અજાણ્યા ચહેરાઓ લક્ષ્મણને ઘેરી વળીને ઊભા હતા...!

લક્ષ્મણે ફરી પાછી આંખો બળપૂર્વક મીંચી દીધી. લક્ષ્મણ પોતે જ આ બધી ધાંધલ-ધમાલ અને ઝડપથી બનતા જતા બનાવોની પરંપરાઓથી કંટાળી ગયો હતો, બાવરો બની ગયો હતો.

એક બાજુ દેશ પ્રત્યેની વફાદારી-જિંદાદિલી 'સરફરોશ' - કુરબાન થઈ જવાની તમન્ના હતી. બીજી તરફ જાણ્યા-અજાણ્યા ચહેરાઓ ન સમજાય તેવી ભાષામાં અગમ્ય રીતે ઘણું બધું કહી રહ્યાં હતા. તેને સમજાવી રહ્યા હતા. ધાક-ધમકી આપી રહ્યા હતા.

લક્ષ્મણે છેવટે જે કાંઈ વિચાર્યું હતું તે વિચારેલી વાત આજે હકીકત બની વાસ્તવિકતાનો દેહ ધારણ કરી રહી હતી...



ડૉ. પ્રવીણ ઘોષ આવ્યા... હિંમતસિંહ ઠાકોરના કુટુંબના 'ફેમિલી ડૉક્ટર' જેઓ ઠાકોર કુટુંબની સાથે સીધો-સરળ સંબંધ ધરાવતા હતા.

ડૉક્ટર ઘોષે લક્ષ્મણને તપાસ્યો... નાડી માપી... લક્ષ્મણે આંખો ખોલી...

"કેમ છે હવે ? કોઈ તકલીફ છે કાંઈ ?" ડૉક્ટર ઉવાચ.

"ના... બરાબર છે. હવે, પણ અશક્તિ વધારે લાગે છે-" લક્ષ્મણે જવાબ આપ્યો.

"એમાં ચિંતા કરવા જેવું નથી... આ તો વધારે પડતી દોડધામ અને થાક તથા પરિશ્રમને લીધે તબિયત પર અસર થઈ લાગે છે..." જવાબમાં ડૉક્ટર હસ્યા...

"બરાબર છે, ડૉક્ટર" લક્ષ્મણે સમર્થન આપ્યું...

"હવે બે એક અઠવાડિયા બરાબર આરામ કરો. ગ્લુકોઝ-વિટામિન્સ, ઈન્જેક્શન તથા પોષણવાળો ખોરાક ફરીથી તબિયત સુધારી દેશે. પણ માથા પર કોઈપણ જાતનું ટેન્શન રાખ્યા વગર આરામ લેવો ખૂબખૂબ જરૂરી છે." લાંબું-લચ્ચ ભાષણ આપી ડૉક્ટર હવે કાંઈક વધુ ગંભીર બન્યા હતા.

"ડૉક્ટરસાહેબ, એ તો એનો સ્વભાવ છે જ એવો વિચિત્ર. એને શું કામ સોંપીને અહીંથી મોકલેલો અને કોણ જાણે શુંનું શું કરી આવ્યો ? ક્યાં ક્યાં ફરી આવ્યો ! એ તો માલિકની મહેરબાની કે સાજો સમો ઘરે પાછો આવ્યો." અત્યાર સુધી ચૂપ રહેલા તમામ મેમ્બરો પૈકી હિંમતસિંહ બોલી ઊઠ્યા.

"ભલે, ભલે, તમે એકલા લક્ષ્મણની પાસે રોકાઈ જાઓ. બધા વારાફરતી પેશન્ટ પાસે રહો. એમને આરામની જરૂર છે. એટલે હવે બધા વેરવિખેર થઈ જાઓ. કામે લાગી જાઓ -" ડૉક્ટરે સૂચના આપી.

બધા તરત જ દરદીના રૂમની બહાર જતા રહ્યા. બાકી રહી

ગયા ફક્ત લક્ષ્મણ અને હિંમતસિંહ (બાપ-દીકરો) બાપ-દીકરાએ ઘણી બધી વાતો કરવાની હતી, રહસ્ય વિસ્ફોટ કરવાનો હતો.

બાપુજી કહી રહ્યા હતા અને લક્ષ્મણ સાંભળતો હતો. લક્ષ્મણના પિતાજી લક્ષ્મણના પ્રાણપ્રિય પિતાજી હિંમતસિંહ આજે કંઈક અવનવી અજુગતી વાત કરી રહ્યા હતા. કોઈક જાણેઅજાણ્યે આડો-અવળો રાહ ચીંધી રહ્યા હતા. તે હકીકત આજે પૂરેપૂરી સમજાઈ રહી હતી.

હિંમતસિંહ લક્ષ્મણને આમ અવળો રસ્તો બતાવી રહ્યા હતા ? કેમ ? કાંઈ સબળ કારણ હતું કે જેના થકી હિંમતસિંહ 'પોતાને' અવળી દિશામાં આંગળી પકડીને લઈ જતા હતા. ઘડીભર આ હકીકત સ્વપ્ન જેવી લાગી.

સ્વપ્નની દુનિયામાં સરી જતો લક્ષ્મણ.

બાપુજીની સલાહ પ્રમાણે લક્ષ્મણે જગતસિંહ (જગતદાદા)ની એકની એક દીકરી સાથે તાત્કાલિક લગ્નસંબંધથી જોડાઈ જવાનું હતું. બાપુજી લક્ષ્મણને આમ અચાનક એક વિચિત્ર આદેશ શાથી આપી રહ્યા હતા ? તેની લક્ષ્મણને જરાપણ સમજ પડી નહિ. જ્યારે લક્ષ્મણે જાણ્યું કે પોતે જેની સાથે લગ્ન સંબંધથી જોડાઈ જવાનો છે, તે વ્યક્તિ બીજી કોઈ નહિ પણ પેલા 'ફોરેસ્ટિયા-રેસ્ટ હાઉસ'વાળી રૂક્ષ્મણિ ઉર્ફે રેખા હતી.

રૂક્ષ્મણિ એટલે રેખા. એક ન સમજાય તેવી માનવકૃતિ. રેખાથી લક્ષ્મણ જાણ્યા છતાં અજાણ્યો હતો.

રેખાનું પાત્ર વિચિત્ર હતું. લક્ષ્મણરેખાના વ્યક્તિત્વને સમજી શક્યો ન હતો છતાં તે રેખાને પહેલી નજરે જ ચાહી રહ્યો છે તેવું તેના અંતરમાં હરદમ થયા કરતું હતું.

એક ઘડિયાળ, ઘરનું દીવાલ ઘડિયાળ અને તેનું લોલક... ઘડીકમાં એક બાજુ, ઘડીકમાં બીજી બાજુ, આમથી તેમ ફર્યા કરે છે. આંદોલનોની ગતિ હોય છે તે પ્રમાણે માનવીના વિચારોમાં પણ વારાફરતી એકબીજાથી વિરુદ્ધ દિશાઓ જોવા મળતી હોય છે. ઘરના



તમામ સભ્યોના અભિગમ લક્ષ્મણે જાણી લીધા. જે નીચે મુજબના હતા.

"લક્ષ્મણ તમારે કોઈપણ જાતનો વિચાર કર્યા વગર આ લગ્નનો સંબંધ સ્વીકારી લેવો જોઈએ." લક્ષ્મણના વડીલ ઇષ્ટ મિત્ર જ્યારે લક્ષ્મણની ખબર જોવા આવ્યા ત્યારે કહી ગયા,

"બેટા લક્ષ્મણ, રેખા તો સોના જેવી છે. એ રૂપ, ગુણ, આચાર, વિચાર, વાણી, વર્તન, વ્યવહાર અને કર્તવ્યમાં આપણા કુટુંબને જ લાયક છે જેથી બસ તારે તો આંખો મીંચીને જ પાટલે/બાજઠે બેસી જઈ, ઊઘલી લેવાનું એટલે મારે મન ગંગાનાહ્યા. તારે પેલા કિશોરની જેમ જિપ્સી કે ફીપ્સી કે લિપ્સી એવી કોઈ ફોરેનીઆ મડમ લાવવાની નથી હોં..." મા કહેતી હતી.

લક્ષ્મણભાઈ, મારી વાત સાંભળી લો, આ તો સાક્ષાત્ લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે હવે મોં ધોવા જવાનો વારો રાખશો જ નહીં.' 'લક્ષ્મણની દૂરની થતી કોઈ બહેન (સગી નહિ) લક્ષ્મણને સલાહ આપી ગઈ હતી.

જ્યારે લક્ષ્મણના ભાઈ કિશોર અને તેની સાથે રહેતી, મોજમઝા માણતી પરદેશીઓની કંપની (લિપ્સી, જોસેફ, જિપ્સી વિ.) એ લક્ષ્મણને એડવાન્સમાં જ મુબારકબાદી આપી દીધી હતી અને હવે લક્ષ્મણનું કુટુંબ, લક્ષ્મણના સાસરાપક્ષના તમામ સભ્યો વગેરે વગેરે બધા જ દુનિયાની આગળ પડતી હરોળના પૈસાદાર વ્યક્તિઓ થઈ જશે અને તે ભારતમાંથી જ માલામાલ થઈને પરદેશ કોઈ અજાણ્યા દેશમાં દૂરદૂર જતાં રહેશે અને ત્યાંનું નાગરિકત્વ લઈને પછી ત્યાં જ મોજમઝા કરશે એવું ઇચ્છી રહ્યાં હતાં.

લક્ષ્મણના પિતા હિંમતસિંહે બધી બાજુનો વિચાર કરી લીધો હતો. ત્યારપછી જ તેઓ જગતસિંહની, ગુલાબદાદાની, તેમના કુટુંબની તથા કિશોરની તથા તેમના પરદેશી મિત્રમંડળની તરફદારી કરી રહ્યા હતા. તેમનો પક્ષ લઈ રહ્યા હતા. કારણ કે તેમની મદદથી જ છુપાઈ

રહેલો વૈતાળિયા જંગલમાં અટવાઈ પડેલો-ખોવાઈ ગયેલો જગતસિંહના તથા હિંમતસિંહના બાપદાદાઓના સમયનો શાહી ખજાનો તેઓ શોધવા માંગતા હતા અને આ અમૂલ્ય કરોડો રૂપિયાનો મબલખ ખજાનો મળે એટલે તરત જ આ બધા લાલચુ જીવોની સાથે સાથે તેઓ પણ કોટયાધિ (અબજોપતિ) બની જઈ દુનિયા પર રાજ્ય કરવા માગતા હતા. તેથી જ તેમણે લક્ષ્મણને ભારપૂર્વક કહી દીધું કે,

“જો બેટા, મેં કરેલ અગાઉની બધી વાતો હવે તું ભૂલી જા અને આપણા બધાના હિતની ખાતર, આપણા દેશની ગદ્દારી વહોરીને પણ અમારા બધાની પ્રવૃત્તિઓમાં પૂરેપૂરો સહકાર આપ, ઓતપ્રોત થઈ જા, લખલૂટ ધન મળવાનું છે. પાડોશી દેશોએ બનાવેલાં જીવલેણ શસ્ત્રો મફતમાં અને ઉપરથી તે દેશો પાસે જ પૈસા લઈને રૂપિયા-દોલત કમાઈને તે શસ્ત્ર ઈન્ટરનેશનલ ગેંગ મારફતે સિફતથી આપણા દેશમાં ઘુસાડી દેવાના છે. જેટલા આવે તેટલા પછી આપણે શાહી ખજાનો મળે તે શોધીને અને ખૂબખૂબ દોલત જેટલી ઉઝેડાય તેટલી ઉઝેડીને બીજા દેશમાં ચાલ્યા જવાનું અને લીલાલહેરથી રહેવાનું. આ બધામાં તારો અને જગતદાદા, ગુલાબદાદાની આંખની કીકી જેવી પેલી રેખા જોડે તારે ચોક્કસપણે લગ્નસંબંધ બાંધવો પડશે જ...’ કોઈ પઢાવેલ પોપટની અદાથી હિંમતસિંહ એકલા પોતે જ લક્ષ્મણ (બીમાર દર્દી)ની રૂમમાં ફટાફટ બોલી ઊઠ્યા હતા અને લક્ષ્મણ બંધ આંખો રાખીને, આંખો મીંચેલ દશામાં બધું જ શાંત ચિત્તે સાંભળી રહ્યો હતો.

લક્ષ્મણનું મૌન, લક્ષ્મણે કાંઈપણ જવાબ ન આપ્યો એટલે ‘ત્યારે બેટા તારા મૌનને હું સંમતિ સમજી લઉંને બેટા ? તથા આ બાબતે તું સંમત છે તે પ્રમાણે ઠાકોર જગતદાદાને જવાબ આપી દઉં બેટા’ હિંમતસિંહ ઉવાચ. ત્યારે ‘ના રે બાપુજી, હું તમારી વાતનો જવાબ આપું તે પહેલાં રેખા સાથે કેટલીક અગત્યની વાતો કરીને, ઘણી સ્પષ્ટતા કરવા માંગું છું. ‘કાલે સવારે શક્ય હશે તો હું અને રેખા મુક્ત મને ચર્ચા કરીને અમારા બંને વચ્ચેની ભેદરેખા



દૂર કરી લઈશું ત્યાર પછી જ હું પાકે પાયે આવતી કાલે સાંજના આપણા બંનેના કુટુંબ વચ્ચે જે મિલન સમારંભની યાદમાં ભોજન સમારંભની પાર્ટી રાખી છે તે ટાણે તે સમયે હું પૂરેપૂરો સ્પષ્ટ બની જઈશ, પરંતુ આ વખતે તમો રેખાના વાલી, જગતદાદા-ગુલાબદાદાને એ પ્રમાણે કહેવડાવી દો કે લક્ષ્મણ તમારી લાડકવાયી સાથે એકાંતમાં કલાક-દોઢ કલાક મળવા માગે છે. જો સંમત હશે તો અમો બંને ગાડી લઈને જંગલ-પહાડ ઉપર ફરી આવશું અને મુક્ત મને ચર્ચા કરી લેશું. કેમ બરાબરને બાપુજી ?’

‘બરાબર છે બેટા, હું આ વાત જગતદાદાને કાને નાંખી દઉં. ભલે દીકરા તું ઘડીક આરામ કરી લે, સવારે બધી વાત’ કહી ચર્ચા પતાવી પોતાના મનનો ભાર હળવો કરી હિંમતસિંહ ઠાકોર લક્ષ્મણના એ રૂમમાંથી બહાર નીકળી ગયા.

લક્ષ્મણના દિલ વિશે આ બધી વાતોની અપાર ચિંતાઓ વળગેલી હતી. તેને આરામ હોય જ ક્યાંથી ? આજની રાતે જ તેણે ઘણું બધું અગત્યનું અને જરૂરી એવી કામગીરી પૂરી કરવાની હતી. તેના ખભા ઉપર ભારત દેશની સલામતીની મોટી જવાબદારી વળગેલી હતી જે જવાબદારીને તે તન-મન-ધનથી પૂરેપૂરી રીતે નિભાવવા માગતો હતો. પોતાની જાન જાય તો ભલે જતી રહે પણ લક્ષ્મણ પોતે ભારતમાતાની સેવા કરવા હરદમ તૈયાર હતો. પોતે માની ગોદમાં પોતાના પ્રાણ પાથરવા ખુશ હતો.

બધી ચિંતાઓથી ઘેરાયેલા લક્ષ્મણે, બધા જતા રહ્યા એટલે તે એકલો પડ્યો હોઈ એકલા એકલા ઘાયલ દશામાં, અવસ્થામાં રૂમની અંદર આંટાફેરા મારવા શરૂ કર્યા.

ચારેબાજુની ચિંતાઓથી ઘેરાયેલા લક્ષ્મણને પારાવાર મૂંઝવણો સામે ખડી હતી. કોઈ રસ્તો જડતો ન હતો. ચારેબાજુ દરિયો ઘૂઘવી રહ્યો હતો અને આ દરિયામાં તરતા તણખલાંની ઓથ લઈને, સહારો લઈને કોઈ પામર જીવ મથામણ કરે તેવી લક્ષ્મણની બૂરી હાલત હતી...

હવે તો ભગવાન બચાવે તો જ બચી શકાય તેમ હતું. સગાવહાલાં, માત-પિતા, કુટુંબીઓ અને મહેબૂબા તેમજ મહેબૂબાના મા-બાપ તથા બધાં સગાવહાલાં સામે દુશ્મન પક્ષ સાથે ભળી જઈને સજીધજી લડવા તૈયાર થઈને ઊભા હતા. બધા જ તેને પોતાની સાથે ભળી જઈને પોતાના દેશ સાથે, ભારતમાતા સાથે ગદ્દારી કરીને પરદેશી શત્રુને મદદરૂપ બની જવા માટેનો હાથો બનવા આહ્‌વાન કરતાં હતાં, ઓફર કરતા હતા. જે લક્ષ્મણને જરાપણ લેશમાત્ર કબૂલ મંજૂર ન હતું. તમામ સગાને સોનાનો ખજાનો પોતાના બાપ-દાદા વંશ વારસો, પૂર્વજો જે મૂકી ગયા તે કરોડો રૂપિયાનો ખજાનો હડપ કરી જવાનો લોભ હતો. ખજાનાનો ભેદ ફક્ત લક્ષ્મણના પિતા હિંમતસિંહ તથા પિતાના પરમસ્નેહી મિત્ર કે જે ભવિષ્યમાં લક્ષ્મણના ભાવિ શ્વસુર બનવાના હતા તે એક માત્ર જગતસિંહ (જગતદાદા) જાણતા હતા. લક્ષ્મણના કમભાગ્યે બંને જણા એક થઈ જઈને, પરદેશ સાથે ભળી જઈને પરદેશના દુશ્મનોના પ્રભાવ હેઠળ આવી જઈને, તેમની મદદ મેળવીને આ કરોડો રૂપિયાનો ખજાનો ભારતમાંથી લૂંટી જઈને, પરદેશમાં લઈ જઈ લહેર કરવા માગતા હતાં. 'મા ભારતના પવિત્ર આંચલમાંથી લખલૂંટ કરોડો રૂપિયાના ખજાનાની બળજબરીથી ચોરી કરવાનું ષડયંત્ર ગોઠવી રહ્યા હતા. લક્ષ્મણને 'મા ભારતના' પૂર્વ પહેલાનાં ઈતિહાસનું પુનરાવર્તન થતું દેખાઈ રહ્યું હતું. પહેલા પણ પરદેશથી દુશ્મનોનાં ધાડાં ઊતરી આવતાં અને હિન્દુસ્તાનની સમૃદ્ધિને લૂંટી-ફૂટી તોડફોડ કરી નાશ કરી ગયા હતા તે હકીકત વીતી ગયેલ ભૂતકાળ આજે પુનઃ સજીવન થતી દેખાતી હતી. ઈતિહાસ કરવટ લઈને, આળસ મરડીને પુનરાવર્તન પામી રહ્યો હતો. એ જ લૂંટાયેલ મહેલ-મહેલાત ખજાનો તથા વૈભવશાળી મંદિરો-સોમનાથ, દ્વારકા તથા ઉત્તરભારતની લૂંટાયેલ સંસ્કૃતિ જાણે આજ ફરીથી દેહ ધારણ કરી રહી હતી. લક્ષ્મણ વિચારમાં ડૂબી ગયો હતો.

આ બધાની વચ્ચે અચળાતો, એકલો-અટૂલો યોદ્ધા સમાન



લક્ષ્મણ પોતાના હૃદય વિશે જાગેલી ભાવનાઓ સાથે જંગ લડી રહ્યો હતો...

દૈહિક યુદ્ધ, મારા-મારી કે બાથંબાથી, છરા-ચપ્પાની લડાઈ હોય કે ગન-રાયફલ, રિવોલ્વર-મશીનગન, એટમબૉમ્બની લડાઈ હોય કે પછી વિશ્વયુદ્ધ હોય, આ બધાનો અંત વહેલો-મોડો જરૂર હોય છે. આ બધામાં બળવાન પક્ષ જીત મેળવે છે અને નિર્બળ પક્ષના નસીબે હાર લખાયેલ હોય તે સ્વાભાવિક છે. પરંતુ અહિંયાં તો ભાવનાનું યુદ્ધ લડાતું હતું.

લક્ષ્મણ પોતાના હૃદય વિશે ઉત્પન્ન થયેલ ભાવનાઓનાં મોજાં સાથે તુમુલ યુદ્ધ લડી રહ્યો હતો.

એક પક્ષે માત-પિતા, સગાવહાલાં. કુટુંબ-કબીલા, પ્રિય મહેબૂબા તેના માતા-પિતા, સગાવહાલા, કુટુંબીજનો, મિત્રો હતાં. બીજા પક્ષે મા ભારત માતૃભૂમિ. લક્ષ્મણ કોના પક્ષે જાય ? કોના પક્ષમાં તન-મન-ધન કુરબાન કરી દે તેની અજીબ પ્રકારની દ્વિધામાં લક્ષ્મણ આજે એકલો-અટૂલો ઘૂમી રહ્યો હતો. અફાટ રેતીના રણ વચ્ચે તરસ્યો, તરફડતો રાહગીર, મુસાફરની જે દારુણ દશા હોય છે તેના કરતાં પણ લક્ષ્મણની બૂરી હાલત હતી.

લક્ષ્મણને 'માતૃભૂમિ-કર્મભૂમિ' આજે સવિશેષ માથાવાળી લાગતી હતી.

'ભગવદ્‌ગીતા' મધ્યે પરમકૃપાળુ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જે ઉપદેશ આપ્યો હતો તે ઉપદેશ વારાફરતી યાદ આવી રહ્યો હતો.

'દુનિયામાં કોઈનું કોઈ નથી, 'આત્મા', મા-બાપ, પુત્ર-પુત્રી, સંતાન તથા દુનિયાના મોહ-માયાના બંધન વચ્ચે કોઈપણ દિવસ બંધાઈ રહ્યો નથી અને બંધાઈ રહેવાનો પણ નથી. આત્મા એ જ પરમાત્મા છે. આત્માને નથી હોતાં કોઈપણ પ્રકારના બંધન કે તેને નથી હોતો કોઈનો તેના પર પ્રભાવ. તે દુનિયાદારીથી અલિપ્ત છે. તે છતાં પણ આપણે બધાં પામરપ્રાણીઓ અમૂલ્ય આત્માને મોહમાયાના બંધનમાં

મહાપરાણે જકડી રાખી આત્માને ખૂબખૂબ દુઃખ પહોંચાડી રહ્યાં છીએ. આત્માને ઊર્ધ્વગમનના માર્ગથી દૂર કરી રહ્યાં છે. જાણે અજાણે કર્મ કર્યે જ જવાનું છે. આત્માને 'ફક્ત કર્મોમાં જ પરોવાયેલો રાખવો જરૂરી છે-હિતાવહ છે.

'આપણો એટલે કે આત્માનો ફક્ત કર્મ પર જ અધિકાર છે. એ કર્મ કઈ રીતે કરવું ? આ કર્મ નફો થશે ને નુકસાન થશે તે આત્માએ જ જાતે નક્કી કરવું જરૂરી છે. કર્મ-ફળની આશા રાખ્યા સિવાય નિષ્કામ કર્મ કર્યે જ જવાની આપણી પ્રાથમિક નૈતિક ફરજ છે.

લક્ષ્મણ સારી રીતે જાણતો હતો કે, પોતાના મા-બાપ સગાવહાલાં, મિત્રો વગેરે વગેરે કુટુંબીજનો 'ખજાનાની લાલચમાં કરોડપતિ બની જવાની મહાત્ત્વાકાંક્ષા રાખીને બધા 'મા ભારત' સાથે ગદ્દારી કરવાની, દેશદ્રોહી બનવાની અને ગેરકાયદેસર શસ્ત્રસરંજામ ભારતભૂમિમાં ઘુસાડી તે જ ખાલી મોટરવેગનોમાં - ટ્રકોમાં - કરોડો રૂપિયાનો ખજાનો, ભારતદેશની સમૃદ્ધિ લૂટી જઈ પરદેશમાં જતાં રહેવાની પેરવીમાં હતાં અને લક્ષ્મણને પણ તેમ કરવાની સલાહ આપતાં હતાં. આડકતરી રીત-રસમો અજમાવીને. જે લક્ષ્મણને આ બધું કબૂલ મંજૂર ન હતું.

તેને મન તો

"દિલ દિયા હૈ જાં ભી દેંગે... એ વતન તેરે લિયે,
હર કરમ અપના કરેંગેં, એ વતન તેરે લિયે,
દિલ દિયા હૈ જાં ભી દેંગે... એ વતન તેરે લિયે."

પોતાના વતન માટે-દેશ માટે 'સરફરોશ' જાન કુરબાન કરી દેવાની ભાવનાનો 'શોલો' જે લક્ષ્મણના દિલમાં સળગી ઊઠ્યો હતો. પ્રજ્જ્વલિત બની ચૂક્યો હતો. તેને કોઈ બુઝાવી શકનાર ન હતું.

'કર્મનો સિદ્ધાંત યાદ કરીને તથા ક્ષણિક મોહમાયા જે ઉત્પન્ન થઈ હતી તેનું કવચ ઉતારી લઈને લક્ષ્મણ મહાભારતમાં જેમ અર્જુન કૃષ્ણ ભગવાનના ઉપદેશથી ફરી પાછો સાચા માર્ગ પર આવી ગયો



હતો. તે જ પ્રમાણે આત્મસ્ફુરણાથી મળેલ જ્ઞાન પ્રમાણે મનોમંથન કરવાથી મળેલ અમૂલ્ય જ્ઞાન, અમૃતનું પાન કરીને પૂર્ણ સ્વસ્થ બની જઈ લક્ષ્મણ હવે અગત્યના એવા પોતાના કામમાં પરોવાઈ ગયો.

પોતાના રૂમના બારી-બારણાં બરાબર ફીટ બંધ કરી દઈ સ્ટોપર-આગળો મારી દઈ લક્ષ્મણ પૂરતી સામગ્રી સાથે બાથરૂમમાં ઘૂસ્યો. આજુબાજુથી ગુજરનાર પોતે વાયરલેસથી ભારત સરકારના ગુપ્તચર વિભાગ મારફતે, ગૃહ ખાતાને અગત્યની સ્વરક્ષણની માહિતી લક્ષ્મણ આપતો હતો. તેથી બાથરૂમમાં 'સ્નાન કરી રહ્યો છે, તેવા દેખાવ માટે 'શાવર' (ફુવારો) પણ ચાલુ કરી દીધો.

દુશ્મનોથી છુપાવી રાખેલ, નાનકડું બેટરીના બલ્બ જેવું એક 'વાયરલેસ' યંત્ર પોતાની જાંઘમાંથી (અગાઉ ગોઠવી રાખેલ હતું તે 'વાયરલેસ' યંત્ર) બહાર કાઢીને વિવિધ જુદા જુદા ભાગો ગોઠવી દઈને ત્વરિત રીતે 'હેડ કન્ટ્રોલ' રૂમનો સંપર્ક સાધવા તેણે મથામણ શરૂ કરી.

થોડીવારમાં સામે છેડેથી રીસ્પોન્સ મળ્યો. સાંકેતિક સૂર ટીક... ટીક... ટીક... સંભળાયો એટલે અંગ્રેજીમાં... 'હેલ્લો... ધીસ... ઈઝ... કોડ નં. (W) ડબલ્યું સ્ટેશન ઓન લાઈન...' થયું એટલે લક્ષ્મણ અડધો કલાક સુધી વાતચીત કરીને બધી જ માહિતી આપી દીધી અને જરૂરી પૂરતી સૂચનાઓ હેડક્વાટર્સથી મેળવી લીધી.

ફરીથી લક્ષ્મણ બધું યથાસ્થાને ગોઠવવાની ધમાલમાં હતો. ત્યાં બહારથી 'ઠક... ઠક... ઠક... લક્ષ્મણ ઓ લક્ષ્મણ' બારણું ખખડાવવાની સાથે લક્ષ્મણને કોઈ બહારથી બોલાવતું હતું. 'હા, અત્યારે નાહી રહ્યો છું, શું કામ છે ?' પોતાની માનો અવાજ સાંભળીને લક્ષ્મણને થોડી શાંતિ થઈ અને તેણે જવાબ આપ્યો.

'બેટા, આઠ વાગ્યા છે, સાડા આઠ વાગ્યે આપણે બધાએ ભેગાં રાતનું ખાણું સાથે જ ડાઈનિંગ હોલમાં રાખેલ છે. જેથી તારા બાપુને મળ્યા વગર બીજે ક્યાંય ભાગી જતો નહીં. અને તું તૈયાર થઈ

જાય એટલે તને ત્યાં બોલાવે છે, ત્યાં આવી જજે' મા કહેતી હતી.

'એ ભલે' લક્ષ્મણે જવાબ આપ્યો.

મા જતી રહી એટલે લક્ષ્મણે હવે આગળ શું શું કરવું ? તે બધી વાતો પાકે પાયે નક્કી કરી લઈ જેની નોંધ એક ડાયરીમાં કરી લેવામાં ગૂંથાઈ ગયો.

એ બધી જ જરૂરી નોંધ પૂરી કરવામાં અડધો કલાક કે કલાક કેમ કરીને વીતી ગયો તે વાતનો લક્ષ્મણને ખ્યાલ રહ્યો નહિ... એ તો હજુ પણ તલ્લીન બની રહેત પણ ત્યાં - ''લક્ષ્મણ' કેમ તારી બા બોલાવીને ગયા પછીય સંભળાયું નહિ કે તારા માટે હાથી અને અંબાડી મોકલું. બહાર તારા સિવાય બધા જ ડાઈનિંગ રૂમમાં હાજર છે તારી રાહ જુએ છે. અને તું તારી ખોલીમાં ઘરકૂકડી બનીને બેસી રહ્યો છે.' રૂમની બહાર ઠાકોર હિંમતસિંહ ગાજતા હતા.

'એ તરત જ આવ્યો,' બાપુજી આઈ એમ સોરી, હું મારા કામકાજની ધમાલમાં બધું જ ભૂલી ગયો હતો.' 'બસ... બસ હવે જલદીથી આવી જ જે' કહીને હિંમતસિંહ સેન્ટ્રલ હોલ (ડાઈનિંગ હોલ) તરફ જતાં રહ્યાં...

ગણતરીની મિનિટોમાં જ લક્ષ્મણ તૈયાર થઈ ગયો. બનીઠનીને સુસજ્જ બની ગયો. ચોકલેટિયા કલરના શુટ-બુટમાં શોભતો લક્ષ્મણ પોતાના રૂમમાંથી બહાર નીકળીને જ્યારે જતો હતો ત્યારે એ દેવના દીધેલ દીકરા જેવો લાગતો હતો, જાણે સોહામણો રાજકુમાર ન હોય... !

ઝડપથી સેન્ટ્રલ હૉલમાં જઈને બધાની સાથે અભિવાદન કરી પોતે 'લેટ' છે જેથી માફી માગતાં લક્ષ્મણ પોતાની નિયત કરેલ બેઠક પર જઈને ગોઠવાયો ત્યારે મહેફિલમાં-પાર્ટીમાં ચાર ચાંદ લાગી ગયા. બધા જ તેની સામે આંખો ફાડીફાડીને જોઈ રહ્યા પણ લક્ષ્મણ કોઈની સામે જોતો ન હતો. તે તો પોતાનામાં જ બસ મશગૂલ હતો. પોતે આગળ-આગળ શું કરવા માગે છે. આગળ કઈ રીતે વધવા માગે છે ? તેનું આયોજન મનમાંને મનમાં તે કરી રહ્યો હતો.



ઠાકોર હિંમતસિંહ અને તેનું રાજવંશી ઉચ્ચ કુટુંબ તથા તેના કુટુંબના તમામ સભ્યો તરફથી ઠાકોર જગતસિંહ અને તેના ખાનદાની કુટુંબને આજે શાનદાર ભોજન સમારંભ સહિતની પાર્ટી આપી રહ્યા હતાં.

ઠાકોર હિંમતસિંહ અને ઠાકોર જગતસિંહ

લક્ષ્મણ-રૂક્ષ્મણી લક્ષ્મણ-રેખા

કિશોર, લ્યુસી, જોસેફ, ફિલીપ બધાં જ હાજર રહ્યાં હતાં.

એક શતરંજ ગોઠવાઈ ચૂકી હતી. બધા જ પોતે પોતાની રીતે બાજી ગોઠવી રહ્યા હતાં. કોણ કોને પ્યાદું બનાવીને ક્યારે, કેવી રીતે જીતી જશે ? તેની ગણતરીમાં બધા મશગૂલ હતાં. બધાને પોતાને એમ જ લાગી રહ્યું હતું કે જાણે પોતાના હાથમાં જ બાજી છે અને પોતે જ ચોક્કસપણે જીતી જશે...

બધા એકબીજાને એ રીતે મળી રહ્યાં હતાં. નજરોથી અને ક્યાસ કાઢી રહ્યાં હતાં...!!

વિશાલ ડાઈનિંગ ટેબલ પર બધાની મનગમતી-મનપસંદ આઈટેમો, વાનગી પીરસાતી જતી હતી. રાજવી કુટુંબના 'હિંમતભુવન'ના હોશિયાર નોકર-ચાકરો ચપળતાથી પીરસી રહ્યા હતા અને વિનમ્રતાથી જરૂરિયાત વિશે દરેકને પૂછી લઈ જરૂર મુજબની વાનગી હાજર કરી રહ્યા હતા. એક શાનદાર રીતે ભવ્ય એવા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેની પાછળ પણ 'કોમર્શિયલ' ધંધાદારી હેતુ સૂચક રીતે ડોકિયાં કરી રહ્યો હતો.

જગતસિંહ તથા હિંમતસિંહ બંને એકબીજાને અડોઅડ અડીને નજીક-નજીકમાં બેઠા હતા. જમતાં જમતાં બંને એકબીજા સામે બીજુ કોઈ સાંભળી ન જાય તે રીતની તકેદારી રાખીને વાતચીત કરી લેતાં.

લગભગ અડધો કલાક-પોણો કલાક સુધી આ સમારોહ ચાલ્યો. બધાને તૃપ્તિ થઈ અને ભોજન સમારંભ લગભગ પતી જવા આવ્યો એટલે મુખવાસ, સીગરેટ, પાન-મસાલા વગેરે (પરદેશી આઈટમો

હાજર હતી)ની શરૂઆત થઈ.

એટલે ઠાકોર હિંમતસિંહે પોતાના દીકરાને ઈશારો કરીને પાસે બોલાવ્યો,

‘જી બાપુજી’ કહી લક્ષ્મણે હિંમતસિંહના આદેશ પ્રમાણે તેમની નજીક સરકી જઈ પૂછ્યું ત્યારે-

‘જો લક્ષ્મણ, તું હું અને જગતસિંહ મારા ઉપરના રૂમમાં આ સમારંભ પતી જાય એટલે પછી તરત જ કેટલીક મહત્ત્વની ચર્ચા કરવા મળીએ છીએ. તું ત્યાં ચોક્કસ આવી જજે હોં. જો જે હોં ફરી પાછો ભૂલી જતો નહિ અને ફરીથી મારે બોલાવવા જાતે આવવું ના પડે.’ હિંમતસિંહ ઉવાચ.

લક્ષ્મણે જવાબમાં ‘ભલે બાપુજી’ કહ્યું અને લક્ષ્મણ ત્યાંથી સરકી ગયો.

રેખા એક ખૂણામાંથી કોઈ જોઈ ન જાય તે પ્રમાણે લક્ષ્મણને ઈશારો કરીને બોલાવી રહી હતી... લક્ષ્મણ નજીકના ટેબલખુરશી તરફ સરકી ગયો. સિફતથી ખિસ્સામાંથી એક કોરા કાગળની સ્લીપ તથા ફાઉન્ટન પેન બહાર કાઢીને કોઈ જોઈ ન જાય તે રીતે ચબરખી...

‘Darling See you at mid-night’ વાળીને પાછો રેખાની નજીક આવી પહોંચ્યો. જે જે મળતાં તેની સાથે નમસ્તે-વંદન અભિવાદન કરતો હળવા સ્મિતથી બધાને જવાબ વાળતો લક્ષ્મણ ખૂબ જ સાવધાનીથી રેખાના હાથમાં પેલી ચબરખી પધરાવીને આંખના પલકારામાં, ઝબૂકતી વીજળીની જેમ ત્યાંથી દૂર થઈ ગયો...

બધા પોતપોતાની ક્રિયાવિધિમાં પોતપોતાનામાં મશગૂલ હતાં. કોઈને કોઈની પડી ન હતી. પરવા ન હતી. જેથી કોઈએ એ વાતની નોંધ લીધી નહીં.

પાંચ મિનિટ પછી લક્ષ્મણ પાછળના ભાગથી સીડીઓ ચડીને પોતાના બાપુજીના રૂમ તરફ આગળ વધતો હતો... તે ઝરૂખામાં ઊભો હતો. બાપુજીની મોટી આલીશાન રાજવી રૂમ અંદરથી બંધ હતી. અંદર



સળગી રહેલી બબ્બે ટ્યુબલાઈટ્સનું દૂધિયું અજવાળું રૂમમાં તથા રૂમના દરવાજા પરના દૂધિયા સફેદ અપારદર્શક ગ્લાસ તરફ ફેલાતું હતું. જેના કારણે આખો ઝરુખો સફેદ-સફેદ થઈ રહ્યો હતો.

તરત જ બાપુજીના રૂમમાં પાછળથી પ્રવેશદ્વારની આડમાં છુપાઈને ઊભો રહ્યો. બારણાં (ગોળાકાર) દરવાજાની તિરાડમાંથી લક્ષ્મણે ઝાંખીને અંદર જોયું તો ઠાકોર જગતસિંહ અને ઠાકોર હિંમતસિંહ (લક્ષ્મણના બાપુજી) બંને આલીશાન શાનદાર સોફા પર બેઠા હતાં. તેમની સામે વિદેશી દેશી દારૂના જામ અને પ્યાલીઓ છલકાયેલી પડી હતી. પાન-મસાલા અને અત્તર સેન્ટની સુવાસથી આખો રૂમ મઘમઘ સુગંધિત થઈ રહ્યો હતો. ઠાકોર જગતસિંહ હિંમતસિંહને કહી રહ્યા હતાં કે, જુઓ, ઠાકોર તમને તમારા દીકરામાં વિશ્વાસ છે ને ? હું તો તમારા જ ભરોસે મારો રાજવી શાહી ખજાનો સમૃદ્ધિથી ભરપૂર કરોડોના ખજાનાનો નકશો તથા તેની માહિતી સાથે આજે અહીં આવ્યો છું. જોજો તમારો દીકરો સરકાર સાથે ભળી જઈને આપણને મુસીબતમાં ન મૂકી દે...’

‘અરે ! મારા ખૂનને હું જ જાણું. આખરે એ મારી ઓલાદ છે. લક્ષ્મણ પર મને મારી જાત કરતાં પણ વધારે વિશ્વાસ છે. સમજી ગયાને.’ જવાબમાં હિંમતસિંહે કહ્યું.

‘ભલે... ભલે... તેથી મેં મારી સમૃદ્ધિ (શાહી) તથા મારી એકની એક દીકરી રેખા તમને સોંપી દીધી છે. મને પૂરેપૂરી શાંતિ રહેશે.’ ઠાકોર કહેતા હતાં.

પાછળથી લક્ષ્મણે ‘ઠક...ઠક...ઠક...ઠક’ કરી બારણું ખખડાવ્યું એટલે બંને સદ્‌ગૃહસ્થો પોતાની ખરી પોઝિશનમાં આવી ગયા અને તરત જ હિંમતસિંહે સાવધાન બની જઈને પાછળનો દરવાજો ખોલ્યો.

‘બેટા, તું પાછળના દરવાજેથી’ હિંમતસિંહ ઉવાચ.

‘હા, બાપુજી કોઈ અગત્યની વાત હોય અને તે વાતની વધારે જાહેરાત થાય એ મને પસંદ નથી. જેથી કરીને કોઈ જાણી ન જાય તેથી

જ હું આ રીતના પાછળના દરવાજેથી આવ્યો છું.' લક્ષ્મણે સ્પષ્ટતા કરી અને દરવાજો બંધ કર્યો.

'ખરી વાત છે લક્ષ્મણ, આવી વાતો ગુપ્ત રહે તે જ સારું છે. તેમાં જ આપણું શાણપણ છે...' ઠાકોર જગતસિંહ બોલી ઊઠ્યા, 'ઠાકોર હિંમતસિંહ મને તમારી વાત પર પૂરેપૂરો યકીન આવી ગયો છે.' કહીને જગતસિંહે પોતાનો વિશ્વાસ પાકો કર્યો.

લગભગ પંદરથી વીસ મિનિટ સુધી ત્રણેય જણાએ ગુપ્ત ચર્ચા કરી કાગળ પર આયોજન કર્યું. જગતસિંહે પોતાની, લાંબી સફારી બેગમાંથી એક ગોળ રેશમના ચકચકિત ગુલાબી કાપડથી વીંટાળેલો સંપૂર્ણ સુરક્ષિત એવો ગોળ વીંટો કાઢ્યો. અંદરથી તેમણે પંદરમીથી સોળમી (૧૫થી ૧૬) સદીમાં બનાવાયેલો એક જર્જરિત પણ આખો નકશો બહાર કાઢીને તેમણે લક્ષ્મણને તથા હિંમતસિંહને બતાવ્યો અને કહ્યું :

'ઠાકોર, આ છે કરોડો રૂપિયાના શાહી સમૃદ્ધ ખજાના સુધી પહોંચવાની દિશા બતાવતો નકશો, જે મને મારા વડવા તરફથી ભેટ મળેલ છે.'

ઠાકોર હિંમતસિંહ તથા લક્ષ્મણે આ નકશાને લગભગ દશથી પંદર મિનિટ સુધી ધ્યાનથી જોઈ રહ્યા. લક્ષ્મણે નકશો હાથમાં લીધો વળી પાછા રેશમી કાપડના વીંટાથી ગોળ ગોળ વીંટીને તેની ઉપરના કવરમાં યથાવત્ ફીટ કરી દીધો... ત્યાં... તો...

બહારથી ઠક...ઠક...ઠક... કરીને કોઈ ખખડાવતું હતું. ત્રણે જણા ફરીથી સાવધ બની ગયા.

લક્ષ્મણે આગળ જઈને રૂમનો આગળનો દરવાજો ખોલ્યો ત્યારે કિશોર, લ્યુસી, જોસેફ, ફિલીપ, મહોબતસિંહ તથા લાલ હવેલીવાળા બે જણા સાથે વનમાળી અને ગુલાબદાસ વગેરે એકી સાથે ઘૂસી આવ્યાં.

'બાપુ, આ બધા તમને શોધે છે' ગુલાબસંગે જગતસિંહને ઉદ્દેશીને કહ્યું, ત્યારે જવાબમાં "હું ઉતારાની મારી રૂમમાં તરત જ



આવું છું તમતમારે ત્યાં નિરાંતે બેસો, આરામ કરો" જગતદાદાએ જવાબ આપ્યો.

ત્યારે આ જ પળની અને ચાલાકીથી રાહ જોઈ રહેલાં લક્ષ્મણે 'એક્સક્યુઝ મી, હું પાંચ જ મિનિટમાં પાછો આવું છું' કહી લક્ષ્મણે પેલા વીંટા સહિત બધાની હાજરીમાં ત્યાંથી વિદાય લીધી ત્યારે ઠાકોર હિંમતસિંહ, જગતસિંહ તથા ગુલાબસંગ, કિશોર, ફિલીપ વગેરે વગેરે મોઢાં પહોળા કરી "ઓચિંતુ લક્ષ્મણને શું થયું ? એ કેમ અહીથી ભાગ્યો ?" તેનાં તર્ક-વિતર્ક કરતાં જોઈ રહ્યાં.

'લક્ષ્મણ ત્યાંથી સીધો ભાગીને દોડતો પોતાની રૂમમાં આવ્યો. ફટાફટ પોતાના લાંબા લાકડાંના પટારામાંથી ઓટોમેટિક (બેટરીથી ચાર્જ થતું) ઝેરોક્ષ મશીન બહાર કાઢી લીધું, બારણાં બંધ કરીને તરત જ તેણે ઓટોમેટિક ઝેરોક્ષ મશીનના બધા જ ભાગ માત્ર બે મિનિટમાં જોડી દઈને તરત જ વીંટામાંથી પેલો શાહી ખજાનાના માર્ગ સુધી પહોંચાડતો નકશો બહાર કાઢ્યો અને તેણે તે નકશાની ફટાફટ ત્રણ-ચાર ઝેરોક્ષ કોપીઓ કરી દીધી. પોતાની રૂમમાં આવેલ લક્ષ્મણે ૧૦-૧૨ (રાતના) સુધીમાં આ કામ આટોપીને તે ફરીથી લક્ષ્મણ ઉપરના બાપુજીના રૂમ તરફ જતો હતો. બરાબર તે સમયે સામે કિશોર, લ્યુસી, ફિલીપ, જોસેફ તથા ગુલાબદા વગેરેની હાજરી સહિતનું ટોળું સામે મળ્યું તેમનું અભિવાદન કરીને અને યથાવત્ સ્થિતિમાં નકશાને વીંટા તથા તેના કવર સાથે પુનઃ પાછો પધરાવતાં લક્ષ્મણ કહેતો હતો,

'સોરી, બાપુજી પેલા બધા લોકો આવી ગયાં હતાં એટલે તેમની નજરમાંથી મૂલ્યવાન વસ્તુ છુપાઈ રહે તે હેતુથી હું બહાર ભાગી ગયો હતો. કેમ બરાબર કર્યું ને વડીલ ?'

'બરાબર કર્યું છે બેટા' બંને ઠાકોર એકી સાથે બોલી ઊઠ્યા.

'ભલે ત્યારે આપણે આવતી કાલની સવારથી જ આપણા શુભકાર્યનો શુભારંભ કરીશું પણ જો જો હોં આ વાત બહાર જાય ના

અને આ વાત મારા અને તમારા બંને સિવાય અન્ય ત્રીજી કોઈ જાણી જાય ના...' કહી લક્ષ્મણ બંને વૃદ્ધોને ચેતવતો હતો.

'ભલે ભલે' કહીને બંને સંમત થયા.

'હું જાઉં છું ત્યારે-હવે આપણે બધા આરામ કરીએ.' કહી લક્ષ્મણે ત્યાંથી રજા લીધી.

આયોજન પ્રમાણે બરાબર ૧૦-૩૦ વાગે લક્ષ્મણે હવે ત્રીજુ કામ કરવાનું હતું. જેમાં સમય વેડફવાનું પાલવે તેમ ન હતું એટલે બંને વડીલ-બુઝુર્ગનો વિશ્વાસ સંપાદન કરી રજા મેળવી ત્યાંથી ભાગ્યો.

રાત્રિના ૧૦-૩૦ વાગ્યા પછી એક આકરી કસોટી શરૂ થનાર હતી. લક્ષ્મણ એ હકીકત સારી રીતે જાણતો હતો. આ આકરી કસોટીમાં કાં તો આ પાર કે પછી પેલે પાર એ પ્રમાણે પાર પડ્યા સિવાય કોઈ છૂટકો જ ન હતો. જેથી જ તેણે મરણિયો થઈને આખરી લડત શરૂ કરી દીધી હતી.

બુઝર્ગ વડીલોથી છૂટા પડતાની સાથે જ, તરત જ લક્ષ્મણ પોતાની ખાસ તકેદારી રાખી બારી-બારણાં વેન્ટીલેશન સહિત બંધ કરી દીધાં અને રૂમને 'એર ટાઈટ' જેવી બનાવી દીધા પછી રૂમને અંધારાથી ભરી દીધો. તમામે-તમામ સ્વીચો ઑફ કરી દીધા પછી રૂમમાં અંધકારનું આવરણ પથરાયું એટલે 'પેન્સીલીયા ટોર્ચ'ની મદદથી પોતાની વી.આઈ.પી. સફારી બેગ ફંફોસીને ત્વરિત રીતે લક્ષ્મણે વાયરલેસ યંત્ર કાઢ્યું. તેના તાણાવાણા બધા સાંધા-વાયરો જોડી દીધા અને વળી પાછી મથામણ શરૂ કરી દીધી. લગભગ અડધા કલાક-પોણા કલાકના તોફાન પછી આ વાયરલેસ યંત્રે 'રીસ્પોન્સ' આપ્યો અને લક્ષ્મણે શરૂ કર્યું...

...'હલ્લો...હલ્લો...હલ્લો... ધીસ ઈઝ એક્સ (X) ઓન લાઈન' કહી સામા છેડાનો સંપર્ક સાધ્યો. ત્યારે સામે છેડેથી 'યેસ... યેસ... યેસ... ગો ઑન પ્લીઝ ગો ઑન ધીસ ઈઝ ડબલ એક્સ (XX) ઑન લાઈન સર... એજન્ટ ડબલ એક્સ (XX) સુનીતા



જયસ્વાલનો જવાબ મળ્યો એટલે લક્ષ્મણે તમામ જરૂરી સૂચનાઓ સુનીતા જયસ્વાલને આપી દીધી અને નક્કી કરેલા સમય-સ્થળ પૂરતા સાધન શસ્ત્રસરંજામ અને તમામ તૈયારી સાથે આજે રાત્રે રેસ્ટ હાઉસ 'ફોરેસ્ટ રેસ્ટ હાઉસ'ની આજુબાજુએ સામે આવેલ ઝાડી (જંગલની)માં છુપાઈને અચૂક તૈયાર હાજર રહેવા સ્પષ્ટ આદેશ આપ્યો.

'ઓ...કે...ઓ...કે....ઓવર-ઓલ-ઓવર' કહીને વાતચીત કરતું વાયરલેસ યંત્ર 'ડેડ' થઈ ગયું. ત્યારે લક્ષ્મણની કાંડાવાળી રીસ્ટ-વૉચ રાત્રિના ૧૧-૫૦નો સમય બતાવતી હતી.

પોતાના રૂમને બરાબર ફરીથી ચેક અપ કરી લઈને લક્ષ્મણે નાનકડી એરીસ્ટોકેટ વી.આઈ.પી. બૅગ તૈયાર કરવા માંડી. (સંરક્ષણ સરંજામ તમામ સાધનો સહિત) પેલી બેગમાં કેટલીક જરૂરી ચીજ-વસ્તુઓ સાથે લખલૂંટ ખજાનાનો ભેદ દર્શાવતા નકશાની ઝેરોક્ષ કોપીઓ બેગમાં મૂકી કોઈ બહારનું સાંભળી ન જાય તેટલી ખૂબ ચીવટ રાખીને લક્ષ્મણે રૂમને 'ગોદરેજી' લોક મારી દીધું અને જરાપણ અવાજ ન થાય તે રીતે લક્ષ્મણે રેખાના પેલા મહેમાની નિવાસસ્થાન-ઉતારાવાળા સ્થાન તરફ પ્રયાણ કર્યું.

કોઈ ચિત્તો જંગલમાં જેટલી ત્વરિત ગતિએ અને સાવધાનીપૂર્વક સરકે તે પ્રમાણે લક્ષ્મણ દોડી રહ્યો હતો. ભાગી રહ્યો હતો. કારણ કે લક્ષ્મણને મન આજે 'કતલની રાત' હતી. કતલની રાત.

જેમ કોઈ લક્ષ્ય વગરનું બાણ આકાશમાં ગમે તે દિશામાં ફંગોળાય અને તેની ગતિ એવા જ પ્રકારની અનિયમિત રહ્યા કરે તે પ્રમાણેની લક્ષ્મણના મન વિશેની પરિસ્થિતિ હતી.

લક્ષ્મણને પોતાને રેખાના વાણી, વર્તન, વ્યવહાર વિશે કાંઈ જ ખાતરી ન હતી કે કોઈ પ્રકારનો સ્પષ્ટ ભરોસો ન હતો. રેખાની તે એટલી બધી નિકટ પહોંચી શક્યો ન હતો કે એ પ્રકારે રેખાની નજીક (હૃદયની નિકટ) પહોંચે એ પ્રકારના કોઈ સંજોગો ઉપસ્થિત પણ થયા ન હતાં. લક્ષ્મણ જો કે એ બાબતની દ્વિધામાં જ હતો. રેખા લક્ષ્મણને

કયા પ્રકારનો કેવો જવાબ આપશે ? શું રેખા લક્ષ્મણની વાતને, રજૂઆતને, દરખાસ્તને સમર્થન આપશે ખરી ? ટેકો આપશે ખરી ? કે પછી તેના સમર્થનના બદલે-લક્ષ્મણના સાથે રહેવાના બદલે સામા પક્ષની સાથે ભળી જઈને રેખા, લક્ષ્મણની સાથે પ્યારા ભારત દેશ સાથે દગો-ફટકો કરશે કે ગદ્દારી કરશે ? એ બધી ઝાંખી પ્રતિબિંબિત અસર સાથે, દ્વિધામાં ઘેરાયેલો લક્ષ્મણ છતાં પણ મક્કમતાથી આગળ વધી રહ્યો હતો. રેખા શો પ્રત્યુત્તર આપશે ? એ વિશે લક્ષ્મણ પોતે કલ્પના કેવી રીતે કરી શકે ? કોઈના મન વિશે ઉત્પન્ન થતાં ખ્યાલો, વિચારોનો અંદાજ કાઢવો એ ખરેખર ખૂબ જ મોટી પહાડી સમસ્યા છે...!

પરિણામ જે આવવાનું હોય તે આવે. 'આ પાર કે પેલે પાર'. જ્યારે મારા પોતાનામાં જ મા ભારત માટે મરી ફીટવાની-જાન કુરબાન કરવાની તમન્ના, અરમાનો જેમ મારા પોતાના તન-બદન-દિલ-દિમાગ અંતરમાં સ્વયંભૂ રીતે જ પેદા થયા. તે જ પ્રમાણે શું રેખાના દિલમાં 'શર-ફરોશ'ની-મા ભારત પ્રત્યેની ભક્તિની શહાદતની ભાવના પેદા નહીં થાય ? ચોક્કસ-પેદા થશે એ પ્રમાણે લક્ષ્મણે એક અગમ્ય કારણોસર રેખામાં મૂકેલા વિશ્વાસની ચોક્કસ જીત થશે કારણ કે લક્ષ્મણ રેખાને જિગર જાનથી પણ વધુ ચાહતો હતો, પ્રેમ કરતો હતો. લક્ષ્મણ પોતે એક અગમ્ય, અગોચર રીતે રેખાના દિલને-રેખાના દિલની નિર્મળ, પવિત્ર ભાવનાને વાંચી શકતો હતો. જેના કારણે જ રેખા પ્રત્યે અખૂટ વિશ્વાસ, પ્રેમ લક્ષ્મણના હૃદયમાં ઉત્પન્ન થયો હતો અને એ ભાવના, વિશ્વાસ પ્રેમની બુનિયાદ પર જ લક્ષ્મણ રેખાના મહેમાની નિવાસ સ્થાન તરફ 'હિંમત ભુવન' પેલેસની ડાબા પડખે આવેલા 'આરામ ભવન' (ખાસ અતિથિ માટે બનાવેલા 'સ્પેશ્યલ રેસ્ટ હાઉસ' 'સ્વપ્ન') તરફ વિશાળ કમ્પાઉન્ડમાં પોતાના જ રાજવી વિસ્તારમાં 'કોઈ જોઈ ન જાય અને પોતાની પોલ ન ખૂલી જાય તે પ્રમાણે પૂરતી સાવધાની કાબેલિયત રાખીને ચિત્તાની ચપળતા રાખીને રેખાને મળવા માટે આગળ ધપી રહ્યો હતો...!!!



કમ્પાઉન્ડ પાર કર્યા પછી, પથરાયેલી ચારેકોરની પેલી વિલાયતી મેંદીની કલાત્મક વાડને ઠેકીને કૂદી જઈને વટાવ્યા પછી લક્ષ્મણ પાછળના ભાગે આવેલ (રેસ્ટ હાઉસના) ઉપલા મજલાના જાજરૂ-બાથરૂમના પાણી તથા વરસાદના પાણીના નિકાલ માટે બનાવેલાં સિમેન્ટીયા ભૂંગળાની મદદથી ચઢી જતાં જતાં લક્ષ્મણ પહેલા મજલાના ઝરૂખા મધ્યે પહોંચી ગયો અને તેને અડીને જે રેખાનો રૂમ આવેલો હતો જે મધ્યે રેખા પોતે નિંદરે ઢળી હશે અને કોઈ રાજકુમારના ગુલાબી સ્વપ્ના જોતી હશે અથવા લક્ષ્મણે ચિઠ્ઠી લખ્યા પ્રમાણે લક્ષ્મણનો ઈન્તજાર કરતી હશે. એટલી જ 'બેતાબી'થી એ વાત તો રામ જાણે !

'યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે' એ પ્રમાણે મનમાં વિચારીને લક્ષ્મણે ગેલેરીને અડીને આવેલા પ્રવેશદ્વારની બાજુની બારીએ...

...ઠક...ઠક...ઠક... કરીને હળવા ટકોરા કર્યા. અને પોતાની સાથે લઈ આવેલી બેગ એરિસ્ટોકેડ ઝરૂખામાં સલામત જગાએ ગોઠવી દીધી.

એક...બે...ત્રણ...ટકોરાની ઠકઠકે 'ફટાક' દઈને રેખાએ અંદરથી બારી (દિલની પણ) ખોલી નાખી...!!

'સોરી...મેડમ...આઈ...એમ...ટુ...મચ...લેઈટ...' રેખાની નજર લક્ષ્મણ પર સ્થિર થઈ કે તરત જ લક્ષ્મણે દિલગીરી વ્યક્ત કરી. ખરા દિલથી માફી માગી...!!!

'ડોન્ટ...વરી...આઈ...વીલ...નોટ...માઈન્ડ...ઈટ...પ્લીઝ કમ ઈન...' રેખાએ લક્ષ્મણને નશીલી-શરબતી-શરારતી-શરાબી-આંખો વડે આમંત્રણ આપ્યું અને રેખા સ્ફૂર્તિથી દરવાજા તરફ આગળ વધી. અને દરવાજો પણ ખોલી નાખ્યો... તરત જ લક્ષ્મણ અંદર દાખલ થઈ ગયો... ઈશારો કરીને લક્ષ્મણે રેખાને બારી બંધ કરવા સૂચના આપી.

'ઓ. કે.' રેખાએ બારી બંધ કરી. રૂમમાં ગુલાબી માદકતા-

નશીલું વાતાવરણ પથરાયેલું હતું. ભૂરાશ પડતો પ્રકાશ નાઈટ લેમ્પ વેરી રહ્યો હતો અને વાતાવરણની રંગત તથા ઉન્માદકતામાં વધારો કરી રહ્યો હતો...

ઓ-માય-ડીયર-ડાર્લિંગ... તેં મને ખૂબ ખૂબ રાહ જોવડાવી. ખૂબ ખૂબ ઈન્તજાર કરાવ્યો. હવે મારો વારો, તારી જાતને સંભાળજે... 'પ્લીઝ સેવ યોર લાઈફ...' કહી ભૂખી કૂતરીની અદાથી લવ-લવ કરતી એ... સેક્સી-લેડી-રેખા... પોતાના મનના માણીગર, પોતાના પ્રિયપાત્ર... જેની જોડે વિવાહ નક્કી થયો છે તે પુરુષમાત્ર લક્ષ્મણને વળગી પડી...!

'લક્ષ્મણ-આઈ-લવ-યુ... આઈ-લવ-યુ-યુ-મચ...ભાન-અભાન-માં બોલતી, નશો કે ઘેનની અસર હેઠળ હોય તે રીતે લવતી રેખાએ જ્યારે લક્ષ્મણને મોઢે-કપાળે-ગાલે... તથા શરીરના વિવિધ અંગોએ ચુંબનો એકી સાથે પચાસ-સો-ચુંબનોથી નવડાવી દીધો ત્યારે, પોતાના હોઠ રેખાના હોઠ વચ્ચે સીવાઈ ગયા હોવા છતાં પણ અંદરના પુરુષત્વને મક્કમ મજબૂત રાખીને લક્ષ્મણ અડગ, પહાડ, ખડકની જેમ અડીખમ અચળ રહ્યો અને લક્ષ્મણે...

'રેખા, બસ, પ્લીઝ-પ્લીઝ... રેખા પ્લીઝ...' કહ્યું. જવાબમાં રેખાએ 'માય-ડીયર-ડાર્લીંગ-નો પ્લીઝ-આઈ-લવ-યુ-ડાર્લીંગ-આઈ-લવ-યુ એન્ડ-આઈ-વીલ-કીલ-યુ-માય-પાર્ટનર' કહી જ્યારે ફરી હુમલો (સેક્સી) કરવા પ્રયાસ કર્યો ત્યારે...!!

'યુ-શીલી-સ્ટુપીડ...નોનસેન્સ...યુ-વીલ-યુ-નોટ ટ્રાય ટુ અન્ડરસ્ટૅન્ડ મી...' કહી લક્ષ્મણે રેખાને પોતાના સપ્ત પોલાદી હાથોથી દૂર ધકેલી અને ફટાક ધઈને એક તમાચો કોમળ ગાલ પર ધરી દીધો...

પ્રેમ કહો તો પ્રેમ-પ્રેમની આંધળી આગ કે પછી પેલા સેક્સનું તોફાન કહો તો એ બેમાંથી ગમે તે હોય પણ - 'ફટાક-' દઈને તમાચો ગાલ પર પડ્યો એટલે રેખાનો ગાલ ચમચમી ઊઠ્યો... એ ચિત્કાર પણ ન પાડી શકી પણ શાંત પથ્થરની મૂર્તિ આરસપહાણની મૂર્તિ



બનીને ઊભી રહી ગઈ ! કોઈ સંગેમરમરની મૂર્તિ !!!

તાજમહાલ જેવી લાગતી અગમ્ય લાવણ્ય ધરાવતી યૌવના ! ન હાલે કે પછી ન ડોલે. કોઈ સ્થિતપ્રજ્ઞ મૂર્તિ-

લાવણ્યમય મૂર્તિને ધમધમાટ એવો તમાચો મારી દીધા પછી ઘડીભર લક્ષ્મણને પસ્તાવો જરૂર થયો પણ શું થાય તીર તો ક્યારનુંય છૂટી ચૂક્યું હતું.

"રેખા આપણે જે કાંઈ અગત્યની કામગીરી કરવા જઈ રહ્યા છીએ તે કામગીરી આપણા ભારત દેશના સંરક્ષણ માટે ભારત માતાની સેવા કરવા માટેની એક અણમોલ અમૂલ્ય સાચી તક છે. તેવા સુવર્ણ સમયે આઈ મીન ઇટ ઇઝ રીયલી એ ગોલ્ડન ટાઇમ ટુ સર્વ અવર કન્ટ્રી-ટુ ડીફેન્સ અવર ઇન્ડિયન ઍન્ડ ટુ સર્વ અવર ઓન કન્ટ્રી. એટ ધેટ ટાઇમ વી મસ્ટ ફરગેટ ઓલ ધીઝ અનઇમ્પોર્ટન્ટ. ધસ વાઈસ લવએફર્સ ઍન્ડ સેક્સ્યુઅલ સેટીસફેક્ષન એન્ડ ઇટ ઇઝ નોન ટાઇમ ટુ ડીસ્કસ મચ ઑફ પ્લીઝ ડુ ફોલો મી ઓવન્સ with યોર Full and defencive મુડ એન્ડ ટ્રાય ટુ અન્ટરસ્ટૅન્ડ." કહી લક્ષ્મણે બધી અગત્યની વાતો રેખાના કાનની નજીક પોતાનું મુખ લઈ જઈને રેખાના કાન મારફતે રેખાના મગજ સુધી તમામ હકીકત પહોંચાડી દીધી. ફક્ત સાતથી દસ મિનિટમાં જ.

આ ભાષણ સાંભળીને અતિ પ્રભાવિત થઈને "ઓ.કે. માય ડીયર લક્ષ્મણ-આઈ એગ્રી વિથ યુ Now આઈ વીલ બી રેડી વીધીન નો મોમેન્ટ-" કહી રેખા તરત જ બીજી બાજુના રૂમમાં સરી ગઈ.

ગણતરીની મિનિટોમાં જ તે સંપૂર્ણ તૈયાર થઈને જ્યારે રેખા લક્ષ્મણ સમક્ષ હાજર થઈ ત્યારે લક્ષ્મણ ઘડીભર પોતાની જવાબદારી ભરી પરિસ્થિતિ ભૂલી જઈ.

દેવલોકથી આવેલ કોઈ દેવઅપ્સરા જેવી શોભતી સફેદ વસ્ત્ર રેખા ખરેખર બેહિસાબ, બેનમૂન રૂપ લાવણ્ય ધરાવતી હતી, તે સફેદ હંસ જેવી લાગતી હતી, જે મોતી ચરવા ઇચ્છતી હતી. પરંતુ દેશ

પ્રત્યેનું કર્તવ્ય. જેનું અનાજ-પાણી-હવાથી પોષણ લઈ શરીર ધારણ કર્યું. તે દેશની સાચા દિલથી સેવા કરવાનો આજે જ સુવર્ણ સમય પાકી ગયો હતો. જેથી રેખા વિરાંગના બનીને પોતાના પ્રેમનું બલિદાન ચઢાવીને પણ દેશ સેવા કરવા આજે તત્પર થઈ હતી.

ચાબુક પડતાંની સાથે જ ઘોડો જેમ તેજ બનીને ચાલવા માંડે અને ઘોડાની ગતિમાં ફેર આવી જાય તે જ પ્રમાણેની પરિસ્થિતિ રેખાની હતી.

સંગેમરમરની મૂર્તિ !

એક આઘાત અનુભવેલી ઓરત !

એક તમાચો મારી દીધા પછી તરત પાંચ મિનિટમાં પોતાની ભૂલ સમજાઈ ગયા પછી-

તરત જ લક્ષ્મણે રેખાને પોતાની બાહુપાશમાં જકડી લીધી અને રેખાના રસ-ઝરતા હોઠ પ્રદેશ પર મીઠું મધુર જેવું સ્નેહચુંબન ચોડી દીધું.

''પ્લીઝ રેખા ફરગીવ મી-ડુ ફરગીવ મી એન્ડ ધીસ ઇઝ નોટ એ રીયલ ટાઈમ એઝ યુ થીંક ફોર-'' બાહુપાશમાં લેતાં લેતાં લક્ષ્મણ બબડતો હતો. શ્લોક ભણીને દેવને મનાવતો હોય તે પ્રમાણેની તેની હાલત હતી.

જવાબમાં રેખા કાંઈ જ બોલી નહિ.

એક હિમશિલા ઠંડાગાર બરફની જેમ ઠરીને પેલા ઢળેલા સોફા પર બેસી ગઈ. થાકી જઈ હારેલા કોઈ રણમાં ઘવાયેલા યોદ્ધાની જેમ !

લક્ષ્મણ નીચો નમ્યો અને પોતાના હાથની આંગળીઓથી હડપચી પકડીને રડતી રેખાનો ચહેરો ઊંચો કરીને તથા ચહેરા પર આંખમાંથી સરી જતાં આંસુડાની ધારાને (રૂમાલની મદદથી) બીજો હાથ પેન્ટના ખિસ્સામાં નાખી ગુલાબી રૂમાલ બહાર કાઢી લક્ષ્મણે સરી જતાં આંસુને રૂમાલથી લૂછી લીધા અને લક્ષ્મણ ઉવાચ. (ફરીથી)

''પ્લીઝ, રેખા ટ્રાય ટુ અન્ડરસ્ટૅન્ડ મી'' પેલા જોષી મહારાજે ભવિષ્યવાણી ભાખી હતી તે પ્રમાણે તારા સાંનિધ્યમાં મારું મોત નીપજે,



જે મને કબૂલ મંજૂર નથી. હું એ વિધિના અકળ વિધાનને ખોટું પાડવા મથી રહ્યો છું. તનતોડ મહેનત કરી રહ્યો છું રેખા-'

રેખા લક્ષ્મણે કહેલી ઉપરોક્ત હકીકત પહોળી પહોળી વિસ્ફારિત આંખો રાખી સાંભળી રહી. તેના ચહેરા પર આશ્ચર્ય વિસ્મયના ભાવ સમાન રીતે દેખાતા હતા જાણે મોટો વિસ્ફોટ થયા પછી જે પરિસ્થિતિ હોય તેમજ અજાણી પ્રકારની રેખાના મન વિશેની પરિસ્થિતિ હતી.

ગણતરીની મિનિટોમાં બંને જણાં તૈયાર થઈ ગયાં, તત્પર બની ગયાં. આગળ વધવાનું જ જ્યારે નક્કી હોય ત્યારે અવાર-નવાર પાછું વળી વળીને જોવા કરવાથી શો લાભ ?

મહેમાન માટે બનાવેલા ખાસ મહેમાન કક્ષ ''વૈભવ''ના ઝરૂખેથી પાછળની સીમેન્ટીયા પાઈપની મદદથી નીચે ઊતરતા પહેલાં લક્ષ્મણે ઈશારો કરીને પોતાની પાછળ-પાછળ 'અનુસરવાનું' રેખાને સૂચન કર્યું. ઝરૂખામાં રાખેલી પેલી વી.આઈ.પી. (V.I.P.) બેગ લઈ લીધી. અને ઈશારા સાથે 'રેખા'ને લક્ષ્મણે જણાવી દીધું કે,

'રેખા, તારી લાલ મારુતિ કારમાં આપણે બંને રાત્રે ૧૨-૫૫ વાગ્યે કોઈ નિશાચર પ્રાણીઓની અદાથી ઘૂમવા નીકળી જઈશું. પ્લીઝ ફોલો મી આપણે સીધા લાલ હવેલી થઈને ફોરેસ્ટીઆ રેસ્ટ હાઉસે જવાનું છે. જ્યાં આગળ આસપાસમાં સુનીતા જયસ્વાલ આપણી રાહ જોતી હશે. ત્યાર પછી આપણો કાર્યક્રમ 'વેગ' પકડશે. ''ડુ યુ અન્ડરસ્ટૅન્ડ મી ?''

'યસ, ઓ કે' કહી રેખાએ માથું હલાવ્યા પછી ત્વરિત ગતિએ પર્સ ખોલીને લાલ મારુતિ કારની ચાવીઓનો ઝૂમખો લક્ષ્મણને આપી દીધો.

''થેંક્સ'' કહી સ્મિત ફરકાવી લક્ષ્મણે ઈશારાથી બેગ-બિસ્તરા શસ્ત્રસરંજામ સાથે રેખાને ઝડપથી પોતાની સાથે આવવાની સૂચના કરી લક્ષ્મણ ભાગ્યો લાલ મારુતિ તરફ.

*

# 16

# નફ્ફટડીની સેક્સોલોજી...!

સરસરાટ... જેમ કોઈ કાળો સર્પ સડસડાટ... ગતિથી વહ્યો જાય તે જાતની તીવ્ર ગતિથી લાલ રંગની મારુતિ કારની હેડલાઈટ્સ કાળમીંઢ અંધકારને ચીરી નાખતી આગળ વધતી રહી હતી. પાછળની 'બૅક-લાઈટ્સ' લાલઘૂમ આંખે બધું નીરખી રહી હતી.

'હિંમતભવન'ના રહેવાસીઓને તથા મહેમાન તથા આજુબાજુવાળાને લક્ષ્મણ-રેખા ક્યારે પલકારામાં જ આ ભરતપુર છોડીને... કનકપુરની દિશા તરફ વહેતાં થયાં તે વાતની જરા પણ ગંધ સરખી આવી નહિ...!

'હા એક વાત - અંધારાના આલમમાં બેતાજ બાદશાહ બનીને રહેતા, જીવતા મસ્ત અલગારી લક્ષ્મણને હજુ સુધી સમજાઈ રહી ન હતી, કે જ્યારથી ભરતપુર છોડ્યું ત્યારથી માંડીને અત્યાર સુધી અડધું અંતર પૂરું થયું ત્યાં સુધીમાં એક જાણ્યું-અજાણ્યું વાહન પોતાનાં ડીમલાઈટ્સ-અર્ધી આંખો અર્ધ ખૂલેલી-મીંચી રાખીને એકધારી ગતિથી પીછો કરી રહ્યું હતું. કયા અગમ્ય-અજ્ઞાત કારણોસર ? એ રામ જાણે !

સતત એકધારી રીતે બે કલાક-અઢી કલાક સુધી વાહનને ગતિમાં રાખીને તરત જ ઓચિંતી બ્રેક મારી. મારુતિ કારને લક્ષ્મણે રોડની કિનારી પર લીધી અને રોડની બે બાજુએ નહેર... ઊંચી નહેરનો





પ્રદેશ આવેલો હતો તેને અડીને એક કાચો રસ્તો, ઊંડી નળી, અંદર જાણે ધરતીના ગર્ભમાં ઊતરી જવા માગતી ન હોય તે રીતે દૂરનાં ખેતરોને મળવા દોડી જતી હતી. તે નળીમાં ઊબડખાબડ નળીમાં મારુતિ કારને લક્ષ્મણે દોડાવી અને માંડ પાંચ જ મિનિટનો કાચો રસ્તો ખતમ કર્યા પછી તરત જ લક્ષ્મણે મારુતિ કારને થોભાવી દીધી. ઍન્જિન બંધ કરી દીધું, ફટાફટ હેડલાઈટ, સાઈડલાઈટ્સ, બૅકલાઈટ વગેરે બંધ કરી દીધા. પછી તરત જ લક્ષ્મણ પોતે માત્ર એક ઓટોમેટિક ગન સાથે કારમાંથી નીચે ઊતરી ગયો. બાલમંદિરમાં ભણતું કોઈ અબુધ નાનકડું બાળક કાંઈ જ સમજી શકે નહિ અને બાઘું બની જોયા કરે તેવી રીતે બાઘાની જેમ જોઈ રહેલી રેખાને 'ઈશારો' કરી પર્સ અને પર્સમાં સાચવી રાખેલી રિવોલ્વર લઈને નીચે ઊતરી જવા સૂચના આપી કે તરત જ રેખાએ આજ્ઞાંકિત શિષ્યની અદાથી તેનું પાલન કરવું શરૂ કર્યું. આગળ-આગળ લક્ષ્મણ દોડતા, ચિત્તાની અદાથી, નહેરના ટેકરા ઉપર આગળ જતો હતો. પાછળ-પાછળ રેખા તેને અનુસરતી હતી.

મોટી નહેરના ટેકરા પર ઊંચે ચડીને લક્ષ્મણે યોગ્ય સ્થાન શોધીને એક હાથમાં જકડી રાખેલી ઓટોમેટિક ગન તથા બીજા હાથમાં સળગી રહેલ 'એવરેડી' ટૉર્ચથી સુરક્ષિતતાની પૂરી ખાતરી કરીને પોતાની બેઠક જમાવી દીધી. ઈશારો કરી તેણે રેખાને પણ પોતાની સાથે બેસી જવા જણાવ્યું...!

રેખાને આમ કેમ થઈ રહ્યું છે ? શું બધું થઈ રહ્યું છે ? શાના કારણે લક્ષ્મણ આ બધી અટપટી, વાંકીચૂંકી ગતિવાળી ચાલ રમી રહ્યો છે ? તે વાતની કશી ગતાગમ પડી નહિ ! તેણે તો માત્ર લક્ષ્મણના આદેશનું પાલન કરવાનું હતું, અનુકરણ કરવાનું હતું. રેખાને વિશ્વાસ હતો કે લક્ષ્મણ કોઈ દિ' રેખાની સાથે દગો નહિ રમે, વિશ્વાસઘાત નહિ કરે !

તરત જ રેખા લક્ષ્મણની પડખે બેસી ગઈ.

ઘડીભરની શાંતિ... વાતાવરણમાં નીરવતા પથરાઈ રહી !

"રેખા, મેં આમ કેમ કર્યું ? તને સમજ નહિ પડી હોય !"

"ના, જરા પણ નહિ !" રેખા ઉવાચ.

"આપણી ગાડીનો સજાગતાપૂર્વક પીછો થઈ રહ્યો છે અને મને એ વાતની ગંધ ત્યારથી જ આવી ગઈ હતી જ્યારે આપણે બંને હિંમતપુરથી કનકપુર આવવા ગાડી લઈને નીકળ્યાં હતાં."

"એમ વાત છે !" રેખાએ કહ્યું.

"સ્યોર. મને ખાતરી છે."

"પણ હું તારો પીછો છેલ્લા એક વર્ષથી કરી રહી છું અને તારી પાછળ પડછાયાની જેમ ફરું છું એ વાતની તને કાંઈ જાણ-સમજ કે ખાતરી છે ખરી ?" રેખા ન સમજાય તેવી ભાષામાં બોલી.

"મને ક્યાંથી ખબર પડે ! કારણ કે આ વાતમાં નારી (સ્ત્રી) પુરુષ કરતાં વધારે પડતી ચાલાક હોય છે, હોશિયાર હોય છે, ચબરાક હોય છે જે હું જાણું છું." લક્ષ્મણે વળતો જવાબ આપ્યો ખરો, પણ તેની નજર રોડ ઉપર પથરાયેલી હતી.

"એ ગમે તે હોય ડાર્લિંગ, પણ આજે હું તને કોઈ પણ રીતે છોડવાની નથી, તને જતો કરવાની નથી. આ વહેતી નહેરના ઉમંગભર્યા-માદકભર્યા ઠંડા ઠંડા પાણીએ મને નશો ચઢાવ્યો છે. હું ઉન્મત થઈ ગઈ છું. મારું શરીર, મારું રોમેરોમ તને ઝંખે છે. તારો સુંવાળો સ્પર્શ ઝંખે છે. 'I will I must - આઇ વીલ આઇ મસ્ટ કીલ યુ…" કહી યૌવનના નશામાં નશાખોર બનેલી અલ્હડ યુવતી રેખાએ પોતાના હાથ આકાશ તરફ ઊંચા કરી મદમસ્ત એવી અંગડાઈ લીધી.

રેખાનું યૌવન જાગી ઊઠ્યું હતું. યુવાનીને પાંખો ફૂટી હતી. યુવાનીના નશામાં ઉન્માદકતામાં 'શરમ લાજ નજાકતતા'ને બાજુ પર મૂકીને રેખાએ અચાનક આક્રમણ શરૂ કરી દીધું.

પુરુષને પછાડીને-લક્ષ્મણને જળોની જેમ ચોંટી પડીને, લક્ષ્મણના પહાડી લોખંડ જેવા મજબૂત હાથ… રેખાએ પોતાના માખણ જેવા નરમીલા નારિયેળીની જેમ લચી પડેલા મોટા-મોટા ગોળ-ગોળ માદક ગરમા-ગરમ હાંફી રહેલા, સ્તનપ્રદેશ પર રેખાએ લક્ષ્મણના મજબૂત



પંજા મૂકી દીધા અને પોતે જ પોતાના હાથથી જકડી રાખી, પકડી રાખી ને લક્ષ્મણના હાથના આંગળીથી પોતાના સ્તનપ્રદેશને જોરજોરથી દબાવવા લાગી, જોરજોરથી બંને બાજુએ લચકી પડેલા ઉન્મત સ્તનોને ભીંસી દેવા લાગી અને લક્ષ્મણના હોઠ પર પોતાના માદક માદક શરાબી-ગુલાબી-નશાયુક્ત, ગુલાબની પાંદડી જેવા નાજુક હોઠ મૂકીને ચસચસ-રસ-મધુર ચૂસવા એક પુરુષત્વને એક ખુલ્લો પડકાર હતો.

લક્ષ્મણના પુરુષત્વને પહેલો પડકાર રેખાઓ કર્યો અને બાજી જીતી લેવાનું મનોમન નક્કી કરીને બીડું ઝડપીને જ્યારે વીફરેલી વાઘણની અદાથી તે આક્રમણખોર બની ત્યારે…

ત્યારે લક્ષ્મણને આ મોંઘી પળોમાં, અગત્યની પળોમાં, રેખાના ગુલાબસંગ (ગુલાબદાદા) યાદ આવ્યા. રેખાના ઘરે જ્યારે પોતે જખ્મી ઘાયલ થઈને પડ્યો હતો ત્યારે રેખા અને રેખાના દાદા વચ્ચેની વાતો યાદ આવી. જાણતલ જોષીનાં વચનો યાદ આવ્યા અને યાદ આવ્યું કે - જે દિવસે રેખા સુહાગસુખ માણસે તે વખતની ઘડીઓમાં જ કલાક અડધા કલાકમાં તે સુહાગ આ દુનિયાને છોડી જતો રહેશે, ભગવાનનો પ્યારો થઈ રહેશે.

લક્ષ્મણને આ હકીકત કબૂલ-મંજૂર ન હતી. તેણે પહાડી અડગતાથી રેખાના ફૂલ જેવા કોમળ હાથોને ઝટકો મારી ફગાવી દીધા, દૂર કરી દીધા. અને એક-બે ફૂટ દૂર જઈ ઊભો.

ત્યારે 'ઈફ યુ ડોન્ટ જસ્ટીફાય મી. ઓર ઈફ યુ ડોન્ટ સેટીસ્ફાય મી, ઈફ યુ ડોન્ટ કિસ મી, આઇ વીલ કીલ યુ યંગમેન.' કહી તરત જ રેખાએ પોતાની પર્સ (પડખાની) ખોલી. ઓટોમેટિક રિવોલ્વર (સ્ટેનલેસ અમેરિકન સ્ટીલિયા) બહાર કાઢીને લક્ષ્મણ તરફ માંડીને ગર્જના કરી.

લક્ષ્મણ, વળી આ નવા હુમલાથી રઘવાયો બની ગયો, બેબાકળો બની ગયો.

તે બીજું કાંઈ વિચારે તે પહેલાં 'ધાંય… ધાંય…' બે કારતૂસ

- બે ગોળીઓ લક્ષ્મણના માથા પરથી જતી રહી, જાણે વહેતા અગનગોળા... અને લક્ષ્મણ તરત જ રેખા તરફ લપક્યો.

રેખા વિચારતી હતી - અજીબ આશ્ચર્યમાં પડી ગઈ કે હજુ તેણે રિવોલ્વરની ટ્રીગર (ઘોડો) દબાવી ન હતી ત્યાં એકી સાથે બે ગોળીઓ ક્યાંથી કેવી રીતે લક્ષ્મણ તરફ છૂટી ?

લક્ષ્મણે રેખાને ઝાપટ મારી તેને પાડી દઈને તેના હાથમાંથી રિવોલ્વર ઝૂંટવી લીધી. રેખા જમીન પર પડી ગઈ એટલે લક્ષ્મણ રેખાની વિરુદ્ધ દિશામાં ભાગ્યો.

લક્ષ્મણની ચકોર આંખોએ જોઈ લીધું હતું કે એક હેટ-શુટ, બૂટ (કાળા રંગના) પહેરેલ માનવઆકૃતિ રોડ-ડામરિયા રોડની દિશા તરફ ભાગી રહી હતી. લગભગ ૨૫થી ૩૦ ફૂટના છેટે દોડી રહી હતી. લક્ષ્મણે કાળી માનવાકૃતિનો પીછો કર્યો. 'ધાંય... ધાંય...' બે વખત ગોળીબાર કર્યો.

સિફતથી તથા અજબ સ્ફૂર્તિ સાથે હરણની ગતિથી પેલી માનવાકૃતિ ડામરિયા રોડ પર દોડી ગઈ અને થોડે દૂર-છેટે પડેલી ફિયાટ કારમાં ગોઠવાઈ ગઈ. અંદર બે-ત્રણ માનવાકૃતિઓ હશે. ફિયાટ કારની હેડલાઈટ્સ બંધ હતી, તે ફટાફટ ચાલુ થઈ ગઈ અને હળવા આંચકા સાથે ફિયાટ ચાલુ થઈ, ગતિવંત બનીને પૂરપાટ દોડી જતાં બે-ચાર ક્ષણોમાં અંધારામાં ઓગળી ગઈ. હવે તો તે ફિયાટ ગાડીની બે 'લાલ-લાલ' બૅકલાઈટો દેખાતી હતી.

બે લાલ-લાલ બૅકલાઈટો જાણે સાક્ષાત્ મોતના દૂત-યમરાજાના દૂતની બે ભયાનક આંખો જેવી લાગી. ઘડી-બે ઘડીમાં લક્ષ્મણની ખોપરીના કૂરચેકૂરચા પેલી બે રિવોલ્વરની ગોળીઓ કરી દેત અને આખી બાજી પલટાઈ જાત...

આવી બધી જીવલેણ જીવસટોસટની લડાઈ હોવા છતાં, જિંદગી જોખમમાં હોવા છતાં પેલી નફફટડીને 'સેક્સોલૉજી' સૂઝે છે. પ્રેમાલાપ કરવાનું મન થાય છે. હમણાં તેની ખબર લઉં છું. ભગવાન તોબા



મારી ! આ બલા ક્યાંથી ગળે પડી ! મનમાં ને મનમાં ગાળો ચોપડાવતો લક્ષ્મણ પોતાની પડી ગયેલી બૅટરી, પિસ્તોલ તથા રહી ગયેલી રેખા યાદ આવતાં પાછો વળ્યો.

ત્યારે રેખા નહેરના કિનારે બેઠા બેઠા ડૂસકાં ભરી રહી હતી. સિસકી સિસકીને રડતી હતી. લક્ષ્મણ તેની પાસે ગયો, લક્ષ્મણે રેખાની પીઠપ્રદેશ પર, બરડા પર પ્રેમથી હાથ ફેરવ્યો કે તરત જ ઊભી થઈને રેખાએ પોતાનું માથું લક્ષ્મણની વિશાળ બાંહોમાં સંતાડી દીધું. તે જોરથી રડતી હતી. લક્ષ્મણ પ્રેમથી રેખાને માથે, ગાલે, બરડા પર હાથ ફેરવતો રહ્યો - તેને સાંત્વન આપતો રહ્યો.

રેખા બોલતી હતી, "સોરી... લક્ષ્મણ, ડિયર પ્લીઝ ફરગીવ મી - મને માફ કર, એન્ડ ફરગેટ મી મને ભૂલી જા, હું જ વિષકન્યા છું. હું જ ડાકણ છું કે તને મોડાવહેલી ભરખી જઈશ, તારું હાડમાંસ લોહી બધું જ પી જઈશ." કહી રેખા વધારે રડી રહી ત્યારે,

"પ્લીઝ રેખા, બધું ભૂલી જા. કમઓન - પ્લીઝ માય ડિયર.." કહી લક્ષ્મણે રેખાને વધુ બોલવા ન દીધી. અને પોતાના સુમધુર હોઠ રેખાના ગુલાબી ગુલાબી હોઠપ્રદેશ પર મૂકી દીધા અને રેખાને બાહુપાશમાં જકડી લીધી.

રેખાને શાંત કરી પછી નહેરમાં વહેતાં શાંત ઠંડા પાણીથી રેખાના હાથ-મોં વગેરે સાફ કરાવી રેખાને ફ્રેશ (તરોતાજા) કરી રેખાના ઉરપ્રદેશે ઉન્મત બનીને જાગી ઊઠેલા જ્વાળામુખી જેવા કામને પોતાના અડગ એવા બ્રહ્મચરિત્રથી ઠારી દઈ રેખાને પોતાની સાથે લઈ ખોવાઈ ગયેલ બૅટરી, રિવોલ્વર તથા બધી સાધનસામગ્રી યાદ કરીને લીધા પછી -

લાલ મારુતિની સલામતીની સાથે સાથે પોતાની સુરક્ષાની ખાતરી કરી લીધા પછી તરત જ લક્ષ્મણે મારુતિ કાર કનકપુરની દિશા તરફ ભગાડી દીધી.

તેણે હજુ ઘણા અગત્યના કામ કરવાનાં બાકી હતાં.

*

# 17
## એક અકસ્માત

ઝડપથી બનતી જતી ઘટનાઓ... ઘટનાઓની ઘટમાળ જામતી જતી હતી. કોઈ ચલચિત્ર ચાલુ થઈ જાય અને નોનસ્ટોપ ચાલ્યા કરે તે રીતે એક પછી એક અનેક રહસ્યમયી, રોમાન્સથી, રોમૅન્ટિક ઘટનાઓ બનતી જતી હતી. જે સમજી લઈ, તાકીદે કોઈ નિર્ણય લેવા માટે લક્ષ્મણને હજી પૂરેપૂરો મહાવરો હતો નહિ !

છતાંપણ પેલી જીવલેણ ગોળીઓનો વરસાદ વરસાવનાર ફિયાટ કાર (વ્હાઇટ ફિયાટ) કારનો પીછો કરવો જરૂરી હતો.

ગણતરીની મિનિટોમાં જ લક્ષ્મણની મારુતિ કારે પોતાની ઝડપ ખૂબ જ વધારી દીધી. એ મારુતિ કાર પેલી વ્હાઇટ ફિયાટ કારને ચપટીમાં જ પકડી લેવા માગતી હતી. મારુતિ કારે મુઠ્ઠીઓ વાળીને ડામરિયા રસ્તા પર દોટ મૂકી દીધી.

આગળ-આગળ લાલ-લાલ તગતગિયા (Tail lamp) પૂંછડિયા લાલ લાઇટ્સ બતાવતી સફેદ ફિયાટ કાર દોડતી હતી. કોઈ જંગલમાં હિંસક પ્રાણી પાછળ પડ્યું હોય અને જે ઝડપથી હરણાં ભાગે તેવી ત્વરિત ગતિએ ફિયાટ હાથતાળી દઈને ભાગતી જતી હતી, અંધારાના પડદામાં ઓઝલ થઈ રહી હતી - જેના આવરણમાં ચાર યમદૂતો-કાળદૂતો લક્ષ્મણ અને રેખાના લોહીતરસ્યા છુપાઈને બેઠાં હતાં, લપાઈ





ગયા હતા. જેને લક્ષ્મણ હવે પોતાનાં જાનના જોખમે પણ છોડે તેમ ન હતો.

ગમે તે થાય, ગમે તે રીતે, યેન કેન પ્રકારેણ પેલા જલ્લાદ લોકોને પકડી પાડવા અને તેમને સ્વાદ ચખાડવા તે પ્રમાણેનો મનોમન પાકો નિર્ધાર લક્ષ્મણે કરી લીધો હતો.

આગળ વ્હાઇટ ફિયાટ કાર હરણીની અદાથી દોડતી જતી હતી, સરકી જતી હતી.

પાછળ લોહીતરસ્યા વાઘ જેવો લક્ષ્મણ પોતાની લાલ મારુતિ કારમાં સાક્ષાત્ યમદૂત બનીને ખૂબ ઝડપથી, વેગથી સફેદ ફિયાટ ગાડીના ચાર જલ્લાદોનો પીછો કરતો હતો.

બંને વચ્ચે જીવસટોસટની-મોતની હરીફાઈ જામી ગઈ હતી. એક અંધેરી રાતના આલમમાં-અંધેરી રાતના આવરણ નીચે...

એકાએક વાતાવરણ બદલાઈ ગયું અને લક્ષ્મણે પલકવારમાં જોઈ લીધું કે આગળ કૂદકે ને ભૂસકે દોડતી-હવાની રફતારથી ભાગતી જતી ફિયાટ કાર-સફેદ ફિયાટ કાર મોટા મોટા આરસપહાણિયા, ડામરિયા રોડની વાંકીચૂંકી ભુલભુલામણી રાત્રિના ઘોર અંધકારમાં ભાન ભૂલીને કે પછી રાત્રિના ઘેરાઘેરા નશીલા માદક વાતાવરણની અસરથી ફિયાટ કારના ડ્રાઈવરે તે રીતે ભૂલ કરી હોય કે પછી ઉતાવળમાં ને ઉતાવળમાં તે ઓવરબ્રીજનો જમણી બાજુએ ‘ફૂલ ટર્ન’ લેવાને બદલે તે કાર સીધેસીધી દોડી ગઈ અને ‘ધાય..ધડુમ...ધમ...’ના અવાજ સાથે ઓવરબ્રીજની નીચે ૫૦થી ૬૦ ફૂટના ખાડામાં મોટા ધડાકા સાથે ઊંધી પડીને પછડાણી, મોટો અવાજ થયો. ગગનભેદી અવાજ અને ફિયાટ કારના ટાંટિયા (ચાર પૈડાં) ઊંચા થઈ ગયા એટલે અંદર બેસનારાના પણ ટાંટિયા અધ્ધર થઈ ગયા.

સફેદ ફિયાટ કારમાં બેઠેલા એ ચારેય જલ્લાદોને આ પ્રમાણે મોતની ચીસો પાડવાનો પણ અવસર મળ્યો નહીં હોય અને ઊંધી પડેલી ફિયાટકાર પચાસથી સાઈઠ ફૂટ નીચે વહેળામાં... પાણી હતું

જ નહીં અને કોઈએ તાજું જ મુંડન કરાવ્યું હોય તે રીતે નીચેની જગા સાફ હતી. આજુબાજુ નાનુંનાનું સૂકું ઘાસ ઊગેલ હતું એટલે પેલી સફેદ ફિયાટ કારના પેટ્રોલની ટાંકી પછડાવાથી કે પછી બીજા કારણોસર અવાજ સાથે ફાટી. 'ધાય... ધડુમ... ધમ્મ....' અને તે સાથે જ અંદર બેઠેલા ચારેય દુરાત્માઓ, બદમાશો 'ૐ સ્વાહા' થઈ ગયા, આગમાં બળીને ભસ્મ થઈ ગયા. ગણતરીની મિનિટોમાં... અને દૂર દૂર સુધી પચાસથી સાઈઠ ફૂટના ખાડામાં ટાંટિયા અધ્ધર કરીને પડેલી સફેદ ફિયાટ કારમાંથી ફાટી નીકળેલી આગના કારણે જ્વાળાના લબકારાઓ દેખા દેતા હતા અને કાળમીંઢ રાતના ગાઢ અંધકારને ઓગાળવા-દૂર કરવા પ્રયત્ન કરી રહ્યા હતા...! 'બુરાઈનો અંજામ હંમેશાં બુરો આવે છે...' જે ખાડો ખોદે તે જ પડે.

"મુદઈ લાખ બુરા ચાહે, બુરા નહીં હોતા હૈ,
વહી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ."

પાછળ પાછળ પીછો કરી આવી રહેલ લક્ષ્મણ-રેખાની લાલ મારુતિ કાર ઓવરબ્રીજે આવી અટકી અને તે તથા તેમાં બેઠેલ બંને પેસેન્જરો એક ઝિંદાદિલ લોખંડી જવાન લક્ષ્મણ અને રોમૅન્ટિક રેખાની જોડી, જલ્લાદોની જલતી લાશો તથા ફિયાટ કારમાંથી પ્રગટતી હોળીઓની જ્વાળા જોઈ રહ્યા. આગના ભડાકા લબકારા લેતી ઝોળ અને કાળમીંઢ અંધકાર રાત્રિમાં પથરાઈ રહેલ આગના પ્રકાશના અજવાળામાં બધું જોઈ રહ્યા.

લાગલગાટ ૧૦થી ૧૫ મિનિટ સુધી વિગતવાર, બારીકાઈથી અવલોકન કરી લીધા પછી લાલ મારુતિ કારની હેડલાઈટ્સ બંધ કરી દીધી હતી તથા મારુતિ કાર પણ બંધ કરી દીધી હતી એટલે એન્જિનની હાંફ પણ હવે ઓછી થઈ ગઈ હશે, જરૂર જેટલું એન્જિને હાંફી પણ લીધું હશે. બધી વાતની પાકી ખાતરી કરી લઈ લીધા પછી રેખાને વધુ સતર્ક-સાવધાન બની જવાની તથા તેની ઓટોમેટિક પિસ્તોલ સંભાળી લેવાનું લક્ષ્મણે હાથના ઈશારાથી સમજાવી દીધું. પછી લક્ષ્મણ પોતે



મોટી ચોરબૅટરી તથા પોતાની જાતને જાપાની રમકડાં જેવી પિસ્તોલ લઈને ઓવરબ્રીજના નીચેના ભાગ તરફ ધીમે ધીમે નીચે ઊતર્યો. જ્યાં પેલી સફેદ ફિયાટ કાર ઊંધી ચત્તીપાટ ઊંચા ટાંટિયા કરીને પડી હતી અને તેનું તથા તેની સાથેના ચારેય ગુંડા જલ્લાદોનું જીવતાજાગતા જ કબ્રસ્તાન રચાયું હતું...

ઊંધી સળગતી સફેદ ફિયાટ કાર જેનો સફેદ રંગ આગથી સળગી-સળગીને, બળી-બળીને તામ્રવર્ણ બની ચૂક્યો હતો. લક્ષ્મણે પોતાની ચકોર આંખોથી ચબરાકીથી પાકી ખાતરી કરી લીધી કે આ લોકો કે જેઓ ચાર જણા લક્ષ્મણ-રેખાના તન-મન જાતના લોહીતરસ્યા હતા તે આંતરરાષ્ટ્રીય ગુંડાઓની ટોળીઓના સભ્ય ન હતા પણ ચીલાચાલુ એવા મવાલીઓ ભાડુતી ગુંડાઓ હતા, જલ્લાદો હતા જેમને વધારેમાં વધારે રૂપિયા બેથી ત્રણ લાખ સુધીની રકમ મહેનતાણા પેટે 'આ કામ પૂરું કરાવનાર' જે તે ઇન્ટરનેશનલ ગુંડાઓની ટોળીઓના સરદારને કદાચ ચૂકવવી પડે તેમ હતું.

એ ગમે તે હકીકત હોય તેમ છતાં પોતે બંનેય આબાદ બચી ગયા હોવાની તથા સફેદ સળગતી ફિયાટ કાર પાસેથી કોઈ મહત્ત્વનો ઉપયોગી પુરાવો મળે તેમ નથી તેની પણ ચોક્સાઈ કરી લીધા પછી લક્ષ્મણે પોતાની પાસે પૉકેટ મલ્ટીફ્લેશ ફોટો કૅમેરો કાઢ્યો અને જે સફેદ ફિયાટ કારનો સળગ્યા વગરનો ભાગ રહી ગયો અને તે ભાગમાં નંબરપ્લેટ આવી જાય તે રીતે ફ્લૅશ કરીને ફોટો લઈ લીધો. ફરીથી તેણે તે કૅમેરાને વાળી ફરીથી એની એ જ જગાએ એટલે કે પેન્ટના પૉકેટમાં સાચવીને મૂકી દીધો.

તે જ પૉકેટ માંથી તેણે લાઈટર અને બ્રિસ્ટોલ બહાર ખેંચી કાઢ્યા અને લાઈટર ('આઈ લવ યુ' જેની પર લખ્યું હતું તે)ની મદદથી બ્રિસ્ટોલ જલાવી અને ઉપરાછાપરી બે લાંબા કશ ખેંચી લીધા. જીવતા રહ્યાની (જગત વિશે) ખુશાલીમાં...

આ પ્રમાણેની કાર્યવાહી ઝડપથી પૂરી કરી તેટલી જ ઝડપથી

લક્ષ્મણ ઉપર (ઓવરબ્રીજે) માથા પર બેઠેલી રેખા પાસે જઈ પહોંચ્યો.

થોડી જ વારમાં પોતે લાલ મારુતિ કારના સાંનિધ્યમાં પહોંચી ગયેલ એટલે તરત જ પોતાની સુરક્ષિત 'સફારી V.I.P.' બૅગ તૈયાર હતી, તેમાંથી વાયરલેસ યંત્ર સેટ કર્યું.

સામેના છેડે મેસેજ ઝીલવા જયસ્વાલ સુનીતા તૈયાર હતી જ.

તેને બધી જ હકીકતથી વાકેફ કરી અને જરૂર જણાયે હેડક્વાટર્સ કન્ટ્રોલ રૂમને ઉપરોક્ત તપાસની હકીકતમાં માહિતી આપી વાકેફ કરી. માહિતગાર કરવા પણ સૂચના આપી. વધુમાં પોતે તથા રેખા જેમ બને તેમ ઝડપથી નક્કી કરેલી જગાએ આવી રહ્યા છે તેવી સ્પષ્ટતા કરી. વાયરલેસ યંત્રસામગ્રી ફરીથી છૂટી કરી તેનું યોગ્ય ફીટિંગ કરી દીધા પછી તેને ફરીથી ખાતરી કરી, બૅગમાં મૂકી દીધી. સુરક્ષિતતાની પણ પાકી ખાતરી કરી લીધા પછી રેખા તૈયાર જ હતી એટલે...

લક્ષ્મણે પોતાની લાલ મારુતિ કાર નક્કી કરેલી જગ્યાએ પહોંચી જવા મારી મૂકી.

⁕

# 18

## રેખાની રવાનગી

લક્ષ્મણ-રેખા...!!

એક અજાયબી ભરેલી દુનિયામાં જવાના હતા... જઈ રહ્યાં હતાં... એક સુવર્ણ-નગરી... ગોલ્ડન... સીટી...નું એક સુવર્ણ ભોંયરું... સોનેરી ભોંયરા (ગુફા)ની વાત આગળ વધારીએ તે પહેલાં... રાત્રિપ્રહારના બે થી અઢી વાગ્યાના સમયે લક્ષ્મણની લાલ મારુતિ કનકપુરના મુખપ્રવેશ આગળ આવેલ એક ઝાડી પ્રદેશ સમીપ ઘડી, બે ઘડી, શ્વાસ લેવા થોભી...

મારુતિ કારની બહાર આવીને લક્ષ્મણે હાથમાં ચોર બેટરીની મદદથી ઝાડી પ્રદેશ વિષે બેચાર વખત ચોર બેટરી (એવરેડી) બે ચાર વખત ઝબક-ઝબક ચાલુ કરી... જાસૂસી ભાષામાં સંકેતો કર્યા... અને ઝાડીમાં સરી ગયો...

થોડી જ વારમાં સરકતા સાપની અદાથી સુનીતા જયસ્વાલ પોતાના શસ્ત્ર-સરંજામ સાથે લક્ષ્મણની સાંનિધ્યમાં સરી આવી...

'યસ... ! લક્ષ્મણ...' જયસ્વાલ (સીક્રેટ એજન્ટ ઉવાચ...)

"નથિંગ... મોર... બટ... ઈઝ... એવરીથિંગ ઓ કે..." લક્ષ્મણ ઉવાચ.

"યસ... સર..."

"પ્લીઝ... ફોલો...મી... એન્ડ... કેરફુલ ઈનફ... ફોર... એ ક્રીટિકલ સ્ટ્રગલ" લક્ષ્મણે સુનીતાને સૂચના કરી...

લક્ષ્મણ તુરત જ તે જગ્યાએથી પરત પોતાની મારુતિકાર તરફ આવવા રવાના થયો અને સુનીતા... તેને અનુસરી...

આ બાજુ રેખાના દિલની ધડકન વધી ગઈ... દિલ ધડકારા લેવા લાગ્યું... મને એકલી મૂકીને આ લક્ષ્મણ ક્યાં વનમાં નાસી ગયો ? કે પછી ક્યાં અદૃશ્ય બની ગયો ? રેખા મારુતિ કારમાં સૂનમૂન બેઠી-બેઠી વિચારતી હતી, ત્યાં તો પાછળથી 'ધડ-ધડમ' દઈને રેખાના માથા પર હથોડી પછાડ ધણનો ઘા વાગ્યો..." તમ... તમ... તમ... તમરાં બોલી ઊઠ્યું અને કાનના પડદા ચીરાઈને ફાટી જતા હોય તેવું રેખાને લાગ્યું અને વિચારે તે પહેલાં રેખાની આંખો પહોળી પહોળી થઈ જતી લાગી. રેખા કોઈ સ્વપ્નની દુનિયામાં સરી જઈ રહી હતી. તે ગણતરીની જ સેકન્ડોમાં બેહોશ બની ગઈ. અને કોઈ બે ભારે હાથ આગળ આવ્યા, કોઈ ફૂલને ઊંચકે તે રીતે રેખાની નમણી કાયાને પલકમાં જ ઊંચકી લઈને જે રીતે તે જેવી સિફ્તથી આવી હતી તેટલી જ સિફ્ત અને સતર્કતાથી પેલી ભીમકાય આકૃતિ... પલકવારમાં જ વિરુદ્ધની દિશાએ આવેલ ઝાડી પ્રદેશમાં અદૃશ્ય બની ગઈ... ! !

એ ભૈરવ હતો... !

અગાઉ આપણે તેની ચર્ચા કરી ગયા છીએ... કદાચ તમને આપ સહુને એટલે કે વાચકમિત્રોની યાદશક્તિ જો સાથ સહકાર ન આપે તો આ સ્થાને માફી માગી લેવાની મારી ફરજ... ! !

મને માફ કરશો ને ?

લો તમે તો હસી પડ્યા... ! ! બસ આટલી જ વાતની માફી હોય... ! ચાલો... આગળ વધીએ... x - x -

જા રેખા... ચિસલ... કામરૂ.. જાકુડો... "કાંઈક યાદ આવ્યું ? હા... હા... એતો... પેલો... ખખડધજ... બની ગયેલા... સ્મશાનવત્... રાજાના રજવાડાના... કિલ્લાઓ... અને નાની-મોટી



ટેકરીઓ ખડકોથી ભરપૂર એવા ડુંગરાળ... પ્રદેશ... ઝાડીઓ... અને ડુંગરિયો પ્રદેશ...

જેની નજીક એક નાનકડી વસ્તી હતી અને સુંદર નયનરમ્ય સરોવરકાંઠો... સુંદર... સુગમ્ય નયનરમ્ય સરોવરના કાંઠે સવારના પહોરમાં પાણી ભરવા આવેલી પનિહારીઓ તેમની નિર્દોષ ઠઠ્ઠા મશ્કરીઓ...

આ જ ઠેકાણે ઘણા સમય અગાઉ લક્ષ્મણ ઘોડેસવાર થઈને આવ્યો હતો... ઘોડાના તબડક... તબડક... તબડક... એવી તબડાકોથી બધો પહાડીપ્રદેશ સંગીતમય બની ગયો હતો -

આનાથી દૂર એક ભયાનક જગાએ... એક ખડતલ... નવજુવાન પણ શૂરવીર એવા કોઈ ભડવીરને કોઈએ ભડાકે દીધો હતો. રાયફલમાંથી થયેલ ભડાકો સાંભળી લક્ષ્મણ તુરત જ પોતાના ઘોડા પર અસવાર થઈને તે દિશા તરફ ગયો હતો.

અને લક્ષ્મણે ત્યાં જઈને જોયું હતું કે, 'લોહીથી ખદબદતી એક ભડવીર શૂરવીરની લાશ હતી. મરનારના મુખેથી છેલ્લા શબ્દો હતા કે...

ભૈરવ... તને... ભગવાન નહીં... છોડે... ભૈ...ર...વ... તને... ભગવાન ન...હીં... છોડે..."

આ એ જ ભૈરવ હતો કે જેણે રેખાની બળજબરીપૂર્વક ઉઠાંતરી કરી હતી અને રેખાને ફરીથી તેના સુરક્ષિત (માના ગર્ભપ્રવેશની જગા જેમ સલામત હોય તેવી જગાએ) જગાએ ફરીથી પહોંચાડવાની કોશિશ કરી રહ્યો હતો.

લક્ષ્મણ-સુનીતા ફરીથી મારુતિકાર નજીક આવી ગયાં પણ મારુતિકાર એકલી-અટૂલી ઊભી હતી. સાવ નિશબ્દ બનીને મૂક સાક્ષી. બોબડી બનીને... મારુતિકારની અંદર બેઠેલી રેખા-રાણી જાણે અજાણે રિસાઈ ગઈ હોય તેમ તે રીતે ગાઢ રાત્રિના અંધકારમાં કાળમીંઢ અંધારામાં ઓગળી ગઈ હતી ! ! રેખા ક્યાં ! ક્યાં ગઈ હશે ! કઈ તરફ ગઈ હશે !

લક્ષ્મણ બેબાકળો-રઘવાયો બની ગયો. હવે તેણે તરત જ સુનીતા જયસ્વાલને ઈશારો કર્યો... બન્ને જણા અત્યન્ત સાવધાન બની ગયાં... અને લક્ષ્મણે કાન સરવા કર્યા, કોઈના પગલાં-હાથી જેવા ભારે વજનવાળા કોઈ ભારેખમ જાનવરના ભારે પગલાં આ જગ્યાએથી વિરુદ્ધ દિશા તરફ આગળ વધી રહ્યાં હતાં દબાતા પગલે... ! !

તરત જ કાંઈક તાત્કાલિક મહત્ત્વનો નિર્ણય કરીને લક્ષ્મણે મારુતિકાર તરફ દોટ દીધી. મારુતિકારને ચાલુ કરી પછી ઝાડી પ્રદેશમાં ગરકાવી દીધી, છુપાવી દીધી અને પોતાની વી.આઈ.પી. સફારી બેગ તથા બેગમાંથી નકશો બહાર કાઢીને તેમ જ સંરક્ષણ માટે જરૂરી એ પ્રમાણેના ઘાતક શસ્ત્રસરંજામની વ્યવસ્થા કરી તેણે પોતાની લાલ મારુતિકારના કાચ બંધ કરી દીધા પછી તરત જ ગાડી લોક કરીને તે વાતાવરણમાં ભૂંસાઈ જતાં, વિલાઈ જતા, ચંપાતા, દબાતા, ભારેભારે ભારેખમ, પગલાં તરફ સરકવા માંડ્યો... લક્ષ્મણે તરત જ સુનીતાને આદેશ કર્યો...

"જયસ્વાલ પ્લીઝ... કમ.. વીથ... મી..."

"ઓ-કે સર"

અને બંને જણાએ પીછો શરૂ કર્યો એ ભારેખમ પગલાંનો એ ભારેખમ પગલાવાળા ભૈરવનો...

ભૈરવને ખબર નથી કે, બે જણા કાળભૈરવ બનીને તેનો દબાયેલા પગલે પીછો કરી રહ્યા છે. હાથમાં ફૂલના દડાની જેમ ઊંચકીને રેખાને પોતાની સાથે કોઈ અજાણી ખતરનાક જગાએ લઈ જતો હતો.

લક્ષ્મણે પોતાની ઝડપ સ્ફૂર્તિથી વધારી દીધી સાથે સાથે સુનીતા જયસ્વાલે પણ ચાલવાની ઝડપમાં વધારો કરી દીધો હતો.

'રેન્જ'માં પહોંચી ગયા કે તરત જ આ પાર કે પેલે પારે વિચારીને તરત જ લક્ષ્મણે પોતાની રિવોલ્વર ઓટોમેટિક પિસ્તોલ બહાર કાઢી અને વીજળી વેગથી 'ભૈરવ'ની ખોપરીનું નિશાન તાકીને 'ધાંય... ધાંય... ધાંય...' ત્રણ બુલેટ (કાર્ટીજ) ગોળીઓ છોડી દીધી. આબાદ



નિશાન લાગી ગયું. પહાડ જેવો ભૈરવ જબરજસ્ત વટવૃક્ષ ગબડી પડે તેમ ધરતી પર ઢળી પડ્યો.

તરત જ લક્ષ્મણ તે તરફ દોડી ગયો. સુનીતા પણ પાછળ પાછળ દોડી. લક્ષ્મણે ભૈરવના પંજામાંથી રેખાને હવે છોડાવી લીધી અને મુક્ત કરી દીધી અને રેખાનો હવાલો સુનીતાને સોંપી દીધો.

'જો સુનીતા... હવે તને રેખા સુપ્રત કરું છું. હવે તારી જવાબદારી શરૂ... હવે આપણે આપણી મારુતિકાર તરફ ઝડપથી પાછા ફરી જઈશું. ત્યાં તારે રેખાને કોઈપણ તકલીફ સિવાય બધા મહેમાનોનો જે જગાએ ઉતારો છે તે જગાએ સહીસલામત રીતે પહોંચાડી દેવાની છે. પછી જ બધી આગળની વાત... સમજી... ગઈ... અને હા... અહીંનું તમામ હું ફોડી લઈશ. હું મારી જાતે પહોંચી વળીશ.' લક્ષ્મણે સુનીતાને લાંબી-લચ્ચ સૂચના આપી દીધી.

'યસ... લક્ષ્મણ... ડોન્ટ વરી...' સુનીતા ઉવાચ...

પેલા ભૈરવની લોહી નીકળતી લાશને ઠેકાણે કરવામાં ઝાડીઓ પાછળ કોઈ દેખી ન જાય તે રીતે છુપાઈ દઈને તેનું નીકળેલા રક્તને ઢાંકવાની બધી વિધિમાં વળી પાછો અડધો-પોણો કલાક નીકળી ગયો.

૫૫ મિનિટ પછી લક્ષ્મણ રેખાને ખભાના સહારે તેડીને સુનીતાના સાથમાં લાલ મારુતિકારના સાંનિધ્યમાં સરી આવ્યો. સંતાડી રાખેલ મારુતિકાર ફરીથી કાચા-રસ્તા પર લાવીને તેમાં પાછલી બેઠકમાં 'બેહોશ રેખાને' સલામત રીતે સુવડાવી દીધી પછી... બધી જ જરૂરી સૂચના આપી દીધા પછી...' ઓ.કે. સુનીતા બાય... બાય...' લક્ષ્મણ હવે હાથ ખંખેરી રહ્યો હતો.

'ઓ.કે. લક્ષ્મણ... સી.યુ...' સુનીતા મારુતિકાર સ્ટાર્ટ કરી રહી હતી - તે રેખાને સહી-સલામત રીતે 'આરામભવન' સ્પેશ્યલ રેસ્ટ હાઉસ 'સ્વપ્ન' મધ્યે રેખાને હાઉસ તેની મંઝિલે પહોંચાડી દેવા ઉતાવળી બની હતી. લક્ષ્મણની કાંડા ઘડિયાળ તે વખતે ૩-૫૫ (ત્રણ અને પંચાવનનો) ટાઇમ બતાવતી હતી.

❊

# 19

## “ખૂલ જા.... સીમ... સીમ...”

રેખાને સહીસલામત જગાએ એટલે કે ‘આરામ ભવન’ સ્પેશ્યલ રેસ્ટ હાઉસ ‘સ્વપ્ન’ તરફ સુનીતા જયસ્વાલ મારફતે રવાના કરીને લક્ષ્મણ એક ચાલાક-ચબરાક ચિત્તાની અદાથી ‘ફરી પાછી પેલી’ ભૈરવવાળી જગા તરફ આગળ વધી રહ્યો હતો.

સુનીતાને વિદાય કરતાં પહેલાં લક્ષ્મણે પેલી લાંબી-લસ ચોર-બેટરી - પેલી ઈમ્પોર્ટેડ સફારી બૅગ ફરીથી પાછી પોતાના પાસે લઈ લીધી હતી એટલે હવે મહત્ત્વના ‘ડોક્યુમેન્ટ’ પોતાની પાસે હતા એટલે તેણે ખૂબ ખૂબ જ સાવધાની રાખવાની જરૂર હતી.

આ અગત્યના ડોક્યુમેન્ટમાં આવેલ નકશામાં ‘ભારતની નાની સોનાની નગરીની ભેદી ગુફાઓ કયાં કયાં સ્થળે આ ચોક્કસ ઝાડીવાળી જગાએથી કેટલા મીટર દૂર આવેલ છે ? એની સચોટ માહિતી હતી. વળી આના જ પૂરક દસ્તાવેજો ભારતમાં છુપાયેલા ભારતના વિરોધીઓ (આતંકવાદીઓ) ભારતમાં કેવા કેવા ઠેકાણે કયો કયો ખતરનાક ધંધો કેવી રીતે કરી રહ્યા છે ? તેની વિગતવાર માહિતી હતી. સાથે સાથે તેમાં પ્રાણઘાતક શસ્ત્રો-બોમ્બ-ટાઈમ બોમ્બ્સ ખતરનાક મિસાઈલ્સ મશીનગન તેમજ બીજાં જીવલેણ સાધનો બનાવતી ફેકટરીઓ અને આ ફેકટરીઓમાંથી કયાં કયાં ગોડાઉનોમાં આવાં જીવલેણ શસ્ત્રોનો





સ્ટોક કરવામાં આવ્યો છે તેની વિગત તથા આ નજીક આવેલા ‘કનકપુર’ રેલવે સ્ટેશનના ગોડાઉન મારફતે રેલવે ગુડ્ઝમાં કઈ કઈ રીતે આવાં બધાં જ જીવલેણ શસ્ત્રો ભારતના દરેકેદરેક ખૂણે આવેલાં સ્થળોએ પહોંચાડવામાં આવે છે, તેની સંપૂર્ણ માહિતી દર્શાવતી એક માહિતી સભર ડાયરી પોતાના જીવના જોખમે જાળવી રાખવાની હતી જે જેની સૌથી મોટી જવાબદારી હતી. વધુમાં ભારતમાં ગેરકાયદેસર રીતે હેરોઈન-એલ એસ.ડી. નશાયુક્ત દવાઓ ઈન્જેક્શન્સ જેની કિંમત કરોડો-કરોડો રૂપિયાની થતી હતી, તથા તે પણ સ્મગલિંગ (દાણચોરી રીતે) માલ કેવી કેવી અજીબોઅજીબ તરકીબ અપનાવીને ભારતમાં-ભારતના જ માણસો-ગદ્દાર માણસો દેશને વેચી ખાનાર બેવફા ભારતીઓની, ટોળકીઓની તેમજ ડઝન-દોઢ ડઝન વિદેશી (ફ્રાન્સ, અમેરિકા) નાગરિકોના નામ-સરનામાની વિગત કે જે હકીકત લક્ષ્મણે અને તેની સાથીદાર ટોળકીએ (સી.બી.આઈ. ઓથોરિટી મારફતે) જાનના જોખમે એકઠી કરી હતી. તે તમામ જરૂરી હકીકત આજે લક્ષ્મણના હાથમાં હતી.

લક્ષ્મણ એક સાચો દેશભક્ત હતો. આ ભારતનો તારણહાર હતો. રક્ષણહાર હતો. ભાગ્યવિધાતા હતો. તેવો પોતાના એકનો શું હજારો હજારો જાન ન્યોચ્છાવર કરીને પણ પોતાની ભારતમાંની સેવા કરવાનો તેણે મનોમન અડગ નિર્ણય કરી લીધો હતો. પોતાના દેશની સાથે ગદ્દારી કોણ કરે ? પોતે પોતાની મા ભારત સાથે બેવફાઈ કેવી રીતે કરી શકે ?

ભારતને વિનાશના મુખમાં ધકેલવાનું દુષ્કર કાર્ય કરવું તેના કરતાં જાન કુરબાન કરી દેવી એ વાત ૧૦૦ ગણી સારી... કોણ એવો છે કે પોતાના દેશમાં આતંકવાદ ફેલાવે. અગ્નિઝાળ કાઢતાં શસ્ત્રો આગ ઓકે અને પોતે શાંત બરફની જેમ ઠરીને ઊભો રહે ! શાંતિ રાખી ચાદર ઓઢીને સૂઈ જાય... !

ના, હવે આ છેલ્લા અંતિમ નિર્ણયાત્મક તબક્કે લક્ષ્મણ પોતાની

ભારતમાતાને પોતાના દેશબાંધવોને દગો નહીં દઈ શકે. એ ગદ્દારી કરીને પોતાના ભારત દેશને મૃત્યુના મુખમાં ધકેલી નહીં શકે. (બધે જ નક્કી કરેલાં સ્થળોએ) જરૂર મુજબનાં વિઘાતક શસ્ત્રો પહોંચી જાય એટલે 'હાઈ ઓથોરિટીની' સૂચનાથી ભારતનાં તમામેતમામ સ્થળોએ એકી સાથે ભારતવિરોધી બળવો જાગી પડવાનો હતો. જો કે તેની તારીખ પણ લક્ષ્મણ જાણતો હતો. પણ એ જોખમ ખૂબખૂબ દૂર હતું. જો કે લક્ષ્મણ પોતે એ દુશ્મન લોકોના બદઈરાદાને પોતાના જાનના જોખમે પાર પાડે તે રોકી લેવાનો હતો અને તે માટેની તૈયારીઓ એણે હવે અત્યારથી જ શરૂ કરી દીધી હતી. તડામાર તૈયારીઓ. કોઈને પણ શેહશરમમાં કે લાગણીના આવેશોમાં ડૂબ્યા વગર કે ગૂંગળાઈ ગયા વગર લક્ષ્મણને જગતદાદા યાદ આવતા હતા. લક્ષ્મણને ગુલાબસંગની વાતો યાદ આવતી હતી. લક્ષ્મણને પોતાનો સ્વાર્થી ભાઈ કિશોર તથા તેના બધા સ્વાર્થી મિત્રો... લ્યુસી... ફિલીપ... જોન... જોન્શન... રોબર્ટ વગેરે વગેરે યાદ આવતા હતા.

જગતદાદાએ આપેલી લાલચ-લોભ યાદ આવતાં હતાં.

પોતે બધાં જ ભારતને છોડીને બીજા દેશમાં (સ્વિટ્ઝરલેન્ડમાં) લખલૂંટ સંપત્તિ સાથે ચાલ્યા જશે. ત્યાં બધા જગતના પૈસાદાર અબજોપતિ બની જઈ લહેર કરશે. ભૌતિક સુખસંપત્તિમાં આળોટશે અને સ્વર્ગલોકનો વાસ્તવિક અનુભવ 'સદેહે' કરવા મળશે. એ બધી સોહામણી, લોભામણી, મનમોહક, આકર્ષક લાલચો લક્ષ્મણના દિલને અકળાવતી હતી - ગૂંગળાવતી હતી - બેચેન બનાવતી હતી - ઉદ્વેગિત બનાવતી હતી... !

પણ આ બધાની વચ્ચે પણ અડગ રહીને, બધા જ લોભ-લાલચોને ઠોકરે ચઢાવીને પોતાના દેશભક્ત પિતા હિંમતસિંહની કર્તવ્યપરાયણતા પારખીને હિંમતે મર્દા તો મદદે ખુદા... યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે - એ પ્રમાણે મનોમન દૃઢ, અડગ નિશ્ચય કરીને લક્ષ્મણ હવે આખરી જંગે ચઢવાની તૈયારી કરી ચૂક્યો હતો.



રેખાએ પણ લક્ષ્મણને સમર્થન આપ્યું હતું, ટેકો આપ્યો હતો. લક્ષ્મણમાં પ્રગટ થયેલા દેશભક્તિના સૂરમાં સૂર મિલાવ્યો હતો.

રેખાનો સૂર લક્ષ્મણના સૂરમાં ભળી ગયો હતો.

બે સૂરોનો અનોખો સૂરસંગમ થયો હતો. દેશભક્તિના સૂરોનો સંગમ એક અનોખો, અગમ્ય સૂરસંગમ... !

ભૈરવનો એ જ જગ્યાએ અંત આવ્યો જે જગ્યાએ ભૈરવે એક ખડતલ રાજપૂત સિપાઈ કે જે પણ મા ભારતના અદ્ભુત ખજાનાનું (સોનાની નાની નગરી - ગુફાનું) રક્ષણ કરવા માગતો હતો તેને ભૈરવે બે-ત્રણ ધડાકે યમદરબારમાં પહોંચાડી દીધો હતો.

આ રીતે તેણે દેશ સાથે ગદ્દારી કરી હતી. દેશને દગો દીધો હતો. દેશનો દ્રોહ, મોત કરતાં બદતર હોય છે.

આજ ભૈરવને દેશદ્રોહની શિક્ષા મળી ચૂકી હતી. ભૈરવ સ્વર્ગે સિધાવી ચૂક્યો હતો. વાત-વાતમાં કોઈને પણ ખબર પડ્યા વગર ક્ષણમાત્રમાં... !

ભૈરવને ભૂલી જઈને... હવે લક્ષ્મણે પેલો ભેદી નકશો બહાર કાઢ્યો અને બેટરીના અજવાળામાં અભ્યાસ કરવા માંડ્યો.

અહીંથી લગભગ ૧૦ મીટર દૂર જતાં એક ભોંયરું અને ભોંયરામાં એકસો પચાસ (૧૫૦) પગથિયાં ઊતરીને અંદર જવાનો રસ્તો - જે રસ્તામાં ગુફા હશે... ભૂગર્ભ ગુફા... જેની જમણી તરફનો રસ્તો... જંગલના (મોટી ગુફાના જમણી તરફનો) રેસ્ટ હાઉસ તરફ લઈ જશે અને નાની ગુફાનો ડાબી તરફનો રસ્તો તમને - 'લાલ હવેલી' તરફ લઈ જશે. મોટી ગુફામાં કરોડો રૂપિયાની (સોનાના દાગીના, મૂર્તિઓ સુવર્ણમય નગર) મિલકત ધરાવતી નાની સુવર્ણ નગરી છે. જેના દ્વારો તોતિંગ લોખંડી દરવાજાથી બંધ છે પણ એક 'ઘોડી'ની 'યુ' આકારની કળ દબાવવાથી એ દરવાજો ખૂલી જાય છે અને સ્વયંભૂ બંધ થઈ જાય છે. ફરી પાછા વળતી વખતે તે જ રીતે પાછળની બાજુએ તેવી જ પાછી બીજી 'યુ' આકારની કળ દબાવવાથી

તે લોખંડી દરવાજા સ્વયંભૂ ખૂલી જશે અને ફરીથી ફરી હતા તેવા પુનઃ પાછા બંધ થઈ જશે. 'તે મતલબની સૂચના નકશાના છેડે...' 'અંગ્રેજી'માં નાનામાં નાના શબ્દો (સ્પેલિંગો)ની ભાષામાં સ્પષ્ટ રીતે સમજાય તે પ્રમાણેનું લખાણ હતું.

લક્ષ્મણે આ નકશો તથા લખાણ વારંવાર બે-ત્રણ વખત વાંચી લીધું. ફરીથી ધ્યાન દઈને વાંચી લીધું.

હવે લક્ષ્મણે ખિસ્સાનું પાકિટ બહાર કાઢીને વિલાયતી લાઇટરની મદદથી બ્રિસ્ટોલ સળગાવી ત્યારે તેના ઉપરા-છાપરી કશ ખેંચ્યા ત્યારે લક્ષ્મણના કાંડા પર શોભતી પેલી કાંડા ઘડિયાળમાં (ઓટોમૅટિક બીજી અનેક રચનાઓ ધરાવતી હતી જેની ચર્ચા પછી કરીશું) જોયું તો ચાર અને પચાસ થવા આવ્યા હતા. સવારના ચાર પચાસ (૪-૫૦)નો સમય... ! સુહાનો સમય... !

લક્ષ્મણ વીશ યુ ધી બેસ્ટ લક... !

માતૃભક્ત લક્ષ્મણ... ! દેશભક્ત લક્ષ્મણ... ! પરમવીર ખડતલ લક્ષ્મણ... તને બેસ્ટ ઑફ લક... !

ગણતરી પ્રમાણેનું (નકશા મુજબનું) મીટર જેટલું અંતર કાપતાં ભોંયરું શરૂ થયું... આડું ભોંયરું... ધરતીના પેટાળમાં... પાતાળના પેટાળમાં ધીરે-ધીરે આડી રીતે ૬૦° ના નીચેના ખૂણે (૨૪૦° ના ખૂણે...) નીચે તરફ ધરતીને ત્રાંસી રીતે વહેરી નાખીને લગભગ એકસો પચાસ પગથિયાં... લક્ષ્મણ પોતાની શસ્ત્રસરંજામ (આધુનિક શસ્ત્રો-સરંજામથી ભરપૂર) વાળી બૅગ તેમજ ચોર બેટરી સાથે પાતાળમાં આવેલી બે ભીતરી ગુફાઓની સામે આવીને-સમક્ષ આવીને ઊભો રહી ગયો.

લક્ષ્મણને યાદ આવ્યું કે મોટી ગુફામાં અંદર તરફ બે લોખંડી ખડતલ, મજબૂત દરવાજા હશે અને એક તરફની જમણી બાજુએ ધારે આવેલું નાનકડું ભોંયરું તેમને રેસ્ટ હાઉસ તરફ લઈ જશે.

લક્ષ્મણને આ વાતની ખાતરી કરવી હતી એટલે તે સહુ પ્રથમ



મોટી ગુફા તરફ વળ્યો. મોઢું ફાડીને જાણે ગળી જવા તૈયાર થઈ ગયેલી હોય તેવી આ વિશાળ ગુફાના મુખદ્વારમાં પ્રવેશ કરતાં લક્ષ્મણને કંપારી થઈ આવી અને લક્ષ્મણના લલાટે પરસેવો વળી ગયો. ટાઢા પહોરમાં પણ શું કરે ? યાહોમ કરીને આગળ વધવું જ જોઈશેને ! વિચારી લક્ષ્મણ આગળ વધ્યો !

મોટી ગુફાના મુખદ્વારમાં કાંઈ જોખમ તો નથી ને ! જેની સ્વયં સ્પષ્ટ ખાતરી કરી લીધા પછી લક્ષ્મણને પોતાને આત્મસંતોષ થયો. ભગવાનની દયા કહો કે નસીબની બલિહારી આજે કોઈ દુશ્મન (દગાખોર દેશદ્રોહીના પક્ષેથી) સામનો કરવા હાજર ન હતો. કદાચ ! બધા સામૂહિક રજા પર ગયા હશે. જે હોય તે આપણે શું ? લક્ષ્મણે ઝડપથી ચાલવા માંડ્યું અને...

લક્ષ્મણ હવે પેલા લોખંડના બે મોટા તોતિંગ... એક મોટો ઊંચો કદાવર હાથી જઈ શકે તેવા લોખંડી દરવાજા સમક્ષ આવીને ખડો થઈ ગયો !

બળબુદ્ધિ વાપરીને... લક્ષ્મણે... પેલા લોખંડી દરવાજામાં આવેલી 'યુ' આકાર કળ શોધી કાઢી... ખોળી કાઢી... ! અને કળ દાબી... ! અને લક્ષ્મણે ચોર-બેટરી ચાલુ કરી...

"ખૂલ... જા... સીમ... સીમ... સીમ..."

કોઈ જબરજસ્ત... મહાકાય... (રામાયણમાં આવેલા વર્ણન પ્રમાણેનો) રાક્ષસ પોતાનું જડબું ફાડે તેમ લોખંડી બે દરવાજાઓ ધીમે ધીમે ખૂલી ગયા અને તરત જ લક્ષ્મણ અંદર ઘૂસી ગયો, જેમ હનુમાનજી (મર્કટ) રાક્ષસના મુખમાં અતિ નાનું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરીને ઘૂસી ગયા હતા તેમ ! પછી ધીમે ધીમે લોખંડના મહાકાય દરવાજા બંધ થઈ ગયા... !

અંદરનો વૈભવ જોઈને લક્ષ્મણને પોતાને થોડોક સમય લાગ્યું કે લક્ષ્મણ પોતે પાગલ બની જશે. પોતાનો કાબૂ ગુમાવી દેશે... શાનભાન ખોઈને પછી બકવાટ કરવા લાગી જશે. કારણ કે અંદર

લગભગ એક માઈલના (૧ કિ.મી.)ના વિસ્તારમાં પથરાયેલી મોટી ગુફાના પેટમાં આખા ભારતને લૂંટીને સુવર્ણસંપત્તિનો અહીં આગળ ઢગલો કરી દીધો હતો. સોનાની મોટી-મોટી નાની-નાની સુવર્ણ મૂર્તિઓ ઠેર ઠેર લખલૂંટ કિંમત ધરાવતાં સોના-ચાંદી-ઝવેરાત-હીરા-મોતી અને કિંમતી ધાતુના દાગીના ધરાવતા રજવાડી ખજાનાની પેટીઓ વારાફરતી એક પછી એક એમ સો, બસો, ત્રણસો, સુવર્ણ પેટીઓની લાઈન ખડી કરી દીધી હતી. સોનાની મોટી-મોટી માણો-સોનાની મોટીમોટી પવાલીઓ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલ અનેકવિધ પ્રકારના (થાળી, વાડકા, લોટા, પ્યાલા, જગ, કપ-રકાબી વગેરે વગેરે સોનાનાં વાસણો ધરાવતી) મોટી-મોટી ઊંચી-ઊંચી ટાંકી જેવી સાઈઝનો આકાર ધરાવતી ૪૦૦ થી ૫૦૦ સુવર્ણ પવાલીઓની વણઝાર લાગી હતી... ! જર-ઝવેરાત સોનું-રૂપું હાર અને દરદાગીના (બાજુબંધ ગળાના હાર, આભૂષણો પડ્યા હતા. કોણ જાણે કેટલા અલ્લાઉદ્દીન ખીલજીઓએ કે મહંમદ ગઝનીઓએ ભારતના હજારો નાના-મોટા રાજા રાજવીઓના ખજાનાની લખલૂંટ સંપત્તિઓ લૂંટીલૂંટીને આ અતિગુપ્ત જગાએ દાટી રાખી હશે કે ભંડારી રાખી હશે જેનો ભેદ કાં તો એકલા જગતદાદા કે પછી ગુલાબસંગ યા હિંમતસિંહ (લક્ષ્મણના બાપુ) યા પછી તો હવે પછી આ લખલૂંટ કરોડો-કરોડો રૂપિયાની કિંમત ધરાવતા લખલૂંટ ખજાનાનો ભેદ, દેશદ્રોહી કે પછી વિદેશીઓ જાણી ગયા હોવા જોઈએ. જે અઢળક સંપત્તિ અહીંથી ચોરી લઈ જઈ પોતાના દેશમાં પોતાના સ્વાર્થ માટે વાપરવાની મેલી વૃત્તિ રાખી તે અઢળક સંપત્તિ લઈ જવાની જાનના જોખમે પણ કોશિશ કરતાં હોવાં જોઈએ...

લક્ષ્મણ આ બધું જોઈ ખુશ-ખુશ થઈ ગયો. પોતાની ભારતમાતા આટલી બધી સમૃદ્ધિ (કુબેર ભગવાનને પણ અદેખાઈ આવે તે પ્રમાણેની) ધરાવે છે તે હકીકતની સ્વયં ખાતરી થઈ જવાથી લક્ષ્મણનાં નેત્રો ભરાઈ આવ્યાં... !

તરત જ લક્ષ્મણ હવે ફરીથી પાછા ફરવાનો વિચાર કરવા



લાગી ગયો. આ વિશાળ ગુફાના પેટાળમાં ભ્રમણ કરતાં કરતાં કલાક-દોઢ કલાકનો ગાળો વીતી ગયો તે વાતની લક્ષ્મણને ખબરેય ન પડી !

ફરી પાછો લક્ષ્મણ ગુફામાં ફરી પાછા એ જ લોખંડી દરવાજા આગળ આવી જે 'યુ' આકારની કળ... જે લક્ષ્મણે અગાઉ જે રીતે દાબી હતી તે રીતે દાબી અને... !

'ખૂલ... જા... સીમ... સીમ... સીમ..., લોખંડના રાક્ષસી દરવાજાઓ પોતાના રાક્ષસી મોઢાં ફાડીને ઊઘડ્યાં અને સુવર્ણ નગરી (રાવણની લંકામાંથી જે રીતે રામભક્ત હનુમાન બહાર નીકળી આવ્યા હતા તે જ રીતે)માંથી દેશભક્ત લક્ષ્મણ કોઈપણ જાતના લોભ કે લાલચ યા મોહમાયાના આવરણમાં આવી ગયા વગર બહાર આવી ગયો. મોટી ગુફાના મુખપ્રદેશ... આગળ...

અગાઉ સૂચનામાં વાંચ્યું હતું તે પ્રમાણે મોટી ગુફાનો જમણી તરફનો રસ્તો તમને રેસ્ટ હાઉસ તરફ લઈ જશે એટલે લક્ષ્મણે તરત જ જમણી બાજુએ ઝડપથી સરકવા માંડ્યું, પૂરેપૂરી સાવધાની રાખીને... સારા નસીબે કે આ જંગલના રેસ્ટ હાઉસ તરફ જતી, લઈ જતી પાતાળગુફા (under drainage) ભૂગર્ભ-ગટર વચ્ચે કોઈ દુશ્મન પક્ષનો હીરો (માઈનો લાલ) સામો ન મળ્યો નહીં તો ગોળીઓની રમઝટ બોલાવી દેવી પડત...

લક્ષ્મણ... મા ભારતને ચરણે પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર હતો.

પોતાનું તન-મન-ધન... ! ગમે તે ક્ષણે ગમે તેની કુરબાની આપવી પડે તે માટે લક્ષ્મણની પૂરેપૂરી તૈયારી હતી... 'સર... કટા... સકતે હૈ લેકિન સર ઝુકા શકતે નહીં'' એ ભાવના જીવંત સ્રોત (ઝરણા) સ્વરૂપે લક્ષ્મણના લોહી-લોહીનાં બુંદેબુંદમાં સદાય વહ્યાં કરતી હતી. એ વફાદારીનો બચ્ચો બહાદુર-શૂરવીર સૈનિક હતો, જેના પર બધાને નાઝ હતો. બધા તેના પર આફરીન હતા...

ગણતરીની મિનિટોમાં જ એટલે કે ૧૫ (પંદર)થી ૨૦ (વીસ)

મિનિટમાં દબાતો, છુપાતો, સરકતો, સરકતો લક્ષ્મણ ભૂગર્ભ ગટરના સામા છેડે પહોંચ્યો. કોઈ કાચબો સંકોચાયેલી કાયામાં છુપાઈ દીધેલું પોતાનું ડોકું તક મળતાં જ જે રીતે સિફતથી બહાર કાઢે તે પ્રમાણે લક્ષ્મણે પોતાની કાયા ઢંકાઈ રહે તે રીતે ભૂગર્ભના દ્વારે પોતાની ગરદન જરા બહાર કાઢી તો... !

સામે થોડે દૂર 'ફોરેસ્ટ રેસ્ટ હાઉસ...' નજરે ચડ્યું...

ફોરેસ્ટ રેસ્ટ હાઉસની પડખે... સફેદ મોટરવાન - ઢગલાબંધ (ચાલીસથી પચાસ બંધ મોટરવાન) વેરવિખેરાયેલી હતી. જાણે કોઈ જીત કે કયામતની તૈયારી (પૂર્વતૈયારી) કરી ન રહી હતી તે રીતે. મેદાનમાં ચારે તરફ 'સવારની' ખુશનુમા ચહલ-પહલ હતી. 'સફેદ', 'ભૂરા' અને લાલ ડ્રેસમાં સુસજ્જ શસ્ત્રધારી (૨૦૦ થી ૩૦૦) સૈનિક કોઈક તૈયારીમાં-ગડમથલમાં પરોવાયા હતા અને યાંત્રિકપણે અવિરત રીતે આવ-જાવ કરી રહ્યા હતા. હાથમાં લોડેડ-મશીનગન સાથે તે બધા સાવધાનીથી કદાચ પેલી સફેદ મોટરવાનોના બોડીગાર્ડ તરીકેની સેવાઓ આપી રહ્યા હશે. પછીની હકીકતો તો રામ જાણે...!

ફરીથી પોતાનું ડોકું 'સંકેલી' લઈને તથા કોઈ પોતાનો પીછો તો કરી રહ્યું નથી ને ? તે હકીકતની સંપૂર્ણ ખાતરી કરી લીધા પછી લક્ષ્મણ જેવો આવ્યો હતો તેવો તરત જ ઊલટો-પાછો (વાપસ) ફરી ગયો...

ફરીથી તે બીજી વીસ મિનિટમાં જે જગાએ આવ્યો હતો તે જગાએ ફરી પાછો પહોંચી ગયો. સહીસલામત રીતે પોતાના પૂરતા શસ્ત્રસરંજામ સહિત.

હવે નાની ગુફાઓની ખાતરી કરવી બાકી હતી. તેની પણ ચોક્કસ માહિતી મેળવીને નાની ગુફાઓની ડાબી તરફનો રસ્તો તમને 'લાલ હવેલી'ની તરફ લઈ જશે. એ વાત યાદ આવતાં લક્ષ્મણે એ વાટ પકડી અને પોતાના ધ્યેયને પહોંચી વળવા તેણે ખૂબ ખૂબ ઝડપથી એ દિશા તરફ ચાલવા માંડ્યું.



લક્ષ્મણ હવે ખૂબ ખૂબ થાકી ગયો હતો. દોડાદોડી-રખડપટ્ટી અને પાર વગરનો અવિરત પરિશ્રમ-પળભરનોય આરામ નહીં - જીવંત માનવી ક્યાં સુધી દોડાદોડી કરી શકે. પળભરનાય વિશ્રામ વગર... ! કોઈ મશીનરી હોય તો ચાલે પણ આ તો જીવતા માણસની હકીકત હતી તે કેમ ચાલે ?

લક્ષ્મણના ચહેરા પર થાકના ચિહ્નો વરતાવા લાગ્યા હતા. પગ અડબડિયાં ખાતા હતા. કપાળે, બરડે, પીઠ પર અને શરીરનાં બધેબધાં અંગો પર પરસેવાનાં ઝરણાં વહેવાં શરૂ થઈ ગયાં હતાં. વાળ, ચહેરો કપડાં-લત્તાં વેરવિખેર અસ્તવ્યસ્ત થવાં લાગ્યાં હતાં. કોઈ થાકેલા પથભૂલ્યા પથિકની હાલત જેવી હોય તે હાલતમાં લક્ષ્મણ નાની ગુફાના ડાબી તરફની ભૂગર્ભ ગટર (ભોંયરા)માં સરકી રહ્યો હતો. ધીમેધીમે દારૂડિયો લથડિયાં ખાય તેમ લથડિયાં-અડબડિયાં ખાતો-ખાતો ઝીક-ઝીક મીશનમાં એટલે કે આડી-અવળી ગતિ રાખીને લક્ષ્મણ વહ્યો જતો હતો.

સાડા-દશ (૧૦-૩૦) ઉપર સમય થવા આવ્યો હતો. કદાચ તેના કરતાં વધારે સમય થયો હતો અને તે સમય લક્ષ્મણને બપોર બળબળતો બપોર ભર-બપોર જેવો લાગતો હતો...

અને ગુફાનું મોટું દ્વાર હવે કોઈક જગાએ ખૂલશે તેમ જણાતાં લક્ષ્મણ બેબાકળો, બહાવરો, અસ્વસ્થ અસાવધ લક્ષ્મણ હવે સતેજ, સાવધ, સ્વસ્થ બન્યો.

પાંદડા ઢંકાયેલા ગુફાના મોઢાને આડા-અવળાં જે ઝાડી, વેલાં, પાંદડાં, લાકડાં ઢાંકેલા હતા તે સિફતથી દૂર કરતાં લક્ષ્મણે જોયું તો ગુફાનું મોઢું નજીકના 'રાષ્ટ્રીય ધોરી માર્ગ'થી લગભગ એક-બે ફલાંગ દૂર જ પહોળું થતું હતું અને સામે 'લાલ હવેલી' થોડે દૂર 'દષ્ટિગોચર' થતી હતી.

સિફતથી બહાર સરકી જઈને કોઈને ખબર પડી નથી તેવું જણાઈ આવે તે પ્રમાણે ફરીથી એ જ યથાવત્ વેલાં, પાંદડાં, ઝાડી,

ઝાંખરાં, લાકડાં, કાંટા વગેરે યથાવત્ રીતે ગોઠવી દઈને ઝડપથી લગભગ દોડીને પેલું અંતર પૂરું કરી દીધું અને એ 'લાલ હવેલી'ના કમ્પાઉન્ડમાં ઘૂસી ગયો.

કોઈ મુનિ (યોગી-મુનિ) શાંત અવસ્થામાં ગંભીર મુદ્રા ધારણ કરીને તપસ્યામાં તલ્લીન બની ગયા હોય તે પ્રમાણે 'લાલ હવેલી' ખડી હતી, ગંભીર ભાવે...

ઠાકુર જગતસિંહ (જગતદાદા)એ પોતાના માટે જે ઉતારાનો 'શાહી રૂમ' આપ્યો હતો. રૂમની ચાવી પોતાની પાસે જ હતી એટલે કોઈ જાતની લપ્પન-છપ્પન કર્યા વગર લક્ષ્મણે પોતાની જાતને 'લાલ હવેલી'ના એક સુરક્ષિત રૂમમાં સુરક્ષિત રીતે ગોઠવી દીધી.

કદાચ ! લાલ હવેલીના નોકરો-ચાકરો રાજદ્વારી સૈનિકોએ લક્ષ્મણને જોયો પણ હશે પરંતુ અગાઉ 'લાલ હવેલી'માં લક્ષ્મણ રહી ચૂક્યો હોઈ તેમજ લક્ષ્મણ 'જગતદાદા'નો મહેમાન હોઈ તેમણે કોઈ વાંધો ન લીધો કે પછી કોઈ રોકટોક કરી નહિ. લક્ષ્મણ એ બધાથી બેપરવા હતો.

*

# 20

## મનોમંથન

લક્ષ્મણે હેડ-ક્વાર્ટર-કંટ્રોલ-રૂમના વાયરલેસયંત્ર દ્વારા સંપર્ક સાધીને આજદિન સુધીની તમામેતમામ હકીકતથી 'ચીફ'ને વાકેફ કરી દીધા. ભારત દેશ માથે તોળાઈ રહેલા જોખમની પૂરેપૂરી જાણકારી આપી દીધી. દેશની અખંડિતતા પર ક્યાં કેવી રીતે - કેવા પ્રકારનું જોખમ ઊભું થઈ રહ્યું છે ? અને દૈત્ય મોઢું ફાડીને ગળી જવા તૈયાર થઈ ગયો છે એટલે હવે શું કરવું ? તેની વિગતો તથા ક્યાં કેટલા પ્રકારની કઈ કઈ લશ્કરી મદદની જરૂર રહેશે તે હકીકતથી 'ચીફ'ને વાકેફ કર્યા પછી 'હાશ !' પોતાની ફરજ હવે પૂર્ણ કર્યાનો લક્ષ્મણના હૃદય વિષે સંતોષ લહેરાતો હતો અને તેના ચહેરા પર સ્મિત ફરકતું હતું, દમકતું હતું...

જવાબમાં ચીફ તરફથી કેટલીક વિશેષ સૂચના આપવામાં આવી, પણ દેશની એકતા, અખંડિતતા, જ્યારે દેશનાં આંતરિક તથા દેશવિરોધી બાહ્ય તત્ત્વોથી (કદાચ પરદેશી મદદથી પણ) જ્યારે ભયમાં હોય ત્યારે કેન્દ્ર સરકારના મુખ્ય સત્તાધિકારીઓની સાથે ચર્ચાવિચારણા કરીને જેમ બને તેમ તાત્કાલિક પ્રત્યુત્તર આપવામાં આવશે માટે લક્ષ્મણે હાલ જ્યાં છે, ત્યાં જ રહેવું, હેડ-ક્વાર્ટર છોડવું નહીં અને લક્ષ્મણની તમામ સલામતીની જવાબદારી રાખવામાં આવશે તથા 'લાલ હવેલી'ને

પણ જરૂર જણાયે હવેલીના તમામ વિસ્તારો સાથે, સીલબંધ કરી લેવામાં આવશે, એવી સ્પષ્ટ સૂચનાઓ તે જ ક્ષણે ચીફ, હેડક્વાર્ટર - કંટ્રોલરૂમ તરફથી મળી ગઈ ત્યારે -

જવાબમાં ઓ.કે. સર, ઓ.કે. સર, ઓવર કરી લક્ષ્મણે નાનકડું વાયરલેસયંત્ર યથાવત્ સ્થિતિમાં ફરી પાછું ગોઠવીને પોતાની સુરક્ષા સફારી બેગમાં એ જ સુરક્ષિત રીતે ગોઠવી દીધું...

રઝળપાટ અને રખડપટ્ટીથી થાકેલો લક્ષ્મણ ઝટપટ બાથરૂમ તરફ ભાગ્યો ત્યારે પોણાબાર (૧૧-૪૫) બપોરના પોણાબાર વાગ્યા હતા, ત્યારે ભરબપોરે સૂર્યોદય થઈ રહ્યો છે, એવું ભાન થતાં લક્ષ્મણ પ્રાતઃકાલીન વિધિમાં વચ્ચે અટવાઈ ગયો - જે પતાવીને પછી કડકડતી ભૂખ લાગી હતી એટલે એ હવે ભરપેટે, મધ્યાહ્ન ભોજન કરવા માગતો હતો... 'એને વાયરલેસયંત્ર'થી આવનાર જવાબની રાહ પણ જોવાની હતી, જેમ કોઈ 'ચાતક પક્ષી' વરસાદની આતુરતાથી રાહ જોઈ રહે તેવી રીતે જ સ્તો...!

★ ★ ★

સુનીતા જયસ્વાલ !

લક્ષ્મણનો અતૂટ વિશ્વાસ... ! લક્ષ્મણનો જમણો હાથ... !

રેખાને પોતાની સુરક્ષિત જગાએ લઈ ચાલી...

રેખા સલામત હતી... ! તે ધીમે ધીમે હોશમાં આવતી જતી હતી, સુનીતા મનોમન પરમકૃપાળુને પાર્થી રહી હતી કે 'ભગવાન હવે રેખા હોશમાં આવી જાય તો ઘણું સારું ! માથા પરથી એક ચિંતાનો બોજ હટી જાય અને હળવા હૈયે વાપસ પાછા ફરી જતું રહેવાય...!'

દોડતી જતી મારુતિકારને સુનીતાએ રોડની એક બાજુએ લીધી.

ગાડીનું 'રેડીયેટર' ઠંડું રાખવા માટે જે પાણીની ભરેલી વોટરબેગ 'USE ME' નો નિર્દેશ કરી રહી હતી. તેમાંથી પાણી લઈને પાછળ આરામ કરી રહેલી અર્ધબેહોશ રેખાના સફેદ ચાંદ જેવા મુખડા પર કે



જે રેશ્મી ઝુલ્ફોથી ઘેરાયેલું હતું, તે મુખપ્રદેશ પર 'છપાક છપાક' અમી-છાંટણાં કર્યાં.

રેખાનો મુખપ્રદેશ પાણીથી છલકાઈ ગયો, દડદડ વહેતી જલધારા મુખપ્રદેશ પરથી નાસિકા (નાક-ગળું) અને તેની નીચેના ઓષ્ઠ તથા હડપચી વટાવીને હવે કાળા બ્લાઉઝની વચ્ચે અર્ધગોળ લચકી પડેલા બંને સ્તનપ્રદેશ વચ્ચેથી જેમ કોઈ બાળ નંદી-ઝરણું બે પહાડી ખડકોના પ્રદેશ વચ્ચેથી રસ્તો કરી લે તે અદાથી પાતળી જલધારા હવે કટિ પ્રદેશ - નાભિપ્રદેશ વટાવીને નીચેની તરફથી ક્યાંક અદશ્ય (અંતર્ધ્યાન) થઈ જતી હતી. સરસ્વતી નદી જેમ રણપ્રદેશમાં ગરક થઈ જાય એ પ્રમાણે, રેખા પર છંટકાવ કરેલ જળધારાની પણ એ જ હકીકત હતી, ગતિ હતી, દશા હતી.

સુનીતા રેખાના લાવણ્યમય સ્નેહભરપૂર ખડક પ્રકારની વિશિષ્ટતાવાળા રજવાડી ભરાવદાર નાજુક ચહેરાને પળભર તો અનિમેષ નયને નીરખી રહી-જોઈ રહી. એને રેખાના ગુલાબી ગુલાબી ગાલ અને રસમધુઝરતા ઓષ્ઠપ્રદેશને ચૂમી લેવાનું એક બે નહિ સો સો વખત ચુંબનોની વણઝારનો વરસાદ વરસાવવા તીવ્ર ઈચ્છા થઈ આવી.

કાળુ ભરાવદાર બ્લાઉઝ-પાણીથી ભીંજાયેલ ઉર-પ્રદેશ ધમણની માફક હાલતો-ડોલતો સ્તનપ્રદેશ અને ગળી કલરનો ભૂરો વચ્ચે વચ્ચે સફેદ ગુલાબી પુષ્પોથી શોભતી શોભાયમાન સાડી પરિધાન કરેલી રેખા જાણે કોઈ સ્વર્ગના બેહતરીન બાગમાં ઊગેલ સ્વર્ગીય સુકોમળ પુષ્પ જેવી સુંદર લાગતી હતી.

લક્ષ્મણ-રેખા કોણ જાણે ક્યારે મળશે ? ક્યારે લક્ષ્મણ-રેખા વચ્ચેનો ભેદ તૂટશે ! ક્યારે બંને એક થશે ? ક્યારે બંને લક્ષ્મરેખા ઓળંગીને એકબીજામાં ખોવાઈ જશે ? એ તો રામ જાણે !

આ લક્ષ્મણ-રેખા વચ્ચે વળી રામ ક્યાંથી આવી ગયા ? વધુમાં 'જાણતલ જોષીડો એમ કરી બોલ્યો - એ હકીકતે જ્યારે લક્ષ્મણ-રેખા બંને એક થશે ત્યારે લક્ષ્મણ-રેખાનું અસ્તિત્વ આ દુનિયામાં નહીં હોય

અને બંનેનો નાશ થઈ જશે - સર્વનાશ. જેથી જ લક્ષ્મણ-રેખા મર્યાદા, લાજશરમનો મલાજો રાખવામાં મજા છે કાંઈ ઓર મજા છે, એનું નામ જ જિંદગી છે, જિન્દાદિલી છે.

પટ... પટ... પટ... મોટી-મોટી આંખો પટપટાવીને રેખા હવે જાગૃત બનતી હતી. રેખા હવે સભાનાવસ્થા ધારણ કરી રહી હતી. પતંગિયાની પાંખો જે ચંચલતાથી હાલે-ડોલે તે રીતે રેખાએ પોતાની મોટી-મોટી ધારદાર પાંપણોવાળી અર્ધજાગૃત આંખોને પટપટાવા માંડી અને પાછલી સીટ પરથી બેઠા થવા પ્રયત્ન કર્યો ત્યારે સુનીતાએ...

"હા... હા... હા... જરા આસ્તે... આસ્તે...' કરીને રેખાને સંભાળી લીધી.

રેખાને થયું આ વળી નવી બલા ક્યાંથી કોટે વળગી ?

લક્ષ્મણ ક્યાં ભાગી ગયો ? મને આમ એકલીઅટૂલી અરણ્ય વિષે રખડતી-ભટકતી મેલીને ! આ બધુ વિચારતી હતી ત્યાં... આ... હા...' માથામાં બરાબર વચ્ચે વાગેલો લાકડીનો ફટકાનો ઘા યાદ થઈ આવ્યો અને તે દર્દભરપૂર ચિત્કાર પાડી ઊઠી !

સુનીતાએ બધી બાજુ સંભાળી લીધી. હાથ-પગ ચહેરો લૂછવા ગુલાબી નેપ્કિન પ્રસ્તુત કરી દીધા પછી ટૂંકમાં પોતાની ઓળખ આપી દીધી. વીતી ગયેલી ઘટનાનો ટૂંકસાર જણાવીને સાફદિલ વાતો કરીને ફરીથી લાલમારુતિ સ્ટાર્ટ કરી દીધી.

સુનીતા રેખાને લઈને 'વૈભવ' મહેમાન માટે ખાસ બનાવેલા મહેમાન-કક્ષ લક્ષ્મણના પિતાશ્રી હિંમતસિંહજીના સુપ્રખ્યાત 'હિંમત મહેલ'ની પડખેના રાજવંશી ઉતારાવાળી જગા તરફ લઈ જતી હતી. જેમ પાણી વચ્ચે સડસડાટ સાપણ રોડ પર વહેતી દોડતી જતી હતી ! ! !

રાત્રે ૧૨-૫૫ વાગ્યે આ જ જગ્યાએથી જે લક્ષ્મણની સાથે વિદાય થયેલી રેખા સવારના સાડાઆઠ નવની વચ્ચે સુનીતાના સુંવાળા સંગાથમાં પોતાના ઉતારાવાળી જગાએ સહી-સલામત પાછી ફરતી



હતી... લાલ મારુતિકાર સાથે... ! !

જ્યારે સ્નેહ-સગા-સંબંધી ઘરના કુટુંબીઓનો વિશાળ જમેલો કે જે બધા રેખાની શોધમાં આકુળ-વ્યાકુળ બનીને વ્યગ્ર ચિત્તે હોશ-હવાસ ખોઈ ને દિશા ભ્રમઅવસ્થામાં હરતાફરતા હતા તે બધા જ રેખાના શુભાગમન સાથે તદ્દન નવીન મૂડમાં જ આવી ગયા. રેખા પણ ખરી વસ્તુ પરિસ્થિતિ પામી ગઈ હોય તેમ તેણે પોતાની આગવી ચાલાકી વાપરીને પોતે મારુતિકાર લઈને ફરવા ગઈ હતી, (મોર્નિંગ કાર ડ્રાઈવિંગ માટે !) અને રસ્તામાં પોતાની જૂની પરમપ્રિય સખી "જિપ્સી, (સુનીતાનું બનાવટી નામ...!) મળી ગઈ, કહેતા હળવે રહીને આંખ મિચકાવી દીધી.

એટલે સુનીતા 'શાન'માં સમજી ગઈ. બધાની સાથે હામાં હા ભણવા લાગી તથા બધાની વચ્ચે ભળી ગઈ... ઔપચારિક વાતો ચા પાણી તથા નાસ્તો પતાવીને લગભગ કલાક-દોઢ કલાક ગાળીને એકલતા મળતાં લાગ મળતાં...

"રેખા, આઈ, એમ યોર બોડી ગાર્ડ નાઉ બટ બી કેરફુલ ઈનફ બી અવેર ઓફ યોર ધી નીયરેસ્ટ પ્લેસ નોટ... મોર... ધેન... ૫૦૦ (ફાઈવ મીટર્સ) અવે ફોર્મ... યુ.. અન્ડરસ્ટૅન્ડ" કહી ધીમેથી ગણગણીને હવે મોટેથી કહ્યું... !

"ઓ.કે. રેખા-શી યુ ઍન્ડ મીટ યુ અગેઈન ધીસ ઈઝ માય વિઝિટિંગ કાર્ડ..." સુનીતાએ મોટેથી કહીને રેખાની વિદાય લીધી.

★ ★ ★

ખરાખરીનો ખેલ... ! આખરી જંગ ! આ પાર કે પેલે પાર ! ઘણી વખત એટલી બધી કટોકટીની ક્ષણો, ઘડીઓ આવી જાય છે કે છેક છેવટની ઘડી સુધી શું કરવું ? કે શું ન કરવું ? તે બાબતે સહેલાઈથી નિર્ણય લઈ શકાતો નથી અને બુદ્ધિ બહેર મારી જાય છે ! !

લક્ષ્મણના પિતાશ્રી હિંમતસિંહજીની અને જગતસિંહજીની યાને કે રેખાના પિતાશ્રીની પણ આ જ તંગદિલીભરેલી મનોપરિસ્થિતિ હતી.

હિંમતસિંહજી પોતાના દેશ વિષે, પોતાના પનોતા પુત્ર લક્ષ્મણ વિષે. પોતાની જાત વિષે અને પોતે દેશ માટે તન, મન, ધનથી દેશસેવા કરવા હરદમ તૈયાર છે તેવું હરહંમેશ વિચારતા રહેતા. તેમને ત્યાં એક અંગારા સમાન કલંકરૂપી એક કાળા કોલસા સમાન કિશોર ક્યાંથી પાક્યો ? જે પોતાના દેશને (પોતાની ભારતમાતાની સ્વતંત્રતાને) વેચવા નીકળ્યો હતો. કેટલાક પરદેશી મિત્રોની સહાયતા મેળવીને (લ્યુસી, ફિલીપ, જોસેફ જેવાની મદદથી) કિશોર આ રીતે દેશ માટે સાવ નાલાયક લંપટ ગદ્દાર પાકશે તેવી હિંમતસિંહને કલ્પના પણ ન હતી.

પણ શું થાય ! જ્યારે ઘરનો ચિરાગ જ ઘરને સળગાવી દે ત્યારે ઘર અને ઘરનો મોભ કેવી રીતે બચી શકે ! તે તો ધીમેધીમે બળીને આગમાં સ્વાહા થઈ જાય છે તે પ્રમાણેની જ હાલત બિચારા ગરીબ રાંક હિંમતસિંહની હતી. તેઓ ઘણું બધું વિચારી શકતા હતા પણ ઝાઝું કાંઈ કરી શકતા ન હતા. એક અપંગ જેમ પોતાની જાતને જરાપણ આઘીપાછી કરી શકતો નથી અને કરી શકે તો પણ મુસીબતો વહોરીને તે પ્રમાણે અહીંયાં હિંમતસિંહની પણ આ જ હાલત હતી !

હિંમતસિંહ ખૂબખૂબ વિચારતા હતા.

જગતસિંહે આપેલ ઓફર વિષે પણ વિચારતા હતા.

જગતસિંહે કરોડો-અબજો રૂપિયાની ઓફર આપી હતી. અને દુનિયાના અબજોપતિઓમાંના એક બની જશે તેવું પણ કહ્યું હતું. જો તેઓ (હિંમતસિંહ) તેમની (જગતસિંહ) ઓફરનો સ્વીકાર કરે તો... ! જગતદાદાની ઓફરનો સ્વીકાર કરવો એટલે ભારતમાતા સાથે ગદ્દારી કરવી. દેશદ્રોહ કરવો. દેશને દગો કરી સામા પક્ષના દુશ્મનો સાથે ભળી જવું - જે ખુદને (હિંમતસિંહને) તથા લક્ષ્મણને કબૂલ મંજૂર ન હતું.

જગતદાદાની ઓફર હતી કે તેમની સ્કીમનો સ્વીકાર કરે. ભારત દેશ વિરોધના ષડયંત્રમાં સાથસહકાર આપે. ભારતમાં ગેરકાયદેસર શસ્ત્રો, સરંજામ, જીવલેણ, ઘાતક હથિયારો તેમજ માદક પીણાં નશાયુક્ત દવાઓ, ચરસ, હેરોઈન્સ વગેરેની ગેરકાયદેસર ઘૂસ



કરે-કરાવવામાં મદદ કરે. દેશમાં આતંકવાદ ફેલાવે અને તે રીતે ભારતમાં ગુંડાશાહી તોડફોડનું વાતાવરણ પેદા કરીને લોકશાહી માટે ખતરો પેદા કરે. લોકશાહીનો નાશ કરવા માટેનું SLOW SUGARQVATED POISION ઝેર તૈયાર કરીને ભારતની એકતાને છિન્ન-ભિન્ન કરી નાખે.

બદલામાં ભારત દેશમાંથી ચોરી કરીને આડકતરી રીતે મોટા-મોટા મંદિરોમાંથી પુરાતન અસલી મૂર્તિ ઉઠાંતરી કરીને જર-ઝવેરાત, સોના-ચાંદી, હીરા-માણેક વગેરે વગેરેની લખલૂંટ લૂંટમાર કરીને ભેગા કરેલા તથા વડવાઓએ સંતાડી રાખેલા-સાચવી રાખેલા, ભેદી ખજાનાનો ભેદ શોધી કાઢીને દુનિયાના અબજોપતિઓમાં એક પોતે જગતસિંહ અને બીજા હિંમતસિંહ તથા તેમના બંને કુટુંબો ધનાઢ્ય (કુબેરનો ખજાનો મળી જતાં) થઈ જવાની મેલી મુરાદ રાખી રહ્યા હતા. બંનેય જણા એક જગતદાદા - બીજા ગુલાબસંગ (ગુલબદાદા) એટલે કે રેખાના પિતા અને રેખાના પાલક પિતા એકબીજાના પૂરક હતા.

જગતદાદાએ ગુલાબસંગ મારફતે રેખાને અગાઉ પણ એવી ચેતવણી આપી હતી કે તે લક્ષ્મણ સાથે સંબંધ વધારે તો તેમને કોઈ જ જાતનો વાંધો નથી, પણ લક્ષ્મણના સ્વભાવ પ્રમાણે કદાચ ભવિષ્યમાં લક્ષ્મણ જગતદાદાની, ગુલાબદાદાની તથા પરદેશી મિત્રોની (કિશોર, ફિલીપ, લ્યુસી વિ.) ગેરકાયદેસરની દેશ વિરુદ્ધમાં હોય તેવી પ્રવૃત્તિમાં સાથ-સહકાર નહીં આપે તો તે વખત કદાચ ઇચ્છા હોય કે ન હોય તો પણ લક્ષ્મણને મોતને ઘાટ ઉતારવો પડે તો તે વખતે તેમાં રેખાનો કોઈ વાંધો કે વિરોધ ચાલશે નહીં અને જો તેમ તે કરશે તો તેનું પણ તે જ વખતે કાસળ કાઢી નાખવામાં આવશે.

તે વખતની ચર્ચા વેળાએ રેખા કાંઈ જ બોલી ન હતી, એટલે ગુલાબસંગ અને જગતસિંહે બંનેયે આ વાત માની લીધી હતી કે રેખા તે સાથે સંમત છે. પણ ખરી હકીકતમાં એ જ એમની મોટી ભૂલ હતી.

લક્ષ્મણના દિલમાં જેટલી દેશદાઝ જાગૃત હતી તેના કરતાં પણ

સવિશેષ રેખાના મનમાં 'મા ભારત' પ્રત્યે 'જાન કુરબાન' કરવાની ભાવના મજબૂત હતી. તન, મન, ધનથી 'મા ભારત'ની સેવા કરવાની જ્યોતિ તેના અંતરમાં પ્રબળને પ્રબળ બનતી જતી હતી.

સુનીતા જયસ્વાલની વિદાય પછી રેખા પોતાની રૂમમાં એકલી ટહેલતી, લટારો મારતી, ઉપરોક્ત વિચારોમાં મશગૂલ બનીને ગુમસુમ બની ગઈ હતી.

હવે તેના માટે નિર્ણયાત્મક તબક્કો આવી ગયો હતો.

એક બાજુ પિતા, પાલક-પિતાનો પ્યાર-લાડ અને મહોબ્બતનું લાડકું પારણું ઝૂલી રહ્યું હતું. બીજી બાજુ લખલૂંટ સંપત્તિ, કુબેરના ખજાનાની ઓફર હતી, જે ઓફર લક્ષ્મણનો ગદ્દાર ભાઈ અને તેના સાગરિતો તથા પિતા દ્વારા મૂકવામાં આવી હતી અને જેની સાથે કદાચ લક્ષ્મણના બાપુજી અને લક્ષ્મણ એ બંને સંમત છે કે નહી ! એ હકીકત પણ રેખા પોતે જાણતી ન હતી ! કેવી રીતે જાણી શકે ? તે બિચારી ! માનવીના મનને પામવું, જાણવું કે સમજવું અતિ મુશ્કેલ છે અને પ્રેમીની સાથે એટલે કે લક્ષ્મણની સાથે કલાકોના કલાકો સુધી એકાંતમાં રહી શકાય કે મોકળા મને વાતચીત કરીને, હૈયાભાર હલકો કરી શકાય તે પ્રમાણેની તક આજદિન સુધી વિધિએ (તકદીરે) આપી ન હતી. તે પ્રમાણે કોઈ જ ગોઠવણ થઈ ન હતી, તેથી શું વિચારી શકાય ! કલ્પી શકાય ! કાંઈ નહીં. એ હકીકત અંધારામાં દોટ મૂકવા જેવી હતી. તે જ પ્રમાણે લક્ષ્મણના પિતાશ્રી હિંમતસિંહના મનના વિચારને કે હિંમતસિંહ કેવી રીતે વિચારી રહ્યા છે ! તે અંગેની ચર્ચા કે ખુલાસા સાથેની વાતચીત કરવાનો મોકો પણ રેખાને ક્યાં મળ્યો હતો ! તેથી જ બિચારી રેખા ખરેખર ખૂબ જ દુ:ખી હતી. મનોમન અકળાતી હતી. એક પાંજરામાં પુરાયેલા પંખીની જેવી તેની હાલત હતી. તે એક આઝાદ કેદી હતી.

આ પ્રમાણેની વિચિત્ર પરિસ્થિતિ વચ્ચે જીવી રહેલા રેખા અજીબો-ગરીબ મનોમંથન અનુભવી રહીને પોતાના રૂમમાં એકલી-અટૂલી અકળાતી-અટવાતી રહીને અસહાય અવસ્થામાં આંટા-ફેરા મારી રહી હતી.



તે જ પ્રમાણે જગતદાદા પણ અકળાતા-અકળાતા પોતાની રૂમમાં જ્યાં ઉતારો આપ્યો હતો તે 'વૈભવ'ના અલાયદા રૂમમાં આંટા-ફેરા મારી રહ્યા હતા.

જગતસિંહ વિચારતા હતા કે આ છોકરી અને પેલો છોકરો એટલે કે લક્ષ્મણ-રેખા માની જાય તો સારું, નહિ તો (ગોલ્ડન ખજાનો) સમૃદ્ધિ સંપત્તિ સાથે 'સરકાર (ભારત)ના હવાલે કરી દેવું પડશે. પરદેશીઓ સાથેના મિત્રતાભર્યા સંબંધની અને દેશવિરોધી પ્રવૃત્તિઓની સરકારને જાણ થઈ જતાંની સાથે 'સરકાર' કોઈને જીવતા નહીં મૂકે અને કાયદાની ચૂંગાલમાં ફસાઈ જવાશે...!

તેના કરતાં આ બંને જણા માની જાય તો એકબીજા સાથે લગ્ન કરી દે અને પછી પોતાની પ્રવૃત્તિઓમાં સહકાર અને પૂરેપૂરો સાથ એટલે કે પોતે પોતાના તમામ સાથી-સ્નેહીજનો સહિત બધી જ સંપત્તિ લઈને ભારત બહાર કોઈ શાંત જગ્યાએ (સ્વીઝર્લેન્ડ, પૉલેન્ડ કે ફ્રાન્સ)માં રહેવા જતા રહે અને પરમ શાંતિથી જીવે ! આ ભારત દેશનું જે થવાનું હોય તે થાય.

પોતે હવે જે રસ્તો અખત્યાર કર્યો હતો અને દુશ્મનોની મદદ મેળવીને (સોનાના ખજાનાની અને લખલૂંટ સમૃદ્ધિની લાલચમાં પડી જઈને) જે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ તેમણે શરૂ કરી હતી તે રસ્તેથી હવે તે કોઈપણ રીતે પાછા વળી શકે તેવી કોઈ જ દિશા બાકી રહી ન હતી કે એવો કોઈ જ રસ્તો રહ્યો ન હતો, કે જે દ્વારા જગતસિંહ પાછા આવી શકે.

માટે જ હવે 'આ પાર કે પેલે પાર' એમ જગતસિંહે વિચારી લીધું હતું. કદાચ રેખા અને લક્ષ્મણ સંમત નહીં થાય તો બંને જણાને ખતમ કરીને પોતે તથા પોતાના તમામેતમામ હિસ્સેદાર (મિત્ર મંડળ-કુટુંબીજનો) સહિત ભારત બહાર સલામત રીતે જતાં રહેવું એ પ્રમાણે

હવે નક્કી કરી લીધું હતું.

પણ એવો કોઈ ભયાનક નિર્ણય લઈ લે તે પહેલાં તેઓ એકવાર હિંમતસિંહ તેમને સાથ-સહકાર આપવાના છે કે કેમ ! તે જ પ્રમાણે લક્ષ્મણ-રેખા શું કરવાના છે ? તેમનો શો ઈરાદો છે ? તે જાણવા માગતા હતા. આ હકીકતની ખાનગી રીતે તપાસ કર્યા પછી - આજની રાત કે આવતી કાલની રાતને 'કતલની રાત' બનાવી આ પાર કે પેલે પાર એમ નક્કી કરવાનું હતું.

તેથી જ જગતસિંહે પોતાના જાનથી પણ વધારે વફાદાર એવાં પ્રિય સાથી કુટુંબી ઈષ્ટમિત્ર ગુલાબસંગને બોલાવ્યો હતો, યાદ કર્યો હતો. બરાબર ૧૧-૦૦ વાગે યાદ કરતાંની સાથે જ ગુલાબસંગ સેવામાં હાજર થઈ ગયો.

ગુલાબસંગ આવ્યો એટલે હળવે રહીને કોઈ સાંભળતું તો નથી ને ? તેની ખાતરી કરીને ટૂંકાણમાં બધી વિગતો સમજાવી પૂરી માહિતી સાથે સાંજે ૫-૦૦ (પાંચ) વાગ્યે ફરીથી મળી જવા જગતસિંહે ગુલાબસંગને સૂચના કરી.

એટલે ગુલાબસંગ 'ભલે' કહી વિદાય થયો.

આમ એક જ શાહી મહેલ 'વૈભવ' શાહી ઉતારાની જગ્યાએ આજે મહેમાનો જગતસિંહ અને રેખા (ગુલાબસંગ સહિત) બધાં જ અજીબોગરીબ મનોમંથન અનુભવી રહ્યા હતા.

તે જ પ્રમાણે મહેમાનોને 'રાજશાહી' ઉતારો આપનાર, આદર સત્કાર કરનાર એક વખતના રાજવીના વંશજ હિંમતસિંહ પણ અજીબો-ગરીબ મનોમંથન અનુભવતા પોતાના આલીશાન ભવ્ય રહેઠાણે આંટા-ફેરા મારી રહ્યા હતા. જાણે એકી સાથે ચાલી રહેલ ત્રણ-ત્રણ દીવાલ ઘડિયાળના ત્રણ-ત્રણ લોલક એકબાજુથી બીજી બાજુ આંદોલનો કરી રહ્યા ન હોય ! તે પ્રમાણેની સ્થિતિ ત્રણેયની હતી.

⁕

# 21

## રેડ-ઑપરેશન સ્ટાર્ટ !

આખા દિવસની અવિરત પ્રતીક્ષા બાદ છેક સાંજે ૭-૩૦ કલાક પછી 'હેડક્વાટ્ર્સ (ચીફ)'થી વાયરલેસ મેસેજ આવી ગયા. તમામે તમામ વિગત સાથેની મહત્ત્વની સૂચનાઓ આપવામાં આવી. જે તમામ વિગત લક્ષ્મણે કાળજીપૂર્વક પોતાની ડાયરીમાં નોંધી લીધી.

'ચીફ હેડક્વાટ્ર્સ-કન્ટ્રોલરૂમ'ને કદાચ દિલ્હી ખાતે ઉચ્ચ સત્તાધિકારીઓના કાન સુધી આવી અગત્યની વાતો પહોંચાડવામાં સમય લાગ્યો હશે અને ઈમરજન્સી, હાઈકમાન્ડ, લશ્કરી ત્રણેય વડાઓ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ જેવાં વી.આઈ.પી.ની હાઈ લેવલની મિટિંગમાં સત્તાવાર રીતે (અતિગુપ્ત નિર્ણય) નિર્ણય લેવામાં સમય લાગ્યો હશે. જે હોય તે લક્ષ્મણની ધારણા પ્રમાણે આ કામ સાંજના ૭-૩૦ થી ૮-૦૦ (૨૦-૫૦) કલાક પહેલાં પૂરું થઈ જવું જ જોઈએ. કારણ કે આ આવનારી રાત્રિએ લક્ષ્મણને ઘણી જ મહત્ત્વની કામગીરી પૂરી કરવાની હતી.

રેડ-ઑપરેશન સ્ટાર્ટ કરવાની જવાબદારી નિભાવવાની હતી ! રેડ-ઑપરેશન ૧... અંગેની તમામેતમામ સૂચનાઓ 'ચીફ હેડક્વાટર્સ' કન્ટ્રોલ રૂમ તરફથી મળી જતાં આ તમામ વિગતની નોંધ કરીને લક્ષ્મણે પોતાની ડાયરી તેમજ વાયરલેસ સેટ, યંત્રસામગ્રી યથાવત્

સ્થિતિમાં ગોઠવી દીધા પછી પોતાની વી.આઈ.પી. સફારી બૅગ સુરક્ષિત યોગ્ય જગ્યાએ સંતાડીને મૂકી દીધી.

હવે લક્ષ્મણ પોતે પોતાના રૂમમાંથી બહાર નીકળતો હતો. તેને બધાની સામે જંગે ચઢવાનું હતું, આખરી જંગ ખેલવાનો હતો... ખૂનખાર જંગ... !

લાલ હવેલી... એકાંતિયા રૂમમાં ઉંદરડાની જેમ ભરાઈ રહેલો લક્ષ્મણ હવે બહાર નીકળતો હતો.

કોઈને પણ પોતાના ગમન-આગમનની ખબર પડેલી ન હતી. એટલે સારું થયું કે પંચાત કરનાર કોઈ હતું જ નહીં... ! એટલે કોઈએ પણ લક્ષ્મણને જરાપણ ડીસ્ટર્બ કર્યો નહીં અને જરાપણ કોઈએ કશી વાતની દરકાર કે નોંધ લીધી નહીં કે લક્ષ્મણના કોઈએ ખબરઅંતર પૂછ્યા નહીં... !

લક્ષ્મણ સાવધાનીથી 'લાલ હવેલી'વાળી પોતાની રૂમને લોક મારી રહ્યો હતો. તે સાવધાનીથી બહાર નીકળ્યો અને સામે જ... ! ગુલાબસંગ (ગુલાબદાદા) ભટકાઈ ગયા... !

'અરે ! સાહેબ તમે અહીંયા જ છો ? તમને શોધવા બધાયે કેટલાયે આકાશ-પાતાળ એક કર્યા છે. જગતદાદા અને હિંમતસિંહ ચિંતાથી અડધા અડધા થઈ ગયા છે.' ગુલાબસંગ પોતાના ચહેરાના ચિંતામિશ્રિત-ભાવ જાણે-અજાણે છુપાવવા માગતો હતો, મહાપરાણે કોઈક વસ્તુ દાબી રાખવા માગતો હોય તે અદાથી અભિનય સાથે બોલી રહ્યો હતો.

'દાદા, ઘરેથી (ભરતપુરથી) અહીંયાં આવ્યા પછી મારા પેટમાં ખૂબ જ ચૂંક આવતી હતી. બે-ચાર વખત વામિટ અને અનઈઝીનેશ (ગભરામણ) જેવું થયું એટલે કોઈની સાથે ભાંજગડ કર્યા વગર હું મારી રૂમમાં લોક મારીને આખો દા'ડો પડ્યો રહ્યો. હવે આરામ છે. વળી, ભૂખ પણ કકડીને લાગી છે. હવે લટાર મારવા નીકળ્યો છું...' કહી લક્ષ્મણે લાંબુંલચ્ચ ભાષણ આપી દીધું.



'બાપુ, જગતદાદા અને આપના પિતાશ્રી આપની રાહ જુએ છે. તમને તાકીદે બોલાવ્યા છે.'

'એમ ! એ લોકો ક્યાં છે ? હાલમાં... !' લક્ષ્મણે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'એ બધાય તમારા ઘેરથી ભરતપુરથી કનકપુર મધ્યે બપોર પછી એટલે કે ચાર વાગ્યા સુધીમાં આવી ગયા હશે...!'

'ભલે... !' અત્યારે રાત્રિના ભોજન સમયે બધા ભેગાં થશે, એટલે વાત કરી લઈશ અને 'પેટ-પૂજા'નો ટાઇમ પણ થવા આવ્યો છે એટલે આપણે સીધા પેટ-પૂજા ઘર (ડાઇનિંગ ટેબલ) ખાતે પધારીએ. કહી લક્ષ્મણે ગુલાબસંગને સૂચન કર્યું.

'ભલે ભાઈસાહેબ', કહી ગુલાબસંગ આગળ ને આગળ તેની પાછળ પાછળ લક્ષ્મણે ચાલવા માંડ્યું.

બધાં ભેગા મળ્યાં... !!

આંખોથી આંખો ટકરાઈ... !

આંખોમાં સળગતા પ્રશ્નો હતા. આંખો સૂચક રીતે જવાબો માગતી હતી. એકબીજા પાસેથી... ! કોણ કોને શું શું પૂછી રહ્યું હતું ? સમજાતું ન હતું ! બધા ભેદી ઘટનાથી ખૂબખૂબ પરિચિત હોવા છતાં જાણે કશું જ જાણતા નથી. તેવા ઢોંગ કરી રહ્યા હતા, દેખાવ કરી રહ્યા હતા...

બધા જાણીતા ચહેરાઓમાં લક્ષ્મણ જેને શોધી રહ્યો હતો તે ચહેરા ક્યાંય પણ દેખાતા ન હતા ! અદૃશ્ય બન્યા હશે ! કદાચ દુનિયાની ભીડમાં ખોવાઈ ગયાં હશે... ! એ બધું તો રામ જાણે... !

મહેફિલમાં-મોજની મહેફિલમાં રેખાની અને તેની સખી સુનીતા જયસ્વાલની સૂચક ગેરહાજરી વર્તાઈ રહી હતી. લક્ષ્મણ આજ બે વિશિષ્ટ વ્યક્તિઓને વિશિષ્ટ કામગીરી સુપ્રત કરવા માટે આકુળવ્યાકુળ બનીને શોધી રહ્યો હતો. વ્યસ્ત ચિત્તે શોધખોળ કરી રહ્યો હતો... !

કોણ કોની તલાશ કરે કોને ખબર છે ?

મોજની મહેફિલ લગભગ પૂરી થવા આવી હતી અને કેટલાક જાણીતા કેટલાક અણજાણીતા નવા-નવા જ ચહેરાઓ એમાંના મોટા ભાગના પરદેશીઓ (ફીરંગીઓ, પોર્ટુગીઝ, ગોરા લોકો યુરોપિયનો જ હતા.) હવે ક્રમશઃ વીખરાવા લાગ્યા હતાં...

લાલ હવેલી એક નઈ નવેલી સજાવેલી દુલ્હન સમી આજે લાગતી હતી. તે આજે શોભી રહી હતી. તેની વિશાળ પોર્ચમાં (કમ્પાઉન્ડમાં) લગભગ ૫૦ થી ૭૫ મોટરકારો (દેશી-વિદેશી)નો જંગી કાફલો તિતર-બિતર (અસ્ત-વ્યસ્ત) રીતે પાર્ક થયેલો જણાતો હતો. સૂટેડ-બૂટેડ મહેમાનો પોતાની કારમાં પોતાની રહેઠાણવાળી જગાએ એટલે કે ઉતારા માટેના વૈભવશાળી મહેલમાં પરત સલામત રીતે જઈ રહ્યા હતા. તેમની સલામતીની પણ પૂરેપૂરી વ્યવસ્થા હતી. કડક વ્યવસ્થા હતી, તેવું વાતાવરણ પરથી સ્વયંસ્પષ્ટ જણાઈ આવતું હતું... દુનિયાના ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય-સ્મગલરોનો કાફલો આજની રંગીન રાતની મહેફિલને ઔર રંગીન કરવા અને મસ્તી મજા માણવા જગતસિંહ (જગતદાદા) અને તેની કંપનીના મિત્રોના ખાસ આમંત્રણને માન આપીને આ કનકપુરમાં 'લાલ હવેલી' મધ્યે આવી પહોંચ્યો હતો.

રંગીન મહેફિલની રોનક પતી જવા આવી. બધા હવે ધીમેધીમે વીખરાવા લાગ્યા. રાતના ૧૧-૩૦ પછીનો સુમાર થયો એટલે જગતસિંહે પેલા ગુલાબદાદા વફાદાર સાથી મારફતે ગુપ્ત સંદેશો પાઠવીને લક્ષ્મણને પોતાના અતિગુપ્ત કક્ષમાં બોલાવ્યો.

પોતાની ઈંગ્લિશ ઓટોમૅટિક ગન (નાનકડી પિસ્તોલને દબાવીને) પ્યાર કરીને લક્ષ્મણ 'રામ' નામનું રટણ કરતો આગળ વધ્યો.

ઠાકોર સાહેબ અર્થાત્ જગતસિંહ અને તેમના સાથીઓ લક્ષ્મણનો ખૂબખૂબ 'બેતાબી'થી આતૂરતાપૂર્વક ઈન્તજાર કરતાં હતાં.

જેમ અચાનક બાજ-પક્ષી કોઈ શિકાર પર તરાપ મારે તે જ ત્વરાથી લક્ષ્મણે ઝડપથી એરકન્ડીશન રૂમનો દરવાજો ખોલી તરત જ



જગતસિંહ જોડે જઈને તેમની બિલકુલ સન્મુખ જઈને ઊભો...

ઠાકુરસા'બ જગતસિંહના બોડીગાર્ડ્ઝ કે દરવાજા પરના પહેરેગીર કે સાથે સાથે આવી રહેલા પેલા ઠાકોર સા'બના (જગતદાદાના) વફાદાર સાથી ગુલાબદાદાને પણ જરાય હોશિયાર થવાનો સમય મળ્યો જ નહિ !

ચિત્તાની ત્વરિત ગતિએ આવી પહોંચેલા લક્ષ્મણને જોઈને મુખ પર કોઈપણ જાતના ભાવનું ચિત્રાંકન દેખાડ્યા વગર ઠાકોર સાહેબે સખ્ત પથ્થરદિલ અવાજે કહ્યું, 'સારું થયું બેટા તું અમારા કહેવાથી અમારી પાસે આવી ગયો...'

'એ તો મારી ફરજ છે...' કહેતાં લક્ષ્મણે તે વિશાળ એરકન્ડિશન રૂમની ચારે તરફ નજર ફેરવી લીધી અને વિદ્યુતવેગે નિહાળી લીધું કે ઠાકોર સાહેબની બિલકુલ અડીને લક્ષ્મણનો નાલાયક, નામર્દ દેશદ્રોહી ભાઈ કિશોર અને પાંચ-સાત મિત્રો (પરદેશી મિત્રો બે યુવતીઓ સાથે) લોડેડ ગન રાખી તૈયાર ઊભા હતા. બાજુમાં ઠાકોર સા'બના વિશ્વાસુ સાથીઓ પણ તૈયાર એટેન્શન ભૂમિકામાં ઊભા હતા...

ખૂણામાં આશ્ચર્ય વચ્ચે લક્ષ્મણના પ્રેમાળ બા-બાપુજી નિસહાય નિરાધાર અવસ્થામાં નિર્બળ મૂર્તિની જેમ ઊભાં હતાં. કોઈપણ જાતના હાવ-ભાવ વગર જાણે મૃતઃપ્રાય અવસ્થા ધારણ કરી ન હોય તે રીતે તેઓ ઊભાં હતાં...

કિશોર, વખતસંગ, વનમાળી, ફિલીપ, લ્યુસી, સમશેર, સૂરજ, ભૈરવ(કાળ) વગેરે વગેરે આ ટોળકીમાં (દેશદ્રોહી ટોળકીમાં) સામેલ થઈને જાણે લક્ષ્મણને પૂરો કરવા ઈચ્છતા ન હોય તે જ જાતની તૈયારી તથા મનસૂબા સાથે તૈયાર ઊભા હતા.

ઠાકોર સા'બ આદેશ આપે કે 'સૂટ હીમ' તો તે જ વખતે 'ધાંય... ધાંય... ધાંય...' એમ ઓટોમેટિક મશીનગન લક્ષ્મણની છાતી સામે કિશોર તૈયાર ઊભો હતો... યમદૂત... સાક્ષાત્ મોતનો

દૂત બની જઈને... !

આ બધાની કોઈની પરવા લક્ષ્મણે કરી નહીં પણ તેને દુઃખ એ વાતનું હતું કે પોતાના લીધે પોતાના પૂજ્ય માતા-પિતાનો જાન જોખમમાં આવી પડ્યો હતો અને ભાઈ જ ભાઈનું ખૂન કરવા તથા પોતાના મા-બાપને પરધામ, પરલોક પહોંચાડવા બધી તૈયારી કરીને આવી પહોંચ્યો હતો આઈ મીન !

આ બધા વાતાવરણની કોઈપણ જાતની અસર ના થઈ એટલે કે લક્ષ્મણનું રુંવાડું ફરક્યું નહીં ત્યારે હોશિયાર (શિકારી, પારધી એવા) ઠાકોર જગતસિંહે સોગઠી મારી કહ્યું કે -

'અરે ! લક્ષ્મણ કાંઈ ગભરાઈ જવાની જરૂર નથી, ભાઈ ભાઈને નહીં મારે અને તારા બા-બાપુજી પણ સહી-સલામત રહેશે. સિવાય કે તું મારી સાથે છેતરપિંડી ના કરે તો... ? તેમાં જ તારું મારું આપણા બધાનું કલ્યાણ છે, ભલું છે ભાઈ... ! તું પેલા ભેદી 'સોનાના ખજાના'ની વાત સરકાર સુધી ના પહોંચાડે અને આપણી તમામેતમામ પ્રવૃત્તિઓ સાથે મોડામાં-મોડો પરમ દિવસ સાંજ સુધી સાથસહકાર આપશે તો હું તારું લગ્ન મારી એકની એક દીકરી રેખા સાથે કરાવી દઈશ. તને, તારા મા-બાપને દુનિયાના અબજોપતિઓમાંના એક બનાવી દઈશ અને આપણે બધા બે-ચાર પ્લૅન (ચાર્ટર્ડ) મારફતે હિન્દુસ્તાન (ભારતથી) અતિશય દૂર-દૂર દરિયાપાર જતાં રહીશું. આપણી સાથે હિન્દુસ્તાનની લખલૂંટ સંપત્તિ હશે અને તમામ પ્રકારનાં સુખસગવડો હશે. અમન-ચમન હશે. તું મને મારા ખજાના અને ભારતમાંથી (મંદિરોમાંથી ઉઠાવેલ) કેટલીક સોનાની મૂર્તિઓ અને અઢળક સોના-ચાંદી, હીરા-મોતી, જર-ઝવેરાત બધી જ જંગીમિલકતનું 'મેં બોલાવેલા પરદેશી મિત્રો (ઝવેરીઓ, હીરા પારખુઓ, કસીબો) પૈસાદાર અબજોપતિઓ વચ્ચે શાંતિથી લીલામ' વેચાણ કરીને પૈસા કમાઈ લેવાની પ્રવૃત્તિમાં સાથ આપે તો જ બસ છે...' આટલું કહી ઠાકોર સાહેબ શ્વાસ લેવા થોભ્યા. એક વફાદાર સેવકે તરજ દોડીને



'સોનાનો જગ-પ્યાલો રજૂ કરીને પાણી ધરી દીધું. ઠાકોર સા'બ ગટગટ પી ગયા. વૈભવ હસી રહ્યો હતો જ્યારે દેશભક્તિ મુગ્ધ બનીને નીરખી રહી હતી.

'હ... હ... હ... હ.. અહ... હ...' કહી ખોંખારો ખાઈને ફરીથી જગતસિંહે શરૂ કરીને કહ્યું - 'આપણા દેશની (ભારતના સ્વાતંત્ર્ય સાથે) આઝાદી આવી એટલે સરકારે આંખો મીંચીને આપણા બધા રાજાઓની રાજવીઓની કરોડો રૂપિયાની માલ-મિલકત લખલૂંટ દર-દાગીના, ઝર-જવેરાત, આભૂષણો અને દોલતથી ભરેલા કરોડો રૂપિયાથી મૂલ્યવાન ભરપૂર એવી તિજોરીઓ લૂંટી લીધી છે. ખાલી કરી દીધી છે અને આપણને કંગાળ ચીંથરેહાલ રસ્તે રખડતાં ભિખારી જેવા બનાવી દીધા છે. જેથી હું આ દોલત હરગિજ ભારત દેશને હવાલે નહીં કરું પણ આ દોલત પરદેશ ઘસડી જઈને પરદેશની સરકારનો સાથ-સહકાર મેળવીને ફરીથી અખંડ ભારતના નાના-નાના રાજ્યો બનાવીને તે તમામ રાજાઓને ખંડિયા રાજા બનાવીને ફરીથી ભારત દેશ પર મારું એકચક્રી શાસન ચલાવીશ અને હું જ તેનો સરમુખત્યાર બની જઈશ. કર્તા-હર્તા બની જઈશ. અને તેમાં તમારે બધાએ સાથ-સહકાર આપવો પડશે જ... નહીં તો બધાયના મોત નક્કી છે...' જાણે જગતસિંહ કોઈ નશાયુક્ત પીણાની અસર હેઠળ ન હોય તેમ પાગલ અવસ્થામાં બકવાસ કરી રહ્યા હતા... !

લક્ષ્મણને ઘડીક તો લાગ્યું કે આ બુઢ્ઢો જગતદાદો સાવ પાગલ બની ગયો છે - છકી ગયો છે - પણ તેણે ગંભીરતાથી વિચારી લીધું તો...

આ બુઢ્ઢાની વાતો નક્કર હકીકત હતી. એ સાકાર થવામાં હવે ગણતરીના દિવસો ખૂટતા હતા. લક્ષ્મણ એ વાતનો - એ હકીકતનો સાક્ષી હતો કે 'આ બુઢ્ઢો જગતસિંહ' તેની આંતરરાષ્ટ્રીય પરદેશી ગેંગ (ટોળકી) મારફતે દેશના તમામેતમામ આંતરિક ભાગમાં ભારતીય રેલવે મારફતે ગુડ્ઝ ટ્રેનના ભારવાહક ડબ્બાઓ મારફતે ઉપર બીજો માલ અને નીચે ખૂબખૂબ વિઘાતક શસ્ત્રો ઠેરઠેર તમામે તમામ સ્થળોએ

ખૂબ જ અક્કલ હોંશિયારીથી મોકલી રહ્યો હતો. જેમાં રેલવે તંત્રનો લાંચિયો સ્ટાફ, કમિશન ખાતા, એશ-આરામ અને ભોગ-વિલાસમાં રચ્યોપચ્યો રહેતો ઉપરી અધિકારીથી માંડીને નાનામાં નાના રેલવે પોર્ટર સુધીના તેમજ રેલવે હેલ્પર્સ, વર્કસમેન અને તમામેતમામ સેકશન સ્ટાફ (ગોડાઉન સ્ટાફ સહિત) સીધો કે આડકતરી રીતે જવાબદાર હતો. કારણ કે તે તમામને ઠાકોર સાહેબ અને તેમની એજન્સી મારફતે લખલૂંટ (કરોડો રૂપિયાના માસિક હપ્તાઓ) હપ્તાઓ માસિક ધોરણે ચુકવાઈ રહ્યા હતા. જ્યાં આભલું ફાટ્યું હોય ત્યાં થીગડું ક્યાં દેવું ? એવી આ સ્ફોટક પરિસ્થિતિ હતી. તેવી જ રીતે આ વિશાળ રેલવે.

તંત્ર (ખદબદતા રેલવેતંત્ર) અને તે જ રીતે દેશના આંતરિક પરિવહનતંત્ર મારફતે દેશના ખૂણેખૂણામાં કેફી દ્રવ્યોની (ચરસ, હેરોઈન, ગાંજો, ભાંગ, વિદેશી શરાબ અને કોકેન તથા પરદેશથી આવતી લખલૂંટ કેફી દવાઓ, ઈન્જેક્શનો અને કેપ્સ્યુલોની) સરળતાથી, મુક્તપણે હેરાફેરી થતી હતી, જેના આધારે પરદેશમાં કારખાનાઓ, ફેકટરીઓ ચાલતી હતી. આમ આપણા દેશના યૌવનધનનું લોહી ચૂસી ચૂસીને તેમને બરબાદ કરીને ભારતના ગણ્યાગાંઠ્યા લોકો આબાદ થવાની સાથે સાથે દેશ પર શાસન કરવાનો એવો મનસૂબો રાખી રહ્યા હતા.

લક્ષ્મણે અગાઉ રાવણની નગરી અને તેની લીલાઓ જોઈ હતી. તેથી તે તેનો સાક્ષી હતો, તાજનો સાક્ષી હતો. તે જ પ્રમાણે ભારતનાં જૂનાં-પુરાણાં મંદિરોમાંથી સોનાની (અતિમૂલ્યવાન-પૌરાણિક) મૂર્તિઓ ઉઠાવી જઈને તેના સ્થાને તેના જેવી જ ડુપ્લીકેટ મૂર્તિઓ અને સ્થાપત્ય કલાકારીગરીના નમૂનાઓ ગોઠવી દઈ આ દેશને પાયમાલ કરવાનું અને આ મૂર્તિઓ (ચોરેલી) સાથે પુરાતન સ્થાપત્યકલાનાં નમૂનાઓ એક ખાસ જગ્યાએ એકઠા કરી તેની સાથે તથા મળી આવેલ સાચવી રાખેલા કરોડો રૂપિયાના ખજાનાનું લીલામ કરીને, દેશના ધનને વેચીને, દેશદ્રોહ કરીને હવે પરદેશ જતા રહેવાનો પેલો મનસૂબો ધરાવતી ટોળકીને સાચા અર્થમાં ઓળખનાર, પારખનાર



એક માત્ર લક્ષ્મણ જ હતો. જે પોતાના કપાળે હવે બેવફાઈનું કે દેશદ્રોહનું કાળું કલંક કે કાળું ટીલું લાગે તે માટે હરગિઝ તૈયાર ન હતો... !

હવે આ સામા પક્ષવાળા હવે સહેજ પણ નમતું જોખે તેમ ન હતા... તેઓ પણ આ પાર કે પેલે પાર એમ નક્કી કરીને આવ્યા હતા અને હવે છેલ્લે-છેલ્લે ! લક્ષ્મણને સમજાવી રહ્યા હતા. ગંભીર (ગર્ભિત) ચેતવણી આપીને લક્ષ્મણને યેનકેન પ્રકારેણ પોતાના પક્ષમાં લેવા માગતા હતાં...

લક્ષ્મણને શાંત અને ચૂપ સ્તબ્ધ ભાવ સાથે 'મૂર્તિરૂપ' ઊભો રહેલો જોઈ ઠાકોરસાહેબ ખૂબ ખુશ ખુશ થઈ ગયા. તેમણે કિશોરને 'મશીનગન' હટાવી લેવા કહ્યું અને તેઓ લક્ષ્મણને ભેટી પડ્યા. (ઉપર છલ્લું દેખાવ પૂરતું.)

"બેટા મને ખાતરી છે કે તું મારી વાત માની જઈશ અને અમારા પક્ષમાં આવી જઈશ..." કહી ઠાકોરસાહેબે લક્ષ્મણનો હાથ પોતાના હાથમાં લઈ લીધો.

લક્ષ્મણે કહ્યું, "હા બાપુજી, એમા શંકા જેવું જ નથી. તમે લોકો મારા પર ખોટો-ખોટો વહેમ રાખી રહ્યા છો. હું તો સદાય તમારી જ સાથે છું અને સાથે જ રહેવાનો છું." કહી લક્ષ્મણે પૂરેપૂરા ભાવ ધારણ કરી ઠાકોરસાહેબને જયારે જવાબ આપ્યો ત્યારે લક્ષ્મણના મા-બાપ (હિંમતસિંહ અને તેમની પત્ની) આંખો ફાડી ફાડીને લક્ષ્મણ તરફ જોઈ રહ્યાં હતાં, પણ તેમની જરાપણ પરવા રાખ્યા વગર લક્ષ્મણે ફરીથી કહ્યું,

"હું તમારી વાત સામે સંપૂર્ણ સહમત છું, પણ હું મારા કેટલાક કાગળો તથા દસ્તાવેજો ભરતપુર અમારાં નિવાસસ્થાને મૂકી આવ્યો છું, જો તે તમામ દસ્તાવેજો સરકારના હાથમાં આવી જાય તો આપણને ખૂબખૂબ નુકસાન થાય તેમ છે અને આપણે બધા જ સરકારના સકંજામાં આવી જઈએ તેમ છીએ જેથી હવે હું તરત જ મારા ઘરે (ભરતપુર)

પાછો જવા માગું છું.''

''ભલે પણ જ્યાં સુધી તું અમારી પાસે સહીસલામત પાછો નહીં આવે અને અમારી સાથે જરા પણ ચાલાકી નહીં રમી શકે તેટલા માટે તારાં મા-બાપ (હિંમતસિંહ અને લક્ષ્મણની બાને) અમો 'લાલ હવેલી'માં 'બાન'માં સંપૂર્ણ શાહી સન્માન સાથે પણ નજરકેદમાં રાખીશું. યાદ રાખ લક્ષ્મણ તું એકલો જઈને તરત જ પાછો આવજે. અમારો કોઈ માણસ તારા પડછાયાનો પણ પીછો નહીં કરે, પણ તેં જરાય હોંશિયાર-ચાલાકી કરી છે તો તારા મા-બાપને તારો જ ભાઈ (સગા મા-બાપને) મશીનગનથી ઉડાડી દેશે, પાડી દેશે, પછીની વાત તો તું જાણે છે ને... !'' કહી ફરીથી ઠાકોરે ગર્ભિત ધમકી આપી.

''ભલે, મને કબૂલ મંજૂર છે.'' કહી ત્યાંથી લક્ષ્મણ સડસડાટ જ્યાંથી આવ્યો હતો ત્યાં તરત જ પાછો વળી ગયો. સડસડાટ સરકી જતા સાપની અદાથી.

થોડી જ વારમાં અદ્યતન શસ્ત્રસરંજામથી સજ્જ એવી મારુતિકાર (સફારી બેગ સહિત) સાથે લક્ષ્મણ કનકપુરથી ભરતપુરની દિશામાં વેગથી ભાગતો હતો જાણે પાછળ કોઈ દૈત્ય (ભૂત-પ્રેત) કે પિશાચી શક્તિ પડી ન હોય, અને તેનાથી બચવા જીવ બચાવવા કોઈ મુઠ્ઠીઓ વાળીને ભાગે તેમ લક્ષ્મણ મોતને મુઠ્ઠીમાં લઈ ને ભાગતો હતો, ભાગતો હતો, ભાગતો હતો.

ભાગમ ભાગ... જિંદગીની ભાગદોડથી ક્યારેક ક્યારેક કંટાળી જવાય છે, થાકી જવાય છે, પણ કેટલાક એ કંટાળાને, એ થાકને મારી ફગાવી દઈને પાછાં ઉત્સાહ અને ઉમંગનું (શુદ્ધ આયુર્વેદિક પીણું) ટોનિક પીને તે જ રીતે તે જ ઉત્સાહ અને તરવરાટથી કામે લાગી જતા હોય છે, પણ એ તો 'એવા વીરલા કોક જ અને આપણો લક્ષ્મણ એક હતો, તે સાવજ હતો, બહાદુર હતો.

સડસડાટ કોઈ હરણું અરણ્ય મધ્યે પોતાની પાછળ ઘાતકી વન્ય પશુ તેનો ભક્ષ્ય કરી જવાના હેતુથી પાછળ પડ્યું છે તેનાથી જાન



બચાવવા જીવસટોસટની બાજી લગાવીને હરણ જે ગતિએ દોડે તે રીતે 'મારુતિકાર' કનકપુરથી ભરતપુર જવાના વિશાળ હાઈ-વે (સડક પર) દોડી રહી હતી...

''ઉસ મુલ્ક કી સરહદકો કોઈ છુ નહી શકતા, જીસ મુલ્કી સરહદકી નિગેબાન હૈ આંખે''

એ પ્રમાણે મા-ભારત માટે 'કાંઈક કરી છૂટવું છે, મરી મીટવું છે, અને તન, મન, ધનથી માતાની સેવા કરવાની હામ-ભાવનાની જ્વલંત જ્યોત અખંડપણે જેના હૃદયમાં પ્રગટી હોય તેવા પ્રત્યેક ભારતવાસીઓ જ્યારે રાષ્ટ્રની અખંડિતતા માટે 'શરફરોશીકી તમન્ના અબ હમારે દિલ મેં હૈ, દેખના હૈ જોર કિતના બાજુએ કાતીલ મેં હે.' શર-ફરોશીકી તમન્ના હરદમ હૈયામાં રાખીને જ્યારે જ્યારે મરી મીટવા રાષ્ટ્રના માટે શહાદત વહોરી લેવા તૈયાર થઈ જાય ત્યારે એવા ક્યા માઈના લાલની હિંમત છે કે આપણા દેશ સામે નજર ઉઠાવીને જોઈ પણ શકે...

લક્ષ્મણના મોસ્ટ કોન્ફીડેન્શિયલ (અતિગુપ્ત) વાયરલેસના ઇશારે દેશનું સમગ્ર સંરક્ષણ ખાતું જાગી ઊઠ્યું હતું, અને જાસૂસી ખાતું તથા બીજા અગત્યના ખાતા ચોવીસ-ચોવીસ કલાક મટકું્ય માર્યા વગર 'દિન-રાત' કામે લાગી ગયા હતા, અવિરત કામે-આંતરિક મામલાને જે SLOW POISION (ધીમું ઝેર) જેવી ઠંડી લડાઈ હતી. ઈટ ઈઝ રીયલ કોલ્ડ-એ કોલ્ડ વોર, જેની સામે ચઢવાનું હતું. ઝઝૂમવાનું હતું...

તાર-સંદેશા વાયરલેસ ખાતું આળસ મરડીને જાગી ઊઠ્યું હતું. તે ખાતું તેના કામે બધાયના સંદેશા લઈ જવા-લાવવા અંગેની કાર્યવાહીમાં લાગી ગયું હતું, અને તેમને આ પ્રમાણે કામગીરી કરવાની સૂચના ઉચ્ચ સ્તરેથી આપવામાં આવી હતી.

બધા જ ખાતાને એલર્ટ કરી દેવાયા, અને તે પ્રદેશ પૂરતી કટોકટી (આંતરિક)ની જાહેરાત પણ કરી દેવામાં આવી.

કનકપુરથી ભરતપુરનો ડુંગરાળ પહાડી જંગલનો તેમજ રમણીય

ખેતરોવાળો તથા ગીચ સામાન્ય અને એકલી અટૂલી આછીપાતળી વસ્તીવાળો વિસ્તાર કે જે કુદરતી ખુશનુમા સૌંદર્યથી ઘેરાયેલો વિસ્તાર હતો. તે વિસ્તાર તથા તે વિસ્તારના લોકો જ્યારે રાત્રિએ મધ્યરાત્રિએ મીઠી નિદ્રા માણી રહ્યા હતા, ભરઊંઘમાં હતા - તે સમયે લશ્કરના જવાનોથી ભરેલી ટ્રકો-ટેન્કરોએ તે વિસ્તારને ચારે બાજુથી ઘેરો ઘાલી લેવાની પ્રક્રિયા ચાલુ હતી. આકાશી માર્ગે ભારત સરકારના સંરક્ષણ ખાતાના ડઝનબંધ હેલિકોપ્ટરોએ ચકરાવો લેવાનું શરૂ કર્યું હતું અને તે પ્રદેશથી દગાખોર દુશ્મનો, ગદ્દારો અને પરદેશી દુશ્મનો છટકી ન જાય તે માટે દેશને અડીને આવેલ પરદેશ સાથેની સરહદો (તે પ્રદેશ વિસ્તાર પૂરતી)ને સીલ કરી દેવાની (બોર્ડર સીલ કરવાની) કાર્યવાહી યુદ્ધના ધોરણે અવિરતપણે ચાલુ થઈ ગઈ હતી. તે વિસ્તાર મીઠી નિંદર માણી રહ્યો હતો. જ્યારે દગાખોર દુશ્મનોની તથા તેમની સાથે સાથે સંરક્ષણ ખાતાની નિંદર ઊડી ગઈ હતી.

★ ★ ★

કનકપુર રેલવે સ્ટેશન... !

નાનકડું પણ સદાય 'માલગાડીઓ' (ગુડ્ઝ ટ્રેનનો)ની આવન-જાવન પ્રવૃત્તિઓથી ધમધમતું રહેતું રેલવે સ્ટેશન. તે રેલવે સ્ટેશનના ૧૫ થી ૨૦ રેલવે ગોડાઉન તથા ગોડાઉન સેડઝ વગેરે આજે ઊંઘતા ઝડપાયા હતા !

કનકપુરથી દરરોજના હિસાબે ૧૨ થી ૧૫ માલગાડીઓની આવન-જાવન ચાલુ રહેતી. પછી કનકપુરની રેલવે પ્રવૃત્તિ કેટલી બધી આગળ વધી ગઈ હશે તેની કલ્પના સહજ રીતે કરી શકાય છે.

લક્ષ્મણના વાયરલેસ મેસેજના આધારે કનકપુરના રેલવે સ્ટેશને ઉચ્ચ સ્તરેથી અપાયેલી સૂચના મુજબ આજ રાતે જ વ્યવસ્થિત રીતે દરોડા પાડવામાં આવ્યા અને બધા જ લોકો (દગાખોર દુશ્મનો તથા સડી ગયેલા રેલવેતંત્રના બધા જ અધિકારી સહિત તમામ કર્મચારીઓ) ઊંઘતા ઝડપાઈ ગયા !



એક તરફ 'ઉચ્ચસ્તરીય સૂચનાના આદેશ આધારે રેલવે ગુડ્ઝ ટ્રેનો તથા પેસેન્જર ટ્રેનો ભરી ભરીને તે પ્રમાણે લશ્કરી સૈન્યસામગ્રી અને શસ્ત્રસરંજામ (ટ્રેંક, ટેન્કરો, મશીનગનો, હથિયારો) સહિત લશ્કરના જવાનો કનકપુરને તે રાતે જ ઘેરી વળ્યા. ઓચિંતો ઘેરો ઘાલવાની પ્રક્રિયા ઝડપભેર શરૂ થઈ ગઈ ત્યારે... !

બીજી તરફ લક્ષ્મણ ભરતપુરની દિશા તરફ ભાગતો જતો હતો, દોડતો જતો હતો, તીરની માફક ભાગતી 'મારુતિકાર' મારફતે જઈ રહ્યો હતો. રેડ ઑપરેશન સ્ટાર્ટ થઈ ચૂક્યું હતું.

❊

# 22

## રેડ-ઓપરેશન કમ્પ્લિટેડ (પૂર્ણાહુતિ)

'લાલ હવેલી'માં અજાણ્યા એવા દગાખોર દુશ્મનો ક્રમશઃ લશ્કરથી ઘેરાતા જતા હતા. તેમને ખબર પણ નહીં હોય... !

તે જ પ્રમાણે 'વૈતાળિયા જંગલ'માં આવેલ પેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ અને તેની આજુબાજુના વિસ્તારનો ઘેરાવો લેવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ હતી, તથા રેસ્ટ હાઉસની બાજુના ગોડાઉન તથા તેની આજુબાજુના થોડા જ વિસ્તારમાં આવેલી પેલી 'સોનાના ખજાના'વાળી ગુફાઓની તલાશી તથા શોધખોળ કરવાની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ હતી.

લક્ષ્મણ જ્યારે પોતાના ઘરે 'ભરતપુર' મધ્યે પહોંચ્યો ત્યારે તેણે જોયું કે...

લક્ષ્મણનું ઘર દગાખોર દુશ્મનો દ્વારા લૂંટાઈ ગયું હતું. જે 'વૈભવ' મહેમાનોના શાહી ઉતારા માટે મહેલ ઠાઠમાઠ હતો તે ઠાઠમાઠ લૂંટાઈ ગયો હતો. દુશ્મનોના માણસો-ભાડુતી સૈનિકો તેમના ડ્રેસમાં લક્ષ્મણના સ્વાગત માટે મોજૂદ હતા, હાજરાહજૂર હતા.

લક્ષ્મણની એ ચાલાકી અને અગમચેતી એ રીતે કામ લાગી કે તેણે 'મારુતિકાર' એક સલામત જગાએ મૂકીને પોતાના માતા-પિતાને તથા પોતાના નિવાસસ્થાનની તપાસ પોતે પોતાનું ડ્રેસ પરિવર્તન કરીને





એકલાઅટૂલા ગામઠી ગામડિયાના ડ્રેસમાં પોતાની જાતને બીજા ન ઓળખી શકે તે રીતના છૂપાવેશે પોતાના જ ઘરની આસપાસ તથા કમ્પાઉન્ડ 'હિંમત ભુવન' અને 'વૈભવ'ની આજુબાજુ ચક્કરો મારીને તેણે તપાસ કરી લીધી.

તે વખતે પોતાના માણસોના બદલે અન્ય પારકા પ્રદેશના માણસો ભાડુતી શસ્ત્રધારી સૈનિકોએ 'એય ! બૂઢા આધી રાતકો ક્યું ચલા આયા ? ચલ ભાગ વરના ગોલી સે ઉડા દૂંગા', લક્ષ્મણને ધમકાવ્યો, ખખડાવ્યો, ત્યારે... જવાબમાં લડખડાતી ભાષામાં લક્ષ્મણે 'તબિયત અચ્છી નહીં હૈ બિમાર ઔર ઘાયલ હૂઁ. આજ રાતકે લિયે આશરા ચાહીએ ભૂખ ભી લગી હૈ...' કહ્યું ત્યારે...

'અબે ! ભાગ યહાં સે તેરા બાપ રોટી દેગા ક્યા ? લાઠી ખાની પડેગી...' કહી બબ્બે જવાનો જ્યારે તેની બાજુ ઊઠીને આવતા જણાયા ત્યારે 'અચ્છા સા'બ જાતા હૂં.' કહી લક્ષ્મણે ભગ્ન હૃદયે પોતાનું જ ઘર પોતાનો જ રાજમહેલ 'હિંમત ભુવન' અને 'વૈભવ' છોડ્યા ત્યારે તેના પગ ખરેખર લડખડાતા હતા. અડબડિયાં ખાતા હતા. ચક્કર ભમ્મર થતા હતા.

તરત જ પાછા ફરીને લક્ષ્મણે પોતાનો પરિવર્તન કરેલ ડ્રેસ કાઢી નાખ્યો. ફરી પાછો અસલ પોશાક ધારણ કરી લીધો... છુપાયેલ મારુતિકારમાં સાથે લઈ આવેલ શસ્ત્રસરંજામથી ભરપૂર સુસજ્જ સફારી બેગ બહાર કાઢી નાનકડું પેલુ વાયર-લેસ યંત્ર ગોઠવીને કોડ નંબર મેળવી તેણે હવે પોતાના સાથી 'સુનીતા જયસ્વાલ'નો સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો... 'હલ્લો... હલ્લો ! ધીસ ઈઝ X 0 X-X 0 X - કોડ નં. X 0 X...' દશથી પંદર મિનિટ સુધી માથાકૂટ કરી પણ સામા છેડેથી કોઈ જ જવાબ મળ્યો નહીં. ત્યારે લક્ષ્મણના કપાળે લખલૂટ પરસેવાનાં બુંદ જામ્યાં હતાં. ઠંડી ઠંડી રાત્રે પણ... !

'હિંમત ભવન' તથા 'વૈભવ'થી લગભગ એકાદ બે કિલોમીટર દૂર હાઈવે રસ્તાને અડીને આવેલ ઝાડીમાં મારુતિકારમાં સંતાઈ રહેલા

લક્ષ્મણે દૂર દૂરથી ધાંય... ધાંય... ધૂમ...ધડાકા..'ના અવાજો સાંભળ્યા ત્યારે લક્ષ્મણે કલ્પના કરી લીધી કે પોતાના વાયરલેસ સંદેશા આધારે પહોંચી ગયેલ લશ્કરી જવાનો અને દગાખોર દુશ્મનોના (જગતસિંહ તથા કિશોર-ફિલીપ વગેરેના) ભાડુતી ગુંડા સૈનિકો સાથે યુદ્ધના મંડાણ શરૂ થઈ ગયાં હતાં, અને સામસામે ગોળીબાર અને હેન્ડ બોંબ મશીનગનમાંથી થતા ગોળીબારથી ભરતપુરના લોકો પણ જાગી ગયા હશે.

લોકોમાં ભયનું તેમજ આતંકવાદનું વાતાવરણ પણ ફેલાઈ ગયું હશે... !

જે થવાનું હોય તે થાય.. ! લક્ષ્મણના હૈયે 'રેખા'ની તથા 'સુનીતા જયસ્વાલ'ની ચિંતા વળગી હતી...!

કોઈપણ જાતના વાવડ ન મળતાં તેમ જ વાયરલેસ યંત્રે પણ કોઈ જ પ્રક્રિયા દર્શાવી નહિ, રિસ્પોન્સ આપ્યો નહીં, એટલે લક્ષ્મણ જેવો આવ્યો હતો તેવો જ તે રીતે નિરાશા સાથે પાછો કનકપુર તરફ વળી રહ્યો હતો ત્યારે લક્ષ્મણના હૈયે રેખા, સુનીતા તથા પોતાના મા-બાપની સલામતીની ચિંતા વળગી હતી.

મધ્યરાતના ૧૨-૦૦ (બાર વાગ્યાનો) સમય થયો હતો.

'લાલ હવેલી'ના સાંનિધ્યે પહોંચતા ત્યાં પણ 'રેડ સ્ટાર ઑપરેશન'ની શરૂઆત થઈ ચૂકી હતી એટલે જવાનો ગોળીબારોની આપલે મશીનગનોમાંથી છૂટતી જતી ગોળીની રમઝટ અને બોમ્બ-ટાઈમબોમ્બના તડાકા, ભડાકા વગેરે વગેરેથી જાણે કનકપુરમાં પણ ફરીથી દિવાળીનો તહેવાર આવી ગયો ન હોય તે રીતના 'લાલ હવેલી'ના વિસ્તારની આજુબાજુ દૂર દૂર સુખી ધૂમ-ધડાકા થતા સંભળાતા રહ્યા.

કનકપુરના લોકો પણ રાતના અઢી વાગે આ ધૂમધડાકાથી બેબાકળા બની ગયા હતા, અકળાઈ ગયા હતા. બેચેન બની ગયા હતા. જે જે લોકો ઉત્સાહમાં ને ઉત્સુકતા (જિજ્ઞાસાને વશ થઈને) ને



વશ થઈને 'લાલ હવેલી'ના નજીક વિસ્તારમાં ગયા તે ગયા તે પાછા ન આવ્યા. ગોળીબારની રમઝટ વચ્ચે રહેંસાઈ ગયા હશે... ! પ્રભુદ્વારે પહોંચી ગયા હશે ! કદાચ આ પ્રક્રિયા પણ છેક સવાર સુધી ચાલી હશે... !

તે જ જાતનું ભયાનક વાતાવરણ 'કનકપુરના રેલવે સ્ટેશન, રેલવે ગુડઝ, ગોડાઉન, ગુડઝ યાર્ડની ચોતરફ ફેલાયું હતું... ! ચારે તરફ યુદ્ધનું ભયાનક વાતાવરણ ફેલાઈ ચૂક્યું હતું... !!! રાતના અંધકારમાં કોઈપણ જાતની વસ્તુ પરિસ્થિતિનો ખ્યાલ આવવો ખૂબ કઠિન વાત હતી... ! ! જો કે 'વિજય' એ નક્કી વાત હતી એ નક્કર હકીકત હતી કારણ કે દુશ્મનો ઊંઘતા ઝડપાયા હતા... ! ! !

*

# 23

# લક્ષ્મણ-રેખા

'લાલ હવેલી' વિસ્તારમાં થયેલ બે-ચાર બોમ્બ વિસ્ફોટથી પોતાના મા-બાપની સલામતી વિશે શંકા સેવતો લક્ષ્મણ હવે પેલી સોનાની ગુફાઓ તરફ ભાગી રહ્યો હતો... !

મારુતિકારને એણે ધીમેથી રીવર્સ કરીને જ્યારે પેલી ગુફાઓ તરફ જવાની દિશામાં હંકારી ત્યારે તેને કાંઈક અથડાયું હોવાનો આભાસ થયો. અંધારામાં તરત જ ગાડી બંધ કરીને તે બહાર નીકળ્યો અને બહાર નીકળી હાથમાં ટોર્ચ રાખી પ્રકાશ મારી જોયું તો ઓહ ! આ તો એક સ્ત્રી આકૃતિ હતી.

આ તો સુનીતા જયસ્વાલ હતી... ! તેનો દેહ કોઈ દુશ્મની ગદ્દાર, દગાખોરના હાથમાંથી છૂટેલ મશીનગનની ગોળીઓથી ચારણીચારણી જેવો થઈ ગયો હતો. ફક્ત ચહેરા પરથી તે સુનીતા હતી એવું નક્કી કરીને સુનીતાની શહાદતને સેંકડો સલામો કરીને લક્ષ્મણ સુનીતાના ચરણ ચૂમીને ત્યાંથી ભાગ્યો.

કદાચ ! પેલા ભેદી ખજાનાવાળી ગુફાઓ તરફ પણ લશ્કરના જવાનો ગયા હશે ! તેમાં પણ વિજય નક્કી હતો, કારણ કે અહીંયાં પણ દુશ્મનો ખરેખર ઊંઘતા ઝડપાયાં હશે... !

સુનીતાના ચરણ ચૂમતી વખતે લક્ષ્મણના હાથે એક હાથરૂમાલ





લાગ્યો. ગુલાબી રંગના લેડીઝ હાથરૂમાલ (પરદેશી હાથરૂમાલ)માં વાદળી-વાદળી ભૂરાં પુષ્પો હસી રહ્યાં હતાં. જે હાથરૂમાલ એ રેખાની હયાતીનું પ્રતીક હતો. હાથરૂમાલ પર 'R' કાળા અક્ષરે ભરત-ગૂંથણથી એમ્બ્રોયડરી ભરતમાં જે ગૂંથાયેલ 'R' રેખાની હયાતીનો પુરાવો હતો. હા. રેખા હયાત હતી.

રેખા સુનીતા જયસ્વાલ સાથે છેક છેવટની ઘડી સુધી મોજૂદ હતી.

રેખાને શોધવી ક્યાં ?

રેખા તું ક્યાં છે ? રેખા... ઓ... રેખા, લક્ષ્મણ ચિત્કારી ઊઠ્યો !

ગુફાની પાસે આવેલ જંગલ પ્રદેશમાં, ઝાડીઓમાં આ લક્ષ્મણની ચીસો આઘાત-પ્રત્યાઘાતના પડઘારૂપે પથરાઈ રહી, વાતાવરણની શાંતિને ભેદી રહી.

મા-બાપ, ઘર-બાર, રહેઠાણ, મિત્ર-સંબંધી ગુમાવી ચૂકેલ લક્ષ્મણ હવે પ્રિયતમાને ખોવા, ગુમાવવા, તૈયાર ન હતો... ! કબૂલ-મંજૂર ન હતો... !

જંગલ મધ્યે રખડતો, અથડાતો ચીસો પાડતો લક્ષ્મણ એકાએક અટકી ગયો... ! એક હાથમાં ઓટોમેટિક ગન (મશીનગન) અને બીજા હાથમાં મોટી જાતની બેટરી (Giant) સાથે દોડતો જઈ રહેલો લક્ષ્મણ એકદમ અટકી ગયો. તેના પગને બ્રેક લાગી ગઈ.

કોઈ કણસી રહ્યું હતું. વેદનાથી... ખૂબ જ વેદનાથી ભરપૂર આહ.. ભરી રહ્યું હતું. કોણ હશે એ ! એ નારીનો દેહ હતો ! લક્ષ્મણનું પોલાદી કાળજું કંપી ઊઠ્યું... ધડકી ઊઠ્યું...

મોટી બેટરીથી પ્રકાશ ફેંક્યો ઓહ... ! આ તો રેખા હતી ! કદાચ એ ભાનમાં હતી... !

દગાખોર દુશ્મનોથી સુનીતા જયસ્વાલનો જાન ગયો હતો અને 'રેખા'ની હાલત પણ ખરેખર ગંભીર હતી... !

'લક્ષ્મણ...!' રેખાએ ચીસ પાડી.

'રેખા...!' લક્ષ્મણ પણ ચીસ પાડી ઊઠ્યો.

'લક્ષ્મણ, તું મારી નજીક આવી જા અને હવે મારી બાહુમાં સમાઈ જા મારી અંત સમયની છેક છેલ્લી ઘડીની ઈચ્છા પૂરી કરી દે... મારા પર અહેસાન કર નહીં તો મારો જીવ અવગતે જશે...'

'રેખા... રેખા... જો હવે હું તારી પાસે આવી ગયો છું... તને કંઈ જ નહીં થાય. તને મોત તો શું (યમરાજ) પણ 'બ્રહ્મા, વિષ્ણું, મહેશ' પણ તને નહીં લઈ જઈ શકે. રેખા ચાલ, તને બાહુમાં ઊઠાવી લઈને પછી થોડી દૂર જ મારુતિકાર છે ત્યાં લઈ જાઉં... ત્યાંથી તને તરત જ સારવાર મળી જશે. ડિયર રેખા, તું ડરીશ નહીં... ! ફફડીશ નહીં...' લક્ષ્મણ રેખાને ડરતો, ફફડતો (સસલાની માફક) સાંત્વન આપતો હતો.

'ના, લક્ષ્મણ... હવે મારું મોત ખૂબ જ નજીક છે. લક્ષ્મણ, તારી રેખા તારાથી દૂર વહી જાય, તે પહેલાં લક્ષ્મણ-રેખા ઓળંગી જા અને લક્ષ્મણ-રેખા એક થઈ જાય એવી મારી અંતિમ અને આખરી ઈચ્છા છે. લક્ષ્મણ... ઓ લક્ષ્મણ ! હવે મને અંધારાં આવતાં જાય છે મને કાંઈ જ દેખાતું નથી તું મારી નજીક આવી જા લક્ષ્મણ... ! ઓ લક્ષ્મણ... રેખા મોતના મુખમાં જઈ રહી હતી. ધીમેધીમે (Coma) સેન્સમાં જઈ રહી હતી.

રાતના ચાર વાગવા આવ્યા હતા.

આખરે લક્ષ્મણને રેખાના અતિ આગ્રહને વશ થઈ જવું પડ્યું. લક્ષ્મણ રેખા ઓળંગી રહ્યો હતો. રેખા એકબાજુ ઓગળી રહી હતી, કોઈ મીણબત્તી ઓગળી જાય તે પ્રમાણે ધીમે-ધીમે... !

મનને ખૂબ જ મક્કમ રાખીને લક્ષ્મણે રેખાને બાહુમાં ભરી દીધી, પોતાના મજબૂત બાહુમાં લઈ લીધી. લોહીલુહાણ ખરડાયેલી રેખા... ! લક્ષ્મણે રેખાના તમામે તમામ અંગોને ચુંબનોથી નવડાવી દીધી.

એક બાજુ લક્ષ્મણનું અંતર અનરાધાર રીતે રડતું હતું. કલ્પાંત



કરતું હતું પણ શું થાય ? મહેબુબાની ઈચ્છા પૂરી કરવી એ દરેક (મહેબૂબ-પ્રિયતમની)ની પવિત્ર અને પહેલી ફરજ છે.

મોતના મુખમાં જઈ રહેલી રેખા ખુશખુશ હતી.

વહી ગયેલા રક્તની ધારાઓની ચૂંદડી પહેરીને 'સુહાગણ' બનેલી રેખા આજે પોતાના પ્રિયતમની મજબૂત બાહોમાં 'ઓગળી રહી હતી' કાયમ માટે.

રેખા આજે પોતાના પ્રિયતમ લક્ષ્મણની બાહોમાં 'સુહાગરાત' માણી રહી હતી તે ખૂબ ખુશ હતી.

આકાશમાં ટમ-ટમતા તારા-સિતારા અને બીજ-ત્રીજનો ચાંદ પણ આજે ખૂબ ખુશ હતો, તે ચમકી રહ્યો હતો. દમકી રહ્યો હતો. મલકી રહ્યો હતો. મજબૂર લક્ષ્મણે રેખાની ઈચ્છા પૂરી કરી.

રેખા 'આકાશી માર્ગે ક્યારનીય પરલોકમાં પહોંચી ગઈ હતી.' 'લક્ષ્મણ-રેખા' તોડીને બંધનોથી આઝાદ બનીને... ! ! !

પોતાની બાહોમાં ઉપાડીને લક્ષ્મણ મારુતિકાર તરફ દોડી રહ્યો હતો. બેબાકળો-બેચેન બનીને ખૂબ માનસિક તાણમાં આવી જતાં લક્ષ્મણ હવે ભાન-સાન આજુબાજુની વસ્તુ પરિસ્થિતિ વિશે સાવ અજાણ બની ગયો હતો... ! ! ! તે દુશ્મનોના અડ્ડામાં દોડી રહ્યો હતો.

તેને દોડતો જઈ રહેલ જોઈને એક દુશ્મન પક્ષના જવાને પોતાની મશીનગનમાંથી... 'ધાંય... ધાંય... ધાંય...' ગોળીઓની વણઝાર વરસાવી શરૂ કરી... અને લક્ષ્મણ રેખા સાથે જ ત્યાં 'મા-ભારત'ને વંદના કરતો ત્યાંને ત્યાં જ ફસડાઈ પડ્યો, પડી ગયો.

દૂરદૂર ક્યાંય ઠેકાણે જાણતલ જોષીડો ખડખડાટ હસી રહ્યો હશે ! લક્ષ્મણનું પ્રાણ-પંખેરું ઊડી ગયું.

આકાશમાં લક્ષ્મણ-રેખા એક બની ગયાં.

એકબીજાને આલિંગી રહ્યાં...

અઠવાડિયાના આતંકવાદ પછી પરિસ્થિતિ થાળે પડી ગઈ... !

દુશ્મન પક્ષે (જગતસિંહ, ગુલાબસંગ, કિશોર તથા પરદેશી

મિત્રોએ) સરકારનું શરણાગત સ્વીકારી લીધું. નમતું જોખ્યું અને (સરન્ડર થઈ ગયા) હથિયાર હેઠાં મૂકી દીધાં... ! સરકારે લખલૂંટ ખજાનાનો કબ્જો લઈ લીધો હતો.

હિંમતસિંહ...ની હિંમત... ! દેશપ્રેમ...!

સુનીતાની શહાદત...

લક્ષ્મણ-રેખાની કુરબાની અને બીજા અનેક વીરગતિ પામેલા જવાનોની શહાદતના કારણે રાષ્ટ્રની અખંડિતતા જળવાઈ રહી છે. રાષ્ટ્રીય ત્રિરંગી ઝંડો ભૂરા ભૂરા આકાશમાં મુક્ત મને લહેરાઈ રહ્યો છે.

આજે ૧૫ ઑગસ્ટ નિમિત્તે સમગ્ર રાષ્ટ્ર-ભારત દેશ ઉપર જણાવેલ શહીદો તથા હિંમતસિંહ. હિંમતસિંહની પત્ની (લક્ષ્મણના મા-બાપ) સુનીતા અને લક્ષ્મણ-રેખાને વંદન કરી રહ્યા છે. તેમનું રાષ્ટ્રીય સન્માન કરવામાં આવી રહ્યું છે ત્યારે -

ભૂરા ભૂરા આકાશમાં આજે પણ... ચમકી રહેલા લક્ષ્મણ-રેખા મંદમંદ હસીને ભારત દેશ પર, ભારતની અખંડિતતાને ભારતની આઝાદીને આશીર્વાદ આપી રહ્યા છે અને કહી રહ્યા છે.

"ઝંડા ઊંચા રહે હમારા !"

❊